गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૨૦૮૦ वर्गांक

पुस्तकनुं नाम . ગુલઝાર

विषय ૬ - : ૩

IV/1908 31

ગુલઝાર

યાને

પાક ગરીબી ભલી કે પાપી તવંગરી ?

(એક વાર્તા)

લખનાર—ડોસાભાઇ ફરામજી લંગરાના

('રફીક')

તે

'નિતા,' 'એલમ-ચોર,' 'ગમગીન ગુલાં'
'કાળું વ્હેંત્યું' ઇ૦ ના રચનાર.

પ્રગટ કરનારાઓ:—

મેશર્સ અરદેશરની કુ૦

"સાંજ વર્તમાન" પ્રેસ,

મુંબઇ.

મી૦ રફીકનાં નવાં પુસ્તકો:

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ

એલમચોર.

ડો૦ નીકોલા નામના એક અદ્ભુત શક્તી ધરાવનાર માણસનાં છાતી ધડકાવનાર સહાસકામોનો રસીલો હેવાલ કી૦ રૂ. ૨.

૨૦૯૦

એશીયા અને યુરોપની પતીવ્રતા બાનુઓ.

"પરણેતર: તેનું પરણ્યું ઈમાન, માન અને મરતબો" નામના એક વાંચવાજોગ નીબંધ સાથે.

આ ઉપયોગી કેતાબમાં ૮૧ પતીવ્રતા બાનુઓની જીંદગીના હેવાલો વાર્તા રૂપે આપ્યા છે, જે દરેક નાનાં યા મોટાંને વાંચવા અને વીચારવા જોગ છે. **કી૦ રૂ. ૧॥.**

ઉપલી કેતાબો નીચલે ઠેકાણે મળશે:—

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,

પારસી બજાર, કોટ, **મુંબઈ.**

માણુક!

ગમે સમજો એ નામમાં અન્મોલ રતન,
જે નંગોમાં છે બેમિસાલ બેહરીફ;
યા સમજો મજ દુખ્તરનું પ્યારૂં બદન,
યા મોહન મજ વ્હાલીનું ઇસ્મે શરીફ.

ગમે લેઓ એ નામમાં કોઇ દોસ્તની નિશાન,
યા સમજો આ લખનારનું ખ્યાલી ગુમાન;
તો જે નામપર લખ્ખો હું જાનથી નિસાર,
કરૂં છ તેને અર્પણ આ અદના 'ગુલઝાર.'

'રફીક.'

Binning & Co.

બીનીંગની કું૦.

'હાઇ કલાસ' સાઇકલ અને સાઇકલનો સામાન મંગાવનારા અને વેચનારાઓ.



સસ્તી અને સાથે ટ
કાઉ સાઇકલોના આજ
ના વધતા જતા શોખને
પુગી વળવા બરમીંગહામ
નાં એક જાણીતા કાર
ખાનામાંથી અમે અમારાં
સંભાળથી તૈયાર કીધે
લાં સ્પેસીફીકેશન પ્રમા
ણે બનાવી મંગાવેલી

"રોયલ મીન્ટો"

સાઇકલ એકવાર જો
ઇ જવાની ભલામણ ક
યેં છીયે.

ના૦ ૩૫૪, મુસ બીલ્ડીં
ગ, ગ્રાન્ટ રોડ, મુંબઇ.

દીબાચો.

મેં મારૂં છેલ્લું પુસ્તક–'એશીયા અને યુરોપની પતિવ્રતા બાનુંઓ'–ગુજરાતી વાંચક સનમુખ રજુ કીધું, તે વખતે, મારી વાર્તાના વાંચનારાંઓ પાસે મેં માંગી લીધું હતું કે વાર્તારૂપે તેઓ સનમુખ હું એક વાર ફરીથી હાજર થાઉં, તેટલાં, વાર્તાની બાબ દથી વેગળું એ પુસ્તક માન્ય રાખવાની મેહેરબાની ફરમાવવી; તે મુજબ, જ્યારે મારી આ 'ગુલઝાર'ને હું મારાં વાંચનારાંઓ સનમુખ આજે ધરી શકયો છું, ત્યારે, મારે માટે તો તે પાક કિરતારની શુકરગુજારીજ કરવી સજાવાર છે કે મારાં ઉપલાં વચનને સાચ્ચો નિવડવાની તે રેહેમી સાહેબે મને તક આપી છે.

આ વારતા પણ મારી આગલી વારતાઓના જેવીજ નિરદોષ અને નિષ્કલંક છે. એ મેં એક ઘણાજ જોરાવર ઇંગ્રેજી લખનારની 'નોવેલ' પરથી લીધી છે, અને જે વખતે તે જાણીતાં રોજીંદાં "સાંજ વર્તમાન"માં કટકે કટકે 'રન' થતી હતી તે વખતે મેં મારા ઘણા સંતોષ વચ્ચે જોયું હતું કે તે ઘણીજ ઉલટ સાથ વંચાતી હતી, અને તેથીજ કદાચ એ પત્રના ઉત્સાહિ માલેકોને તે છુટી ચોપડીના આકારે પ્રગટ કરવાનું મન થયું હોય એ બનવાજોગ છે; અને મારૂં ચાહવું છે કે એ સાહેબોએ પ્રગટ કરવા ધારેલી 'વારતામાળા'નું મારૂં આ પ્હેલું પુસ્તક તેમને માટે સબકતું નીવડે! તેને એ મુજબ પુસ્તકને આકારે પ્રગટ કરવાનું "સાંજ વર્તમાન"ના માલેકોને ગમે તે કારણ મળયું હોય, પણ, આવું એક સુંદર પુસ્તક મારે નામે આજે નોંધાયું છે તે માટે મારે એ લાયકીવાલા સાહેબોનો ઉપકાર માનવાનો છે.

સેવટે, મારી એ વારતા કેવી છે, કેવી નહીં, તે મેં શું મતલબથી લખી છે, તેની ખુબી ખામી શું છે, તે વિશેનો મારી તરફનો કશોબી ઇશારો કર્યા વગર જેમ હું મારાં સઘળાં પુસ્તકોનાં સંબંધમાં કરતો આવ્યો છું તેમ, એને પણ જેવી એ છે તેવી, મારાં વાંચનારાંઓને હસ્તક પુર વિશ્વાસથી સોંપું છું, પછી તેઓ તેને ગમે તે ફેજે પુગાડે!

તા૦ ૧ લી જુલાઇ ૧૯૦૭.

'રફીક.'

સાંકળિયું.

પાનું.

પ્રકરણ	૧ લું—પાક ગરીબી	... ...	૧
,,	૨ જું—ગુલઝાર ...	... ...	૪
,,	૩ જું—જ.રરીન પોશાક	... ...	૯
,,	૪ થું—ગરીબનાં હાડકાંની ધુર તે માતબરનું મીષ્ટાન		૧૬
,,	૫ મું—ઇસ્મીલ્ડા સીમપીનું ધનાઢ્ય ખાતું		૨૦
,,	૬ ઠું—નવાબ સાહેબની બેગમ	... ...	૨૫
,,	૭ મું—અપજશ અને અપમાન	... ...	૨૭
,,	૮ મું—કુદરતી બશારત ...	... ...	૩૩
,,	૯ મું—એક દીલસોઝ દોસ્ત	... ...	૩૫
,,	૧૦ મું—હાદેશો અને હાડમારી	... ...	૪૨
,,	૧૧ મું—ઝોરા ...	... ...	૪૬
,,	૧૨ મું—સાએરગંજમાં જલસો	... ...	૫૨
,,	૧૩ મું—બીલોરી બંગલી ...	... ...	૫૬
,,	૧૪ મું—પાપી તવંગરી	... ...	૬૧
,,	૧૫ મું—ખુન! ખુનનો ભોગ!!	... ...	૬૮
,,	૧૬ મું—આફતપર આફત ...	... ...	૬૯
,,	૧૭ મું—તબીઓનો રીપોર્ટ ...	... ...	૭૭
,,	૧૮ મું—બાપ બેટાની મસલહત	... ...	૭૯
,,	૧૯ મું—સાઅદતખાન વકીલ...	... ...	૮૨
,,	૨૦ મું—મૌતનું વારંટ ...	... ...	૮૬
,,	૨૧ મું—નવાબની તાકીદ ...	... ...	૯૩
,,	૨૨ મું—અનવરનો યકરાર ...	... ...	૧૦૦

પાનું.

પ્રકરણ ૨૩ મું–એક કરૂણામય કહાણી ૧૦૪
,, ૨૪ મું–પરસ્પર વિશ્વાસ ૧૧૧
,, ૨૫ મું–એક અકસ્માત–એક મેલાપ... ... ૧૧૮
,, ૨૬ મું–મનતરંગ ૧૨૫
,, ૨૭ મું–નીરાશ–નાઉમેદ ! ૧૩૦
,, ૨૮ મું–મિલાપ ૧૩૪
,, ૨૯ મું–ઉલટી સુલટી બાજી... ... ... ૧૩૯
,, ૩૦ મું–એક ભયભીત ભરમ... ... ... ૧૪૩
,, ૩૧ મું–કસરેવજનાં કરતુક... ... ... ૧૪૭
,, ૩૨ મું–વસ્યત–સજા ૧૪૯
,, ૩૩ મું–એક મુલાકાત ૧૫૪
,, ૩૪ મું–મેલાપ અને દોસ્તી... ... ... ૧૫૯
,, ૩૫ મું– * * * ૧૬૬
,, ૩૬ મું–પ્યારનું પહેલું પગથ્યું ! ! ૧૬૮
,, ૩૭ મું–અદેખાઇની આગ–ભડક ! ! જાગ ! ! ! ૧૭૩
,, ૩૮ મું–ઇશ્કબાઝી કે ચેડાં–બાઝી ?... ... ૧૭૭
,, ૩૯ મું–"દોલત દેવો–દીકરી લેવો." ૧૮૧
,, ૪૦ મું–નિરાશાની સીહાઇમાં આશાનું કીરણ... ૧૮૫
,, ૪૧ મું–જેહેરી સાંપ ૧૮૭
,, ૪૨ મું–મીઠી છુરી... ... ... ૧૯૫
,, ૪૩ મું–"લાવ, દો મુઝે ઇનામ !" ૨૦૨
,, ૪૪ મું–નાશ પામેલો જુગારી ૨૧૨
,, ૪૫ મું–સત્યાનાશીનું સાટું... ... ... ૨૧૬
,, ૪૬ મું–પાપી બનેલો તવંગર અને તવંગર બનેલો પાપી ૨૨૨
,, ૪૭ મું–લોભનો ભોગ–ભોગનો લોભ... ... ૨૨૭

પાનું.

પ્રકરણ ૪૮ મું–કાળી રાતનું કાળું કામ ૨૩૨
,, ૪૯ મું–દાસી ગુલનારનું ખુન! ૨૩૬
,, ૫૦ મું–દુઃખનું એક દયામણું ચિત્ર... ... ૨૩૯
,, ૫૧ મું–દુઃખ અને દળિદ્રતા... ... ... ૨૪૫
,, ૫૨ મું–સાચો આશક તે એ!–દુઃખપર ડાહામ! ૨૪૮
,, ૫૩ મું–જીનીંગ ફેકટરીનું જહાન્નમ!... ... ૨૫૩
,, ૫૪ મું–બેઝારી-બેકારી–બીમારી ૨૫૮
,, ૫૫ મું–કોચીનો એક સાહુકાર ૨૬૭
,, ૫૬ મું–રંગમાં ભંગ ૨૭૨
,, ૫૭ મું–ઉશકેરાયલી જીજ્ઞાસા–રહેમતની મુઝવણ ૨૭૫
,, ૫૮ મું–એક ભેદ... ... ... ૨૮૦
,, ૫૯ મું–સત્યાનાશીની શુરૂઆત ૨૮૫
,, ૬૦ મું–છુપો જાસુસ–દુખ્તર ફરોશ ૨૮૯
,, ૬૧ મું–પાકીટ બુક ૨૯૫
,, ૬૨ મું–મા દીકરાની મસલહત ૩૦૧
,, ૬૩ મું–ભેદી ઇશારો ૩૦૬
,, ૬૪ મું–ફુટેલો ભરમ–તુટેલો ભેદ ૩૦૯
,, ૬૫ મું–બેગમનો ખુની કોણ? ૩૧૩
,, ૬૬ મું–વધુ લુચ્ચાઇ–વધુ સેતાન્યત... ... ૩૧૬
,, ૬૭ મું–થોડો વધુ ખુલાસો... ... ... ૩૨૪
,, ૬૮ મું–નવાબ અને બેગમ ૩૩૦
,, ૬૯ મું–ઉપરાસાપરી બનેલા બનાવો... ... ૩૪૦
,, ૭૦ મું–મૌતનું બીછાણું–વિલાપ ૩૪૬
,, ૭૧ મું–ગુલનો ચિરાગ ગુલ થયો! ૩૫૦
,, ૭૨ મું–"હોના થા સો હો ચુકા–અબ અંજામ દેખના!" ૩૫૪
,, ૭૩ મું–સેવટ ૩૬૦

ગુલઝાર

યાને

પાક ગરીબી ભલી કે પાપી તવંગરી?

પ્રકરણ ૧ લું.

પાક ગરીબી.

તે એક ખરેખરજ દયાજનક દેખાવ હતો. દખણમાં આવેલા હૈદ્રાબાદ શેહેરના ફાટકપુરા નામના ગરીબ ગરજાઉ અને કામદાર મજુરોની ગીચ વસ્તીથી વસાયલા એક મોહોલામાં આવેલા એક મકાનને ચોથે મજલેના નાના નીચા કાતર્યાંમાં એક જવાન મેહોમેદન છોડી, એક ખુરસીપર બેસી નીચી મુંડીએ પોતાનું કામ કરતી જતી હતી. તે ઓરડી, જો તે કાતર્યાંને તેવું કાંઇ નામ છાજે તો, બેશક સાફ અને સુઘડ હતી. અલબત તેમાં ગરીબીનો ભાસ ડગલે અને પગલે નજરે પડતો હતો, મગર, જેમ ઘણીક વેળા બને છે તેમ, તે ઓરડીમાં કશી નજીસાત કે કશું ગંધીલું જેવું તત્વ કેઠે શોધતાં પણ નજર ન આવે તેમ હતું. તે કામે વળગેલી બાળા કોણ હતી અને હાલ તે શું કામ કરતી હતી, તેની નોંધ લઇએ તે આગમજ આપણ તે ઓરડીની એક ઉડતી તપાસ લઇશું તો આપણને માલુમ પડશે કે પ્હેલે તો તે ઓરડીની છાંયની જમીનપર કોઇ થાકેલાં આંગને આરામ આપવા એક બીછાણું તૈયાર કીધેલું ત્યાં મોજુદ હતું. તે બીછાણુંબી કેવું? પ્હેલે તો જમીનપર એક ફાટીતુટી ગાદડી બીછાવી હતી, જેપર જગેજગથી રૂનાં પુમડાં

નીકળી આવેલી ચુંથાયલી પીખાયલી સુજની પાંથરી હતી, અને તેપર તેવોજ ફાટીને છીણુછીણુ થઇ ગયલો મગર ધોત્તો એક ચારસો હતો. માથાં ગમ એક નાનો તકયો મુકયો હતો અને પગ તરફ ઉજળી બરફ જેવી એક ચાદર ઘડી વાળી મુકી હતી. તે ઉપરાંત દેવદારનાં લાકડાંની એક નાની લંબચોરસ ટેબલ, એક ખુરસી જેને નેતરની જગયે લાકડાંનાં પાટયાં જડી લેવામાં આવ્યાં હતાં, દેવદારનાંજ લાકડાંની એક નાની કબાટ, એક આરણીપર ગોઠવેલો કુંજો, તે ઉપર ઢંકેલું માપવું, બતી સાથનું એક ફાનુસ, તડલ પડેલા કાચની ભીંતે ઓરવેલી એક આરસી, એ તે ઓરડીનું ફરનીચર હતું. ભીંતે ઠોકેલી એક ખુંટીપર એક સુતરાઉ સાડી, તેનેજ મળતાં કપડાંનો એક ચણયો અને લાલ રંગની ઘસાયલી પીસાયલી એક નાની શાલ ઓરવી હતી.

હવે આપણે તે ખુરસીપર બેસીને નીચી મુંડીએ પોતાનું કામ કરતી જતી બાળા તરફ નજર ફેરવીશું તો આપણને જણાશે કે તે માત્ર અઢાર વર્ષની વયની, ફીક્કા શોકાતુર ચ્હેરાની, નાતવાન તનની મગર સીધાં સરોવર જેવાં બદનની, ગોરાં ઘાટમદાર મોંહની, ઉંચાં સંગેમરમર જેવાં ચળકતાં સાફ કપાળની એક ચ્હેરેનમુન નાજનીન હતી. તેણીનાં તન બદનની ચામડી તેપર ગોયા દુધનો ઘડો ઘોળાયો હોય તેવી ગોરી અને સાફ સફાઇદાર હતી, એટલુંજ નહીં—તેણીની હદ બેહદ ખુબસુરતી જોનારની આંખને આંજી નાંખી તેને તેનાં પાપણ તળે સંતાઇ જવાંની ફરજ પાડે તેવી હતી એટલુંજ નહીં—તેણીનો અંબોડો વાળેલા માથાંના વાળ રેશમ જેવા સુંવાળા અને કાંઇક સોનેરી રંગપર ઢળતા હતા એટલુંજ નહીં, પણ જે ઢપે તેણી હવડાં બેઠી હતી તે ઢપજ માત્ર એવી હતી કે તેપર એક નજર માત્ર નાંખનાર તેણીની તરફ અખંડ માયા અને

દીલસોજીથી ખેંચાયા વગર રહેજ નહીં. તે મીઠી મધુરીની આંખ્યોમાં આસકની આંચનું ધીમું તેજ હતું, એટલુંજ નહી, પણ તે આંખ્યોનાં ઉંડાણમાં જોતાં બાગે બેહેસ્તમાં પ્રસરી રહેલો નુરી પ્રકાશ જાણે બધો તેમાંજ ભરી મુકયો હોય તેમ જણાતું હતું.

તેણીએ પેહેરેલો પોશાક તદન સાદો હતો, પણ તે પેહેરવેશની સુઘડ સાદાઇમાં પોતાની નિખાલસ ખુબસુરતીથી તેણી એવી દીપી રહી હતી કે, એક બારગી બાગે ઇરમનાં પક્ષીનાં પીછની કલગીર તેણીના કપાળપર ઉડતી હતે યા ગોલકોંડાની ખાંણમાંનો સેતારાના ઝળકાટનો કોઇ હીરો તેણીના વાળમાં સંતાઇ ચમકચમક થતે તે છતાં તેણીની હાલની ખુબસુરતીમાં એક વાળ જેટલા પણ અંશનો ઉમેરો ન થતે. તેણીએ સફેદ ભોંયપર કાંઇ કાળી ફુલની તરાંહનું બદીયાન પેહર્યું હતું, જેના ગીરદાથી તેણીની હંસના જેવી ડોક આખી ઢંકાઇ હતી એટલુંજ નહીં, પણ તે બદીયાંનથી તેણીના આંગના તે ભરાવદાર ભાગની સલામતી અને શોભા સચવાઇ રહી હતી. ઉંચાઇમાં તેણીનું કદ મધ્યમ હતું, મગર તેણી જ્યારે પોતાના સંપુર્ણ પોશાકમાં સજ થઇ ઉભી થતી, ત્યારે તેણી પોતાનાં કુદરતી કદ કરતાં વધુ ઉંચી દીસ્તી હતી.

તેણીને અમે અમારા ઉપલા કલમ ચિતારમાં હદ વિનાની ખુબસુરત જણાવી છે, તેથી વાંચનારે એમ ખ્યાલ ન કરવો કે તેણીની ખુબસુરતી એક બળતા આતશના ભભુકા જેવી હતી; નહીં, તેથીજ ઉલ્ટું, તેણીની ખુબસુરતી એટલી 'ઠંડી' હતી કે તેણીને અડછતી જોનાર તેણીને કદાચ સાધારણ જેટલીજ સોહામણી ધારે નહીં, પણ તે ખુબસુરતીમાં આસકનો અંશ એવાં સારા પ્રમાણમાં આમેજ હતો કે તેમાં વળી તેણીના ચ્હેરાપર પંથરાયલી ગમગીની અને કપાળપર જાણે ઘર માંડી બેઠેલી નિરદોષતાની

શામીલગીરીથી, તેણીનો ચ્હેરો એવો બની રહ્યો હતો કે તેણીને એક વખત અડછતી જોનાર તેણીને ઘડી ઘડી ટીકવા કરવાની યા તો તેણીપર પોતાની નજર ચોટેલી રાખવાની હીંમત કરેજ નહીં.

પણ ત્યારે, તેણીની આંખમાંજ આસક અને ચ્હેરામાં શરમાળપણું હતું એટલુંજ માત્ર વાંચનારે માની લેવાની ભુલ કરવી નહીં. આ બેકદર જમાનાની ગીરદેશી અને આસ્માનની કુરતી દયાહીણુ ચક્કી તળે પીળાતી પીસાતી તે અબળા, આ કુછંદી દુન્યામાં કેવી રીતે કામ લેય તો સુખી થઇ શકે તેની તેણીને ઘણી નહીં તો જરા સરખી જાણ હતી, તે છતાં તેણીના આચારવીચારની પાકીજગીને પુરતી રવેશે જવાબ કરતી તેણીની રીતીનીતી પણ પાક અને પવીત્ર હતી, અને જો કે તેણીની નાચાર નાવારેસ અને દોસ્ત આશના વગરની એકલી અટુલી હાલતને લીધે આટલી કુમળી વયમાં તેણી કોઇ કોઇવાર એવા નજીસ સંબંધમાં પોતાને આવી જતી જોતી કે જે સંબંધની જરા સરખી ગંધ તેણીને દુરથી આવતાં ત્યાંથી તેણી એક બાધેલી હરણી પેરે ચોંકીને નાહાસ્તી.

ત્યારે હવે સવાલ એ ઉઠશે કે જે બાળાની દીલસોજીનાં ઉંડાણમાં આ લખનાર પોતે ઉતરી પોતાનાં વાંચનારાઓને ઉતારી લઇ ગયો છે તે બાળા છે કોણ? અને હાલ તે કરે છે શું? તે આપણે નીચલાં પ્રકરણમાં જોઇશું.

પ્રકરણ ૨ જું.

ગુલઝાર.

જે ઘડીએ તેણીને આપણી કલપ્નાની નજરે જોઇયે છીયે તે ઘડીએ તેણી પોતાની હંમેશની વેડની ઝુસરીમાં જોતરાયલીજ હતી, તે શીયાળાની મોસમ હતી અને બાહારની ગમે તેવી કકડતી ઠંડીમાં.

લગભગ મધ્યરાત થઇ ચુકી હોવા છતાં, એકપુરાં કન્દીલમાં બળતી બતીના અકરવકરે પડતા ઉજાસ આગળ વાંકી વળી તે પોતાનું કામ આગળ ચલાવતી રહી હતી. તેહેસીલીમાંની લોઢી પર એક—મધ્ય રાત્રીના એક—નો વખ્ત ઠોકાયો! અને તે છતાં જરા આરામ લેવા પેલાં સુખ્યાનાં બીછાનાંપર પોતાનાં થાકથી કળતાં હાડકાંને આસાયશ આપવા તે પોતાનું કામ હાથમાંથી છોડતીજ નથી. તેણીને થાક એવી ચઢી હતી કે આય તે પોતાની બેઠકપરથી બેહોશ થઇ તુટી પડે. ઉંઘ તેણીને માથે એવી ચઢી હતી કે, તેણીની આંખનાં નેત્રાંએ તણાઇ ખેંચાઇ જઇ તેણીનાં કપાળને ગરમ આગ કરી મેલ્યું હતું. તેણીના બરડાના કાંઠામાં આંકડાં ભરાઇ આવ્યાં હતાં અને કમ્મરમાં કળતર ચાલી રહી હતી. આંગળાંનાં ટાંચાં અને આંગના સાંધા અકડી ગયા હતા. ઠંડી એવી પડતી હતી કે, તેણીનાં હાડકે હાડકાંમાંની ધુર બંધાઇ જતી હતી, મગર, તેણીને તે કામનું શુર એવું છુટયું હતું—તે કામનાં ઝનુનથી તેણીનું લોઢી તેણીની રગેરગમાં એવું તપીને દોડતું હતું કે, તે ઠંડી તેણીની કશી બીસાદમાંજ નહતી, અને શરત જીતવાના આંધળા આવેશમાં આવેલો ઘોડાપર બેઠેલો જોકી જેમ પોતાના ઘોડાને ચાબક અને કાંટાદાર એડથી અધમુવો કરવાને ચુકતો નથી, તેમ તે બીચારી પોતાનાં ગમે તેવાં થાકેલાં હાડકાંને અને આંગળાંને વધુ અને વધુ ઝડપથી રગડતીજ જતી હતી. એ સઘળી હેપજેપ અને વેજવેજથી એવું દીસતું હતું કે સુવા જવાનો વિચાર તે કરે તે અગાઉ તેણીને તે હાથમાં લીધેલું કામ પુરૂં કરવાની વિશેષ જરૂર હતી.

વારૂં સુતે નહીં તો નહીં પણ એક પાંચ મીનીટ તે કામ બાજુ મુકી દિલના અકડી ગયલા સાંધાને પાછા છુટા કરવા તે ઓરડામાંજ બે ત્રણ ફેરા લેય યા ઉભી થઇ હાથ પગ લાંબા કરી

જરા આળસ ઉળસ ખાય તો શું હતું ? નહીં, નહીં, તેમબી નહી, તેટલી પાંચ મીનીટનોબી ભોગ આપવો તેણીને હાલ તુરત પરવડે તેમ નહતું, કેમકે તે બીહીતી હતી કે તેણીને ચઢી આવેલી ઉલટને જરાક રોકી, તેણી જો આસાયશ લેવા લલચાઇ તો વળી પાછું કામે વળગતાં તે હાડકાં બેરડાઇ કરશે. એક વખત તે જો ઉઠી તો પાછું તેણીથી બેસાશેજ નહીં. તમે ગમે તેટલા ચાલ્યાજ કરો તો ચાલતાં ચલાય પણ થાક ચઢતાં કેડે આરામ લેવા બેસો કે ત્યાંથી ઉઠવા નથી ગમવાનું અને જેમ તેમ ઉઠયા તો આગલી ઉલટ અને આગળી ઝડપથી તો તમારીથી નથીજ ચલાવાનું. આગળી સહવારના પાંચ વાગેનુ તે કામ તે હાથમાં લઇ બેઠી હતી તે છેક હમણાં મધ્યરાત સુધી તેજ કામપર તે મંડેલી હતી, એટલે વીસ કલાક થયા વાંકી કમરે અને નીચી મુંડીએ તે તે કામ કરતી હતી. તે અરસામાં માત્ર બેજ વખત પા કલાક યા વિસ મીનીટ તેણી જમવા ઉઠી હતી તેજ; પણ ત્યારે તેણીનાં હાથમાં હાલ એવું તે શું કામ હતું કે જે પુરૂં કરવા પાછળ તેણી આમ જીવતોડ રંજ બેંચી રહી હતી ?

તે એક ભપકાભરેલો જરરીન પોષાક હતો, તે કોઇ મોટે ખાંચરેની બેગમ સાહેબનો મખમલનો ઝભ્ભો હતો, અને તે ચોક્કસ વખતેજ પુરો થવો જોઇયે એવી બોલીથીજ તે બીચારીએ સીવવા લીધો હતો, અને તે આજ રાત સુધીમાં તેણીએ પુરો કરવાનોજ હતો; પણ તે કીંમતી પોષાક તેણીના હાથમાં કેમ આવ્યો ? એક ગરીબ નાની નાદાન વયની છોડી, જેની પાસે ફુટી એક કોડી નહીં, જેની પાસે પોતાના મધુર મનમોહન મુખડાપર પથરાયલી નિરદોષતા સીવાય કશી વધુ જમાનત નહીં, તેણીને હસ્તક આવો સુંદર મખમલનો જરરીન પોષાક સોંપવામાં આવ્યો હતો તે જોઇને વાંચનાર કુદરતીજ સંકાશીળ બની પુછશે કે એમ કેમ ?

આ સવાલનો અમો જવાબ આપ્યે, તે અગાઉ તે ઝભ્ભો તેણીએ કેમ અને કેટલી મુશ્કેલી વચ્ચે પુરો કીધો તે આપણે તપાસ્યે.

એક ચાવી આપેલાં કમાનનાં પુતલાંની માફક સોય પકડેલો તેણીનો હાથ ઉપર નીચે, નીચે ઉપર થતોજ રહ્યો, એમ કરતાં, વળી પાછી તેહેસીલીની લોઢીની લોખંડી જબાને બે વાગ્યાનો વખ્ત જાહેર કીધો અને તેણીના ચ્હેરાપર કાંઇક સંતોષનો પસરાટ છાંયી રહ્યો, કેમકે તે કામ અડધાક કલાકમાં હવે પુરૂં થશે એમ તેણીને લાગ્યું. તેમ લાગતાંજ તેણીની ઉલટ બેવડી વધી ગઇ, તેના હાથમાંનું ચાવી આપેલું યંત્ર વધુ જોરમાં ફરવા લાગ્યું. હવે તેણીની આંખે જરાક ઝાંખ મારવા લાગી, અને તેણીને ચક્કર આવી જતાં હોય તેમ લાગ્યું. તુરત તેણીએ એક હાથે આંખો ઢાંકી દીધી. થોડેક વારે તે હાથ તેણીએ કાઢી નાંખ્યો અને ચક્કર નરમ પડી ગયલાં તેણીને લાગ્યાં. પાછી તેણી કામે મંડી ગઇ, પણ હવે તો તેણી જાણે ઉંઘમાં કામ કરતી હેય તેમ લાગતું હતું. તે જે ટાંકા ભરતી હતી તે કાંઇ તેણી જોતી ન હતી.

પણ, આહ! જાણે તેણી કાંઇ ભયાનક સ્વપ્નું જોઇ ઉઠી હોય તેમ તેણી ચોંકી, તે કામ પુરૂં થયું હતું–તેણીની મેહેનતનો છેડો આવ્યો હતો. તે પોષાક તેણીના હાથમાંથી સરી પડયો અને ખુરસીની પછવાડેની પીઠપર માથું ચત્તું નાંખી તેણી પડી. તેણીનું તપેલું લોહી જરા જરા ઠંડું થતું ચાલ્યું, તેણીની ઉલટની ભરતીમાં હવે ઓટ થવા લાગી. હવે તેણી ઉઠી અને તે પોષાક ઉંચકી એમનો એમ છુટો ખુરસીપર તેણીએ વખાતો મુકયો અને તે થાકથી અધમુઇ થયલી ગુલઝાર–દરજણ ગુલઝાર–તે જમીનપર પાંથરેલાં બીછાણાંપર અફસોસની એક હાય સાથે પડી. તે જેવી બીછાણે પડી

કે થોડીજ મીનીટમાં ભર ઉંઘને તાબે થઇ ગઇ. તેણીને ઉંઘયાને એકુ કલાક થયો નહીં કે તેણીનાં મંદ હૈયાની આંખ સ્વપ્નાના એક દિલપઝીર દેખાવપર પાછી સજાગરૂ થવા લાગી, અને તે સ્વપનામાં તેણીએ પોતાને એક સુંદર બગીચામાં ભટકતી દીઠી. તેણી સુંદર લીલોતરીથી ભરાવદાર બનેલા કયારામાં રંગબેરંગી પુલોની દિલકશ વેલમાં લટાર મારવા લાગી, જયાંની હવા હુંફાળી અને ખુશબુદાર હતી. પાસેજ વ્હેતાં નાળાંનો બચ્ચાં જેવો મીઠો પટપટારો અને પીછાળાં રહીશોની ચીંચી તેણીના કાને પડી, અને થોડા વારમાં કુદરતની સઘળી મીઠી મધુરતા તેણીનાં રૂહમાં આમેજ થઇ ગઇ. પુલોની તેણી સોડમ લેવા લાગી, તેમનાં મોંહમાં ભરેલો મધ જેવો મીઠાસ પોતાના હોઠોથી ચુસવા લાગી. તેણીને લાગ્યું કે, તે તેણીના પોતાનાજ બાગમાં હતી. જાણે તે પરસ્તાનની પોતે પરીજ હતી પણ તુરતજ તેણીને પોતાની હેજગારીની યાદ થઇ આવી અને તે યાદ થતાંજ તેણી મલકાવા લાગી કે, કેવા ચમત્કારે તેણીને તેણીની પેલી કાતર્યાંવાલી ઓરડીમાંથી છોડવી આ ફુલફુળથી ઝુમી રહેલા માંડવા હેઠળ લાવી મુકી હતી!

પણ એકાએક તેણીને ઠંડીનું એક લખલખું ભરાઇ આવ્યું અને બરફમાંથી બનાવેલો તીર ગોયા તેણીનાં હૈયાંનાં અંતરને વીંધી નાંખતો તેણીનાં દીલમાં પેવસ થયો; તેણીનું આખું હાડ ધ્રુજયું અને બાગના તે ઝલકતા દેખાવપર ધીમેધીમે શીહાઇ પંથરાતી ચાલી. તે શીહાઇ વધુ અને વધુ શીહા બની પોતાની કાગી પાંખમાં ગોયા તે બાગનાં ફુલફળ અને ચરંદાપરંદાને પીગળાવતી ચાલી; તે કુદરતનો કળાબહોર ગંભીર ચુપકીદીમાં ઉતરતો ગયો અને એમ રફતે રફતે તે દિલખુશ સ્વપ્નાના ક્ષણભંગુર દેખાવપર એક કાળો પરદો ઉતરી હવે તે સદાનો બંધ થયો.

તે પરદો પડતાંજ ગુલઝાર ચોંકીને જાગી ઉઠી. તે સ્વપ્નાની અસર તેણીનાં મગજપર હજી તાજી હોવાથી પોતે ક્યાં હતી અને ક્યાં નહીં તેના વિચારમાં તે પડી, પણ થોડાજ-માત્ર થોડાજ-વખતમાં તે પોતાની ખરી હાલત જાણી લઇ પોતાને સ્વપ્નાથી ઠગાયલી સમજી પાછી બીછાણે પડી.

પ્રકરણ ૩ જું.

જરરીન પોષાક.

તેહેસીલીની લોઢીપર સાત થોકાતાંજ ગરીબ ગુલઝાર પોતાનાં બીછાણાંપર ઉઠીને બેઠી. બાહારની કકડતી ઠંડીને સબબે આખી રાત તેણીનાં છાપડાંપર ઠાર પડયો હતો, જે તે છાપડાંપર ઉજાસને માટે મુકેલા કાચનાં ફાલકાંપર પાણીના રેલા માફક વ્હેતો હતો, અને જ્યાં ત્યાં છાપડાંમાં પડેલાં વ્હેમાંથી તે રેલાઓએ ઓરડીની દીવાલોપર ઉતરી તેને સરદ બનાવી મુકી હતી, એટલે ગરીબ ગુલઝાર જાણે હીમાલય પર્વતનાં ઉંચાણુમાંનાં એકાદ ખુણામાં વસ્તી હોય તેમ બીચારી અકડી ગઇ હતી. તેણીની પાસે એટલા પુરતા પૈસાજ ક્યાં હતા કે એક સલગાવેલી સગડીની સગવડથી તેણી પોતાની તે અગવડ ટાળી શકે. માથાંથી પગ સુધી ઠઠરતી ધ્રુજતી જેમ તેમ તે બીછાણાંપરથી ઉઠીને ઉભી થઇ. જે થોડીક ઉંઘ તેણી લેવા પામી હતી તેથી તેણીનું આંગ જરાબી તાજગી પામ્યું ન હતું અને બીછાણાંમાં જરાબી હુંફનું નામ નહીં છતાં, તેણીને હજી જરા વધુ વખત સુવાનું મન થયું, કેમકે, લગભગ એકવીસ બાવીસ કલાકની ચાલુ હેજવારી પછી માત્ર ચાર સાડાચાર કલાકની ઉંઘ તો તે જોઇતી આસાયશની મશ્કેરીજ માત્ર લેખી શકાય! પણ નહીં, પાછો ઉંઘવાનો તો શું પણ તે બીછાણાપર એક મીનીટબી

વધુ અલોટાઇને પડી રહેવાનો ખ્યાલ તેણીએ તુરત તુચ્છકારી કાઢયો, કેમકે સુતી વખતેજ તે પકકો વિચાર કરીનેજ બીછાણે પડી હતી કે સહવારે સાત વાગેજ ઉઠવું અને તેમજ તેણી ઉઠી. ઉઠતાંને વાર અકડી ગયલા સાંધાને જરા છુટા કરવા આલસ ઉલસ ખાઇ હાથ મોઢું ધોવા પાણીનાં એક વાસણમાં તેણીએ નભરવસપણે હાથ બોળ્યો, તો તે હાથ પાણીમાં પડવા સમેત તેણીને સાંપે ડંખ માર્યો હોય તેમ તેણી ચોંકી. તેણીને ખબર નહીં રહી કે ધારા મુજબ સહવારે વાપરવા માટેનું તે પાણી તેણીએ સાંજનું ભરી રાખ્યું હતું, જેથી આખી રાતની ઠંડીથી તે એટલું ઠંડુ થઇ ગયું હતું કે તેમાં તેણીનાં હાથનાં આંગળાં બોળતાં વારજ તેનાં જાણે ટાંચેટાંચા નીકળી પડયાં અને તે સમેત તેણીનું આખું આંગ કળતરથી કળવા લાગ્યું; અને હાં પ્રિય વાંચનાર, તે હીંમતવાન છોડી, જેણે આખી રાતની હેજગારી હીંમતથી ઉપાડી હતી તે એક અણદીઠ લાગણીને વશ થઇ જઇ ડુસ્કે ડુસ્કે રડી પડી. ઘણી વખત એમ બને છેઃ પહાડ જેવી મુશ્કેલીને હીંમતથી મારી હટાડયા પછી નજીવી જેવી અડચણથી આપણું દિલ તુટી જાય છે, હૈયું હીંમત હારી ખાય છે. પણ, તુરતજ તે મોતી જેવાં આંસુઓ તેણીએ લુછી નાંખ્યાં અને તે પાણી ઘોળી નાંખી, તાજું પાણી કુવામાંથી ભરી લાવવા વાસણ લઇ તે છોડી નીચે ઉતરી. થોડાજ વખતમાં પાણી ભરી ઉપર આવી અને હાથ મોઢું ધોઇ પોતાનો પોષાક સરખો કીધો અને પેલી ખર્યા ખરખર કબાટ ખોલી તેમાંથી એક નાની કીટલી કાઢી અને ત્યાંજ મુકેલાં એક પડીકાંમાંથી ચમટી ચા લઇ તે કીટલીમાં નાંખી, તેને માટે જોઇતું ગરમ પાણી લેવા તે નીચે ઉતરી અને પેહલે મજલે રેહેતી માનબી નામની એક ભાડુતણીની રાંધણીમાં તે ગઇ, જ્યાં તેણીને માનબીની ચાકરડી મેલે ઘેલે અવતારે ઉભેલી મળી; તેને

૨૦૯૦

તેણીએ પુછ્યું, "પ્રાતમા, માનબી મા કેમ છે ?" જેના જવાબમાં તેને પ્રાતમાએ જણાવયું કે તેણીએ રાત સારી પસાર કીધાથી જરા રતી તેણીની તબીયત ઠીક હતી.

"વારૂં, હમણા તું તેવણુનો નાસ્તો લેઇ જશેની ?" જેનો જવાબ તે ચાકરડીએ 'હા' કારમાં ડોકું હીલાવીને આપયાથી ગુલઆર બોલી, "ત્યારે તો માનબીને જરા જણાવવાની મેહેરબાની કરજે કે પેલો પોશાક તૈયાર છે અને એક દશ મીનીટમાં હું તે લેઇ તેવણ આગળ આવસ."

"એ તુ શું બોલેચ, બેટી, તું શું એમ કેહેવા માગેચ કે તે જભ્ભો તેં ગઇ રાતે પુરો કીધો ?"

"હા, તે પુરો કરતાં મને અઢી વાગ્યા અને તે પુરો કરીનેજ હું સુતી." જરાક સરખું હસીને ગુલઆરે જવાબ દીધો.

"અને તું સહવારે જીવતી ઉઠી ? પણ કાંઇ તારીથી એમ હંમેશાં રગડાવાનું છે ? અને એમ રગડાશે તો કાંઇ ઝાઝા દીવસ તું કાઢવાની નહીં. મને તારી કેવી દયા લાગેછ; તું આવી મજેહની ગુલાબના છોડ જેવી અને એમ મેહેનત મસાઘતથી ઘસાઇ પીસાઇ જાયછ–પણ નહીં, તારાં કીસમતમાં કાંઇ જુદુંજ લખેલું છે અને થોડા વખતમાં તુંબી ઝોહોરાની માફક નચીંત અને નભરવસ થઇ જશે"

"ઝોહોરા ?–અંહ પેલી મારીજ ઓરડીની નીચેના ઓરડામાં રેહે છ તે, ઉંચી, ગોરી, અને અસ્કી જેવી છે તેજ કેની ? મને પરમ દાહારેજ દાદરપર તે મળી'તી."

"હા, તેજ, પણ શું તેને ને તને પીછાણ નથી ?"

"નહીં, પીછાણ–એટલે દોસ્તી જેવું કાંઇજ નહીં. તે દાહાડે અમે દાદરપર એક થઇ ગયાં અને તેણેજ મને ડોકું નમાવી કેમ

છે કેમ નહીં કરી પુછયું અને તેજ કીસમની વળતી પુછપરછ કરી મેં ચાલતી પકડી; પણ ફાતમા, હું થોડા વખતમાં ઓહોરાની માફક નચીંત અને નભરવસ થઈ જવસ એમ જે તેં ઇસારો કીધો તેની મતલબ હું નહી સમજી. એમ બોલવાની તારી મતલબ શુ ?"

ફાતમા પણ ઉમરે અઢારેકની હોવા છતાં દુન્યાની પુરી અનુભવી હતી, એટલે ગુલઝારે આ સવાલ પુછતાંજ તેનાં ચ્હેરા તરફ ટીકતીજ ઉભી, જેનાં પરીણામમાં તેની ખાતરી જરા વારમાં થઇ ગઇ કે તેનાં બોલવાની મતલબ નહી પામી જવાનું જે નિરદોષપણું ગુલઝારે બતાવ્યું હતું તે તાણી તોડીને ધારણ કીધેલું નહીં પણ કુદરતીજ હતું, અને તેથી દયામણું મોંહ કરી તે બોલી, "અને ખરેખર છોકરી, મારા બોલવાની મતલબ તું નહીંજ પામી ગઇ ?"

"ખચીતજ નહી, ફાતમાં, નહીં તો તને ખુલાસો પુછતેજ શું કામ ?"

"ત્યારે તો અલ્લાહ તને તારૂં એ અજ્ઞાનપણું સદાકાળ મુબારક કરે." એટલું બોલી તુરતજ તે ચુલ્હાં આગળ કાંઇ કામે વળગી ગઇ.

ગુલઝાર પોતાનાં ખપજેગું ગરમ પાણી કીટલીમાં નાખી ઉપર ગઇ અને ગઇ સાંજને સાચવીને ઢાંકી મુકેલો બાજરાનો રોટલો લેઇ તેબલપર ચા નાસ્તો કરવા બેઠી.

હાં કદાચ વાંચનાર અમને પુછશે કે જ્યાં તે ઓરડીમાં ગુલઝાર પોતાનું ઘરજ માંડીને બેઠી હતી તો શું તેણીનો પોતાનો ચુલ્હો હતોજ નહીં કે ચાનાં પાણીને ખાતર તેણીને બીજી ભાડુતણીને આશરે જવું પડયું ?

હા, ચુલ્હો તો હતો મગર તેમાં સળગાવવાનાં લાકડાં ન હતાં. તેણીની હાલત કાંઇ એવી નહીં હતી કે આખા મહીનાનો

સીંધુ સામાન તે ભરી મુકે; તેણીને જોઇતું કરતું તેણીને રોજ લાવવું પડતું હતું, અને જે દીને તેવું લાવવાના પૈસા ન હોય તો અલબત તે દીન તેણીને ફાકરડો પણ કાઢવો પડતો હતો. જે દીને તેણીને પૈસા મળ્યા હોય તે દીને ખપજોગી ખાધ ખોરાકીનો સામાન લાવવા સાથે લાકડાંની ઝુરી પણ તે લાવતી અને લાકડાંની ઝુરી લાવવાજોગ તેણી પાસે કોઇ વાર ફદીયું સવાફદીયું પણ નહીંજ ફાજલ પડતું તો બહાર જંગલમાંથી કચરો કાંડીબી વીંણી લાવતી; પણ આજે તો તે બંન્ને ચીજોનાં સાધણ ખુટી ગયાં હતાં. લાકડાંની ઝુરી લાવવાના તેણી પાસે પૈસા ન હતા અને કામની રોકાણને લીધે ગઇ કાલે આખો દીવસ તેણી બાહાર નીકળી શકી ન હતી, એટલે આટલાં ગરમ પાણીને માટે તેણીને પરાઇ રાંધણીનો આશરો લેવો પડયો અને તેવો આશરો બેલાશક બાજે વખ્ત લેવાની તેણીને માનબી તરફથી છુટ મળેલી હતી, જે આનબી તરફથી તેણીને અવારનવાર સીવવાનું કામ પણ મળ્યું જતું હતું અને હમણાં પુરો કીધેલો જરીન જભ્ભો પણ તેણીને તેણી તરફથીજ મળયો હતો.

આ પીતાં પીતાં વળી પાછું પેલી ફાતમાનું ભરમ ભરેલું બોલવું તેણીને યાદ આવી ગયું, પણ, તેપર કે કશાંપરબી નચીંત વીચાર કરવાની તેણીને ફુરસદજ કયાં હતી? ઉતાવળે આ પી લઇ બરાબર હાથ સાફ કરી પેલો જભ્ભો હાથમાંજ વખાતો લઇ તે નીચે ઉતરી. આ વખતે પાછલીગમ ન જતાં તેણી આગળીગમના ઓરડા આગળજ ઉભી અને તેનું બંધ કીધેલું બારણું આસ્તેથી ઠોકયું. એક ધીમા અવાજે તેણીને અંદર દાખલ થવા કહ્યું અને તે બારણું જે અળગુંજ બંધ હતું તે ઉંઘાડી અંદર દાખલ થઇ.

"ફાતમાથી જાણી હું ખુશી છું મા, કે તમારી તબ્યત જરા ઠીક છે." અંદર દાખલ થતાંજ એક પલંગપર પડેલી નાતવાન ઓરત તરફ જોઇ ગુલઝાર બોલી.

"હા, મને ઉંઘ સારી આવી—અને બીમારોની રામબાણ દવા ઉંઘજ છે. આહ! તેં તારી કબુલાત મુજબ આ જભ્ભો તૈયાર કીધો તે ઠીક કીધું. તું ઘણી ભલી છોકરી છે."

"હાજી, તૈયર તો કીધો પણ તે પસંદ પડે ત્યારની વાત." એમ બોલી તે બીમાર અબલા બરાબર જોઇ શકે કરી ગુલઝારે તે જભ્ભો પોતે એવી રીતે ધર્યો કે સામેની બારીથી આવતી સુર્યની રોશનીમાં તે ઝગઝગી રહ્યો.

"જરા આગળ આવની જોઉં તારો ટકો જોઉં." અને તે પોશાક તેણીની આગળ ધરી ગુલઝાર તેણીનાં મતની રાહ જોતી ધડકતી છાતીએ ઉભી.

"હા, ઘણોજ સરસ છે—એટલે ઠીક છે, ચાલશે." જે તારીફના શબ્દો તેણીથી કુદરતી બોલાઇ ગયા, તેમનું વળતું વારણ કરી તો બીમાર અબળા બોલી, "ચાલ, ત્યારે તું તારો આંકડો લઇ આવીછ?"

"નહીજી, હું,—હું—અરે એટલો જલ્દી કેમ આંકડો તમને કરી આપું કરી હું જરા મનમાં ઓસ્કાઇ, અને વળી આંકડામા શું પૈસા નાંખવા તેબી મને ખબર નહીં એટલે—"

"વળી શું પૈસા નાંખે, કાંઇ પચીસ ત્રીસ નાંખવાની ઉતી. જા, સાડાત્રણ રૂપ્યાનો હમેશ મુજબનો આંકડો કરી લાવ. વહેલી થા, અને એમ જો, તારી ઓઢણી લઇનેજ નીચે આવજે, કેમકે, એ જભ્ભો એક ઠેકાણે તારેજ પ્હોંચાડી આવવો પડશે. જાતો, મારી ડાહી દીકરી છે, ઉતાવળ કર."

સાડાત્રણ રૂપ્યા! એ શબ્દો ગરીબ ગુલઝારની નાજુક છાતીમાં તીરની માફક ઉડીને વાગ્યા—કેમકે તે બીચારીએ રૂપ્યા ૭ થી ૮ ની ગણત્રી કરી રાખી હતી, પણ તેણીને રૂપ્યા ૬ થી ઓછા મળશે એવી તો આશા હતીજ. નહીં. આ એક નીરાશીના નવા આંચકાથી

વળી તેણીની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને રખે ત્યાંને ત્યાંજ તેણીથી રડી પડાય કરી તુરત તે ઓરડો છોડી તેણી ઉપર ચઢી ગઇ.

પોતાની ઓરડીમાં જઇ તે એક 'ઇસ્તાન'પર બેસી પડી અને ડુસ્કે ડુસ્કે રડી. ગરીબ બીચારી! તેણીનાં હમણાનાં આંસું કાંઇ ગરીબીની હાય અફ્સોસનાં ન હતાં—જો કે તે ખુદ ગરીબી કરતાં પણ વધુ ગરીબ હતી તે તો આપણને ખબર છે; પણ તેણીનાં તે કામની જે રીતની કીંમત અંકાઇ હતી તે માટેના બળાપાનાં હતાં. જે કામ પુરૂં કરવામાં તેનો આખો દીન અને આખી રાત ગઇ, જે કામ ખરેખરૂં તારીફ લાયક અને તેને તે સોંપનારને શોભા મળે તેવી દરેક કાળજીથી તેણીએ ઉભું કીધેલું, તેજ કામના સાડાત્રણ રૂપ્યા! એ વિચારજ તેણીના નાજુક જીવને વળ દઇ નીચવી નાંખવાને પુરતો હતો.

પણ, રખે અસુરૂં થાય અને માનબી ચીરડાય કરી તેણીએ પોતાના ગમના રોહને માર્યો, આંસુ લુછી નાંખ્યાં, મોઢું ધોઇ નાંખ્યું, જોઇતો આંકડો બનાવી કાઢયો અને ઓઢણી લઇ ઝડપથી નીચે ઉતરી પડી. માનબીના ઓરડામાં જઇ ધ્રુજતે હાથે, પોતે બનાવેલો આંકડો તેણીએ રજુ કીધો, જે જોઇ માનબીએ તકયા તળેથી એક નાની થેલી કાઢી તેમાંથી સાડાત્રણ રૂપ્યા ગણી આપ્યા.

"ચાલ હવે," તે રૂપ્યા ગુલઆરે લીધા કે માનબી બોલી, "આ જભ્ભો પેલા દાબડામાં ઘડી કરીને મુક અને જેમ બને તેમ જલ્દી સમન્દર જાનને આપી આવ. તું જાણેછ કે તેનું મકાન કહાં આયું તે? આય ફાટકપુરાને આ છેડેથી નીકળી સીધી બોરીઆલી માંથી થઇ તેલી ગલીમાં વળજે અને ગલી આખી પુરી કરતાં નાકાપરનુંજ ઘર સમન્દરનું—જો ભૂલી જાય તો આય દાબડાપર ચીઠી મારેલી છે તેપર સરનામું છે, સમજી કે?"

"હાજી." કરી ત્યાંથી તે નીકળી પડી. જો કે એપ્યા કે કાસદ તરીકેનું કામ બજાવવાનું તેણીને નહીં ગમ્યું, તોપણ, માનબી જેવી તેણીને ઘણીજ કામની ઓરતને ગુસ્સે કે દલગીર કરવાનું તેણીએ દુરસ્ત નહીં વિચાર્યું. વિસ મિનીટના અરસામાં તો સમન્દર જાનનાં મકાન આગળ તે આવીને ઉભી, અને સમન્દર જાનને મળવા માંગતાંજ એક નોકર તુરત તેણીને અંદર એક ઓરડામાં લઇ ગયો, જ્યાં એક અધોર વયની અબલા એક મેજપર રચેલાં તરેહવાર ચીજોનો ઉપર હાથ ચલાવતી બેઠી હતી. તે ઓરડાનું રાચરચીલુંબી ભપકાદાર હતું અને જ્યાં ગુલઝારની નજર ઠરતી ત્યાં પૈસા ને પૈસાનુંજ તત્વ તેણીને દેખાતું હતું.

પ્રકરણ ૪ થું.

ગરીબનાં હાડકાંની ધુર તે માતબરનું મિષ્ટાન!

"કેમ, છોકરી, તું માનબીને ત્યાંથી પેલો ઝભ્ભો લઇ આવીછની? નહીં, નહીં, દાબડામાંથી શું કામ કાઢેછ, મારી ખાત્રી છે કે તે સીવેલો સારોજ હોસે, અને નહીંબી હોય તો હવે તેને કાંઇ સુધારીને સમો કરવા જેટલો વખત હાથમાં નથી. માનબીએ આંકડો મોકલ્યોછ?"

"નહીં, બાનું," ગુલઝાર બીચારી જરા ડઘાઇને બોલી, કેમકે સમન્દરજાનનું બોલવું ઘણું તોરવંત મીજાસમાંજ હતું. "માનબી બીમાર છે અને ઉઠાતું બેસાતું નથી."

"બીમાર છે? શું છે? અંઃહોસે, પણ જોની હું આજે સેકંદરાબાદ કામે જાઉંછ ને ત્હાંથી પાછું ફરતાં મને વખત લાગશે, વાસ્તે માનબીનું જે હોય તે ચુકતેજ કરી જાઉં તો સારૂં. હું ધારૂંછ આય ઝભાની સીલાઇ સિવાય બીજી કોઇ સિલાઇના પૈસા

રહ્યા નથી, એટલે લાવ તું જ મને આંકડો કરી આપ અને તુંનેજ તેના પૈસા ચુકવી આપું. લે આ દૌત કલમ અને કાગળ; જા, પેલી તેબલપર જઇને લખ.”

“જી, આંકડામાં પૈસા કેટલા લખવાના?” ગુલઝાર પહેલે હતી તે કરતાં વધુ ડરપોક બની બોલી, કેમકે સમન્દર જાનના મીજાસની ચઢતી જતી સ્ટીમથી તે વધુ અને વધુ ગભરાતી જતી હતી.

“હંમેશ મુજબ, દશ રૂપ્યા આઠ આના.”

અને ગરીબ ગુલઝાર અફસોસની એક હાય સમેત તે તેબલ આગળ ગઇ અને વાંકી વળી ઉભી ઉભીએજ એક આંકડો લખી કાઢયો. તે ઉભી ઉભી લખેછે એમ તે માલેતુજાર બોરતે જોયું તોપણ તે શુધબુદીને એવું નહીં સુઝયું કે તે બીચારીને જરા બેસવા કહે. આંકડો ઉતારી તેણીએ સમન્દર જાનના હાથમાં મુકયો કે તેબલપર પેલીએ અગ્યાર રૂપ્યા ફેંકયા અને ગુલઝારે આઠ આના પાછા આપી તે આંકડાપર પોતાની સહી કીધી. સહી કરી તે રૂપ્યા તેબલપરથી ઉંચકયા અને તેણીને નમન કરી તે જવા નીકળી, પણ તેણીને સમન્દરે અટકાવી કહ્યું, “વારૂં છોકરી, મારૂં એક કામ કરશે?”

“હા, બાનું, મોટી ખુશીથી.” ગુલઝારે ફરીને જવાબ દીધો અને થોભી.

“જોની, એમ છે કે હું થોરા દાહારા બાહાર જવાની હોવાથી જે પોર્યો મારાં આવાં પારસલ ઘરાકોને ઘેર લાવ· લેઇજા કરતોતો તેને મેં આજથી આવવાં ના કહ્યું તેથી તે આજે આયોજ નથી, અને મને ધ્યાન નહીં કે આ ઝબ્ભો આજેજ આવશે અને તે મને આજેજ મોકલવો પડશે, માટે આપ બાકસ એમનો એમ સીરપી આલીમાં ઇસ્મીલડા સીરપીને આપી આવશે? તને જરા મેહેનત તો

પડશે પણ તેના બદલામાં લે આય ચાર આના." એમ બોલી એક પાવલી તેણીએ ગુલઝાર ગમ ફેંકી.

"બાનું, તમારૂં એ કામ હું સરોચશમથી બજા લાવીશ, પણ તેના બદલામાં મને પૈસાની લાલચની કાંઇ જરૂર નથી." એમ બોલી ગુલઝારે ભોંયપર પડેલી પાવલી ઉંચકી અને સમન્દર જાન આગળ મુકી.

"ઠીક છે, જેમ તારી મરજી, ત્યારે તું એ ઝબ્ભો ત્યાં આપી આવશીની?"

"હાજી, જાઉં?"

"હા, જા, પણ જરા સબર. વરી એને ત્હાં સામાનની સાથેજ આંકડો મોકલવાનો કાયદો બર્યોછે, વાસ્તે જરા થોબ, હું આંકડોબી તનેજ આપું." એમ બોલી તે સમન્દર જાન એક નવાબ સાહેબની બેગમના તૌરથી ઉઠી અને જે તેબલપર ગુલઝારે ઉભાં ઉભાં માનબીનો આંકડો લખી કાઢયો હતો તે તેબલ આગળ ગઇ, પણ ત્યાં ખુરસી નહીં હોવાને સબબે અચકીને ઉભી રહી.

"છોકરી, જરા પેલી ખુરસી અહીં મુકતો, એ નહીં, એ નહીં, પેલી નરમ ગાદીવાળી લાવ—નેતરની ખુરસીપર બેસતાં તંદરોસ્તી બીગડેછે." ગુલઝારે તુરતજ તેણીએ બતાવેલી ખુરસી તેબલ આગળ મુકી, જે ઉપર તે બાઇ સાહેબે બેસી, સાહીના એક ડાઘાપર માખ ચાલી ગઇ હોય એવા હરફે એક આંકડો લખી કાઢયો અને તે ઘડી વાળી ગુલઝારને, હવાલે કરતાં તે બોલી, "જોની, વખતે ઇસ્મીલડા બાનું કામમાં કે ગડબડમાં હોસે તો તેવણુની વડી દરજણુ આઇશાને આ આપજે."

"વારૂંજી." કહી ગુલઝાર ત્યાંથી નીકળી.

સહવારના નવ વાગી ગયલા હોવાથી જે રસ્તે ગુલઝાર જતી હતી તે રસ્તો લોકની આવજાથી ચીકાર બની રહ્યો હતો, અને તેટલાં અવકાળ પાણીના ચાર છાંટા પડવાથી ત્યાં કીચલ થઇ રેહેવાને લીધે ગુલઝારને પોતાનો ઘાઘરો જરા ઉંચકીને ચાલવું પડતું હતું, જેમ કીધાથી તેણીના ગોરા ગોરા પગ કોઇ નહીં ને કોઇનીબી ટીકતી ચશ્મથી છુપ્યા નહીં રેહતા હતા. ઠંડી હવા અને ચાલવાથી મળતી કસરતને જોરે ગુલઝારનો ચેહેરો કેવોક તંદરોસ્ત હોય તેમ ગુલાબી રંગ પકડી રહ્યો હતો. તેમાં વળી બહાર નીકળતી વખતે મોહાપર કીધેલા ઠંડાગાર પાણીના છંટકાવથી તે રતાશમાં કાંઇ ઓરજ તાજગી આમેજ થઇ તેણીના ચેહેરાને તેના પુર બાહારમાં દીપક મારતો કરી મેલ્યો હતો. તે તેલી ગલીમાંથી બાહાર નીકળી પાછી ખેતીઆલીમાં વળાણુ લેય તેટલાં સામેથી એક ખુલ્લો તાંગા ધસી આવ્યો, અને તેમાં બેઠેલા એક ફાંકડા જવાનની નજર ગુલઝારપર પડી. તુરતજ તેજ રસ્તે તેણે પોતાની ગાડી વળાવી લેવાનો હુકમ આપ્યો. તે જવાનની નજર તો ગુલઝારના પગપર પડી હતી અને તે અબલા કોણ છે, કેવી છે તે જાણવાની તેને જીજ્ઞાસા થઇ આવી.

"અસ્તફ્રર અલ્લાહ! એ કોણ હશે? જાણે બેહેશ્તની હુરી!" એમ બોલી તે જવાને ગાડી થોભાવી અને તેમાંથી તે ઉતરી પડયો. તે આશરે એકવીસેક વર્ષનો ફાંકડો દેખામણો જવાન હતો.

"તું આસ્તે આસ્તે પછવાડે હાંકયો આવ." એમ પોતાના સઇસને હુકમ આપી તે જવાન આપણી ગરીબ ગુલઝારની પુઠે પુઠે ચાલ્યો. તેઓ બેઉ વચ્ચે ત્રીસેક વારનો તફાવત હતો.

પ્રકરણ ૫ મું.

ઈસ્મીલ્ડા સીમપીનું ધનાઢય ખાતુ.

પોતે એક ખુબસુરત અને ફાંકડા જવાનના સીનામાં અચંબાની કેવી આંચ સળગાવી છે તે વીષે અદંતર બેખબર ગરીબ ગુલઝાર જે મોહોલામાં સીમપીઆલી આવી હતી તે મોહોલામાં જઇ પુગી, કે તેણીને ખાતુ ઇસ્મીલડાનું મોટે ખાંચરેનું માતબર ખાતું શોધી કાઢતાં વાર લાગી નહીં. તે ઘર યા મકાન કાંઇ નાનું નહીં હતું કે જેથી તેણી તે શોધી કાઢતાં વાર લાગે. તે એક મજલાની ચાલી હતી, જે લંબાઇમાં તે મોહોલાની લગભગ અર્ધે ભાગે પુગી હતી. ગુલઝાર તે મકાન આગળ થોડોક વખત થોભી અને ધીમે કદમે અને ધ્રુજતે હઇયે અંદર દાખલ થઇ. તે દુકાનની મોટાઇ અને તેમાં ચાલી રહેલી ધમાલ અને ધમચકરીથી તે બીચારી ઘડીભર ચમકીજ ગઇ. તેણીએ જોયું તો એક જની સઘળું ગોઠવ ગાઠવ કરવા પડી હતી, એક બીજી કાંઇ મખમલ ભરીને ફાડતી હતી, ત્રીજી તઇયાર થયલા પોષાકોને બ્રશ મારી ઘડી વાળતી હતી અને ચોથી તે ઘડી કીધેલા પોષાકોને એકેક દાબડામાં ગોઠવી તે દાબડા પેક કરતી હતી, જે સઘળું કામ ત્યાંની વડી દરજણ આઇશાની અંગત દેખરેખ હેઠળ ચાલતું હતું. તેણીના પુકારો અને ધાંધલ ધરપચથી ગુલઝારે તો જોઇ લીધું કે તે કોઇ બડી મીજાસી કુતરી હતી. તે બીચારી તયાં ઉભી હતી, તેટલાં આઇશાની નજર તેનીપર પડી અને તુરતજ નેણુ ચઢાવી નરકોરૂં ખેંચી તેને તેણીએ મીજાસમાંજ પુછયું-"તું શું માંગેછરે છોકરી ?"

ગુલઝારે તે સવાલના જવાબમાં પોતાનું કામ જેમ બને તેમ થોડાક બોલોમાં જણાવયું, જે જાણુતાંજ તેણીએ આમલાજ દમામથી તે બાકસ ખોલવા તેણીને ફરમાવયું. એ હુકમ ગુલઝારે તુરત

બજાવયો અને તેમાંનો જભ્ભો કાઢી આઇશા તરફ ધર્યો, જે તેણીએ ખુબ બારીકીથી તપાસવા માંડયો, પણ ગમે તેવું સારૂં કામબી વખાણવાનો યા જયાં ઘટે તયાં તારીફના બે બોલ બોલવાનો તો તે થાધરા બેગમનો ધરમજ નહીં હતો, એટલે ધારા મુજબ કાંઇને કાંઇ તેમાં ખોડખાપણુ તેણીએ કાઢી.

"લાવ, આંકડો લાવીછ કે ?"

"હાજી, આ રહયો." કરી સમન્દરજાને આપેલો આંકડો તેણીએ રજુ કીધો.

"પંદર રૂપયા ! અને વરી છ આના છ પઇ ઉપર ?" આંકડો વાંચી આઇશા બખાડી, "મેં સમન્દરને કહયું'તું ની કે હવેથી એવું કામ તેર સાડાતેરમાં થાય તો સારૂં, પણ તે તો હવે હું ને તે સમજી લેઇશું. તું અહીંજ ઉભી રેહેજે રે !" એમ કહી આઇશા સીધીને સીધીજ ડોક રાખી તે ઓરડાને છેડે મુકેલી એક તેબલ આગળ ગઇ અને તયાં એક બીજો આંકડો સુંદર કાગળપર લખી કાઢયો અને તેને તેવાંજ શોભીતાં પરબીડાંમાં મેલી તેપર સરનામું કરી ગુલઝાર આગળ આવી.

"લે છોકરી, આય જભ્ભો ને આય ચીઠી નવાબ સાબેર-ઉદ-દઉલા સરફરાજનાં બેગમ સાહેબ બદ્રુલબાહારને તેવણુને 'સાબેર ગંજ'માં પહોંચાડી દે. મારાં માણુસો બધાં રોકાયલાં છે, કેમકે, આજે સાંજ સુધીમાં અમોને કમમાં કમ સો ઉપર એવા પોષાકો ઘરાકોને પુગાડી દેવાછ, જેમાંના કેટલા તઇયાર થયાછ ને કેટલા થવા આયાછ. આય ચીઠીમાં આંકડો છે, જેના પઇસા લેવા ઉભી રેહેજે. બેગમ સાહેબપર ઇસ્મીલડા બાનુના રૂપયા એકથી બે હજાર માંગતા છે અને તેથી તેવણુ સાથે હવે એવો બંદોબસ્ત થયલો છે કે ભવીષમાં જે તેવણુને જોઇયે તેના પઇસા રોકડ ચુકવી

આપવા, માટે જો તું થોભશે તો બેગમ સાહેબ જરૂર તુંને એ આંકડો ચુકવી આપશે, જે લેઇ તુરત-સીધી અહીંજ આવજે; તે ચાલ વહેલી થા, 'સાબેર ગંજ' પુગતાં પા કલાકથી વધારે લેતી ના, કેમકે, અમે તેવણુને કબુલ થયાંછ કે સહવારના દશ વાગતામાં એ જભ્ભો અમે તેવણુને પ્હેરી જોવા મોકલશું કે કાંઇ તેમાં ફેરફાર કરવો હોય તો તે કરવાનો વખત હાથમાં રહે. આહ! બીચારાં સરફરાજવાલાંઓ આવી રહ્યાં હોય તેમ લાગેછ. કોઇ દાહાડો બીચારાં ફરરરભુસ થઇ જશે." આ પહલો વાકય સરફરાજવાલાંઓ માટે આઇશા એક બીજી દરજણુ જે નહલીં ફુલો બરાબર ત્રીમ કરી ગોઠવતી હતી તેની તરફ જોઇને બોલી.

"મેં બી એમ સાંભળયુંછ, બાનુ." પેલી બોલી, "પણુ, એમ કેમ? જયારે હોયછ ત્યારે બેગમ સાહેબનો પોષાક તેવણુને પ્હેરાવી જોવા તમો યા બાનું ઇસ્મીલ્ડા પોતે નથી જતાં?"

"હા, કેમકે તેમને ત્યાં એક દાસી રહીછ તેજ એ કામ પોતાને માથે રાખેછ; તે બડી ચરતકુતી અને લુચ્ચી દદા છે. પણ એ કોણુ? હું ધારૂં છ કે નવાબ સાહેબનો બેટોજ ત્યાંથી ટીકતો ટીકતો હમણાં પસાર થઇ ગયો!"

"ત્યારે નવાબજાદો રેહેમત એ કે? મેં તો અડછતોજ જોયો, પણુ એતો નવાબનો આગલી બેગમનો બેટો કેની? અને બેગમ સાહેબ બદ્રુલબાહાર તો તેની સાવકી મા કેની?"

આઇશાએ આ સવાલનો શું જવાબ આપયો તે ગુલઆરે સાંભળયો નહીં, કેમકે, એ સઘળી વાત દરમ્યાન તે તો પેલા જભ્ભાની ઘડી વાળવામાં ગુંટાયલી હતી. ઘડી વાંળી તેને બાકસમાં સંભાળથી મુકી તે બોજો ઉઠાવી બીચારી ગુલઆર ત્યાંથી બાહાર પડી. આજે બીચારીનાં નસીબમાં હમ્માલી સરજી હતી કે શું?

તે દુકાનથી થોડે છેટે પેલો ઇસ્કી જવાન ગુલઝારની બાહાર આવવાની રાહ જોતો ઉભોજ હતો. બાહાર નીકળતાં તેણે તેને જોઇ, મગર, તેણીની નજર તેનીપર પડી નહીં. તેની હાજરીથી બેખબરી તે બીચારીએ 'સાબેર ગંજ' તરફ જવાનો રસ્તો લીધો. તેણીનો ચ્હેરો જે દલગીર તો સદાનોજ હતો તે હમણા વધુ કુમળાયલો દીસ્તો હતો. તેણીને મળતી સીલાઇની કીમતના સંબંધમાં જે છેતર પીંડી અત્યાર સુધી ચાલતી હતી તે આજે તેણીની નજર સામે ખુલ્લી થઇ જવાને લીધે તેણીનો જીવ હાલ ઝીમાઇ રહ્યો હતો. એ ધોળે દીવસની લૂ ઉપર તેણીએ રસ્તે ચાલતાં કિ શું વિચારો ચલાવ્યા તેની નોંધ અત્રે લંબાણથી લેવાને નહિ થોબતાં આપણે તેણીને 'સાબેરગંજ' નામના, નવાબ સાબેર-ઉદ-દઉલા સરફરાજનાં ધંધાર મેહેલ આગળ લઇ જઇને ઉભી રાખ્યે. તે મહેલના મોટા બગીચાના રાક્ષસી દરવાજા આગળ તેણી સ્તબધ થઇને ઉભી. તેણી ગુંચવણમાં પડી કે એકદમ અંદર જવું કે જવા પ્હેલાં કોઇને હાંક મારી બોલાવવું, પણ તેટલાં એક નોકર જે કાંઇ કામે બાહાર ગયો હતો તે આવ્યો અને તેને ઘણીજ નમનતાઇથી પુછતાં તે જાણે તેણી ઉપર કેવોક ઉપકાર કરતો હોય તેવી અદાથી તે તેણીને અંદર લઇ ગયો. જતાં જતાં દરવાજાપરનો પટાવાળો જે એક ઝાડનાં છાંયા તળે ખુશાલ ઉંઘતો હતો તેને એક લાત ઝાડી તેની ફરજપર તેને પાછો હુસ્યાર કરવાની તે પરગજુ પરોપકારી નોકરે કરમ મ્હેરબાની ફરમાવી. પેલો નોકર તેણીને મહેલના આગલા હૉલ સુધી લઇ ગયો, જ્યાં તેણીને તેણે વળી એક ઠીંગણાં ગેટકાં જેવા નોકરના ચાર્જમાં સોંપી, જેણે તેણીના હાથમાંથી પેલો દાબડો અને પેલી ચીઠી લીધી, અને તેણીને ત્યાંજ થોભવા કહી તે અંદર ગયો. એમ થોબતાં લગભગ એક કલાક વહી ગયો, જે અરસામાં ઘણાક

આસામીઓ તેણીની માફક આવ્યાં અને નવાબ સાહેબ યા બેગમ સાહેબ પાસે જઈ પહોંચી, પોતપોતાનાં કામ ખલાસ કરી પાછાંબી ફર્યાં. હવે તેણી મનમાં મુંઝાવા લાગી કે તેણીની હાજરી ભુલાઈબી ગઈ હશે. તેણી મનસે વમાસવા લાગી કે તેણીએ ત્યાં થોબવુંજ નહીં હતું, પણ પેલી આઈશાબીએ તેણીને તેમ કરવાનો તો ખાસ હુકમ આપ્યો હતો. બીજો પા કલાક વીંટતાં પેલોજ નોકર ત્યાં પાછો આવ્યો અને તેણીને પોતાની સાથે આવવા ફરમાવ્યું. તે નોકર તેણીને એક સંગેમરમરનો મોટો હૉલ ઓળંગી, તરેહવાર પીકચરો અને પુતળાંઓથી સીંગારેલી એક ફરતી ગેલેરી તરફ લઈ ગયો, જયાંથી એક ખાનગી દાદર મારફતે તેઓ બન્ને બેગમ સાહેબના ઓરડાઓવાળા ખંડમાં આવી લાગ્યાં. હ્યાં પેલો નોકર વળી એક સુંદર પોષાકમાં સજ થયલી દાસીના હાથમાં ગુલઝારને સોંપી પાછો ફર્યો. તેઓ બન્ને એક આગલા ઓરડામાં દાખલ થયાં, જયાં પોતાના જેવીજ બીજી ત્રણ ચાર દાસીઓ હસતી, નખરાં કરતી કાંઈ ઘુસપુસ કરવામાં રોકાયલી હતી. ત્યાંથી તેઓ એક નાના મગર ભપકાભરેલા ઓરડામાં આવી લાગ્યાં, જેનો સીંગાર ગુલઝારની બીનઅનુભવી કાચી આંખને આંજી નાંખવાને બસ હતો. તે ઓરડો સીંગારવા પાછળ હજારોનો ધુમાડો થયો હોવો જોઈએ એમ તેણીએ માન્યું. ત્યાંથી વળી એક બીજા ઓરડામાં વળ્યાં, જે તેનાં રાચરચીલાં અને શોભણશાભણમાં પ્હેલાને ટક્કર મારે તેવો હતો. તેની દેવાલે ગોઠવી મુકેલા સોનેરી ગીલ્ટના મખમલની ગાદીવાલા સોફા કોચો, દેવાલે જડેલા આરસીના તેવાજ મોટા તખ્તા, સીલીંગે ટાંગેલાં ગંજાવર 'કેન્ડેલાબ્રા' ઝુમરો, સુંદર ફ્રેમો જડેલાં તેવાંજ હુન્નરમંદીના નમુના રજુ કરનારાં ચીત્રો, કાંસાનાં અને કોરીના પુતલાંઓ અને જમીનપર બીછાવેલા પગની ઘુંટી ડુબી જાય તેવા નરમ ગાલીચા જોઈ ગરીબ ગુલઝારની

તો આંખ ફાટીજ ગઇ અને અક્કલ સુન મારી ગઇ. પરીઓને લાયકનાં એ પરસ્તાનમાંથી એક બારણું ઉઘાડયું જેમાં નજર કરતાં એક મોટો ભપકાભરેલો સુવાનો ઓરડો જણાયો, જ્યાં એક મોટા આરસીના તખતા આગળ, જોતાંજ ચીત્રી આવી જાય તેવી ખુબસુરતી ધરાવનારી એક અબળા એક દાસીની મદદથી પેલોજ જરરીન જભ્ભો 'ત્રાઇ' કરી જોતી ગુલઝારની નજરે પડી.

પ્રકરણ ૬ ઠું.

નવાબ સાહેબની બેગમ

બેગમ બદુલ્લઆહાર ખરેખર તે વખતની વખણાયલી અને સર્વેને મોઢે ચઢી રહેલી એક ખુબસુરતીજ હતી. હાલ તેણી તે ઉંમરે આવી પુગી હતી કે જે ઉંમરે તેણીની નાદર ખુબસુરતીનાં બળથી તે પોતાની જવાનીનાં મસ્ત થયલાં જોબનના બાહારમાં તેની ઉંચામાં ઉંચી હદ સુધી ખીલી રહી હતી. લગભગ સાડત્રીસ શ્યાળા તેણીનાં સરપરથી પસાર થઇ ગયા હતા તે છતાં તેણીના વાળના ચળકતા કાળાશને કે તેણીની કાળી મોટી આંખનાં ઉંડાણમાં ચમકી રહેલા નુરને સેહેજ પણ અળવળ આવી નહતી. લગભગ સાડત્રીસ ઉન્હાલાનું તેજ તેણીનાં તન બદનપર ઉતરી રહ્યું હતું, તોપણ તેણીની લીસી ચામડીને કે તે ચામડીપર જગેજગ પ્રસરી રહેલા ગુલાબી રંગને સેહેજ પણ ઇલજામ પ્હોંચ્યો નહતો, બલ્કે જેમ એક ફળ ઉન્હાળામાંજ મીઠાસ પકડી ઝાડપર ઝુંમાઇ પડે તેમ તેણીનાં જોબનના મીઠાસમાં શીરીન શાકર જેવા રસનો ભરાવ થઇ રહ્યો હતો. આદમ જાતની તમામ આલઓલાદમાં કાંઇ નહીં ને કાંઇબી ખામી જોઇ વળવાની આતુર આશામાં ફરતા નુકતેચીનની પણ જો તેણીની ઉપર નજર પડે તો ગમે તેવાં ફાંફાં મારતાં પણ તેના ઘાટઘટમ કે

તેના ચહેરાના કલામાં એક વાલ બરાબરની તેને ખામી નહીંજ મળે એવો સૌ વાતે સંપૂર્ણ તેણીનો ચહેરો હતો, જે ચહેરો, તે ધરાવનારની ઉંચી પદવી અને આલા તોખમને માટેની તુમાખ અને તેંહેંકરાઇથી ઔર રોઆબવંત અને દમામદાર બની રહેલો હતો. અમને તો લાગે છે કે, તે ઉંચું ચળકતું કપાળ અને તે ચમકતી આંખો પોતાનાંમાં ઉંચી મગજશકતીનું ગૌહર અને સાલેસ સભ્યતા અને નમનતાઇની દીપક મારતી રોશની ધરાવવાને કુદરતી ઘડાયાં હોવાં જોઇયે, મગર, મોટે ઘરની મેમ સાહેબોના બાબમાં સેંકડે નેવું ભાગે બને છે તેમ, તેણીને બચપણથીજ અપાયલી તરબ્યતની ખામીને લીધે તે કપાળમાં જન્મ પામેલું નાદર ગૌહર તેવી ખંતીલી શોધની ગેરહાજરીમાં ત્યાંજ સબરી સુકાઇને સુન મારી ગયું હતું અને તે આંખોમાં ધીમી આંચ લેઇ ઉઠેલી તે ફલકતુમા રોશની તેને વધુ દીપક મારતી કરવાને જોઇતાં બળતણની ગેરહાજરીમાં બુઆઇને ત્યાંજ નાશ પામી હતી અને એ રીતે ખામી ભરેલાં શિક્ષણને આધીન થઇ બેગમ બદુલબહાર પોતાની આસપાસ વિંટલાયલી અભણ, અણઘડ, ઉછાછળી, છાળકી, રીશ્યારીખોરી, ફાંટાબાજ, તુમાખ, મગરૂરીમાં મરેલી, હથેલીમાં ચાંદ દેખાડનારી, બેશરમ, બેહયા, ઘાતકી, નીચ મનની, નાલેશીખોરી, બદદયાનતી, પાપી, પલીદ, ગુનાહગાર, કસકુનમ, કસરેવજ દદાઓના થોડા થોંડા ગંધીલા છાંટા પોતાનાં આંગપર ઉડવા દેઇ, ઉધરવા પામી હતી. તેણીના એ કુદરતી ખવાસમાં જે જરા રતીબી સભ્યતાની મીઠાસનો ભેળ હતો તે જો સદાબરો સદંતર નહીંજ હતે તો તેણીની તુમાખી અને હેંકરાઇ તેંહેકરાઇ એટલી બધી હદ સુધીની વધી ગઇ હતે કે તેણીનો બગડીને ધુલ થઇ ગયલો સ્વભાવ તેણીની અસંખ્ય દાસીઓ અને તેણીના નોકર નફરો માટે લઇ ચલાવવો ઘણોજ મુશ્કેલ થઇ પડતે. એ સઘળું

તે જાણતી હતી અને તેમ નહીંજ બને તેટલા માટે તો તેણી કોઇક વાર તેઓ સાથે વાત કરતાં જરા મીઠાસથી હસતી યા પુછાયલા સવાલનો જરાસરખી સભ્યતાથી જવાબ આપવાની તક લેતી, તો જો કે તેમ કરવું તેણીના દરજ્જાથી તેણી ઘણુંજ હલકું વિચારતી. તેણીની આસપાસ ફરી વળેલાં ખુશામતનાં ખોર્યાંઓ તેણીની ખુબસુરતીની તારીફ કરતાં તે સાંભળી તે ઘણીજ ખુશી થતી; કોઇ તેણીના કાળી નાગનની માફક વળ ખાઇ પેચદાર બનેલા વાળની તારીફ કરતું, ત્યારે તેણીના ભીનાં પરવાલાં જેવા હોઠનાં એક ખુણામાં છુપું હસવું પ્રગટી નીકળતું. કોઇ તેણીના હાથીદાંતની ડાંગ જેવા ગોળ હાથનો વખાણ કરતું તો સ્હેજ મલકાઇ તે બોલનારના બોલની તે પીછાણ કરતી; તો કોઇ વળી તેણીનાં મોઢાના સીપ જેવા હાબડામાં, હારબંધ ગોઠવાઇ રહેલા મોતી જેવા દાંતની સીફારસ કરતું તો તે સીફારસની જાણે ગવાહી પુરવા તેણી જરા મોંહ ફાડી હસતી તો તેણીના ગુલાબી ગાલમાં બદામની અરધી ફાડ રોકો ખાડો પડતો; તેજ મીસાલ તેણીની સુરાહીદાર ગરદન કે ઢળતાં ખભાં, યા વાંકદાર ભવાં કે ચલકતી આંખ અને અન્યાલાં નાખની તારીફ તેણી પેટ ભરતા સંતોષ વચે સાંભળી મઘન મઘન થઇ જતી.

પ્રકરણ ૭ મું.

અપજશ અને અપમાન.

એવી એક ઉમરાવજાદીના તોરની બેગમ સાહેબ આગળ ગરીબ ગુલઝાર જઇને ઉભી, અને અમે ઉપર કહ્યું તેમ તે વખતે તે પેલો મખમલી પોષાક તેની દાસીની મદદથી પ્હેરી જોતી હતી. જબ્બો તો બરાબર આંગમાં 'ફીટ' આવ્યો. ગમે તેવી તેની બારીક તપાસ કરતાં તેમાં ખોલખાલ કશી નજર આવી નહીં. પેલી દાસીએ ગુલઝાર

સાંભળી નશકે તેટલું આસ્તેથી તેની સીલાઇની તારીફમાં બેગમના કાનપર પડી કાંઇ કહ્યું અને તેવણુ તે મતને જાણે મળતાં થયાં હોય તેમ જરા હસયાં.

તે જભ્ભો પાછો અંગપરથી ઉતારી બેગમ સાહેબ એક નરમ સોફાપર અઢેલાયાં અને કેવાંક થાકી ગયાં હોય તેમ આળસઉળસ કરી અવાચી ખાતાં બોલ્યાં–

"લાવ ગુલનાર, ઇસ્મીલ્ડાનો આંકડો કહાં છે?"

જવાબમાં દાસી ગુલનારે પેલું ફાંકડું પરબીડું પોતાની મલેકાના હાથમાં મુકયું, જે ફોડીને તેમાં બીડેલો આંકડો તેણીએ નીચે મુજબ વાંચયોઃ—

નેક નામદાર બેગમ સાહેબ બહુલબાહાર સરફરાજની જનાબમાં
કમતરીન ખાકસાર ઇસ્મીલ્ડા તરફથી—

તા૦ ૧૬ મી જનવરી ૧૮૦

	રૂ. આ. પૈ.
મખમલ વાર ૧૮ દર રૂપ્યા ૧૨–૦–૦ લેખે ...	૨૧૬–૦–૦
રેશમી અસ્તર વાર ૧૮ દર રૂપ્યા ૬–૦–૦ લેખે ...	૧૦૮–૦–૦
લેસ, જરરીનતાર અને જીક કસબ મળી...	૧૦૨–૮–૬
કપડાંની વેતરામણી	૧૮–૦–૦
જભ્ભાની સીલાઇ	૬૨–૦–૦
જભ્ભો પ્હોંચાડવાની હેલ	૨–૦–૦
કુલે રૂપ્યા	૫૪૮–૮–૬

બીલના રૂપ્યા ભરપાઇ ચુકાવી લેનાર–

બાનુ ઇસ્મીલ્ડાની વતી.
આઇશા બીન ઇમામઉદીન.

બેગમે જોયું કે, બીલપર તો જાણે પૈસા ચુકવી આપ્યા હોય તેમ તે લેનારની સહી સાખ સૌ હતી, એટલે, તેપરથી ખુલ્લું જણાતું હતું કે, તે પૈસા રોકડ લેવાનીજ ઇસ્મીલ્ડાની મતલબ હતી. તેવી જાણ થતાંજ બેગમ સાહેબનો ચ્હેરો જરા ચીરડાઉ બની ગયો, તેણીનાં ભવાં ચઢી ગયાં અને કપાલપર કરચલી વળી, તોપણ રખે પેલી બહાર ઉભેલી 'પોરી'ની તેવણુપર નજર પડે કરી પાછું જરા મોઢું હસ્તું કરી દીધું અને પછી આસ્તે રહી ગુલઝાર તરફ જોઇ તેણીએ પુછ્યું "આય આંકડાની નીચે સહી છે તે તારી કે?"

"હું–હું–કહી નહીં શકતી, મા,–અરે બાનું, હું જાણુતી નથી બેગમ સાહેબ" ગભરાતી અકળાતી ગુલઝાર બોલી.

"તું જાણુતી નથી"! તે ધિક્કાર ભેગી અજાયબી બતાવી બોલી "તું લખી જાણુતી હોય તો એ સહી તારી છે કે નહીં તેની ખબર તુંને હોવીજ જોઇએ; અને લખી નહીં પણ વાંચીજ જાણુતી હોય તો આ સહી જોઇને તું કહી શકશે કે તારે બદલે કોઇએ તારૂં નામ લખ્યું છે કે કેમ."

આટલું બોલી તે આંકડો તેણીએ દાસી ગુલનારને આપ્યો જેણે તે ગુલઝારના હાથમાં મુકયો, જે ગુલઝારે આખે આંગે ધ્રુજતાં (કોણ જાણે શા માટે) તે લીધો અને તેને ટીકતી તે ઉભી. તેણીની પેહેલી નજર તે જભ્ભાની સીલાઇના આંકડાપર પડી અને એ મુજબ તેણી જોઇ શકી કે જે સીલાઇને માટે તે બીચારીને રોકડા સાડા ત્રણ રૂપીઆ મળ્યા હતા તેજ સીલાઇને માટે ઇસ્મીલ્ડાએ બેગમ સાહેબને રૂપીઆ ૬૨ ચાર્જ કીધા હતા. આ વિચારમાં ગર્ક બની તે હાથમાંના કાગળને તે એવી ટીકતી ઉભી, કે તે કાગળ તેણીને શામાટે સોંપવામાં આવ્યું હતું તે વટીકતું તેણીને ભાન નહીં રહ્યું.

"કેમ, છોકરી, એ તારૂં નામ કે નહીં?"

"મા-માફ કરજોજી, તમે મને પેહેલે જે સવાલ કર્યો તે મારાં ધ્યાનમાં રહ્યો નહીં. નહીંજી-એ મારૂં નામ નથીજી-એ તો તે ખાતાંની વડી દરજણ હોય એમ હું ધારૂં છ."

"હોય એમ તું ધારે છ"! તે બીહીતી ધ્રુજતી ઉભેલી બાળા તરફ ડોળા કકડાવી બેગમ બોલી "તું તે ખાતાંમાંજ છે તો તે ખાતાનાં માણસોનાં નામ તું જાણતી તો હોવીજ જોઇએ; ગુલનાર" અને હવાં તે પોતાની દાસી તરફ ફરીને બોલી "આમાં તને કાંઇ વિચીત્ર જેવું નથી લાગતું ?"

"હા, બાનું, મને કાંઇ એ પોરીના ઢંગ સારા દીસ્તા નથી" તે ખુશામદની કુતરીએ જવાબ દીધો.

"ત્યારે તું એ છોકરીને આંકડાના પૈસા ચુકવી આપવાની સલાહ આપે છ? અલબત મને તો બધું સરખું છે, મગર,—"

"મગર, તમારા વિચાર પ્રમાણે એને નહીંજ આપ્યે તો બેહેતર.'

"મને પણ તારી સલાહ દુરૂસ્ત દીસે છ, ગુલનાર" બેગમ બોલી; પછી ગુલઝાર તરફ ફરી તેણીએ તેને કહ્યું "તું પાછી ઇસ્મીલડાને ત્હાં જા અને તેને કહે કે કાલે સહવાર સુધીમાં એ આંકડાના પઇસા તેને ત્યાં પરભારા હું મોકલી આપીશ. આય સહી કીધેલો આંકડો તું લઇ જા."

"ત્યારે બેગમ સાહેબ, તમો શું એમ ધારોછ કે તમને ઠગવાની હું હીંમત કરીને આવીછ?" અને હ્યાં તેણીની જખમાયલી મગરૂરી અને તેથી ઉપજેલો ગુસ્સો તેણીની અત્યાર સુધીની બીક ઉપર ફાવી નીકળ્યો. "મને શું આ કીમતી પોષાક તમારે ત્યાં લાવવાને સોંપવામાં નથી આવ્યો? અને મને આ બીલના પૈસા લઇ આવવાને સોંપવામાં આવ્યુંછ એથી વધારે સાબેતી મારાં ખરાંપણાને માટે શું હોય? હું માત્ર ગભરાઇ ગઇ હતી, પણ, મને હવે બરાબર

યાદ આવશે કે આંકડાની નીચે કીધેલી સહી ઇસ્મીલ્ડાની વડી દરજ્જાનીજ છે.”

“બસ, વધારે પટપટ નહીં જોઇએ; હું એ પૈસા પરભારા મારા નોકર યા મારી દાસી પાસે મોકલસ.”

“તે તમારો વિચાર તમને મુબારક બખ્તે બુલંદ બેગમ સાહેબ, મગર, કાંઇ બીજી તમને અડચણ હતે તો એટલી મોટી રકમ સાથે લઇ જવાને મારે માથે આવી પડેલી જોખમદારીમાંથી એ રીતે મને મુક્ત કરવાને સામો હું તમારો ઉપકાર માનતે, પણ જ્યારે તમો નામવરે મારી દયાનતપર સોખનજ નાંખ્યોછ ત્યારે તો તે પૈસા હાં ને હાં ચુકતા લઇ ઇસ્મીલ્ડાને મારે હસ્તકજ પહોંચતા કરવાનો મેં ઠરાવ કીધોછ.”

“અને તુંને એમ પુછું, છોકરી, કે નવાબ સાબેર-ઉદ-દઉલા સર્ફરાજની બેગમ બદ્રુલબાહારની સાથે એમ બહોંસ કરતાં તને કોણે શીખવ્યું ?” જાણે એક ધનેતર સુલતાના પોતાનાં તખ્તપરથી કાંઇ ફરમાન બાહાર પાડતી હોય તેવી છપ અને તેવી અદાથી, ચહેરાની પુર ગંભીરાઇ અને ઠઠેરાના ઠોઅરા સાથે તે ઉભી થઇને બોલી.

“ત્યારે તો તેવાજ ઇનસાફથી હું તમો નામવરને હું એટલું નહીં પુછી શકું કે ગુલઝાર કરીમ જેવી એક ગરીબ પણ પ્રમાણીક છોકરીને અપમાન આપવાનો તમને શો હક છે ?”

આ ભયભરેલો સવાલજ સાંભળી તેણીને જાણે એક સાપે ડંખી હોય તેમ બેગમ બદ્રુલબાહાર ચોંકી–તેણીના ગાલપરનો રતાશ ઉડી ગયો–તેણીનો ચહેરો ફીકકોફચ મારી ગયો અને એક દીવાનીની માફક આંખ ફાડી તે ગરીબ છોડીને ટીકતી તે માતબર માલેકુજાર ઉભી. તેણીનો આખો દેખાવ, જાણે તેણીને કાને કાંઇ ભયંકર ખબર પડવાથી તેણી સ્તબધ થઇ ગઇ હોય યાને કદી નહીં અનુ-

ભવેલું, કદી નહીં અટકળેલું એવું અપમાન થયાથી ગુસ્સાની મારી ત્યાં જડ થઇ ગઇ હોય, તેવો હતો. તે એક દેખીતો ફટકો હતો જે તેણીથી નહીં ખમી શકાય તેવો જનુન અને ઘાતકી થઇ પડયો હતો. તેણીનું મગજ ધુમવા લાગ્યું, અને આખે અંગે તેણીને ધ્રુજરી થઇ આવી.

પણ જેટલો આ લાગણી વર્ણવતાં વખત લાગ્યો છે તેટલો વખત તે લાગણી કાંઇ ટકી રહી નહીં. પોતાનો જુસ્સો તેણીએ પાછો કાબુમાં લઇ લીધો અને જરાવારમાં તેણી પાછી જેવી હતી તેવી થઇ ગઇ; તો જો કે ગાલપરનો ઉડી ગયલો રતાશ એટલો જલ્દી પાછો આવી શકયો નહીં.

એક વાર તેણીનું ઝનુન સમી ગયું કે તે સામી ઉભેલી છોડી ગભરાય નહીં, તેવી રીતે એક નરમ નજર તેણી તરફ નાંખતી તે બેઠી, જે દરમ્યાન તેણીએ ગુલઝારનો ચહેરો, તેણીનો બાંધો, તેણીનું કદ એ સર્વે આસાનીથી જોઇ લીધું. ત્યાર બાદ વળી પાછી પોતાની નજર ફેરવી નાંખી કાંઇ ઉંડા વિચારમાં તે પડી, અને પછી દાસી ગુલનાર,–જે આટલો વખત આ સઘળો દેખાવ ચુપકીદીથી નિહાળતી ઉભી હતી તેની તરફ ફરી તે બોલી—

"ગુલનાર, નવાબ સાહેબના મુનશી પાસે તું જા અને તેવણને કહે કે મારી પાસે આજને માટે કાંઇજ નાણું નથી અને મને પૈસાની જરૂર છે, મારે હાલતુરત એક સાતસો રૂપ્યા મને જોઇએછ; કેમકે આ દરજણનું બીલ મારે આજનું આજ ચુકવી આપવુંજ જોઇએ. જા–જલદી આવ."

ગુલનાર ત્યાંથી ચાલી ગઇ અને ગુલઝાર બેગમ સાથે એકલી પડી.

પ્રકરણ ૮ મું.

કુદરતી બશારત.

"તું શું ઇસ્મીલ્ડાને ત્યાં નોકરી છે?" બેગમે તેણીને પુછયું.

"નહીંજી. મેં તેવણુની દુકાન તો આજ સહવાર સુધી જોઇજ નહીં હતી. આ પોષાક મેંજ સીવીને તૈયાર કીધો ને બાનું ઇસ્મીલ્ડાના કહેવાથી હું તે અહીં આપવા આવી."

"ત્યારે તો તું તારે ઘેરે કામ કરતી હશે?" બેગમ બોલી અને આ વખતે તેણીના બોલો ખરેખર દયા અને દીલસોજીની લાગણીથી લરજી રહ્યા હતા. ઉપલા સવાલનો જવાબ તેણીને 'હા'નો મળ્યાથી તેણીએ જરાક અચકાતાં અચકાતાં પુછયું.

"ત્યારે, તું તારાં માદર પીદર સાથે રેહેતી હશે."

"અફસોસ! નહીં, યા ખુદા, મારી દયા ખાવા અને મારી તરફ ભલી લાગણી દેખાડવા આજે તેઓ હૈયાતજ હતે તો જોઇતે શું!" અને એટલું બોલતાં તે બીચારીનો ડીઓ ભરાઇ આવ્યો અને તેણીની આંખમાંથી બેઅખત્યાર આંસુઓ નીકળી પડ્યાં.

"ગરીબ બીચારી!" એટલું બબડી બેગમે નજર ફેરવી નાખી; કેમકે ગુલઝારની હકીકત સાંભળી તેનીબી છાતીમાં જાણે ભુક પકડી આવે તેમ થયું અને તેણીની આંખમાંબી આંસુનો પસરાટ ફુટી નીકળ્યો.

આ સવાલ જવાબ પછી લાંબો વખત ત્યાં ચુપકીદી પથરાઇ.

"તારાં માદર પેદર ગુજરી જવાને ઘણો લાંબો વખત થયો?" પાછી બેગમેજ વાત છેડી.

"મારા પેદરને તો મેં જોયાતાજ નહીં." ડચકાં ખાતાં ખાતાં ગુલઝાર બોલી, "પણ મારી માદર તો મારી નજર સામે ગુમ થઇ ગઇ!"

"શું તેની ગુજરી ગઈ?" બેગમે પુછયું અને તેણીને જોનાર તે વખતે કોઈ ઓરડામાં હાજર હોતે તો તે જોઈ શકતે કે તરેહવાર લાગણીના તુફાની જોશને લીધે તે બેગમની છાતી ઉંચકાયા કરતી હતી.

"હા, મેહેરબાન બાનુ, તે ત્રણ વર્ષની વાતપર મ–મ–ગુજરી ગઈ. તેણી એકાએક વફાત પામી અને તેથી તે ધ્રુટકો મને વધારે કારી લાગ્યો. ધારા મુજબ મારી માને ગળે લાગી રાતે હું સુઈ ગઈ, અને સહવારે ઉઠીને જોઉંછ તો તે માદર વ્હાલી માદર–"

અને ખરેખર ગુલઝારથી આ વાકય પુરો થયોજ નહીં; ત્યાં તે તદન લથડી ગઈ અને ડુસકે ડુસકે રડવા પડી. બેગમથી તેણીનો આ ટળવળાટ જોઈ શકાયો નહીં, જેથી તુરત તે ત્યાંથી ઉઠી પાસે કપડા બદલવાના ઓરડામાં ચાલી ગઈ અને તે ઓરડાનું બારણું બંધ કીધું. બેગમના એમ એકાએક અચાનક ચાલી જવાથી તે ગરીબ છોકરી રડતી એકદમ મુંગી રહી ગઈ અને ચીંતાતુર ચ્હેરે આસપાસ જોતી ઉભી રહી. એકગમથી પેલી દાસી ચાલી ગઈ હતી અને હવે બેગમ પોતે ઉઠી જવાથી પેલા આંકડાના પૈસાં માટે તે શંકાશીળ બની રહી. જયારે હજી સુધી તે બેમાંનું કોઈજ નહીં હાજર થયું ત્યારે તે ચીંતાની જગ્યા હવે બીકે લીધી. એમ તેને એકલી મુકી જવામાં કાંઈ દગો તો નહીં હોય? કાંઈ તેણીથી એવું તો નહીં થઈ ગયું હોય કે જેને માટે તેને કાંઈ સજા ખમવી પડે? ત્યાં રહીને ગોધયારૂં કરવા માટે તેણીને બેગમ સાહેબ ધક્કા મરાવી બાહાર કાઢી તો ન મુકાવે? એવા એવા વિચારો તેણીનાં મગજમાં એકમેક સાથે અફડાયા કીધા; અને આંસુના પાસ પડેલું મોઢું પોતાની ઓઢણીથી લુછી નાંખી તેણી ત્યાંથી નીકળી જવા કરતી હતી, તેટલાંજ, બીજા ઓરડાનું બારણું ઉઘડયું અને તેમાંથી બેગમ સાહેબ પોતે નીકળી

આવી. તેણીને ત્યાંથી જવાને ઘણું તો ફકત પાંચજ મીનીટ થઇ હશે, પણ તેણી તે ઓરડામાં પોતાની ઉસ્કેરાઇ આવેલી લાગણીને સમાવવા તથા મનને પાછું સમાધાનીપરજ લાવવા ગઇ હતી અને અમો કહીએ છીયે કે તેણી તેમાં પુરતી ફતેહ પામી હતી. અલબત બાહારનો તેણીનો દેખાવ જોતાં તેણી પોતાની તે કોશીશમાં ખરેખર ફાવી હતી.

"હું દલગીર છું, છોકરી, કે તુંને ઘણો વખત થોભવું પડેછ, અને મેં કાંઇક ગુસ્સા સમેત બોલી તને નારાજ કીધી તેથી ઔર દલગીર છું. પણ હમણા મારી દાસી આવતી હશે અને તે આવશે કે તુરતજ–"

પણ તેટલાં તો તે ઓરડાનું બારણું ઉઘડયું અને ગુલનારને અંદર આવતી જોઇ બેગમ આગળ બોલતી અચકી પડી. તેણીએ મંગાવેલા પૈસા તે લાવી હતી જેમાંથી રૂપ્યા ૫૪૮–૮–૬ ગુલઝારને તેણીએ ગણી આપ્યા, જે લેતાં ઇસ્મીલ્ડા તરફથી તેણીનો ઉપકાર માની તેણીને નમન કરી ગુલઝાર ત્યાંથી ચાલતી થઇ, જે નમનનો માત્ર જરાસરખી ડોકી હીલવ્યા સીવાય બીજો કશો જવાબ બેગમે આપ્યો નહીં, અને તેથી ગુલઝાર જતાં જતાં વીચારવા લાગી, કે થોડોક વખત અગાઉ બેગમ સાહેબે આટલી દયા અને દીલસોજી તેણી તરફ દેખાડી અને વળી હમણા એમ બીજાસી તોરમાં કેમ પાછી આવી ગઇ?

પ્રકરણ ૯ મું.

એક દિલસોજ દોસ્ત.

'શાએરગંજ'ના મોટા વિશાલ બાગના મોટા દરવાજામાંથી બાહાર આવી ગુલઝાર જરા થોભી અને તેમ કરતાં તેણીએ જોયું કે એક

જે એ ખુબસુરત ઇસ્કી જવાન તેણીની તરફ ઘણુંજ ધ્યાનથી જોયા કરતો હતો. તેણી તરફની તેની નિગાહમાં તેણીએ જોયું કે ગેરસલુકાઇ યા અસભ્ય જેવું કાંઇજ હતું નહીં, બલ્કે તેની આંખમાં કાંઇક અંદાજના અતિશે ભેગી માનની લાગણી પ્રગટી રહેલી તેણીએ જોઇ. તે દરવાજો છોડી તેણી રસ્તે પડી કે તેની અને તેણીની નજર એક થઇ ગઇ અને તુરતજ તેણીએ નીચું જોઇ દીધું—પણ વળી તેણીને એમબી લાગ્યું કે તે તેણીજ તરફ જોતો ઉભો હતો, એવો જે ખ્યાલ પ્હેલી હરોલમાં તેણીને આવી ગયો હતો તેમાં તેણી ભુલી હતી અને તે ભુલને મનમાં માની લઇ તેણીએ પાછું તેની તરફ જોયું તો વળી પાછી તેમની નજર એક થઇ ગઇ.

તુરતજ તેણીના રેખસારપર ગુલાબી રંગ છાયી રહ્યો; કેમકે હવે તેણીની લગભગ ખાતરીજ થઇ કે તે ઇસ્કી જવાન તેણીનેજ ટીકતો ઉભો હતો. હવે તેણી જે રસ્તો લેતી હતી ત્યાથી ફરી ગઇ અને ઉલ્ટેજ રસ્તે જરા કદમ ઉઠાવી ચાલતી થઇ, પણ તેમ કરતાં તો તે જવાન આંખના પલકારામાં તેણીની લગોલગ આવીને ઉભો રહ્યો.

"માફ કરજે, બાનું, હું હજારવાર તારી માફી ચાહુંછ." તે બોલ્યો અને તેબી એવી કાકલુદીભરી અરજ ગુજારતો બોલ્યો કે તેથી તેણીને ઉપજેલી અજાયબીના એક આંચકા સમેત તેણીએ તેની તરફ જોયું તો તેણીને તે આંખોમાં એવું કશું અણઘટતું કે અવિચારી ન દેખાયું કે જેથી તેણીને તેનીથી બીહીવાનું કાંઇ કારણ મળે. "માફ કરજે, બાનું, પણ તારી સાથે એક બે ઘડીની ગુફ્તેગુની તારી પાસે હું મેહેરબાની માંગુંછ. હું તને નારાજ કરવા ચાહતો નથી, તેમજ અપમાન કરવાની મારી જરાબી મકસદ નથી; અને તોપણ તારી ખાલેસ ખુબસુરતી અને તારી આસકભરી અદાથી હું એવો અંજાઇ—"

"સાહેબ, તમો અને હું એકમેકથી બેગાનાં છીયે-અને તેથી હું અરજ કરૂંછ-નહીં ફરમાવુંછ કે તમે મને રોકશો નહીં."

"અલ્લાહ શાહેદ છે, તને મેં પુરતાં માન સાથે રોકીછ. અય પરીઝાદ નાજનીન, તું જેટલી ખુબસુરત તેટલીજ ખુબસીરત હશે, અને તેથી ધાટકી ન બનતાં જરા મારૂં સાંભળ."

આટલુંજ સાંભળતાં ગુલઝારના ગાલપર ચઢી આવેલો રતાશ વધુ કીરમજી થયો અને તુરત ઉભી રહી જઇ કાંઇજ બોલ્યા વગર તેનીપર પોતાની નજર તેણીએ ફેંકી; જાણે પુર દમામથી તેને પુછતી હોય કે, "મેં એવું તે શું તમારૂં બગાડયુંછ કે એ રીતે મારૂં તમો અપમાન કરોછ?" એવો દેખાવ કરી ઘડીભર તેની સામે ટીકી તે પાછી પોતાને અસલ રસ્તેજ ચાલતી થઇ.

તેણી દજનેક કદમ આગળ નહીં ગઇ હશે કે વળી પાછો પેલો જવાન તેણીની બાજુએ અડોઅડ આવી તેણીની સાથે સાથે ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તેણે તેણીને સમજાવવા માંડ્યું કે તેણીને એવોજ કાંઇ ખ્યાલ હોય કે તે તેણીને અપમાનજ કરતો હતો તો તેવો ખ્યાલ તદન દુર કરવો. ફકત તે તેની સાથે થોડીક મીનીટ વાત કરવાનીજ ખાહેશ ધરાવતો હતો. તેની આ સમજાવટ તેણીને એટલી તો આતુર, એટલી તો આજરખાહીભરી લાગી, કે ગુલઝાર બીહીધી કે રખે તે બન્નેપર કોઇ જતાં આવતાંની કે આસપાસે આવેલાં મકાનોમાંની બારીએ ડોકયાં કરી કોઇ ઉભેલાની નજર પડે. હવે કરવું કેમ, તેના વિચારમાં તે ગભરાતી અને ગુંચવાતી હતી તેટલાં તેઓ વચ્ચે એક ત્રીજાની આવકારદાયક આમદે તેણીને તે ગુંચવાડામાંથી છોડવી અને તે જવાને સભ્યતાથી કેમ વરતવું તે વિશેની તેની શુદ્ધ તેણે ઠેકાણે આણી.

"રેહેમત–રેહેમુ–તેં મને આજે અજબ કીધો!" એક અઢાર વયનો આદમી જે તેજ વખતે એક ગલીમાંથી નીકળી તે રસ્તે જતો હતો તે પેલા જવાનને જોઇ ઉભો રહી બોલ્યો "આવે ધોરે દીસે અને વળી ઇજતવાળાઓનાં મકાન આગળજ–એક બીચારી નબળી છોકરી જેનો ચ્હેરોજ તને કહી આપેછ કે તે આવાં અપમાન ખમવાને સરજેલીજ નથી, તેને તું છેડેછ!"

"આહ, ચચાજાન અનવર!" તે ગ્રહસ્થને જોઇ તે જવાન ચોકીને ઉભો. એક પલવારમાં તેની પેલી ઉત્સાહ અને આતુરતા હવામાં ઉડી ગઇ અને તેની જગ્યા શરમ અને પસ્તાવાની લાગણીએ લીધી, "મેહેરબાન, પુછો એ છોકરીને મેં તેણીને કાંઇબી અપમાનભર્યાં શબ્દો કહ્યા હોય તો. હું એવું કામ કદી–કદીબી ન કરૂં!"

"અને તોબી, રેહેમત" હવાં જરા નરમ પડી જઇ જેને તે જવાને અનવરનાં નામથી બોલાવ્યો હતો તેણે તકરાર લીધી, "એ જવાન અબળાને તેણીની મરજી વિરૂદ્ધ રોકવાનું કામ તારે વાજબી ગણવું જોઇયે તેનું એકબી કારણ નથી, જયારે તેણીને રોકવામાં તું ખરેખર ગેરવાજબી લેખાય તેને માટે એક હજાર કારણો છે–ચાલ, બાઇ, મારી પાંખડી પકડ અને હું તને આ ગીચ રસ્તામાંથી બાહાર મુકી જાઉં."

આ છેલ્લા શબ્દો તે ગ્રહસ્થ ગુલઝાર તરફ જોઇને બોલ્યો અને બોલતાંજ તેણે પોતાનો હાથ લંબાવ્યો, જે તેણીએ લીધો અને પેલા જવાનની કશીબી 'નોટીસ' લીધા વગર તેણી જાણે કેવીક ખાનદાની છોકરી કે કોઇ નવાબની બેટી હોય તેવી રીતે તેણીની સાથે માનભરી અદાથી તે ચાલતો થયો. એ બધો બનાવ એટલી ઝડપથી બની ગયો હતો કે ગુલઝાર, જે તે ગ્રહસ્થનાં નામ સીવાય તેને વિશે કશું વધુ જણાતી નહતી તેની સાથે ચાલતી થઇ તે

અગાઉ, કાંઇ ફરીથી વિચાર કરવાની તેણીને જોગવાઇ થઇજ નહતી, પણ ચાલતાં ચાલતાં એચાર વખત એક ચલચાંના જેવી ડરપોક નજરે તેણીએ અનવરના ચહેરા તરફ જોયું, ત્યારે તેણીની ખાત્રી થઇ કે તેણીને હમદસ્ત થઇ ચાલનાર કોઇ આબરૂદાર આગેવાન મંડળમાં ફરનારો લાયક ગ્રહસ્થ હોવોજ જોઇયે અને ત્યારેજ તેણીને જોઇતી ધીરજ અને હીંમત આવી. તેણીને લાગ્યું કે તેનો ચેહેરો દયાળુ અને સખી તબેહનો હતો અને તેનો ચાલવાનો તોર અને દેખાવ એવો હતો કે જાણે તે છુપા વેશમાં કોઇ બખ્તે બુલંદ તાજવરજ હોય !

રફતે રફતે તેણીનાં મગજમાં એવા એક વિચારનું કીરણ પ્રકાશતું થયું કે તે ભલા ગ્રહસ્થે આપેલો હાથ પકડી તે ચાલતી હતી ખરી, પણ, તેના જેવી એક ચીંઠડેહાલ કમીની, તે જેવા એક ધનવંતર, મારતેભીર્યા સાથે ચાલતી હતી તેથી તેને કાંઇ નબાજું તો લાગતું ન હોય? તે પોતેબી તેમ કદાચ સમજતો હોય પણ એક વેળા મદદનો હાથ લંબાવી તે પાછો ખેંચી લેતાં કદાચ તે અચકાતો હોય તો? એકવાર એ વીચાર તેણીનાં મગજમાં જડ ઘાલતાં તેને હવે તેની એ ફરજમાંથી પોતેજ મુકત કરવાનો તેણીએ વિચાર કીધો; અને તેથી થોડુંક ચાલી તેણી તેની તરફ જોઇ કાંઇ ઉપકારના શબ્દો ભાગાતુંટા બોલી. તેને તેણીએ જણાવવા માંગ્યું કે, હવે તે એકલી આસાનીથી ચાલી જશે, પણ તેણીના એ બોલોને તેણે કાંઇ બીજી તીજી વાત કરીને ઉડાવી નાંખ્યા અને નફામાં તેણે તેની પાંખડી ઉલટી ચપ્પત પકડી, પણ, જયારે તેણીએ એકનું એક પીંજણુ થોડે થોડે વારે ચાલું રાખ્યું ત્યારે અનવર તેણી તરફ ફરી હસીને બોલ્યો, "જો મારી સાથે ચાલતાં તને શરમ ન લાગતી હોય તો તારી સાથે મને ચાલતાં જરાબી એસક નથી આવતી, પણ બેટી તું જાયછ કયાં!"

"સીરૂપી આલીમાં પરમીલડા સીમપીને ત્યાં."

"હા ! પેલી માલેતુજાર દરજણ !" અને પછી થોડેવારે તેણે તેણીને પુછયું કે, "પેલા જવાનને તેં કોઇ દાહાડે જોયો તો કે ? પેલો જે તને હમણાં રોકવા માંગતો હતો તેને ?"

"નહીં જી, મેં તેને આજેજ જોયો."

"અને તે કોણ છે તેનીબી તને ખબર ન હશે ?"

"નહીં, સાહેબ, મને જરાબી ખબર નથી."

"પણ, વારૂં ધાર કે હું હમણાં તમો બેઉ વચ્ચે આવી નહીં લાગ્યો હતે તો તું જરા તેની તરફ મેહેરબાની ભરી નજર કરતે ખરી કે ?" અને આ સવાલ પુછી તેણે આપણી ગુલઝાર તરફ ટીકયાજ કીધું. "બોલ જોઉં સાચુંજ બોલજે, અને તારા સાચા એકરારથી મારી નજરમાં તું વધતીજ ચઢશે."

"આ સાહેબ, તમે જો આટલું સુધી મારીસાથે મમતાથી વરત્યા નહતે તો હું તમારે માટેબી એમજ ધારતે કે તમો પણ મને અપમાનજ કરવા સાથે ચાલોછ. અરે ! સાહેબ, એ શું એક સેતમ નથી કે એક ગરીબ છોકરી અમે તેવી મનની પાક અને દીલની સાફ હોય તો તેણીને તેવી તો કોઇજ માને નહીં ?" અને ત્યાં તે ગરીબ છોડી રડી પડી.

"ના રડ, ના રડ, મારી બેટી, ના રડ." અનવર ઝડપથી બોલી ઉઠયો, "છટ, છટ મેં કાંઇ તને રંજીદા કરવા એ સવાલ નહીં પુછયો હતો—અને, અલ્લાહ ! આ જોની તને રડતી જોઇને મારીબી આંખમાં પાણી ભરાઇ આયાં." અને ત્યાં તેણે પોતાનો ચહેરો એક રેશમી રૂમાલથી લુછયો. "વારૂં ચાલ, તું અમસ્થા તારા હોઠ ફફડાવી ના કેહેતે તેનાં કરતાં તારૂં આવું લાગણી સાથનું ના કેહેવું મને વધારે ગમ્યું. વારૂં, તારૂં નામ શું ?"

"ગુલઝાર, સાહેબ"

"વાહ! કેવું મીઠું નામ, કેવું મોહક અને મધુર નામ!" અનવર બોલ્યો, "અને મારા આ હરખના ઉભરાને માટે તું કાંઇ માઠું ના લેતી હં કે, કેમકે હું તો તારા પેદર જેવો લાગું." અને પછી જરા ગંભીર થઇ જઇ તે બોલ્યો, "જો છોકરી, જે સાચાં દિલનાં સાચાંજ ઇમાનની જોત હાલ તારાં જીગરમાં સળગીછ, તેજ જોતને સદા રોશન રાખી તેની રોશનીથી આ દુન્યાને શીધા રસ્તો તું કાપતી રેહેજે. તું જવાન છે, બેહદ ખુબસુરત છે અને ગુજરાનને માટે તારી મેહેનત અને તારી રગડ પરજ તને આધાર રાખવો પડતો હશે, માટે ગમે તેવી મોટી લાલચોથી દુર રહી, નેકીની રાહ ધરી બદીના કાંટાથી પરે રહેજે, કેમકે દર્યાબાદ શેહેર મોટું છે, તે મોટાઓથી વસાયલું છે, તેમાં બુરી વાસનાના ઘણાક અને ભલી આસનાના થોડાજ હશે. હું તારો પોતાનો પેદર હોવું તેમ આજે બોલુંછ, માટે મારી આ શીખામણપર ખુબ ખ્યાલ પોહોંચાડજે અને તું ગમે તેવી ગરીબીમાં ગોતાં ખાતી હશે તે છતાં તું સચ્ચાઇની રાહપર મક્કમ મુસ્તકીમ રહી તો તારી નેક ચાલચલણ અને પાક મતલબને માટે તને લોક વખાણશે અને તને માન આપશે. ચાલ, હવે સલામ અલેકુમ ગુલઝાર, તને હું ભુલીશ નહીં અને તારીપરથી મારી નજર વટીક હું ખીસાડીશ નહીં."

આટલું બોલી ગુલઝારનો હાથ છોડી તુરત તે ભલો ગ્રહસ્થ ચાલતો થયો. તે ઘણી ઝડપથી ધસ્યો ગયો અને તે આખો રસ્તો પસાર કીધા સુધીમાં તેણે એકબી વખત પાછળ ફરીને જોયું નહીં. તે ગયો કે ગુલઝાર આગળ કદમ ન ભરતાં તેની તરફ જોતીજ ઉભી અને જયારે તેનો જતો આકાર એક ગલીની વલાણમાં ઘુસી તદન ગુમ થઇ ગયો ત્યારે તેણીએ એક સરદ હાય ખેંચી, કેમકે તેણીને

લાગ્યું કે તે ભલા આદમીનાં જવા સાથે તેણીનો એક રેહેમદીલ દીલસોજ દોસ્ત જતો રહ્યો હતો, એક ભલી મતીનો રાહબર ફીરેશ્તોજ ગોયા ગયબ થઇ ગયો હતો.

ભારી દીલે, વિચારવંત મગજે તેણીએ આગળ ચાલવા માંડયું અને સીમ્પી આલી આવતાં તેણી તેમાં દાખલ થઇ. ત્યાં વડી દરજણને મળી પેલા આંકડાના રૂપ્યા તેણીને ગણી આપ્યા, જે લઇ તે ધાઘરા બેગમે તે બીચારીને ઉપકારનો એક શબ્દ વટીક કહ્યો નહીં. ત્યાંથી નીકળી તેણીએ પાધરો ફાટક પુરાનો રસ્તો લીધો.

પ્રકરણ ૧૦ મું.

હાદેશો અને હાડમારી.

પોતાને મકાને પાછી ફરતાં પોતાની ઓરડીમાં ગુલઝાર દાખલ થઇ અને પોતાની ઓઢણી એક ખીલાપર ઓળગી તપી આવેલાં મોઢાં અને મગજપર ઠંડાં પાણીનો છંટકાવ કરી તુરત તે માનબીના ઓરડામાં જવા નીચે ઉતરી, પણ માનબીની આગળ હકીમ આવી બેઠેલો હોવાથી, તેણી અંદર જઇ શકી નહીં અને પાછી ઉપર ન જતાં તે નીચે રાંધણીમાં ઉતરી. રાંધણીમાં ફાતમા, માનબી માટે કાંજી કરવામાં રોકાઇ હતી જેને તે કામમાં નુરબી ધરવાલી મદદ કરતી તેણીની પાસે ઉભી હતી.

"સારૂં થયું નુરબી મા, તમેબી હ્યાં મળી ગયાં. આ લેવો તમારાં ભાડાંનો હફતો." એમ કહી ગુલઝારે તેણીના હાથમાં આઠ આણા મુકયા.

"લાવ મારી દીકરી." એમ બોલી નુરબીએ તે લીધા અને ચડપ દેતા તે ગજવાંમાં સેરવી દીધા. "ભાડું આપવાનો દીન તો કાલનો વીંટી ગયો તેનું તો તુંને ખ્યાન હશે. વારૂં ચાલ કાંઇ નહીં,

મને બધુંજ સરખું, તોબી બેટી બજાર બજારને દીને બરાબર આપતી રહે તો મનેબી સગવડ થાય."

"હાજી, ખુશીથી. મારી પાસે જેમ પૈસા આવતા જશે તેમ હું બજારની રાહ જોયા વગર તમને આપતી જવસ અને મને બીજું સીવવા સાંધવાનું કામ કયાંથી મળી શકશે તે કાંઇ કહેશો?"

"નહીં બેટી, મને તે શું ખબર? પણ ખરેખર તારી પાસે હવે કાંઇજ કામ નથી?" આવતા હફતાનું ભાડું કેમ છુટશે તેના ગભરાટમાં નુરબીએ પુછયું.

"હા, હાલ તુરત તો નથી."

"માનબી કાંઇ તારે માટે નહીં કરી શકે?" નુરબીએ પુછયું.

"એવણુજ બીચારાં બીમાર છે અને વળી વાત એવી બનીછ કે મને તેવણુ તરફથીજ—"

"તે વળી શું વાત?"

"વાત એ કે જેવણુ તરફથી માનબીને કામ મળતું હતું તેવણુ કામસર બહારગામ જાયછ."

"આહ! ત્યારે તો વળી મામલો ખરાબજ કહેવાય તો!" નુરબી પોતાનાં ભાડાંની કાળજી કરી બોલી, "પણ તું માનબીને પાછી મળ તો ખરી. જો તેવણુ શું કહેછ તે અને નહીં તો આપરી ઓહોરાને મળ, તે તો એટલું કામ મેળવી શકેછ કે તેનાથી એકલું પુરૂં બી નથી પડાતું. હું ધારૂંછ, તારે વાસ્તે તે બીચારી કાંઇ કરશે."

"નુરબી મા" ત્યાં પેલી ઓરતમા જે આટલો વખત તેમની વાતચીત ચુપચુપ સાંભળતી હતી તે ઝડપથી વચ્ચે બોલી ઉઠી, "નુરબીમા, ઓહોરા કરતાં કોઇ બીજીની આગળ તમે ગુલઝારની ભલામણ નહીં કરી શકો? ઓહોરાનાં ધણુક—"

"ચપ, ફાતમા, વચે તને કોણ પટપટ કરવા કહેછ!" બીચારી ફાતમા પોતાનો વાકય પુરો કરે તેટલાં તેને ધમકાવી આગળ બોલતાં નુરબીએ અટકાવીજ દીધી. પછી તે ગુલઝાર તરફ ફરી બોલી, "ઝોહોરાબી ઘણી ભલી છોકરી છે, જો કે જરા અવીચારી ને રંગીલી છે, તોબી તે પોતે ફાજલ પાડી શકે તેવું કામ તેની પાસે માંગવાની અરજ કરવામાં નુકસાન શું છે?"

"વારૂંજી, હું જઈ જોવસજી." કરી ગુલઝાર ત્યાંથી ચાલી ગઈ. તેણે માનબીના ઓરડા આગળ જઈ તેનું બારણું આસ્તેથી ઠોકયું અને અંદર આવવાનો હુકમ થતાંજ તે તે બારણું ઉંઘાડી માનબી સનમુખ આવી ઉભી.

"હું સમન્દરજાનને ત્યાં ગઈતીજી, અને તેવણે કહેવડાવ્યુંછ કે તેવણ થોડોક વખત બહારગામ સીધારનાર છેજી" ગુલઝાર બોલી.

"તેવણ બહારગામ જાયછ!" અને આ બોલતાં માનબીનો ચહેરો એવો કુમળાયો કે સમન્દર બહારગામ જતી હતી તે ખબર તેણીને ચોંકાવનારી થઈ પડી હોય એમ જણાયું, "પણ તેવણે કાંઈ મારે માટે ચીઠી-કાંઈ કાગળ-કાંઈ-"

"કાંઈજ નહીંજી, સિવાય કે આ પૈસા, તમારી તરફથી તેવણે એક આંકડો તૈયાર કરવા મને કહ્યું, જે મેં કરતાં તેપર મારી સહી લેઈ તેવણે આ સાડાદશ રૂપ્યા મને ગણી આપ્યા. આય લેવોજી" કહી તેણીએ તે પૈસા માનબીના પલંગ નજદીકની મેજપર મેહલ્યા.

તે પૈસા જોઈ તેણી ખુશી તો થઈ પણ તેણીના ધંધાનો ભરમ એ રીતે ઉંઘાડો થઈ ગયો તેથી મનમાં ઘણીજ કચવાઈ; પણ તેવો કશો કચવાટ ગુલઝારની નજરે ન પડે તેથી જેમ તેમ મોંહ ઠાવકું રાખી તેણીએ પુછયું.

"વારૂં તને આટલીવાર કેમ લાગી?"

અને આ સવાલના જવાબમાં ગુલઝાર સમનદરજાનને ત્યાંથી નીકળી કયાં કયાં ગઇ હતી તે તેણીએ તેને જણાવ્યું. પણ, પેલા જવાન યા અનવરને લગતી કશી પણ વાંત તેણીએ કાઢી નહીં, કેમકે તેણી સમજી કે માનબીને એ વાત સાથે શું મતલબ? "ઠીક, છોકરી, કામ મેળવવા જેટલી હજી હું સાજી થઇ નથી, અને કામ મારા માંગવા જવા વગર કાંઇ મારી આગળ ચાલ્યું આવવાનું નથી, વાસ્તે થોડાક દહાડામાં—"

"માનબી મા, તમે જયાં કહો અને બતાવો ત્યાં હું તમારી તરફથી કામ માંગવા જાઉં?" ગુલઝારે પુછયું.

"શું ઉંઉંઉં! તું બી વળી મીંઢી મસકલી થઇને મારા ધંધાનો ભરમ શોધી કાઢવા માંગેછ કે? તું બી મારાજ ઉંબરપર ઉભી રહી મારૂંજ ઘર ખણવા ચાહેછ કે? તું મારૂંજ સત્યાનાશ વાળવા—"

આ તાણાંજાની ભર્યાં તરારાથી તે બીચારીથી રડી પડાયું અને ડચકાં ખાતાં તેણી બોલી—

"અરે! મા, હું શું જાણું કે મારાં એમ બોલવાથી તમો ચીરડાશો. મુઇરે હું બોલતી, પણ મારાં મનમા એવો પલીદ વિચાર હતોજ નહીં અને છેબી નહીં."

"વારૂં ચાલ રડ ના, મુંગી રેહે, હું કાંઇ તારી સાથે ચીરડાતી નથી. મારી આ બીમારીને લીધે મારો મીજાસ જરા બીગડી ગયોછ; ચાલ, કાંઇ નહીં, મને જરા ટઠાર થવા દે અને પછી જોઇ લેઇશું. હાલ તુરત તો મારી પાસે તને આપવા લાયક કાંઇ નથી, અને તને કામ લેવા કયાં મોકલું તેબી હાલ કાંઇ કહી શકતી નથી. વળી કાંઇ કામ પડશે તયારે તને હું બોલાવવા મોકલસ." એમ બોલી તેણીએ ફેર વાળી અને ગુલઝારે તયાંથી ચાલતી પકડી. તે બીચારી મનની મારી પોતાની ઓરડીમાં જવા દાદરપર ચઢી, પણ, તેટલામાં

તુરખી ઘરવાલીની સલાહ તેણીને યાદ આવી કે તુરત તેપર અમલ કરી ઝોરાનું બંધ બારણું તેણીએ ઠોકયું અને જરા વારમાં તે બારણું ઉંઘાડી ઝોરા પોતેજ ઉંબરપર આવી ઉભી.

"ઓહો! ગુલઝાર, તમે છેવા કે? ત્હારે આખરે તમે ઓળખાણુ પાડવાનો વીચાર કીધો ખરો, કેમકે આજે મહીનો દોઢ મહીનો થયો તમો હાં આવી રહ્યાંછ, પણ કેહેથી મળતાં તમે મને બોલાવવાંના અખાડાજ કરતાં. પણ કાંઇ નહીં, અંદર આવો આપણે બે વાત કયેં."

"નહીં, ઝોરા બેહેન," ઝોરાનાં ધ્જનને માન આપી તેણીના ઓરડામાં દાખલ થતાં ગુલઝાર બોલી, "નહીં, ઝોરા બેહેન, તેવું કાંઇજ નહીં, પણ કોઇને અમથું મારા પટપટારાથી કંટાળો આપવા જતાં મને કુરદતી ઓસક લાગેછ. વરી બચપણથીજ હું એવી એકલી અટુલી પડીછ કે, ખરેખર કોઇ મારી દોસ્તી કબુલ રાખશે કે નહીં, તે વિશેબી મારાં મનમાં શંકા ઉભી થઇ મને—"

"હે ચાલ, એવા ગમગીન ખ્યાલો છોડી દે અને હાં આ મારી આગળ ખુરસી તાણીને બેસ, કે જે જરા અરધોક કલાક વાતચીતમાં ગીયો તે ખરો."

પ્રકરણ ૧૧ મું.

ઝોરા.

ગુલઝાર એક ખુરસી તાણી તેપર બેઠી અને તે ઓરડામાં ગોઠવેલો સરસામાન તરસી નજરથી જોવા લાગી. એક સુંદર લાકડાનો પલંગ, તેપર બીછાવેલો તેવોજ સરસ ચારસો, માથાં ગંમ ગોઠવેલા બે દબરડીંગ જેવા જાડા તકયા, પગ આગળ ઘડી વાળી મુકેલો કાળો રગ, અરધીક દજન કુરસી, કાચનાં બારણાં સાથની એક કબાટ, એક

મારબલ ટૉપની ગોળ ટેબલ, તેની ઉપર ટાંગેલું લુલક સાથનાં ટૉપનું ફ્રૅકડ લૅંપ, વળી બાજુમાં ગ્લાસ ટમ્બલર અને પ્યાલાં રકાબી સાથની એક લંબચોરસ સાગની ટેબલ એ તે ઓરડાનું મુખ્ય રાચરચીલું હતું. અલબત વળી બીજું જરૂરજોગું કાંઇ નાનું નાનું હતું તે જુદું. એ સઘળું જોઇ પોતાની ઓરડીમાંનાં ફરનીચરની યાદ આવતાં ગુલઝારની છાટીમાં હાયનો એક સોસારો નીકળ્યા વિના રહયો નહીં. હવે એક બે બોલ ઝોરાને પોતાને માટે લખી આપણે રીતસર આગળ વધીશું.

તે બાવીસ-ત્રેવીસ વર્ષની એક ઉંચી ખુબસુરત અને દેખાવમણી અબળા હતી. તેની મોટી કાળી આંખો આતશના અંગાર પેઠે ચમકી રહી હતી. તે આંખોપરનાં ભવાંભી તેટલાંજ કાળાં અને ભરેલાં હતાં, જેથી તેણીનો ચ્હેરો રોઆબવંત અને દમામદાર દેખાતો હતો. તેનાં દાંત દાડમની નાજુક કળી જેવા નહીં પણ હાથીદાંત જેવા સફેદ મજબુત અને હારેકટાર એકસરખા ગોઠવાયલા હતા. તેનો ઘાટમ સુંદર અને સોહામણો હતો અને તેના ગાલપરનો રતાસ તેનાં તનની તંદરોસ્તીની મજબુત ગવાહી આપતો હતો. વળી અજબ જેવું તો એ હતું કે તેના એકસરખા મજબુત બાંધાપર જે જાતની તેણી જીંદગી ગુજારતી હતી તેનીથી હજી કાંઇ માઠી અસર થઇ ન હતી. તેણીનાં માથાંના વાળ કાળા ચલકતા અને મોટા જથામાં હતા, જે હાલ છુટાજ હોવાથી છેક તેની કમરવેર ઉતરી પડયા હતા.

તેણીએ પેહેરેલો પોશાક સાફ સફાઇદાર હતો અને પોતે જરા ખત્તર અને તચાક હોવાથી પોતાની ખુબસુરતીને વધુ દીપાવવા જયાર ત્યાર પોષાકની બાબદમાં તે ખાસ કરી શોભણશાભણી બનવાની ઘણીજ કાળજી કરતી હતી. તે ભલા ખવાસની અને મોટા

દીલની તો બેશક હતી, મગર જે નાળાંમાં તેની જીંદગીનો રોહ વહેતો હતો તેથા કરી તેણી હૈયાંની કઠણ અને દિલની સુહુની મારી ગઇ હતી. નેક આચારવિચાર અને નિતીના સબક શું તે તે જાણતી ન હતી, તે બન્ને સદગુણોની કોતાહી પોતામાં હોવાને લીધે પોતાની જાતીમાંની કોઇનામાં પણ તે હોવાજ નહીં જોઇએ એમ તે ખાત્રીથી માનતી હતી, અને જેઓ પોતાના રીતભાત અને અદબ અદાથી એવું દેખાડવા માંગે કે તેઓ તેના વર્ગની નથી તો તેઓની તે વાત હસી કાઢી તેમને તે ધિકારતાં શીખતી, અને તેણીના કપાળપરથી ગબડી પડેલું પાકીજગીનું ઉમદા જોહર ધરાવતું જે કોઇ તેણીને માલમ પડયું કે તેની પુઠે તેણી જમ થઇ લાગતી. એવી તે ઝોરા ગુલઝારની ભાડુતણી હતી, અને એ રીતે તેણીને વાંચનાર સનમુખ ખરા આકારમાં રજુ કીધા પછી અમારી વારતાનો તોડેલો તાર પાછો પકડી. અમે આગળ વધીશું.

"ગુલઝાર, આજનું તારૂં મારાં મકાનમાં આવવું હું ઘણું મુબારક ગણું છ, કેમકે ખરૂં માનજે કે મને દરેક વાતનું સુખ અને દરેક વાતની સગવડ છતાં, કોઇ સહી મીતી વગર મારો જીવ એકલો એકલો ઘણો મુંઝાતો હતો, અને તેથી તારી સાથે પીછાણ પાડવાને હું ઘણી આતુર હતી, પણ—"

"આહ! એક ખયરખ્વાહ દોસ્ત કે એક ભલી મતીની સહીની જરૂર હું ચાહુંછ કે તને મારા જેટલી નહીં પડી હશે અને હજીબી નહીંજ પડે! હું એકલીઅટુલી ગરીબીમાં—"

"તું ગરીબ છે, ઘણી ગરીબ છે તેની તો મને ખબર છે, પણ હું તો તને મગરૂર ધારતી હતી, એટલે તારી સાથે પીછાણ પાડવાની મારી ગમે તેટલી આતુરતા છતાં ચાલી ચલાવીને તને બોલાવવા આવવાનું મારૂં મન થયું નહીં. હું કેટલી હેજબારીથી તારા દીન

કાઢે છે તે મને માનબીની ફાતમાએ બધું કહયું હતું; અને તે હેજગારીના બદલામાં તને કેટલું કંગાળ મળેછે તે મને સમજાવવાની કોઇની જરૂરજ નથી, કેમકે, જે આજે તારીપર વીંટે છે તે મારીપર વીંટી ચુકયુંછે, અને એ બાબદમાં મારો અનુભવબી કોઇને મળેલા તેવા અનુભવ કરતાં ઘણોજ વધારે કડવો છે."

"મારી હાલત હું કેમ સુધારૂં તે કોઇ મને શીખવે તો કેવું સારૂં! હું થોડું ઘણું શીખેલી છું. સીવી ભરી જાણુંછ, રાંધી સીંધી જાણુંછ ને તેથી—"

"ને તેથી• તું એમ કેહેવા માગેછ કે કેઠે દાયા યા દાસી તરીકે તું રહે તો તારી હાલત સુધરે? નહીં, નહીં, એવો તો વિચાર કરતીજ• ના. દાયા અને દાસીની નોકરી એક ગુલામની ગુલામગીરી કરતાં નબેહેતર છે. હજી, મારૂં માને તો તારા સુઇ દાગાનેજ તું વળગી રહેજે, કેમકે,—".

"પણ તેવું કામ મેળવવું મારે માટે ઘણુંજ મુસ્કેલ પડેછ અને જો મળેછ તો તેની મજુરી એટલી થોડી કે—"

"તેમાંથી તારૂં ભારૂં તોરૂં અને ખાધા પીધાનું માહા મુસ્કેલીએ નીકળી શકેછ, એમ તું કેહેવા માગેછ? બરાબર છે. હાલ જે બાબદ તારાં મગજમાં રહીછ તેની મને ખબર છે, તુંબી માનબી મારફતે કામ કરેછની? હું બી એક વખત તેનેજ આશરે હતી અને તારીજ માફક હું ભુખે મરતી'તી."

"પણ આજે તો બેહેન, તારી હાલત દેખાઇતી ઘણી સારી છે, અને મને નુરબીએ કહ્યું કે તું પોતે પુરૂં ન કરી શકે તેટલું કામ તને મળેછ, અને તેમ જો હોય તો મેહેરબાની કરી—"

"હા, તેમ તારી મરજી હોય તો તેમાં હું તને મદદ કરસ, કેમકે સીમ્પીઆલીમાં એક મોટાં ખાતાંની વડી દરજણ સીધું મનેજ

કામ સોંપેછ, પણ તે બધું છુપી રીતે, કેમકે, તે ખાતાંની વડીને તે વાત માલમ પડે તો તે બીચારીને નોકરીએથી કાઢીજ મુકે, કાંયજે આપરા જેવી ગરીબ છોકરીઓને સીધું કામ આપવાનો એવાં ખાતાંઓનો ધારોજ નથી. આપણુ જેવીઓને તેઓને શોધવા જવાની ફુરસદજ ક્યાંથી હોય? અને વળી તેઓ એવી મોટાઇમાં અને મગરૂરીમાં ભરી રહેલીઓ કે આપણી સાથે ફોડશોડ કરવાની તેઓ ઘડીભરબી દરકાર કરે નહીં. આ મારી ઓળખીતી મારફ્તે મને કામ મળેછ તેમાં હું તારો ફાળો આસાનીથી પાડી શકસ."

"તેમ જો કરશો તો તમારી મોટી મેહેરબાની થશે, અને તમારૂં હેશાન હું જીવસ જાગસ ત્યાં સુધી વીસરનાર નથી." અને આટલું બોલતાં ગુલઝારની આંખોમાં પાણી આવી ગયાં.

"નહીં, એમાં મેહેરબાની શાની ને હેશાન કેવું? મને કામનો કંટાળો છે, મને હવે કામ જોઇતું નથી પણ પેલી મારી સહીને હું એવું દેખાડવા માંગતી નથી કે હાલ મારીથી તેની તેવી કશી મદદ વિના ચલાવી શકાય તેમ છે."

"હા, પણ, તુંને તેવાં કશાં કામથી મહોતાજ નહી રાખનારાં બીજાં સાધણો હશે; તારી કદરનાં બાનારાં દીલસોજ હશે એટલે—"

"હા, તે ખરૂં. કોઇ કોઇ તો મારી ઉપર જીવ આપેછ." ઝોરાએ હસીને જવાબ દીધો, અને તે જવાબના ટેકામાં પોતે ઉઠી અને પેટ્રી આરસીવાળી કબાટ ખોલી નાંખી કે ગુલઝારની આંખ્યો સામે તરેહવાર સુંદર શોભાયંમાન કપડાનો એક દરીયાવ રજુ થયો, "જો મારી જયારે મરજી પડે ત્યારે આ શેહેરની ફાંકડીમાં ફાંકડી બાનુના જેવી હું ઇસ્કી બની શકું તેમ છે કેની? જો આ રેશમી જબ્ભો. એ ગયા પીરને દાહાડેજ મને ભેટ મળ્યો. આ ઓઢણી જો,

આ બલુન રોકી પાયજામા જો, અને હજી એથી વધુ કપડાં તો આ પલંગ નીચેની તીનની પેટીમાં છે. એ પેટીમાં સુંદર પંખા, રેશમી રૂમાલો, મોજાં, વારનીસનાં બુટોના એક બે દાબડા અને એવું એવું બીજું ઘણું છે. કેમ હવે, મારા દોસ્તો કેવાક હશે તેનો તને ખ્યાલ આવ્યો? આ બધું તેઓએજ આપેલું, અને તું ચાહે તો તું બી મારી માફક આપઅખત્યાર અને આસુદી રહી શકે."

અત્યાર સુધી તો નહીં પણ હવે ગુલઝારના કાનમાં દુરથી વાગતા ઘાંટના નાજુક ઝણઝણાટની માફક કાંઇ વ્હેમ આવીને અહડયો, અને ત્યારેજ પેલી માનબીની દાસી ફાતમાના ભેદી ઇસારાની તેણીને કાંઇક સમજ પડવા લાગી, પણ, તોબી તે વ્હેમને અને તેને લગતી સમજણને શું આકારમાં લેવી, તે શું રૂપમાં કબુલવી તેની પુરેપુરી સમજ તે ભોલી અને પાક હૈયાંની નિરદોષ બાળાને હજી નહીં આવી, અને અજાયબીમાં પોતાની આંખો તે સામે ઉભેલી ઝોરા ગમ ટાંકી તેને જોતી બેસીજ રહી.

"આહ, કેવી નિરદોષ!" ઝોરાએ મનમાં વમાસ્યું અને જરા ધિક્કારથી હસી, પણ પાછી પોતાના ભલા ખવાસને આધીન થઇ જઇ તે બોલી, "પ્યારી ગુલઝાર, ચાલ એ વાત હાલ તુરત પડતી નાંખ, પછી તને હું લંબાણથી એ વિશે સમજ પાડસ અને હમણા જયારે તારા હાથમાં ટાંકો ભરવાનું કાંઇજ નથી તો હું હવે પેલી મારી સહી આગળ જાઉંછ ને તારે માટે કાંઇ કામ લાવવાની હું તજવીજ કરૂંછ."

તેણી તરફનો આવો સખ્યારો સાંભળી તેણીનો ઉપકાર માની ગુલઝાર ત્યાંથી ઉઠી અને ભારી દીલે ઉપર ચઢી પોતાની ઓરડીમાં જઇને પડી.

પ્રકરણ ૧૨ મું.

સાબેરગંજમાં જલસો.

રાતે કલાક આઠ અને નવની વચમાં એક ભપકાદાર મજલીસ સાબેરગંજમાં એકઠી થવા લાગી. એક પછી એક ફાંકડી ગાડીઓ તે મેહેલના મોટા દરવાજા આગળ ધસી આવી, સુંદરતાની ટોચે પુગેલા સોહામણા સાજમાં સજ થયલા સજ્જનોને ઉતારી, તારા જેવી રોશનીનો ચળકાટ મારતાં ફાનુસો સાથે ત્યાંથી પાછી નીકળી ચાલી સામેનાં અંધારાંમાં બેમાલુમ થઇ જતી હતી. નવાબ સાબેર-ઉદ-દઉલા સરફરાજના મેહેલનો 'હાલ' રોશનીની રેલમાં તરતો થઇ રહ્યો હતો; અને ત્યાં રંગબેરંગી પોષાકમાં સજ થઇ આમ તેમ દોડતા અસંખ્ય નોકરો કોઇ ગરમ દેશનાં તેજસ્વી તડકાંમાં ઉડતાં રંગબેરંગી પતંગ્યાં અને પંખેરાં જેવા લાગતા હતા. મોટા ગંજાવર થાંભલાને આધારે પોતાના માલિકની બુલંદી પોકારતો ઉભેલો તે હાલ, તેમાં ગોઠવી મુકેલાં પુતળાં, આરસીના તખ્તા, ફુલોનાં શોભીતાં કુંડાં અને બીજી વસ્તુઓથી એક પરસ્તાનમાં ફેરવાઇ ગયો હતો, જેમાં તે મેહેમાનો દાખલ થઇ એકમેક સાથે ભેળાઇ જતા હતા. મખમલી જબ્બાઓમાં મધેલી બેગમો, અને સાટીન અને સીલ્કમાં સજાયલી બેગમજાદિઓ, ફાંકડા નવાબો અને સોહામણા નવાબજાદાઓની ત્યાં રેલની રેલ જરા વારમાં ચાલુ થઇ રહી, જેઓ સઘળાઓ ત્યાંના મોટા સંગેમરમરના દાદર મારફતે ઉપર આરાસ્તે કીધેલા આરડામાં ભેગા થતા, જ્યાં બળતાં બીલોરી ઝુમરોમાંથી સેંકડો મીનબતીની રોશની, દેવાલે ગોઠવેલા આરસાઓની મદદથી કરોડો ગણી તેજસ્વી બની રહી હતી.

પણ આટલો વખત સુધી તે મેહેલની મલીકા, તે પરસ્તાનનાં પરીયાઓની સરદાર પરી, તે ખીલતા કયારાની ખીલતી ગુન્યાદહન

કળી, તે સાબેરગંજની સરફરાજ શેઠાણી બેગમ બદુલ બાહાર ક્યાં હતી?

હતી, હતી, તે ત્યાંજ હતી, તે પોતે પોતાના શાહ ખાવીંદની સાથે નીચેના હાલમાં થઇને આવતા મેહમાનોને તે સંગેમરમરના દાદરને મુખડેજ ઉભી રહી હસ્તે ચ્હેરે આવકાર દેતી હતી. તે પેલાજ મખમલી જરરીન પોષાકમાં સજ થઇ હતી, જે જભ્ભો તેણીની અપાર ખુબસુરતીને અચ્છો ઇનસાફ આપતો તેણીના બદનપર બંધ બેસ્તો વીંટલાયલો હતો; તેણીનાં કદની, તેણીનાં આંગની અને તેણીની ખુબસુરતીની આપણે આગળ પેટ ભરતી તપાસ લેઇ આવ્યાં છીયે, એટલે તે વિષે વધુ ન બોલતાં તેણીની જોડે જોડ ઉભેલા તેણીના ખાવીંદ નવાબ સાહેબની કાંઇક ખબર લઇયે. નવાબ સાબેર-ઉલ-દઉલા સરફરાજ પોતાની બેગમ કરતાં લગભગ ત્રેવીસ વર્ષ મોટો હતો એટલે જે વખતની અમે આ વારતા લખ્યે છીયે તે વખતે તેની ઉમર સાહાઠની ભરતીમાં ભરાઇ ચુકી હતી. આંગે તે ઠીંગણો, પતલો અને મજબુત બાંધાનો હતો; તેનો ચ્હેરો ફીકો હતો અને તેની તરફ અડછતી નજર નાંખનારને તે કદાચ કઠોર લાગે પણ તેને નિહાળીને જોનારની આંખથી તેપર છવાયલો ચીંતાનો છાપ, તે ન દેખાય તેમ તેને છુપાવવાની નવાબ સાહેબની ગમે તેટલી કોશેશ છતાં, પ્રગટ દેખાઇ આવે તેમ ખુલ્લો હતો. તેનાં ભરેલાં ભવાંપર તખ્તનશીન થયલી શાંતી તેની આંખોમાં પંથરાયલી બેચેની અને તાસવીસની ચમકને લીધે અકુદરતી લાગતી હતી. તે જો ફરજનો માર્યો સાણીતોડીને હસ્તો તો તે હસ્વાથી વટીક, ભવિષ્યમાં કોણ જાણે શું બનશે તે વિષેનો તેનાં દીલમાં બરપા થયલો અવિશ્વાસ તે છુપાવી શકતો નહતો.

હાલની બેગમ તેની બીજવરની પરણેતર હતી. તેની પહેલી બેગમને પેટનાં તેને ત્રણ બચ્ચાં હતાં. એક બેટો અને બે બેટી. નાનીને જન્મ આપતાંજ તેમની માદર હક થઇ હતી, જેની જગ્યા પુરવા માટે તેણીનાં વફાત બાદ ત્રણ વર્ષે તે બદુલ બહાર નામની એક ઉંચ કુળની પણ ખીસે ખાલી ખાનદાનની બેટીને પરણી લાવ્યો હતો. આ બીજવરનાં લગનથી કોઇબી બચ્ચાંની નિવાજેશ તેને થઇ ન હતી, એટલે આગળી બેગમનાં તેનાં બચ્ચાંઓ ઉપર સાવકી માતાના સંતાપ જેવું કશું હતું નહીં.

હવે નવાબ સાહેબને અત્રે રૂખસદ આપી તેનાં ત્રણે બચ્ચાંઓની એવીજ એક ટુંક તપાસ લઇ આપણે રીતસર આગળ ચાલીશું.

નવાબજાદો રેહેમત તે કોઇજ નહીં પણ ગુલઝારની પુઠે લાગે લો પેલો જવાન હતો, જેના કબજામાંથી અનવર નામના એક દિલ સોજ ગ્રહસ્થે તેણીને છોડવી હતી. તેની ખુબસુરતી સેંકડો જવાન નાજનીનોને તેની તરફ ખેંચવા જેટલી સંપુર્ણ હતી, એટલુંજ નહીં, પણ તે મગજનાં બળમાં મોટે ઘેરના બીજા જવાન્યાઓ કરતાં ઘણો ચઢયાતો હતો. કુદરતીજ સારા સ્વભાવનો, મોટાં મનનો, ઉદાર દિલનો તે હતો, અને તે જો સંભાળ ભરી તરબ્યત અને તાલીમ હેઠળ ઉધર્યો હતે તો એક નમુનેદાર જવાન થઇ પડતે, પણ, તે ઉધર્યો ઉછર્યો હતોજ એવી હવામાં કે ઉમરે આવતાં તે એક બેહેકેલો બગડેલો, ભડકેલો અને ભમેલો જવાન થઇ પડયો. એક માતબર ખાનદાનનો તે વારેસ હોવાથી નાનપણુમાંજ તેની ખુશામદ થતી ચાલી અને કદમે કદમ તેનાં કુમળા મગજપર એવી તો એબલગામણી અને એબ્યલ રીતભાતનો છાપ પડતો ગયો કે એકવીસ વર્ષની ઉમરે આજે તેને એક ઉડાઉ,-શર્તનો શોખીન, જુગારી, કુછંદી અને કુચાલના જવાન તરીકે

દરેક ખરાબીનાં ગંધીલાં ખાબોચ્યાંમાં ઉતાવળે અને ઉતાવળે આંખ મીંચીને ઉંધે મસ્તક ધસ્યો જતો આપણે કમનસીબે જોઇયે છીયે અને તે વીસ વર્ષ પુરાં કરી એકવીસમાં વર્ષની ઉમરના ઉંબરમાં આજે ઉભો છે, જે શુભ અવસરની મુબારકબાદીમાંજ આજની મીજલસ મળી હતી અને આવી મીજલસ 'સાબેરગંજ'માં કાંઇ નવાઇની પ્હેલીજ હતી એમબી ન હતું. એવી ખાણીપીણી અને એવા નાચરંગથી તે મહેલ વર્ષમાં ત્રણથી ચાર વખત ગાજીવાજી રેહતો હતો, અને જ્યારે પણ એવી ખાણીપીણી જલસાનું રૂપ લેતી ત્યારે એવા સંપુર્ણ આકારમાં પાર ઉતરતી કે ને તેની પછીની આવતી મીજલસ સુધી એક કહેવત તરીકે યાદગાર રહી જતી.

નવાબની વડી બેટી નુરજહાં ઓગણીસ વર્ષની અને નાની સલીમા સત્તર વર્ષની ઉમરની હતી. વડી ખુબસુરત, મીજાજી અને કુંઅરી હતી, જ્યારે નાની સોહામણી, સભ્યાસુ અને ચબરાક હતી. નુરજહાંમાં ખાનદાનની મોટાઇ, મગરૂરી અને પૈસા જેમ ગમે તેમ ઉડાવવાના અવગુણો વારસામાં ઉતર્યા હતા, જ્યારે સલીમા, મોટે ઘેરની નાજનીનો જે તરેહની જીંદગી ગુજારે છે તે તરફ જોતાં તેઓમાં એક અપવાદ જેવી હતી. નુરજહાં પોતાનુંજ સુખ શોધનારી, પોતાની સગવડ સાચવનારી અને એવી અદેખી હતી કે પોતાની સગી બેહેનના બાબમાં તેણીને સુખ દેનારૂં કે ખુશી કરનારૂં કાંઇ બને તેબી તે દેખી શકતી ન હતી. સલીમા જેને ચાહતી અને જેને પોતાના તરીકે માનતી તેનાં સુખ અને સગવડને માટે જે કાંઇ કરવું યા બનાવવું ઘટે તે પોતાનાં સુખ અને પોતાની સગવડના ભોગે પણ કરવાને ચુકતી નહીં. તમે કદાચ માનશો નહીં, પણ, નુરજહાં પોતાની સાવકી મા બદ્રુલબાહારની પણ, અણહદ ખુબસુરતી ધરાવવા માટે અદેખાઇ કરતી હતી, જ્યારે સલીમા જે વ્હાલી

માવતરને તેણીએ ઓઢી હતી તેનાજ જેવી લગભગ બેગમને ગણીને ચાહતી અને માન આપતી હતી. તેઓનાં આટલાં ટુંક વર્ણનથી વાંચનારને તે બન્નેના એકમેકથી ઉલ્ટા ખવાસ અને આવભાવનો સંપૂર્ણ ખ્યાલ આવ્યો હશે.

અને હાલ જ્યારે નવાબ અને બેગમ, આવતાં મેહેમાનોને આવકાર દેતાં હતાં ત્યારે તે બન્ને બેહેનો અને નવાબજાદો રેહેમત અત્યાર આગમજ આવી ચુકેલાંઓ વચ્ચે ફરહર કરી તેમના મન રીઝવતાં હતાં. પ્હેલાં તો નુરજહાંન ઘણીજ ખુશ મીજાજમાં, હસતે ચ્હેરે સર્વેને મળવા ભેટવા લાગી. આજે ખાસ કરીને હસતું મોંહ અને ખુશાલીથી ખીલતો ચ્હેરો રાખી પોતાની ખુબસુરતીને વધુ દીપાવી ત્યાં જમા થયલા જવાનોને આંજી નાંખવાનો પક્કો ઠરાવ કરીનેજ તે મીજલસમાં સામેલ થઇ હતી, પણ અફસોસ! આદમ જાત અને તેબી વળી તેના જેવી કમતાકાત ઔરત જાતનો કીધેલો કયો ઠરાવ સાબુત અને સંગીન હોય છે? તેમ નુરજહાંએ કીધેલો એ ઠરાવ પણ પાણીમાંના પરપોટા માફક સહેજમાં ફુટી ગયો!

સઘળાં હસી બોલી એકમેકમાં ભેળાઇ ખુશ ગુફતેગોમાં મશગુલ થયાં હતાં, તેટલાં, નવાબ સરદાર અલીખાન યારજંગ નામનો એક જરદાર ખુબસુરત જવાન તે ભેગી મળેલી ઠઠ વચ્ચે આવીને ઉભો રહ્યો.

પ્રકરણ ૧૩ મું.

બીલોરા બંગલી.

બહોળી માલમીલકત અને વીશાળ જાગીર ધરાવનાર, તે જંગી ઠઠ વચ્ચે આવી ઉભલો સરદાર અલીખાન યારજંગ માહાતાબી ચેહેરાનો એક બખ્તે બુલંદ જવાન હતો, અને તે કુંવારો હોવાથી પરણુવા લાયક બેટીઓ ધરાવનાર માદરો અને અસંખ્ય કુંવારીકાઓ

માખની પેરે તેની આસપાસ ભમતી ફરતી હતી. તે અતી નીતરી નીતીમાન અને પાક જીંદગી ગુજારતો હતો. ઓળખીતાંપાળખીતાં અને દોસ્તઆસનામાં તેની વાહવાહ હતી, અને જ્યાં તે જતો, જ્યાં તે ફરતો હરતો ત્યાં તે ઘણું માન અને ઘણો મરતબો પામતો. તે શાંત સ્વભાવનો, દિલસોજ દિલનો અને મોટાં મનનો જવાન હતો..તે મોટો હતો, પણ પોતાનાં મનમાં પોતાને નાનો સમજતો હતો, તે જરદાર હતો પણ તે પોતાની પાસે જમા થયલા પૈસાને તુચ્છ સમજી ચાલતો હતો, તે કાંઇ જરના જોરપર મુસ્તાક ન હતો. તે ગરીબને ચાહનારો, અડીભીડીમાં આડે આવી ઉભો રહેનારો, સૌનાં સુખમાં પોતાનું સુખ સમજનારો અને બીજાંનાં દુઃખે પોતે દાઝનારો એક નમુનેદાર નર હતો.

ત્યારે વાત કથ્થી એમ બની કે દાદરપર નવાબ અને બેગમને મળી 'હૉલ'માં આવતાં એક ભેગાં વળેલાં ગુચ્છડાં આગળ જરાવાર થોભી સામે બેઠેલી સલીમાપર તેની નજર પડવાથી તે ત્યાં ગયો અને તેણીની પાસેની એક ખુરસીપર તે બેઠો. તેની માત્ર આટલી ઢીલચાલ નુરજહાંને બાળી જાળી રાખ કરવાને પુરતી હતી. ઝટ સરખો તેણીના ચ્હેરાપરનો રતાશ ઉડી ગયો અને તેપર પંથરાયલી ખુશાલી હવામાં પીગળી ગઇ. ગમે તેટલું મન સમજાવવાની તેણીએ વેતરણ કીધી, પણ તેણીનાં એ ફાંફાં સઘળાં ફોકટ હતાં. અધુરામાં પુરૂં, ખખરી વખરી ગયલો એક ડોસો હસ્તે ચ્હેરે તેણીની આગળ આવી તેણીને વાતમાં રોકવા લાગ્યો એટલે તો તેણીની આંખમાં અદેખાઇના અંગારના શરારા એવા ચમકવા લાગ્યા કે તેમનામાં જો કોઇ ચીજને બાળીને ભસ્મ કરવાની શકતી હતે તો તત્કાળ વિજળીના ઝટકા માફક તે સલીમાની આસપાસ ફરી વળી તેણીને બાળીને ખાખ રાખ કરી મુકતે.

હવે દાદરપર ચઢી આવનારાઓમાં આસ્તે આસ્તે ઓટ થતી ગઈ અને સેવટે નવાબ અને બેગમને જણાયું કે, હવે કોઈ વધુ આવનાર રહ્યું નથી; એટલે તેઓ બન્ને તે ભેગી મળેલી મજલીસમાં આમેજ થવા જતાં હતાં, તેટલાં તે શાંત પડેલા દાદરપર વળી કોઈના ધીમાં પણ ચોકસ પડતાં પગલાં સંભળાયાં, બન્નેએ ફરીને જોયું તો તેમની નજર અનવરખાં સોદાગર ઉપર પડી. તેને જોતાંજ બન્નેના ચેહેરા ખુશાલીથી ચમકી રહ્યા. તેને લેવા નવાબ પોતે અડધો દાદર ઉતરી પડયો અને તેને ત્યાંજ આવકાર દઈ તેનો હાથ પોતાના હાથમાં લઈ તેને બેગમ આગળ ઉપર લઈ આવ્યો. બેગમે પણ તેને એવી તાજીમ તવાજોથી આવકાર દીધો કે, જેવી તાજીમતવાજો પર ફકત એક જુનો ચુસ્ત દોસ્તજ હક્ક ધરાવી શકે. તેણે ઘણોજ સાદો પણ સફેદાર પોષાક પહેરયો હતો. તે પોતાના સઘળા દેખાવમાં એક કદેલ, પઢેલ, દયાનતદાર, ઇમાનદાર ગ્રહસ્થ દીસતો હતો, અને જો કે નહીં તે કોઈ નવાબ હતો કે નહીં તે બાપદાદેથી અમીરી હતો તોપણ તેને ત્યાં આવેલો જોતાંનેવાર ત્યાં ભેગા મળેલા અસંખ્ય માલેતુજાર માતબરોનું અને ધનવંતા ધનેતરોનું એક ટોળું તેને સલામી આપવા તેની આસપાસ ફરી વળ્યું, જે તેની અતિશય લોકપ્રિયતાનો એક અચુક પુરાવો હતો.

મીજલસ ભરચક થઈ રહી કે, સેતાર અને સારંગીનાં સુર માંડવાના અવાજે સર્વેને જાહેર કીધું કે, જલસાની શરૂઆત થઈ ચુકી હતી. સૌ પોતપોતાને ફાવ્યું તેમ પોતપોતાની મરજી મુજબ ગોઠવૈ ગયું અને કંચનીઓનાં બુલબુલ જેવાં ગળાંમાંથી વ્હેતા સરોદના ધોધે જલસો પુર બાહારમાં શરૂ થઈ ચુકવાની વધાઈ આપી.

ગાનતાન તેના સુર અલાપમાં તબલાંની ધમક સાથે શુરૂ થતાંજ નવાબ બેગમનો હાથ છોડી એક ભેગાં વળી ઉભેલાં ટોળાં તરફ ગયો,

જે તકનો લાભ લઇ બેગમ પોતાનાં થાકેલાં અંગને કંઇક રાહત આપવા એક કોચપર અઢેલીને બેઠી, અને આમ તેણીને એકલી પડેલી જોતાંજ અનવરખાં સૌદાગર તેણીની આગલ ગયો અને તેને પોતાની ગમ આવતો જોઇ બેગમ સાહેબ હસીને પોતાની બેઠક પરથી ખસી, જે ઇશારાને, બેસવાની અરજ તરીકે સ્વિકારી અનવરખાં તેણીની જોડમાં ગોઠવાયો. ઉપર ટપકેની થોડીક વાતચીત કીધા પછી તેની નજર થોડે દુર ઉભેલાં એક જોડાંપર પડી જેઓ તરફ જોઇ તે બોલ્યો.–

"હમણાં–હમણાં નવાબ યારજંગ તમારી સલીમા તરફ ઘણું ધ્યાન આપતો દેખાયછ, બેગમ."

"અને અનવરખાં, તેપરથી તમે શું ખ્યાલ પોંહોંચાડી શકો છ ?" તેણીએ કાંઇક નાજથી હસીને પુછયું.

"હું તેપરથી શું સમજી શકતો હોઇશ તે કાંઇ તમો બેગમ સાહેબને, હું નહીં ધારતો કે, અજાણું હોય." અને એ સઘળું તે કાંઇ મતલબથી બોલતો હોય તેવો તેનો અવાજ હતો, પણ પછી તેણીના કાનપર પડી ધીમેથી તે બોલ્યો, "જો એ જોડું બંધ બેસે તો તમારાં અને તમારા નવાબનાં ખરેજ બખ્તે બુલંદ સમજવાં."

"ત્યારે તમેબી માનોછ કે નવાબનો મામલો એટલી હદ સુધી બીગડેલો છે કે તેને પાછા ટટાર થવા માટે આવી જરદાર સગૈની ઘણી અગત્ય છે ?" બેગમે તેને તેટલાજ ધીમા અવાજથી દલગીર ચ્હેરે પુછયું.

"એવી બાબદ ચારવવાને આ જગ્યા અને આ વખત નથી." અનવર ઉતાવળે બોલી ઉઠયો, "મારીજ ભુલ થઇ કે એવી વાત છેડી તમારી આજની ખુશાલીમાં દલગીરીનો એક કતરો મેં આમેજ કીધો."

"આહ ! મારા નેકખાહ દોસ્ત, મારી ખાતરી છે કે તેં અમારી તરફની તારી સદાની ભલી લાગણી અને અમો પ્રત્યેની તારી દિલસોજીનેજ આધીન થઇ–"

"અમારી તરફની" અને 'અમો પ્રત્યેની ?' અરે એમ બોલ વ્હાલી બદર કે તારીજ તરફની અને તું પ્રત્યેની; પણ ચાલ, આવ, આપણે બાગના એકાંતવાસમાં જઈએ." એમ બોલી તે ઝટ ઉઠયો અને તે અને બેગમ ત્યાંથી નીકળી તે મેહેલની પાછળ આવેલા બાગમાં ગયાં.

તે વિશાળ બગીચો જે ભાગે મેહેલનાં નજીકનાં જોડાણમાં હતો તેના તે ભાગમાં, નાજુક ફુલફલોને આસાનીથી ઉગવા માટે બીલોરી કાચની દેવાલ અને છાપડાં સાથની એક નાની બંગલી બનાવવામાં આવી હતી. તેમાં નારંગી, સંતરા, મોસંબી, અંજીર વિગેરે ફળોથી ઝાડની ડાંખલીઓ ઝુમાઈ પડી હતી. તેની દીવાલો અને છાપડાંપર ચઢેલા લીલા કંજર જેવા વેળાપર લટકેલી દરાખોના ઝુમખા લચી પડી જોનારનાં મોંહમાં પાણી છોડી મુકતા હતા, અને એ સઘળાં વચ્ચે છાપડાંપરથી તંગાઈ નીચે લટકતાં રૂપેરી લાંપોમાંથી આવતી રોશનીએ તે બીલોરી બંગલાનો આખો દેખાવ કોઈ પરસ્તાનમાં ઉતરી પડેલી વસંતના બાહાર જેવો લાગતો હતો. તે બંગલીના મુખડાપર એક કાચનું બારણું હતું, જે ખોલતાંજ નજર આવતી એક સોડી મારફતે એક નાના બાગમાં ઉતરાતું હતું, અને એ રીતે તે બીલોરી બંગલામાં મેહેલમાંથી આવજા કરવા માટે જે રસ્તે હાલ અનવર અને બદર આવ્યાં તે રસ્તાની કાંઈ જરૂર પડે તેવું ન હતું, કેમકે આજે વપરાતો હાલ કાંઈ હંમેશ ખુલ્લો રહેતો ન હતો, એટલે તે બીલોરી બંગલીમાં તે નાના બાગ અને તે બાગમાંની નાની સીડી મારફતે, આવવા જવાની ઠીક સગવડ હતી. એ કાચનાં બારણાંની નજીક એક તબલ હતી, જે ઉપર બીલોરની રકાબીઓમાં તરેહવાર ફળો રચી મુકયાં હતાં, અને જલસાની વચવચે મળતા વિસામા દરમ્યાન ત્યાં ઉતરી પડતાં મેહેમાનોને તે ફળોમાંથી જે ગમે

તેનો સ્વાદ લેવાને બની આવે માટે તેમને કાપવા સારૂ ત્યાં થોડીક રૂપાંનાં દસ્તાની છરીઓ વટીક તૈયાર હતી.

આ વારતા દરમ્યાન આવતાં લાંબાંલચ વર્ણનોથી કદાચ કંટાળો ખાઇ વાંચનાર અમોને તે માટે દોષીત ઠેરવવાની ઉતાવળ ન કરે, વાસ્તે, હમણાંજ અમને ખુલાસો કરી દેવાની અગત્ય છે કે અમો જે લખ્યે છીયે તે લખાણનાં એક એક વાકયનો એકે એક બોલ ધ્યાનથી વાંચવો, અને તે માંના કોઇનેબી આ વારતા સાથે સંબંધ નહીં ધરાવતો સમજી રદ નહીં કરવાની અમારી ઉપર મેહેરબાની ફરમાવવી.

પ્રકરણ ૧૪ મું.

પાપી તવંગરી.

જે બીલોરી બંગલીનું વર્ણન આપવાને અમે આટલી જગ્યા રોકી છે તેમાં તેઓ બન્ને—બેગમ બદ્રુલબાહાર અને સોદાગર અનવરખાં—દાખલ થયાં અને એવું બન્યું કે તે વખતે ત્યાં બીજું કોઇ હતુંજ નહીં.

“હા, મારી પ્યારી બદર,” પેલીજ વાત આગળ ચલાવતાં અનવર બોલ્યો, “હમેશાં તારેજ ખાતર જે ખાનદાન સાથે એક કમનસીબ સંજોગે તું નેકાથી જોડાઇ છે તે ખખરી વખરી ગયલાં ખાનદાનને સદંતર કરરર ભુસ થતું બચાવવા તે મેં મારૂં બનતું કીધું છે.” અને આ વખતે અનવરનો અવાજ કાંઇક ધાડો અને ધ્રુજતો હતો. “એમ તો ધારવાની તું કદી ભુલ કરતીજ ના કે મેં જે કાંઇ કીધું છ તે તારા શોહર તરફની દિલસોજ લાગણી યા તેની સાથની દોસ્તીને ખાતરજ——”

"અરે! ચુપ-ચુપ!" બેગમ તેને મુગો રાખતી બોલી અને આસપાસ બીહીને જોવા લાગી, "યાર, અનવર, આપણી વાત કોઇને કાને પડશે! અને તું ભુલી જતો જણાયછ કે કાંઇક વર્ષો સુધી સખ્ત પહરેજી અને પાકીજગી સાચવી આજ આપણે ઘણે લાંબે વખતે વળી પાછાં એકમેકને મળી એકમેકને કાને પડી પ્યારના સબક બોલવાની નબળાઇમાં ઉતરી પડયાંછ, અને તેવી વખતે આપણે નજીવાં છીટાં શોધી શા માટે ઉશ્કેરાઇ જઇયે? આહ! આપણે દોસ્ત હતાં અને તે દોસ્તી કાયમ રાખી—"

"ને ભુલી જઇયે વ્હાલી કે આપણે એક વખત એકમેકને જીવથી જાનથી ચાહનારાં આશક માશુક હતાં?" અનવરે તેણીને બોલતી અટકાવી નરમ ઠપકા ભરેલો સવાલ પુછયો.

"નહીં, કદી નહીં, તે તો હું કદી નથી ભુલવાની!" બેગમ ઉશ્કેરાઇ જઇ બોલી પડી, "પણ તે આપણી જવાનીની મોહબ્બતને, જેમ એક કંજુસ પોતાના ખજીનને કુવાના ઉંડા ગારમાં દાટી સાચવી રાખે, તેમ તે આપણા બચગીના પ્યારને આપણા હૈયાંનાં ઉંડાણમાં જાળવી રાખેલો ભલો છે. તે ત્યાં છે એવી જાણજ આપણા જીવને સંતોષી બનાવવાને બસ થશે. મારા જાન, એક ઔરત તરીકેની મારી ઇજત, એક પરણેતર તરીકેની મારી ફરજ, અને ઉંચ ખાનદાનની એક બેગમ તરીકેની મારી મગરૂરી ને હશમત જેમની તેમ જરાબી ખરડાયા વગરની રાખવા માટે તારી તરફના એટલા ભોગની ઘણીજ જરૂર છે."

"અને હું એવું હરગીજ કરનારબી નહીં પ્યારી, કે જેથી તારી ખાનદાની મગરૂરી નામોશીમાં મળે, તારી પરણેતર તરીકેની ફરજથી તું દુર ફરે, અને તારાં કપાળપર ઝમકતું તોખમનું તાજ નીચે કીચલમાં ગબડી પડે!" અને

આટલું બોલતાં અનવરનો ચ્હેરો કાંઇ ઔરજ ઝલેહથી દીપી રહ્યો. "પણ" અને ત્યાં જરા તેણે નરમ પડી જઇ પોતાનું બોલવું ચાલું રાખ્યું, "પણ, આપણે તે વાત સદાની પડતી મુકયે, અને તે આગલી યાદને શબ્દો મારફતે પાછી જાગૃત નહીં કરવાનો તને હું પાક કોલ આપી બંધાઉ તે અગાઉ મને કેહેવા દે અને તને કહી સંભળાવી મને સંતોષ લેવા દે કે તને એક વાર આપેલા કોલને સદા વફાદાર રેહેવાને માટેજ આજ સુધી વ્હાલી બદર, હું કુંવારી જીંદગી તેની તમામ સાફ સુફેદીમાં, તેની. પાક પવિત્રાઇમાં ભોગવતો રહ્યો છું; તેને માટે તુંને કાંઇ વધુ સાબેતી જોઇતી હોય તો તું એ બાબદમાંથી ઢુંડી લે કે મારી એક વારની શેહેનશાહી દોલતનો મોટો ભાગ તારાં બાય પડીને ભાંગી ભુકો થઇ જાય તેવાં થઇ રહેલાં સરફરાજનાં ખાનદાનને બધી તરફથી ટેકા આપી ટકવી રાખવામાં વપરાઇ ગયો છે; જો કે તે વાતને આજે કાંઇક વર્ષો થઇ ગયાં છે, તો પણ જો તું આજે આ છાતી ચીડીને જોવા ચાહશે તો તુંને જણાશે કે ત્યાં તે વખતના તારા પાક પ્યારના અનમોલ હીરાઓ જેમના તેમ અનામત સચવાઇને સંકોચાઇ બેઠા છે; હા, તેઓપર પડેલા નીરાશી અને નાસીપાસીના ગરમ બળતા રસથી તેઓ સીંઆઇને ઝાંખા થઇ ગયા હશે પણ સદંતર બળીને કોયલો તો નથીજ થઇ ગયા! બસ બદર, આટલા ખુલાસાથી કાંઇક મુદતની મારી ભારી થઇ રહેલી છાતીને આજે રીહાઇ મળી છે; અને હવે એ વાતપર સદાનું ઢાંકણું વાળવાને હું તઇયાર છું."

"ઓ! પણ ત્યારે તેં એ વાત છેડીજ શામાટે"? એમ બોલતાંજ તેણીનાં ગળાંમાં એક ડચકું ગુંગળાયું અને અનવરના ખભાંપર માથું મુકી તે રડી પડી.

"શાંત થા, બદર, ખુદા ખાતેર શાંત થા." તેનું ખભાંપર ગોઠવાયલું માથું પ્યારથી પસવારી તેણીને તે પટાવતો બોલ્યો.

"મારા ખુદા! ઓળખીતાંઓની સમજાવટ-પેદરના હોકમ અને માદરની કાકલુદીને હું તાબેજ શામાટે થઇ? ઓ! શા સારૂ તે સમયે હું તારી આગળ દોડી નહીં આવી, અને શા સારૂ નેકા કરવા હું ઘસડાઇ તણાઇ ગઇ?"

"કેમકે તે વખતે હું ગરીબ હતો, નહીં જણાયલો એક અદના આદમી હતો, અને તે દરમ્યાન તારાં ખાનદાનની તને ગરજ સાચવવી પડી!"

"આહ! અનવર, મને ના ધમકાવ, તે વાતને માટે હમણાં મને ના ગુંગળાવ."

"તને ગુંગળાવું અને તને ધમકાવું? નહીં, નહીં, કદી નહીં." અનવર બોલી ઉઠયો અને ત્યાં તેને તેણીને માટે એટલું લાગી આવ્યું કે તેણીના અડધા બેસુદ્ધ આકારને તેણે જરા પોતાની નજદીક ખેંચ્યો અને તેણીનું નીચે ઝુમાયલું માથું ઉંચકી તેણીના સાફ સફાઇદાર કપાળપર તે પોતાના હોઠ દાબી ઉભો રહયો.

અને એ મુજબ તે મેહેલમાં મચી રહેલી ખુશી ખુરમી અને રંગરાગનું ભાનુ ભુલી એકમેકની આગળી મોહબતની યાદમાં તેઓ એટલાં લીન બની ત્યાં ઉભાંજ રહ્યાં, કે ત્યાં કોઇ આવે જાય તો તેનો સંસારો વટીક તેમની તે બેખબરીમાંથી તેમને જાગૃત કરવાને પુરતો નહીં થઇ પડે!

અને પ્રિય વાંચનાર, આ વાંચતાં એક નબળાં મનની નબળાઇને આધીન થઇ તું એવાં અનુમાનપર આવી ના જતો કે તેમના એ આજના મેળાપમાં કાંઇ પાપ હતું. નહી; એવી નીચ મતલબ તેમના આજના મેલાપમાં હતીજ નહી, જે હવે પછી બનતા બનાવો તને સ્પષ્ટ રીતે દેખાડી આપશે.

એકાએક, ઓચીંત જાણે સાપે તેને ડંખી હોય તેમ બેગમ ચોંકીને હુસ્યાર થઇ અને તે અડધી બગલગીરીમાંથી રેહાઇ પામી અનવર તરફ અંગાર માફક ચમકતી આંખોએ એકી ટગરે જોતી તે ઉભી. તેણીને આખે ચ્હેરે શરમ અને નામોશીનો રતાશ છાંયી રહ્યો હતો.

"તું શું કેહેવા માંગેછ તે હું સમજી ગયો, બદર," અનવર દબાયલે અવાજે બોલ્યો, અને એ બોલતી વખતે તેનું આખું આંગ લરઝી રહ્યું હતું "તું જે મને કેહેવા માંગેછ તે આય તારી આંખોમાં હું પ્રગટ વાંચી શકું છ."

"ત્યારે હવે તેનો ઇલાજ શું કરવો તે તને કાંઇ પુછવાની જરૂર છે, અનવર?"

"તું શું મને એમ સમજાવવા માંગેછ વ્હાલી, કે આજે આપણે ત્યાં બતાવેલી ઘડીભરની નબળાઇથી વર્ષો થયાં આપણી વચ્ચે આડો ઉભેલો અંદાજાનો અંતર આજે તુટીફુટી ગયો છ?"

"તું મારી મતલબ બરાબર પામી ગયો છ, અનવર; કાંઇક વર્ષો સુધી–હું તેની સાથે શાદીના ગાંઠથી જોડાઇ ત્યારથી તે આજ સુધી–મારી પરણેતર તરીકેની ફરજોને અને એક ઓરત તરીકેની મારી ઇજતને વફાદાર રહેવાની હું કોશેશ કરતી આવીછ, અને જો કે આપણી જવાનીની મોહબતની યાદ બાગે ઇરમનાં ફુલના પમરાટની માફક મારાં જીગરમાં તાજી ને તાજીજ રહી હતી તે છતાં તેની અસર તળે દબાઇ ચંપાઇ જતી આજ સુધી માહ મહેનતે હું પોતાને બચાવી શકી હતી, પણ હવે, આજના બનાવથી તે ટકી રહેલું તલેસમ તુટી ગયું છે, અને તેને પાછું ટટાર કરી ટકવી રાખવાની હીંમત હું હારી ખાઇ ઉભી છું, અને તે સબબે અનવર તું તારી સામે એક એવી ઓરતને ઉભેલી જોયછ, કે જે

દશ મીનીટ આગળ પોતાનાં નામને રખે કાંઇ ઝાંખ લાગે એવા વિચારથી બીહીને ધ્રુજતી હતી, અને રખે તેનીથી એવું કાંઇ થઇ જાય કે જેથી તેણીનાં માનને, તેણીની ઇજતને અને મંડલીમાં તેણીના જળવાયલા ટેકને નામોશીમાં ગીરફતાર થવું પડે તે વિચારથી કમકમતી હતી, તે તેજ ઓરત આજે તારા વીનાનાં જીવતરને હરામ ગણી તારે માટેનો તેનો અસલ પ્યાર સજાગરૂ કરવાને કાંઇબી ભોગ આપવાને જીવપર આવી તૈયાર ટટણુખાર ઉભી છે."

"યા ખુદા! એ તું શું બોલે છે? તું મને શું કરવા કહેછ બદર?" તેમની વાતચીતે લીધેલી આ વળાણનું શું સેવટ આવશે, તેના વિચારથી અનવરે ગભરાઇને પુછયું.

"હું તને શું કરવા કહું છ, તું એમ પુછેછ?" તે ધ્રુજતા સાદે બોલી "તો લે હું તને સાદી સમજ પડતી એબારતમાં ખુલ્લું કરીને કહુંછ કે, મને ત્યાંથી તું લેઇ જા—મને તારી સાથે નહાસવા દે—અને પછી મૌત વિના તારીથી હું છુટી પડીશ નહી"" અને એમ બોલી તેણીએ પાછું તેનાં ખભાંપર માથું મુકી દીધું અને પાછો તે તેણીને પટાવવા લાગ્યો.

"નહીં—નહીં! એમ ઝીનહાર બને નહીં!" અનવર એકાએક બોલી ઉઠયો અને તેણીનું માથું પોતાનાં ખભાંપરથી ખસાડી મુકયું.

બેગમ એક ઝીણી ચીસ પાડી તેનીથી દુર જઇ ઉભી. "બદર, યાદ રાખ, કે એવું કાંઇ હું કરૂં તે પહેલાં આયજ છરીથી" અને ત્યાં તે ફળોથી લચલચતી મેજપરથી એક છરી ઉંચકી તેણીને તે બતાવતો તે બોલ્યો "આયજ છરીથી પહેલો તારો સીનો ચીરી તારાં લોહીથી ખરડાયલાં બદનપર એજ છરી વડે મારા આ જાનનો ભોગ આપીશ. તું તારી નામોશીમાં જીવી, જમાનાની જબાનના કાતિલ તીરની નીશાન થઇ પડે તેના કરતાં તારાં આજનાં

પતિવ્રતપર આપણુ બંન્નેના પાપી જાન સદકે કરી ફેંકી દીધેલા ભલા! નહીં, એ કામ કરી તારાં સુખનું સત્યાનાશ વાળી તારો નાશ કરવાને હું સારૂ ના પાડું છું."

"તું ના કેહેછ—તું ના કેહેછ!" તે કંગાળ ઓરત તે પાપી તવંગરીનું સ્વરૂપ ગુંઠણુમંડયે પડી તેની તરફ હાથ જોડી કાકલુદી કરતી બોલી "માર, અનવર, માર તારા હાથમાંની છુરી આ નજીસ બદનમાં માર! તારો તે પ્યાર એક શરમભરી ઠગાઇ માત્ર હતી, તારી તે મોહબત એક મશ્કેરી—નાદાન્યતની એક મજાકજ હતી એ યાદ સાથે જીવવું તેનાં કરતાં તારે હાથે મરવું લાખ દરજજે બ્હેતર ગણું છ."

"ઓ કમનસીબ ઔરત, તું મને દેવાનો બનાવેછ, ઓ ઝનુન સમી જા, ઓ આતશના ધગધગતા અંગાર ઠંડો થા, ઓ પાક અસ્મતની પનાહમાં ફરતા ફીરેસ્તાઓ ઉઠો, જાગૃત થાઓ, તમારી કીલ્લેબંદીપર સેતાનોનો દરોરો ચાલી રહ્યો છ! ઓ નેકની નેધેહબાનીમાં ફરતાં અશો રૂહ, સાવચેત રહે, સંભાળ—"

"ઓ હીચકારા! પટપટારો છોડ, અને મેં ફરમાવેલું કામ બજાવ" બેગમ બોલી; તેણીનું મગજ ચકભમ થતું હતું, તેણીને ચક્કર આવવા લાગ્યા અને તેણી પોતાની શુદ્ધી ખોઇ બેસ્તી હોય તેમ તેણીને લાગ્યું.

"યા ખુદા!" અનવર બડબડયો અને તેજ વખતે તેને લાગ્યું કે, દોજખના દરવાજા ભાંજી તેમાંથી સેતાનો તેની તરફ ધસી આવી તેના જાનનો કબજો લેવા તડપી રહ્યા હતા.

પ્રકરણ ૧૫ મું.

ખુન ! ખુનનો ભોગ !!

જલસાની ઝમક તેના પુર બહારમાં ઝમકી રહી હતી, સાજીંન્દાઓનો સરોદી સણસણાટ તમાશબીનોના કાનમાં સડસડાટ રેડાયો જતો હતો, અને ત્યાં જમા થયલા જજમાનોમાંના કોઇ ત્યાં ચાલતાં ગાનાં તરફ ધ્યાન આપી બેઠાં હતાં, તો કોઇ પોતપોતા વચ્ચે ખુશ વાતચીતમાં રોકાયાં હતાં, અને એ રીતે કશાંમાં ને કશાંમાંબી સર્વ કોઇનું ચિત્ત રોકાયલું રેહેવાથી અનવર અને બેગમની ગેરહાજરી કોઇને કશી માલમ પડી નહી. નવાબ પોતે પણ ત્યાં નહતો, કેમકે હમણાજ એક નોકરે આવી તેના હાથમાં કોઇ ચીઠી મુકી જે વાંચી તે ઉપર ધ્યાન આપવાને તે ત્યાંથી ચાલી ગયો હતો. સલીમા નવાબ યારજંગ સાથે હસીહસીને ખુશ ગુફ્તેગોમાં રોકાયલી હતી અને નુરજહાં તે બીચારીપર કકડાવીને ડોળા કાઢતી અહીંથી તહીં અને તહીંથી અહીં મન વેરવાના ફાંફાં મારતી ફરતી હતી. રેહેમત કોઇ છેલછબીલીઓની એક નાની ટોળકીમાં ભેળાઇ ખુશ તોલટપ્પાથી તેમને હસાવી હસાવી તેમનાં કલેજાં ઉછલાવી નાંખતો હતો.

એ રીતે સઘળાંઓ પોતપોતાને મનભાવતા ખ્યાલની રેલમાં તરતાં થઇ ગયાં હતાં તેટલાં એક લાંબી સુરીલી ચીચારી ત્યાં ચાલતાં ગાયણના મીઠા સરોદ વચ્ચેથી પસાર થઇ સર્વેને કાને અથડી.

ગાનારીઓ મુંગી થઇ ગઇ, વાજીંત્રના સરોદ તુરત નરમ પડી ગયા, અને ઝટવારમાં તે ધંધાર હૉલમાં મૌતના જેવી શાંત ચુપકીદી પંથરાઇ ગઇ. એકે એક ગાલપરનો રતાશ ઉડી ગયો, એકે એક હોઠ ફીકકો ફચ મારી ગયો, અને સઘળાંઓ સામટા ડોળા ફાડી એકમેક તરફ જોવાં લાગ્યાં.

તુરતાતુરત તે મુંગી એકસંપીમાં સઘળાંઓ બહારની બીલોરી બંગલી તરફ ધસ્યાં, અને વિજલીની ઝડપે ત્યાં જઇ પુગતાં તેઓની નજરે જે ભયાનક દેખાવ પડયો, તેથી તે ઉભેલાંઓ હરણુફાર થઇ ચમકીને પાછળ હઠયાં એવું તે તેઓએ ત્યાં શું જોયું ?

તેઓએ ત્યાં એ જોયું કે બેગમ અબ્દુલબાહાર ગરમ લોહીનાં એક ખાબોચ્યાંમાં ચત્તીપાટ જમીનપર પડી હતી, અને લોહીથી લાલ બનેલી એક છરી અનવરના હાથમાં હતી, અને અનવર પેલાં કાચનાં બારણાં વાટે નહાસવાની તજવીજ કરતો હતો; પણ તેટલાંજ કેટલાકોએ તેને પકડયો, અને તેને પકડતાંવારજ કેટલાકોએ તેને બેગમના ખુની તરીકે બાપોકાર જાહેર કરી મોંહ ભાવતાં વચનોથી વધાવી લીધો.

પ્રકરણ ૧૬ મું.

આફતપર આફત.

ઉપલું પ્રકરણ બંધ કરતાં અમોએ જણાવ્યું હતું કે; બીલોરી બંગલીમાં બેગમ અને અનવર વાતમાં મશગુલ હતાં, તે વખતે નવાબના હાથમાં એક નોકરે એક ચીઠી લાવીને મુકી અને તે ચીઠીમાં ફરમાવેલાં તાકીદનાં કામપર ધ્યાન આપવાને માટે તે હૉલ છોડી ચાલી ગયો હતો. હવે જરા વધુ સમજ પાડી અમને લખવાની જરૂર છે, કે, બેગમ અને અનવર તે હૉલ છોડી બીલોરી બંગલીમાં પોતાની વાતની હજી શુરૂઆત કરે તેટલાંજ તે ચીઠી નવાબ સાહેબને મળી હતી અને તે આપતાં તે નોકરે નવાબ સાહેબના કાનપર પડી કહ્યું હતું કે તે ઘણીજ કામની હતી, એટલે નવાબ સાહેબે તે ટોળીમાંથી જરા અલગ થઇ જઇ તે ચીઠી ઉખેડી તેપર ઉતાવળી એક નજર નાંખી અને તેમાં

એવી બીનાપર તેમની નજર પડતાંજ તેમનાં આગનાં હાડેહાડ ધ્રુજ્યાં, તથ તેમનો સદાનો ફિક્કો ચ્હેરો એવો ઉજળો મારી ગયો કે, જાણે મલેક–ઉલ–મૌતે તે ઉપર પોતાનો ઠંડો ગાર હાથ મુકયો હોય! પણ એ માઠી અસર તળે દબાઇ ન જતાં મ... બહારની હુસ્યારી રાખી તેજ નોકરની પુઠે તે હૉલ છોડી બાહાર નીકળી ગયો.

દાદર આગળ પુગતાં તેણે તે નોકરને પુછ્યું—

"જેણે તને આ ચીઠી આપી તે કયાં છે?"

"સાહેબ, તેઓને મેં તમારા કમ્રેખાસમાં બેસાડયા છ."

"તેઓને બેસાડયાછ, એટલે?" લગાર ગભરાઇને નવાબે પાછું પુછ્યું "કેટલાક જન આવેલા છે?"

"ત્રણ જન, નામવર હુજુર."

નવાબ કાંઇજ બોલ્યો નહીં, પણ, તુરત પોતાના કમ્રેખાસ તરફ તે ગયો અને પેલો નોકર એ બનાવ ઉપરથી તેને ઉપજેલા વિચારો જાહેર કરી તે ઉપર મુબાહેમત કરવા બીજા નોકરોમાં ભેળાઇ ગયો.

કમ્રેખાસમાં દાખલ થતાંજ નવાબે ત્રણ માણસોને જાણે તેઓ પોતાના બાપના બગીચામાં બેઠા હોય તેવી ઢપથી બેઠેલા જોયા, પણ તેમની નજર નવાબ સાહેબપર પડતાંજ તેઓ તેને જોઇ ઉઠી ઉભા થયા. તેમને જોતાંજ નવાબને કમકમાટ અને કચવાટ ઉપજ્યો હોય તેમ તેવણનો ચ્હેરો કુમળાયો. તેઓમાંનો એક ફીરંગી હતો અને બે સારા દેખાવના સારો પોષાક પ્હેરેલા મુસલમાનો હતા.

"તમારૂં નામ બાપટીસ્ટા ની?" તેમને જોઇ તેને ગમે તેટલો ગુસ્સો ઉપજ્યો હતો પણ તે ગુસ્સાનો ખાર તેઓપર નહીંજ કાઢવામાં તેણે ડાહાપણ જોયું, એટલે કાંઇક નરમાસથી તે ફીરંગી તરફ જોઇ તેણે પુછ્યું.

"હા, નામવર, મારૂંજ નામ બાપટીસ્ટા, અને હું તમોને આવે ટાંકણે અને આવી વખતે તજદી આપવાને માટે ઘણોજ દલગીર છું, પણ સાઅદતખાન સાહેબે એ કામ આજે રાતો રાતજ બજાલાવવાને મને ફરમાવ્યું એટલે હું શું કરૂં? હું લાચાર. તે છતાં તમો સાહેબ જોશો, કે મેં બનતી તદબીરથીજ કામ લીધું છે, અને અમારા આવ્યાની ખબર તમને એક ચીઠી મારફતે પહોંચાડવાની મેં કાળજી રાખી છે; કેમકે, તેમ હું ન કરતે તો કદાચ તમો અમને મળવાની સાફ ના પાડતે, અને અમને તો તમારો મેળાપ કરવાને બજીદ થાવું પડતે અને તેપરથી કદાચ વાત ઘણી શરમભરેલી હદ સુધી વધી જતે."

"તમોએ બનતી તદબીરથી ભરેલાં એ પગલાં માટે હું તમારો હેશાનમંદ છું" તે બેલીફ—કેમકે તે ફીરંગી એક બેલીફજ હતો તેનું બોલવું સઘળું ધયાનથી સાંભળી લઇ નવાબ બોલ્યો, "પણ સાઅદતખાને તમને એટલીબધી હદ સુધી વધી જવાને હું નહીં ધારતો કે હુકમ આપયો હોય."

"તેમજ છે, મહેરબાન સાહેબ, મને ખાસ તાકીદ છે, કે જયાં સુધી પૈએ પૈ કરજ ભરપાઇ ન થાય યા તો તેને પેટે કાઇ સધ્ધર જામીનગીરી ન અપાય ત્યાં સુધી મારાં આ માણસોને ત્યાંથી હરગીજ મારે ખસવા દેવાં નહીં, પણ જો જામીનગીરીનીબી કાંઇ ગોઠવણ થાય તો તે જામીનગીરી કાંઇ મારેથી મારે જોખમે કબુલ તો રાખી શકાયજ નહીં, અને તે માટે તમો સાહેબ મને ઠપકો આપો તો નકામો છે."

"નહીં, તમને કોઇ રીતે ઠપકો ઘટતો છેજ નહીં, પણ હવે આવડી મોડી રાત્રે સાઅદતખાનને મળવું મારે માટે નહીં બને તેવું છે અને જો તમારાં માણસો આખી રાત ત્યાં રહે તો મારા

નોકરચાકરોને જે આજ સુધી માત્ર વ્હેમ હતો તે પક્કો થાય અને તેઓ વચ્ચે નીચ નાલેશી જન્મ પામે. એ લોકને અત્રે રાખ્યા સિવાય બીજો છુટક-કાંઇ બીજો ઇલાજજ નથી?"

"કાંઇજ નહીં, મારા મેહેરબાન, એક વખત જપ્તીનું વારંટ બજા લાવવામાં આવ્યું કે જ્યાં સુધી માંગતી રકમ પુરેપુરી ભરપાઇ થાય નહીં ત્યાં સુધી તો એ માણુસોથી એક ડગલું આગળ કે પાછળ હઠાયજ નહીં. તમે સુરબીએ એવાં કાંઇક સેંકડો વારંટો તમારી જાગીરપરનાં ગરીબગુરબાં ભાડુતોપર લગાડયાં છે અને તમો એ બાબદમાં એમ કેમ કસમજ દેખાડો છો? સાઅદતખાન સાહેબની માંગતી રકમ બે લાખ છ હજાર અને ચાલીસ રૂપ્યા થોડાક આના અને થોડીક પૈની છે તે તો તમો સાહેબે હસ્મત ને રોશન હશે?"

"યા અલ્લાહ! આ શું હાલત!" નવાબ ઉસ્કેરાઇ જઇ મનસે બડબડયો. "સરફરાજના સાબેરગંજ ઉપર જપ્તી! એ કેટલી નામોશીની વાત થઇ પડવાની!" પછી પોતાના એ મન વિચારમાં એકદમ અચકી જઇ તેવણે તે બેલીફ તરફ કાલાવાલા કરતી ચશ્મે જોઇ પુછ્યું, "વારૂ મને કાલ સાંજ સુધીની મેહેતલ તમો આપો અને હું તે રકમ ભરી દેવાની દરેક બનતી તજવીજ કરીશ."

"એમ બોલી તમો નામવર મને એમ સમજાવવા માંગતા હોવ કે મારે મારાં માણુસો સાથે ચાલ્યા જવું તો તે તદ્દન નહીં બને તેવું છે."

"હું તને પોતાને કાંઇ સુંદર ભેટ આપું તો?" નવાબે તેને બાજુએ લઇ જઇ કાનમાં કહ્યું.

"મારે માટેના તમારા ભલા વિચાર માટે હું તમારો ઉપકાર માનુંછું પણ તે છતાંબી મારીથી તમો કહો છો તેમ થઇ શકેજ નહીં."

"મારી હાલતનો વિચાર કર, મારી શું ખાનાખરાબી થશે તેનો કાંઇ ખ્યાલ કર" તે તુંદ મગજનો, તુમાખી તોરનો મગરૂર મીજાજી નવાબ પોતાની સામે ઉભેલા એક તુચ્છ ફીરંગીને કાલાવાલા કરતો બોલ્યો, "મારાં મકાનપર જપ્તી છે એવી વાત જો એક વખ્ત બાહાર આવી તો મારા સંખ્યાબંધ માંગનારાઓ મારી ઉપર—"

પણ ત્યાં આગળ બોલતો તે અચકી પડયો, કેમકે તેને હમણાંજ ભાન આવી ગયું કે જે તકરાર તે પોતાના બચાવમાં લાવતો હતો તે સામી તે ફીરંગી બેલીફને ઉશ્કેરી આપશે અને તે પોતાની સાથે લેઇ આવેલો જપ્તીનો હુકમ વગર ઢીલે તુરતાતુરતજ બજા લાવશે.

"તમો સાહેબે પોતેજ જ્યારે તમારા બીજા માંગનારાઓને લગતો ઇશારો કીધોછ ત્યારે તો મારે તમને જણાવવું જોઇયે કે બીજા બે ત્રણ માંગનારાની તરફનાં વારંટો કાલે નીકલનારજ છે અને તેથીજ તો સાઅદતખાંને તેઓની આગમજ જઇ પ્હોચી આજે રાતેજ પોતાનું વારંટ બજા લાવવાને મને ફરમાવ્યું છે."

"ત્યારે કોઇબી રીતે મને મદદ કરવાને તું અશકય છે?"

"હા, મારા મહેરબાન."

"ત્યારે તો મારી બહરને એ વાતની મારે ખબર કરવીજ જોઇશે." નવાબ મનસે બડબડયો "કેમકે કોઇ બીજી રીતે એ વાત તેને કાને જવામાં સમાતો જોખમ મારે ખેડવો ન જોઇયે. હું પોતે જઇ તેને એક બાજુએ લઇ જઇ એ નખોદના સમાચાર આસ્તે રહી તેણીને કહું. આહ! આ સઘળી રોશની રામશણીપર મને હવે કેવો ધિક્કાર છુટેછ? ઉપર ચાલતો રંગરાગ અને ખાણીપીણી કાંઇજ નહીં પણ આ આફતની રૂબરૂ દાંતયા કચકચાવી હસતી એક મજાક—એક મશ્કેરી માત્ર ગણાવી જોઇયે."

એટલું મનસે બબડી વિચારમાં ને વિચારમાં તે આરડામાં બે ત્રણ ફેરા ખાઇ ઝટ ત્યાંથી નિકળી ચાલ્યો.

તે ગયો કે બાપટીસ્ટાબી પોતાના માણુસોને કાંઇ ઘટતા હુકમો આપી ચાલી જવા કરતો હતો, તેટલાં તેને વિચાર આવ્યો કે હજી એકવાર ફરીથી નવાબને તે પુછે કે માંગતાં નાણાં ભરી દેવાની કાંઇ ગોઠવણ થઇ શકશે કે નહીં, ત્યાર પછી તેને મળતા જવાબને સેવટનો સમજી તેણે ત્યાંથી વિદાય થવું. જરા વારમાં નવાબ ત્યાં પાછો આવ્યો અને પોતાની પાછળ તે આરડાનું બારણું જોરથી અફાળી બંધ કરી એક સોફા કોચપર બેસી પડયો; કોઇ કાંઇ બોલ્યું નહીં.

આખરે નવાબ બાપટીસ્ટા તરફ ફરીને બોલ્યો, "મને જરા પીવાનું પાણી આપો." અને બાપટીસ્ટાએ જોયું કે આ વખતે તેનો ચ્હેરો અતિશ્ય ફિકકો મારી ગયલો અને ઔર તરેહનો હેબતનાક હતો. ત્યાંજ એક ખુણામાંની મેજપર મુકેલાં એક ફીલ્ટરમાંથી ટમ્બલર ભરી પાણી તેણે તેને આપ્યું જે તે ગટમટાવી ગયો.

"મારૂં મગજ ફરેછ, મને કાંઇ દુઃખ થતું હોય તેમ લાગેછ." તે ટમ્બલર બાપટીસ્ટાને પાછું આપતાં બોલ્યો. "આજે રાતે કદાચ હું મરી જઇશ એમ મને થાય છ."

"હું ઉમેદ રાખુંછ સાહેબ, કે બેગમ સાહેબે આ આફતની ખબર પુર હીમત રાખી સાંભળી હશે."

"બેગમ સાહેબે?" જાણે તે સવાલ આખો સમજયો નહીં હોય તેમ તેણે ગુંચવાઇને પુછયું" બેગમ સાહેબને મેં જોઇજ કયાં? હૉલમાં તે હતીજ નહીં અને—"

પણ તેટલાંજ, તેજ ઘડીએ "નવાબ કયાં છે?" એમ એકમેકને પુછતાં આસામીઓનું એક ટોળું તે આરડા તરફ ધસી આવ્યું.

"કેમ, કેમ શું છે?" તે બંધ બારણું એક જોર સમેત ઉઘાડી નાંખી તે ટોળું અંદર આવ્યું. તે એવું ઉશ્કેરાઈ ગયલું અને શુરપર આવ્યું હતું કે તે બારણું અળગાં બંધ હોવાને બદલે જો ચપ્પત બંધ હતે તો તેમના ધસી આવવાના ધસારા સમેત તેઓ એક તડાકે તુટી, ભાંગીને ઉંધડી જતે.

તે ટોળાંમાંના કેટલાકોનો દેખાવ, તેમના ચ્હેરાપરનો ચીંતાતુર છાપજ તે નવાબને બીહીકથી અધમુવો કરવાને બસ હતો. બાપટીસ્ટા અને તેનાં બે 'ભોસ્યાં' વટીક એ વળી નવી આફ્તત શું હતી તેની અજાયબીથી ચોંકીને ઉભા થઈ ગયા, કેમકે, અત્રે કેહેવાની કાંઈ જરૂર નથી કે બીલોરી બંગલીમાં બનેલા તે ભયંકર બનાવની તેમને ખબરજ નહીં હતી.

તૌબાહ ઇલાહી! તેઓએ જેમ બને તેમ ટુંકમાં આપેલી ખબરથી નવાબ તો ફાટીજ ગયો અને જમીનપર તે બીચારો ફસડાઈ પડયો અને ત્યારે—ત્યારેજ તેણે ડુસ્કે ડુસ્કે રડીને, તેને ખબર આપવા આવેલાઓને તેના મેહેલપર જમી આવ્યાની ખબર આપી.

નવાબની કલાપીત અને કકળાટ કેટલોક વખત સુધી સમી શકયાં નહીં, પણ જયારે તેને ખાતરી આપવામાં આવી કે બેગમ મરી નથી ગઈ, તેણીને થયલો જખમ છેક કારી નથી, ત્યારે અને ત્યારેજ તે જરા શાંત થયો, અને બેગમ શુદ્ધીમાં હતી કે? તેણી બોલી શક્તી હતી કે? તેણીએ કાંઈ ખુલાસો તો કીધો હશેની? અને કોઈ તબીબને બોલાવી મંગાવ્યોછ કે? એવા એવા સવાલો તે પુછવા લાગ્યો; અને સવાલના જવાબો તેટલાજ ટુંકા અને ટચ હતા કે બેગમ તદન બેશુદ્ધ હાલતમાં હતી, અને જો કે તેણીની જીંદગીની જોત તદન બુઝાઈ નહીં ગઈ હતી, તોપણ, તેણીને જેઓએ જોઈ હતી તેઓનાં દિલમાં તેણીને જીવવાની આશા થોડીજ હતી. તેણીની બેટીઓ,

દાસીઓની મદદથી તેણીને તેણીના ઓરડામાં લેઇ જવાની તૈયારી કરતી, હતી, તેટલાં, તેઓ તેને તે ખબર કરવા ત્યાં બનતી ઉતાવળે આવ્યા હતા; અને વળી બેચાર નોકરોને નજીકમાં રહેતા બે ત્રણ તબીબોને બોલાવી લાવવાને માટે દોડાવવામાં આવ્યા હતા.

જેવા તેને પોતાના સવાલોના જવાબો આ પ્રમાણે મળી રહ્યા કે તેણે બેગમના ઓરડામાં દોડી જવા માંગ્યું, પણ બધાંઓએ તેને તેમ કરતો મોહા મુસ્કેલીએ અટકાવ્યો, કેમકે, તેઓ બીહીતાં હતાં કે રખેને બેગમની હાલત કદાચ સુધરે અને તે થોડી ઘણી શુધ્ધીમાં આવે તો નવાબની કળાપીત જોતાંને વાર તેની હાલત પાછી હોય તેના કરતાં વધુ માઠી થાય અને તેવા અચાનક આંચકાથી કદાચ પરીણામબી ઘણું બુરૂ આવે. તેઓ સરવેને સારી રવેશે ખબર હતી કે તે પોતાની બેગમને ઘણાજ મજબુત પ્યારથી ચાહાતો હતો અને તેવી એક ખુબસુરતીને પોતાની મોહોરદાર તરીકે ધરાવવા માટે તે ઘણો મગરૂર હતો, અને તેટલા માટે તેણીને તેવી હાલતમાં પડેલી જોતાંને વારજ તે હદ બાહાર ઉસ્કેરાઇ જાય એ બનવા જોગ હતું.

આ રીકજીક ત્યાં ચાલતી હતી તેટલાં કોઇથી તેમને ખબર મળી કે બાહોશમાં બાહોશ તબીબી મદદ ત્યાં આવી ચુકી હતી અને તુરતજ નવાબજાદા રેહેમતે આવી તેઓ સર્વને, તબીબો ત્યાંથી જાય નહીં ત્યાં સુધી બેગમના ઓરડા આગળ વટીક જવાની મનાં ફરમાવી.

નવાબજાદો પોતે પણ હેબત ખાઇ ગયો હતો, પણ તે છતાં પોતાના દુઃખી પેદરને દિલાસો આપી તેને ઠંડો પાડવાનું તેણે પોતાનું બનતું કીધું. તેના કેહેવાપરથીજ માલમ પડયું કે તે, પોતાની બેહેનો અને એક બે દાસીઓની મદદથી બેગમને તેણીના ઓરડામાં લઇ ગયો હતો, જયાં તેઓ સરવે તેણીની સારવારમાં રોકાયાં હતાં, પણ

એક વહાડકાપમાં પ્રવીણ થયલો શસ્ત્રવૈદ એક બીજા બાહોશ તબીબ સાથે આવી લાગતાં, માત્ર વડી દાસીને ત્યાં રેહેવા દઇ તેઓએ બાકી સઘળાંને તે ઓરડામાંથી બાહાર જવા ફરમાવ્યું હતું. આ બનાવથી સલીમાની તબ્યત એકાયક બગડી આવી હતી, જેની સારવારમાં નુરજહાન રોકાઇ હતી એમ વળી તેણે ઉમેર્યું.

જલસો શુરૂ થયા પછીના બે કલાકમાં બીચારાં સરફરાજ ખાનદાનની આ કેવી દુર્દશા?

પ્રકરણ ૧૭ મું.

તબીબોનો રીપોર્ટ.

પણ ત્યારે આટલો વખત અનવરખાં સૌદાગર કયાં હતો? તે દેખીતા પુરાવાથી સઘળાઓએ તેને બાપોકાર જાહેર કીધેલો તે ખુની અનવર આટલો વખત શું કરતો હતો?

જયારે તે ખુનનું તોહોમત તેની ઉપર મુકી તેને પકડવામાં આવ્યો, ત્યારે, નહીં તે કોઇની સામો થયો, કે નહીં તે તોહોમતનો તેણે ઇન્કાર કીધો. ઠંડીથી થથરતી રાતે ખુલ્લાં મેદાનમાં ભટકતા મુસાફરનાં હાડકાં જેમ પડતા થારથી અડી જાય તેમ તે બનાવે તેની શુદ્ધબુદ્ધ લુટી તેને સુનો સાવજ અને પુતલાં જેવો સ્તબ્ધ બનાવી મુકયો હતો. તે કાંઇજ બોલ્યો નહીં કે બોલવાની તેણે કાંઇ કોશેશ કીધી વટીક નહીં. પેહેલાં તો તેની નજર સામે બનેલો બનાવ ખરેખર બનયોજ હતો કે એક ખાલી ખાબ હતો તે વટીક તે સમજી શકયો નહીં. પણ જયારે તેની આસપાસ ફરી વળેલાઓમાંના કેટલાંકોએ તે બેગમનાં બેભાન પડેલાં શબને ત્યાંથી ઉંચકવાની તજવીજ કરવા માંડી, ત્યારે અને ત્યારેજ તેનું સાવજપણું ઉડી ગયું, અને પુતલાં જેવી સ્તબ્ધ હાલતમાંથી તે જાગૃત થયો. એક—બે—એક

બોલ તે બોલ્યો નહીં, તોપણ, બેગમના શાંત ચ્હેરાપર ટગરટગર જોતો તે ત્યાં ઉભોજ રહ્યો.

બેગમને ત્યાંથી લઇ જવામાં આવી કે ત્યાં ઉભેલાં બાકીનાઓએ તેને નવાબના બે નોકરોને હસ્તક સોંપ્યો, જેઓ તેને તે સીડી ઉતરી પેલા નાના બાગ મારફતે ત્યાંથી લઇ ચાલ્યા અને ખાસ હુકમથી તેને એક ઝનુની ફાડી ખાનારાં જાનવર માફક એક મજબુત કોઠડીમાં પુર્યો, જ્યાંથી તેને પોલીસનાં માણસો આવી લઇ ગયાં ત્યાં સુધી તે ત્યાંજ રહ્યો.

હવે આપણે નવાબના કત્રેખાસ જ્યાં નવાબજાદાને પોતાના પેદરને પટાવતો મુકી આવ્યા છીયે ત્યાં પાછા જઇએ. ત્યાં જઇ આપણે જોઇશું તો આપણને માલમ પડશે કે, નવાબજાદો પોતાના બાપને મનાવવામાં ઘણે દરજ્જે ફતેહ પામ્યો હતો અને જરાતરા નવાબ શાંત થયો તેટલાં તો એક તબીબ તેની આગળ આવ્યો અને તેને ખબર કીધી કે બેગમને તેણીનાં જમણા ખભાની નીચે એક ઉંડો ઘા પડયો હતો, પણ તે છરીની અણી તેણીએ પેહેરેલાં સીલ્ક અને સાટીન જેવાં લીસાં કપડાંને લીધે સરી જતાં તે પ્રાણઘાતિક થતો બચી ગયો હતો; તે જખમ ઉંડો હતો ખરો, મગર, જેવો પહેલે ધારવામાં આવ્યો તેવો તે જખમ મજબુત કે જોખમભરેલો નહીં હતો, અને તે તપાસ પછી તે બંને તબીબોનું મત મજબુત હતું કે બેગમને સાજી થવાના સંભવ ઘણા હતા. તેણી શુદ્ધીમાં તો આવી હતી, પણ હાલ તુરત તો એક બોલબી તેણીથી બોલાય તેમ નહોતો અને તેવીજ હાલતમાં તેણી કાંઇક દીવસો કાઢશે એમ તેઓ માનતા હતા.

એવો તે તબીબોનો રીપોર્ટ હતો, અને જો કે આંખ વીંચીને ઉંઘડે તેટલા વખતમાં બનેલો તે બનાવ ઘણો ભયંકર હતો, પણ,

ધારવા જેટલો તે બુરો નહીં નીપજ્યો હતો તેજ એક મોટો સંતોષ હતો, અને હવે નવાબ સરદાર અલીખાન યારજંગે પોતાના હંમેશના ઉદાર સ્વભાવને અનુસરી સાઅદતખાનનું દેવું પતાવવાનું માથે લીધું, જેની જામીનગીરી બાઇજત સ્વિકારી બાપટીસ્ટા પોતાનાં માણસોને લઇ ત્યાંથી વિદાય થયો.

આ છેલ્લા તબક્કાને તે આખા બનાવનું સેવટનું પ્રકરણ માની લઇ એક પછી એક સઘળા પરોણાઓ ત્યાંથી સટી જઇ મૈયતની એક મહેફીલમાંથી નીકળ્યાં હોય તેમ ગુપચુપ દલગીર ચ્હેરે દાંયબાંય થઇ ગયાં.

પ્રકરણ ૧૮ મું.

બાપ-બેટાની મસલહત.

જેવી 'સાબેરગંજ' ના દરવાજામાંથી છેલ્લી ગાડી નીકળી પસાર થઇ ગઇ કે નવાબે સઘળા નોકર નફરોને તાકીદ કીધી કે, તુરત બન્ને હાલમાંની બત્તીઓ બુજવી પોતપોતાને વગેસગે થઇ તેઓએ સુઇ જવું. તેણે બાહારથી ધારણ કીધેલાં ગંભીર મક્કમપણાંની હેઠે છુપાયલી બેચેની કોઇ ધ્યાનથી જોનારથી છુપી રહી શકે તેમ નહતી; અને આ સઘળા ઉપરાસાપરી બનાવો પછી તે બેચેન હોય એ તદન કુદરતીજ હતું; અને તેથીજ તે બેચેની વચ્ચે એકલા પડી નીરાંતે વિચાર કરવાની આતુરતાને લીધે તેણે તે નોકરને ઉપલો હુકમ ફરમાવ્યો હતો, અને જ્યારે તે રોશનીની રેલમાં ડુબી રહેલા ઓરડાઓ અંધારા ગારમાં ગરક થયા, ત્યારેજ, જરા નવાબને નીરાંત વળેલી જણાઇ, અને ત્યારેજ તેને લાગ્યું કે તેણે પોતાનાં મનમાં ધારી રાખેલી એક યોજના અમલમાં મેલવાનો તે હવે બરાબર વખત હતો.

તેની યોજના શું હતી? આપણે તે થોડુંકમાં જોઇશું. બતી બુજવી સઘળા નોકરો સુવા ગયા એવી પોતાની ખાતરી કરી, પોતાના ખાસ નોકરનેબી રૂખસદ આપી તે પોતાના બેટા રેહેમત સાથે પાછો કમ્રેખાસમાં આવ્યો.

તેઓ બંન્ને ત્યાં એકલા પડતાં નવાબે ધ્રુજતે હાથે રેહેમતને બાજુમાંથી પકડયો અને તેને પુછયું, "બેટા રેહેમત, એક કુચ કરતાં લશ્કરની માફક એકેક પછી ચઢી આવેલી ઉપરાસાપરી આફતો તો તેં જોઇની? હવે મારો સડેલો મામલો જે અત્યાર સુધી તારીથી થોડે યા ઘણે દરજ્જે છુપયો હતો તે હવે તારી નજર સામે આઇના પેર ખુલ્લો થઇ ગયોછ, અને અત્યારમાંજ જો તત્કાળીક ઇલાજો લેવામાં નહીં આવશે, તો હું સદંતર નાશ પામીશ એ નકકીજ છે. ત્યારે હવે, બોલ, એ સઘળા બનાવોનો મગજપર ભાર લઇ તું સુઇ જવા તૈયાર છે?"

"એ સવાલજ કેવો, વ્હાલા પેદર? તમારો મામલો તંગ છે તે હું જાણુતો હતો, પણ તંગી તેનાં સઘળાં ધાટકી જોર સમેત તમારી આસપાસ ફરી વળી તમને આટલી હદ સુધી ઘેરી લેશે, એવી તો વકી મેં રાખી હતીજ નહીં—ત્યારે બોલો મારા વ્હાલા પેદર, કે તમને હું કયી રીતે મદદ થઇ શકશ? અને જે બનાવે મારી માદરની જીંદગીને જોખમમાં લાવી મેલીછ તે બનાવ પછી હું પુછુંછ કે બીજાં ત્રીજાં કામમાં તમારૂં મન રોકવા જેવી હીંમત તમારામાં બાકી છે?"

"આહ! ખુશીથી, બેહદ ખુશીથી. મારી વ્હાલી, જાનથીબી આલા બેગમનાં બીછાણા આગળ ઉભો રહી ખડે પગે તેણીની હું સારવાર કરૂં, પણ તેમ કરૂં તે પ્હેલાં આપણાં સરફરાજ ખાનદાનને માથે ચઢી આવેલું આ શીહા વાદળ કાંઇબી ભોગે મારે વિખેરી નાંખવુંજ જોઇયે."

"ત્યારે શું એ મામલો જીવ જવા જેવી બારીકીપર આવી ઉભોછ?"

"આહ! કમનસીબ છોકરા, જે વરૂં આપણાં બારણાંમાં–આપણા ઉંબરપર આવી ત્રાંપી રહ્યુંછ, તેને ત્યાંથીજ હાંકી કાઢયે તો તેમ અને નહીં તો તે જરા અંદર પેઠું તો શું પરીણામ આવશે તે હું કહી શકતો નથી. એક દજન માંગનારાઓ કાલે પોતાના બેલીફોને અતરે મોકળશે અને તેમ જો થયું તો–"

"ઓ! ત્યારે તો મને કહીજ દયો કે એ આફત–એ ભયંકર આફત કેમ ટાળવી? અને તે ટાળવાને મારે તમને કઇ રીતે મદદ કરવી? બોલો, વ્હાલા પેદર, કેમકે ઉંઘની મને જરૂર નથી, આ સાયશ મને હરામ છે અને–"

"ત્યારે તો અમસ્થી વાતચીતમાં આપણો કીંમતી વખત આપણે રોકવો જોઇતો નથી. હમણાં એક તો થઇ ગયોછ, એટલે મધ્ય રાતપર એક કલાક ઉપર થયોછ! પણ કાંઇ નહીં; તું ઘ્યાંથી કોઇ ન જોય તેમ સટી જા અને સાઅદતખાનને લ્યાં બોલાવી લાવ."

"તેને શું ભર રાતે જગાડું?"

"હું તને કહી ચુકયોની કે એક કલાક–અરે એક મીનીટ–હવે ખોહોવાનો આ વખત નથી? જલદી જા, મારા વ્હાલા બેટા, ઢીલ ન કર, અને તે લુચ્છા, મતલબી, લોભી વકીલને તું જઇને જો કેહેશે કે હું મારૂં સઘળું કામકાજ તેનીજ પાસે કરાવવા માગુછ, તો તેને તેનાં હુંફાળાં બીછાણાંમાથી ઉઠાડવા માટે જરાબી તે ચીરડાવાનો નથી."

"ઠીક છે, પેદર, હું હમણાંજ જાઉંછ." કહી રેહેમત ત્યાંથી બહાર નીકળવા જતો હતો, તેટલાં તેને અટકાવી નવાબ બોલ્યો, "પણ, જો, દીકરા, તારે કોઇ જાણે નહીં તેમ બહાર નીકળી જવું,

છું કે! બહારનાં બારણાંની ચાવી તું લેતો જજે. તું તેને લઇને આવે અને હું ત્યાં ન હોઉં તો હું જરા વારમાં આવીશ એમ તેને ખાતરી આપી બેસાડજે."

"ત્યારે શું તમેબી કેહેં જાવો છ?"

"નહીં; એ સવાલ પુછવાનું તારાં મગજમાં કેમ આવ્યું? તારા ગયા પછી હું મારા ઓરડામાં જઇ કાંઇ ખત પત્રો તૈયાર કરી રાખીશ, કે વખતે સાઅદતખાં તે જોવા માંગે તો તુરત હાજર કરવાને બની આવે-પણ વળી પાછા સોના જેવો કીમતી વખત ગુમાવતા આપણે ઉભા!" એમ બોલી ચીરડાટમાં નવાબે જમીનપર પગ અફાળ્યો.

તુરતજ રેહેમત ત્યાંથી નીકળી ચાલ્યો, અને થોડાજ વખતમાં આગલાં બારણાંની ચાવી લઇ છુપાછુપ તે બહાર સટી ગયો.

તેને આમ જવાને થોડો વખત ગયો નહીં કે નવાબ એક મોટો સાલો ઓઢી, આગલાં બારણાંની એક બીજી ચાવી લઇ રેહેમતની માફકજ ચોરી છુપીથી બહાર નીકળ્યો.

પ્રકરણ ૧૯ મું.

સાઅદતખાન વકીલ.

એક કલાકમાં નવાબ પાછો આવ્યો, અને ઘણીજ સંભાળ અને સાવચેતીથી તે અંદર દાખલ થયો કે ત્યાં ટાંગેલાં ફાનુસમાંની બતીનો ઉજાસ તેના ચ્હેરાપર પડયો, જે ચ્હેરો તદન ઉજળો પુણી જેવો હતો અને તેના હાથ એટલા ધ્રુજતા હતા કે તે બારણું પાછું બંધ કરી તેનીથી તાળાંને કુંચી વટીક ઉતાવળે નહીં દેવાઇ. પેલો સાલો તેણે આગલા હાલમાંજ કેહેં મુકયો અને તુરત પોતાના કલ્લેખાસમાં ગયો, જયાં જતાંજ રેહેમતને હજી આવી પુગેલો ન

જોઇ તેના ચહેરાપર સંતોષ પ્રગટી નીકળ્યો. રેહેમત આવ્યો હશે કે નહીં તે વિશે જે રીતે તે ચિંતાતુર થયો હતો તેપરથી ખુલ્લું દેખાતું હતું કે જે કામે તે ગયો હતો, ત્યાં, ધારયા કરતાં તેને વધુ વખત ખોટી થવું પડયું હોવું જોઇયે, અને તેથીજ જ્યારે પાછો આવતાં તેણે રેહેમતને પાછો ફરેલો નહીં જોયો ત્યારે તે કાંઇક ખુશી દેખાયો.

ઓરડામાં દાખલ થઇ તેનું બારણું અળગું બંધ કરી તેની છાતીમાં થતું તરેહવાર ગુસ્સાઓનું તુફાન જેમ તેમ દાબતો તે અહીંથી તહીં ફેરા ખાવા લાગ્યો. તેને પોતાને આવ્યાને અડધો કલાક થયો, પણ તેનો બેટો હજી આવ્યોજ નહીં, એટલે નવાબ વધુ અને વધુ બેચેન થવા લાગ્યો; ત્યારે એ ઉપરથી દેખીતું હતું કે પોતાને માથે ચઢી આવેલાં આફતનાં વાદળને વિખેરવા માટે તે સાઅદતખાં વકીલ ઉપરજ મોટો આધાર બાંધી બેઠો હતો.

આખરે કોઇનાં સંભાળ અને સાવચેતીથી પડતાં પગલાનો ધીમો અવાજ તેને કાને પડયો, કે તે તેની લટાર બંધ કરી એકદમ ઉભો રહી ગયો અને તે અવાજ કાન દેઇ સાંભળવા લાગ્યો. થોડે વારે તે બંધ બારણું ઉઘડયું અને સાઅદતખાં વકીલ રેહેમત સાથે અંદર આવ્યો.

સાઅદતખાનને તેણે બાઇજત આવકાર દીધો અને પછી રેહેમત તરફ ફરી તે બોલ્યો—

“અને હવે મારા વ્હાલા બેટા, તું તારા ઓરડામાં જા; કેમકે તુંને થાક ઘણી ચઢી હશે અને વકીલ સાહેબ સાથનું મારૂં કામ પુરૂં થતાં ઘણોજ વખત લાગશે.”

પોતાના બાપનું આ બોલવું સાંભળી રેહેમતના ચ્હેરાપર નિરાશી ફરી વળી. તે તો એમજ માનતો હતો કે તેને હવે

તેનો બાપ પોતાંના પુર વિશ્વાસમાં લેશે અને જે કામ માટે સાઅદતખાન વકીલને તે 'સાબેરગંજ' માં લઇ આવ્યો હતો તે કામમાં તેનો પેદર તેની મદદ ખુશીથી લેશે. ત્યારે પોતાના બાપનું ફરમાન આવી તજવીજથી બજા લાવ્યા પછી તેનો બાપ તેની ઉપર એ રીતે અવિશ્વાસ બતાવે તે વિચારથી તે ઘણો દુઃખી થયો.–વળી તે એમઓ સમજતો હતો કે જે કામકાજ સરફરાજ ખાનદાનના તંગ થયલા મામલાનો નિર્ણય કરવાનું, તે કામકાજમાં તેણે તેના એક પુરા વારેસ તરીકે લાભ લેવોજ જોઇયે.

એ સઘળા વિચારોની ખેંચતાણ અને તાસવીસ તેના ચ્હેરાપર પ્રગટી નીકળી, જે જોઇ તેનો બાપ કાલાવાલા કરતો બોલ્યો.–

"મારા વ્હાલા બેટા, હમણાં તો તું જા અને ત્યાં બનતી સઘળી બીનાથી તુંને કાલે સહવારે હું વાકેફ કરીશ; હું તુંને અરજ ગુજારી કહું છું કે અમને બેઉ જણને ત્યાં જરા એકાંતમાં વાત કરવા દે."

નવાબનાં આ બોલવા પછી તુરતજ રેહેમત ત્યાંથી જતો રહ્યો અને જેવું તેની પછવાડે બારણું તેણે બંધ કીધું કે એક ખુરસી આપી વકીલને બેસવા તેણે અરજ કીધી અને બીજી પોતે ખેંચી વકીલની સામે પોતે ગોઠવાયો.

સાઅદતખાન વકીલ લગભગ પચાસ વર્ષની ભરતીમાં ભરાયલો કઠોર અને ઘાતકી ચ્હેરાનો આદમી હતો. તેના ચ્હેરાપર અત્યારથી વળી ચુકેલી કેટલીક કરચલીમાં પૈસો એકઠો કરવાની હાયહાય અને ખેંચતાણ પ્રગટ દીસતી હતી. તે ઠંડો, ગણત્રીબાજ અને સખત સ્વભાવનો હતો. તેનાં મનની કીલેબંદી એટલી મજબુત હતી કે ગમે તેવી રીબતી ગરીબી યા કકળતી કાકલુદી તે ઉપર કવચીતજ અસર કરી શકતી. તે હુસ્યાર અને ચંચળ હતો તેમજ વકીલના ધંધામાં ગબ્બર થવા માટે જે દાવપેચ અને કળા કુનેહ જોઇયે તે સઘળાં

તેની સાથે સાથેજ તેનામાં કુદરતી જનમ પામ્યાં હતાં, એટલે તેને ત્યાં ઘરાકોની રેલ હતી, જે ઘરાકોથી એક ઘણી મોટી દોલત તે જમા કરી શકયો હતો. તેની પાસે દોલત જમા થઇ કે તે બાબતની તેની લાલચ જરા સમી અને તેનામાં બીજી એક લોભની લાગણી ઉભરી નીકળી અને જે વખતે તેને અમે વાંચનાર સનમુખ તેના ખરા આકારમાં ઉભો કર્યો છીયે તે વખતે તે પોતાની હમણાં સુધીની કુંવારી હાલત છોડી પરણેલી હાલતમાં જવાનો વિચાર કરી ચુકયો હતો. તેની જીંદગીમાં તેનો એ લોભ પહેલોજ હતો કે જેમાં પૈસા જમા કરવાની હોંસનું જરાબી તત્વ સમાયું ન હતું. તેને સારી રવેશે માલમ હતું કે તેના જેવા એક વંઠેલ અને કસરેવજ જાહેર થયલા વકીલ સાથે ઉંચ કુળની જરદાર બાનુ સદાની જોડાઇ તેની ભાગ્યણુ થવાને તો ઘડીભરબી તઇયાર નહીંજ થવાની, એટલે કરજે બાઇ નાખેલાં ખર્ચો ખરખર થઇ ગયલાં એકુ ખાનદાનની બેટી તેણે શોધવા માંડી હતી.

તે ઠીંગણો પતલો અને કમરેથી કાંઇક વળેલો હતો; તે છેકજ કદરૂપો કે બેડોલ તો હતોજ નહીં, તેમ તેનો ચહેરો એવોબી નહીં હતો કે તેને જોનાર તેની તરફ કાંઇ ભાવથી ખેંચાઇ આવે. રીતભાતમાં તે કઠોર અને હલકત હતો, અને તે છતાં પોતાની રીતભાત અને ચાલચલણને પોતાનાં કુલોને અને આવી લાગેલા વખતને અનુસરતી કરી શકતો હતો. વકીલ તરીકેની તેની ધીકતી હાલતે તેને તુંદ અને તુમાખી બનાવી મુકયો હતો અને પોતાની દોલતને લીધે તે ભીજાજી અને મગરૂર બન્યો હતો. તે પોતાના પેહેરવેશમાં બી ટચાક અને ઇત્તર હતો અને છેલ્કી દેખાવા માટે પુરતી થઇ પડે તે કરતાં પણ વધુ જીણસો પોતાનાં બદનપર તે લટકાવી નીકળતો.

એવો તે સાઆદતખાં વકીલ હતો, જેની અમે આટલી બારીક તપાસ લીધી છે, કેમકે, આપણી વારતાના તખ્તાપર તે ઘણા ઉપયોગી ભાગ ભજી બતાવનાર છે.

પણ ત્યારે એવાં આદમીને એવડી રાત્રે બોલાવવામાં નવાબની શી મકસદ હતી?

તે આપણે આવતાં પ્રકરણમાં જોઇશું.

પ્રકરણ ૨૦ મું.

મોતનું વારંટ.

બેસ્તાં વાર વકીલે નવાબ સાહેબની માફી માંગી કે જે વેળાં રેહેમત તેને તેડવા આવ્યો તે વખતે તે પોતે કોઇ મજલીસમાં ગયલો હોવાથી તેનાથી તુરતાતુરત આવવાને બન્યું નહીં, અને તે પોતાના સઘળા ભપકા ભરેલા ઠાઠમાંજ ત્યાં આવ્યો હતો, તેપરથી તેનું બોલવું નવાબ સાહેબને ખરૂંજ લાગ્યું.

"આંજ રાતે અત્રે બનેલા એક ભયાનક બનાવની રેહેમતે તમને ખબરતો આપી હશે?" નવાબે તેને પુછ્યું.

"હા, મહેરબાન સાહેબ અને તે બનાવ તરફ મારી ખરા દિલની દિલસોજી છે એમ નક્કી માનજો. આહ! તે બીચારી, કેવી ખુબસુરત—કેવી સોહામણી! એવી એકને તમો પરણેતર દાખલ ધરાવવામાં મગરૂર રહો તેમાં શું નવાઇ? પણ એમ કોણ માને કે અનવર તેણીનું ખુન કરે! અને તેણીનું ખુન કરવાની અનવરને મતલબજ શું હોય? કદાચ એક ઘડીનાં ઘેલાપણાંમાં એમ તેણે કીધું બી હોય, યાતો, તેની તરફથી બેગમ સાહેબને થયલું કાંઇ અપમાન તેણીએ તુચ્છકારી કાઢયું હોય, તેના આંધળા અવેશમાંબી તેણે એમ

કીધું હોય ! પણ પેલા બાપટીસ્ટાની મુલાકાત માટે હું આશા રાખું છું કે તમે મને ઠપકો આપશો નહીં; કેમકે મારે માટે મારી તરફેણમાં બાકી રહેલાં તે એકના એક પગલાંથી—"

"સાઅદતખાન, મેહેરબાની કરી તે વિશે તમે મને પ્હેલે બોલવા દેશો ?"

"તમે જ્યાં સુધી પુરતું બોલી નહીં રેહેશો ત્યાં સુધી એકબી બોલ હું બોલવાનો નથી" સોનાની એક દાબડી કાઢી તેમાંથી તપખીરનો એક મોટો ચમટો ભરી સુહુરાકો લેતાં તે વકીલ બોલ્યો.

"તમને માલમ હશે કે, આવતી કાલે મારા કેટલાક માંગનારાઓ મારી ઉપર ઉલટનાર છે; એ વાત તમને ખબર છે એમ મને તમારાજ બેલીફે કહ્યું. હવે કેટલાક મહીનાની વાતપર તમે મારી સાથે ચોક્કસ શરતો સાથનું લખાણ કરવાની અણીપર હતા કે જે લખાણની રૂએ હું મારી તે વખતની મુસ્કેલીમાંથી છુટું તેમ હતું; તે વખતે મેં તે લખતમાંની તે શરતોને તુચ્છકારી કાઢી—તુચ્છકારી કાઢવાની મેં મુરખાઇ કીધી હતી, અને તે શર્ત તેમાં નાંખવા બાબે મેં તમારી તરફ મારો ધિકાર વટીક જાહેર કીધો હતો, જેને માટે આજે હું તમારી પાસે માફી માગું છું, તે [illegible] તમારૂં કરજ [illegible] કરવા માટે થોડાક કલાકની વાતપર તમે ભરેલાં પગલાંથી તમારૂં [illegible] રતો વળી ગયલું હું સમજું છું."

"એ વેર વાળવાની બાબદ હતીંજ નહીં, મુરબી સાહેબ; હું જેઓ કામ કરૂં છું, તેમાં મને થતા લાભને લગતા વિચારો સીવાય બીજી ભલતી લાગણીને હું કદી શરણ થતોજ નથી; વેર લેવા જેટલો હું નીચ છું કે વેર નહીં લેવા જેટલો હું ઉંચ છું તે હું કહી શકતો નથી. એટલું કેહેવું ખાસ થશે કે, વેર તો હું કોઇપર લેતોજ નથી. હા, એટલું હું કબુલ કરૂં છું કે તમારી તરફ તમને ઘેરવાને ખેંચાઇ

આવતી બીજી આફતોની મને જાણ થતાંજ તેઓમાં પહેલો મરતબો પામવાને મેં એ પગલું લીધું "

"હું જાણીને ખુશીછું, ત્યારે, કે તમારી લાગણી મારી તરફ વેર લેવા જેવી નથી. ત્યારે થોડા મહીનાની વાતપર મારી પસંદગીને માટે તમે લખી મોકલેલી શર્તને માટે મેં તમને શું કહ્યું હતું તે તો તમને માલમ હશે ?"

"તમો તે વાંચી ઘણા અચરત થયા હતા, કે મેં એવી બેહાઇ અને એવી છુટ લેવાની હીમતજ કેમ કીધી હતી."

"નહીં, નહીં, તમો અંદરખાનેથી ધારોછ તેવી મતલબ મારી હતીજ નહીં, મેં તો તમને તે વખતે જણાવવા માંગ્યું હતું કે મારો બેટો—"

"તમે તે વખતે જે જણાવવા માંગ્યું તે મને બરાબર યાદ છે" વકીલે પોતાનાં ઘડીયાળના છેડા સાથે રમત કરતાં કહ્યું "તમે તે વખતે મને સમજાવવા માંગ્યું કે તમારો બેટો થોડાજ વખતમાં ઉંમરે આવતાં તમારાં ખાનદાનનાં નામ પર ચઢાવેલી સઘળી જમીન જાગીરને તે બાધમાંથી છોડવી નાંખવામાં તમને મદદ કરશે અને તમારા માગનારાઓને એવી જામીનગીરી આપશે કે તેઓ દરેક વાતે સંતોષ પામશે અને તેના જવાબમાં હું એ તકરાર લઇ આવ્યો હતો કે, જ્યારે તમે તમારા પેદર સાથે મળી એ જાગીરોનો મોટો ભાગ છોડવી નાંખેલો હોવાથી તમારા બેટા માટે હવે છોડવવાનો એટલો નાનો ભાગ બાકી રહેલોછ કે તેમાંથી જવલેજ તમારા બધા માંગનારાઓને પુરેપુરૂં મળી શકે. અને હવે તમે પાછળથી લીધેલી તપાસનું પરીણામ કાંઇ જુદુંજ જાહેર થયું હોય તો તમે મને કહો."

"તેથીજ ઉલટું, સાઅદતખાન, બારીકીથી તપાસ કરતાં તો તમારી તે વખતની તરફ ખરી પડીછ."

"ત્યારે તો તમે જે તમારા પેદર સાથે મળીને કીધું તે હવે તમારો બેટો ઉંમરે આવ્વાથી તમારી સાથે મળીને કરવા જાય તો સઘળી જાગીર, જમીન અને માલમીલકતની હરાજી કરવીજ પડે અને સરફ્રરાજ ખાનદાન નાશ પામે, ખરૂં કેની?"

"હા, એમજ છે" નવાબે ગુંગળાતે સાદે કહ્યું.

"ત્યારે તો એ આફતમાંથી ટળવાનો તમારે માટે એકજ રસ્તો છે, અને તે એ કે જેમ બને તેમ કાંઇબી રસ્તે અને કાંઇબી ભોગે એવી એક રકમ મેળવવી કે જેમાંથી ઘણાજ અધીરા બનેલા માંગનારાઓનું બી પટાવી શકાય અને તેમાંથીજ તમારી જાગીર જમીનની હાલતનેબી સુધારવાનું તમને ફાવે, કે જેથી તે જમીન જાગીરની ઉપજ એટલી બોહોલી થઇ જાય કે તેમાંથી તમારૂં પોષણ થાય અને મારગેજ રાખનારાઓને તે વ્યાજ પણ આપી શકાય." અને નવાબની થઇ પડેલી આ હાલતને તેના ખરા આકારમાં ખુલી કરતાં વકીલે તપકીરનો એક બીજો સુહુરેકો ખેંચ્યો.

"તમે જે સાર ખેંચ્યો તે વાજબીજ છે." નવાબ બોલ્યો, "જો બે વર્ષની મુદત માટે મને પાંચથી સાત લાખ રૂપ્યા મળે તો હું બચું તેમ છે."

"યા અલ્લાહ! એ રકમ તો બહુજ મોટી કહેવાય, પણ, તમે કયી રીતે ત્યારે મારી મદદ ઉપર આધાર રાખોછ?" વકીલે પુછ્યું.

"ત્યારે, તમે થોડાક મહીનાની વાતપર મારી પસંદગી માટે રજુ કીધેલી શરતોનો કાંઇ પાછો ખ્યાલ કીધોજ નથી?"

"નહીં; મારા મેહેરબાન, મને તેવો કાંઇ વિચાર પાછો આવ્યોજ નથી, પણ બે વર્ષને માટે નાણું ઉછીકાં લેવા સાથે તે શર્તને તમો મેહેરબાન કયી રીતની નીસબત ધરાવતી ધારી શકોછ? તે વખતની મારી તમો જોગી દરખાસ્ત સાદી અને સ્હેલી હતી.

મેં તમારા હાથમાં વગર પાવતીએ, વગર જામીનગીરીએ, વગર સહી શાખે પાંચ લાખ રૂપયા મુકવા માંગ્યા અને તેને બદલે મેં એવી એક શર્ત કરવા માંગી કે—"

"હા, હા, તે શર્ત મને યાદ છે." જાણે વકીલ કાંઇ અણગમતું બોલવા જતો હોય તેમ તેને ઉતાવળે અટકાવી નવાબ બોલી પડયો, "મેં તે વખતે તમારી તે શર્તમાં એટલોજ સુધારો કરવા ચાહ્યો હતો કે તમારે મને બે વર્ષની મુદત માટે મારી પોતાની જામીનગીરીપર તે રકમ આપવી, જે રકમ જો હું તે બાંધી મુદતમાં ભરવા નહીં પામું તોજ તમારે પેલી શર્ત બજા લાવવાની મને ફરજ પાડવી અને—"

"બે વર્ષ—બે વર્ષ." વકીલ બડબડયો, "મુદત બહુ લાંબી કહેવાય, કેમકે, પચાસ વર્ષનો તો હું હાલ છું—અને—પાંચ લાખ રૂપ્યાની રકમબી ઘણી મોટી છે, અને દિલમાં ઘણુંની સાંતી રાખેલી ઉમેદ બર લાવવાનાજ બદલામાં તે કાઢી આપવાની કોઇને લાલચ થાય. વારૂં, નવાબ સાહેબ, મને જરા વિગતે સમજાવશો કે તે મુદત પછી મારી આપેલી રકમ ભરી દેવાનો સંભવ કેટલોક છે કે જેથી મારી પેલી શર્ત મારીથી બજાવી નહીં શકાય?"

"હા, તેમ હું કરીશ. મને જે પાંચ લાખ રૂપ્યાની રકમ મળે તેમાંથી ત્રણ સાડા ત્રણ લાખ તો કેટલાક મારો નાશ કરવાને બજીદ થઇ બેઠેલા માંગનારાઓને જશે. બાકી દોઢ બે લાખ રહેશે તે મારી જમીન, જાગીર અને મીલકતને સારા પાયાપર મુકવાને કામ લાગશે અને અલબત મને ખબર છે કે તે મારી મીલકતો જે મને આવક આપશે તે કાંઇ એટલી બોહોળી નહીં થશે કે જેમાંથી હું મારો ગુજારો કરી મારા મારગેજીઓને વ્યાજ ભરી શકીશ; મગર, મને જે ઉમેદ છે તે એ કે તેટલા અરસામાં મારી એક

બેટી કોઇ જરદાર જવાન સાથે પરણી જશે, જે જવાન મારી એટલી અડીભીડી સાચવી લેવાને ના નહીંજ કહેશે."

"મને આટલી વિગતે સમજ પાડવા માટે હું તમારો ઉપકાર માનુંછ. ત્યારે જાણે તમે તો તમારી મતબલ પાર પાડવા માટે મને એક તુચ્છ હથ્યારજ—"

"નહીં, નહીં, નહીં." નવાબ બોલી પડયો, કેમકે, તેનેબી જણાયું કે જરા વધુ ખુલાસાથી બોલતાં વકીલને ચટકો લાગે તેવું તેનીથી કહેવાઇ ગયું હતું. "હું એ બધું બોલી તમને સાબેતી આપવા માંગુંછ કે બેઉ રીતે જોતાં તમારાં નાણાં અને મારી જામીનગીરી સલામત છે."

"કબુલ કીધું!" તે વકીલ બોલી ઉઠયો, "ત્યારે મેં અસલ રજુ કીધેલી દરખાસ્તમાં તમે તમારો મનમાનતો સુધારો કરવાનું વાજબી વિચાર્યું છે, તો હવે તમે રજુ કીધેલા સુધારા સાથની શર્તમાં મને મારો ફેરફાર કરવાની રજા છે?"

એટલું બોલી, નવાબનો જવાબ મેળવ્યા વગર તે વકીલ એક તેબલ આગળ ગયો અને તે જે શર્ત કરવા માંગતો હતો તે એક કાગળના તાવપર ચીતરવા બેઠો.

તે એમ રોકાયલો હતો તેટલાં નવાબ ઉસ્કેરાયલા જીવે ઓરડામાં આમતેમ ફરવા લાગ્યો અને પા કલાકમાં તો તેણે દજન વખત ઘડીયાલમાં જોયું. આખરે વીશેક મીનીટ એમ નીકળી જતાં વકીલે કલમ બાજુ મુકી અને તે કાગળ નવાબના હાથમાં આપયું.

આખે આંગે ધુજતાં તેણે તે કાગળ વાંચવા માંડયું અને જેમ તે આગળ વધતો ગયો તેમ તેનો ચેહેરો કુમળાઇને ફિકકો મારતો ગયો, અને તે એકદમ ઉજળો પુણી જેવો થઇ જતાં તેણે તે હાથમાંનું કાગળ ફેંકી દીધું અને બોલી ઉઠયો, "હું કદીબી એ શર્ત કબુલ કરનાર નથી. એ શર્તનું ખત કે મારા મૌતનું લખત!"

"એમજ છે, ત્યારે, તો હવે હાંથી રૂખસદ લેઇશ, સલામ અલૈકુમ." અને આટલું બોલી વકીલ બારણા તરફ ગયો અને તે ઉંઘાડી બાહાર જાય તેટલાં નવાબ તેની તરફ ધસી ગયો અને તેને તેમ કરતો અટકાવી બોલ્યો.

"થોભ !—એટલું ઉતાવળે આપણે છુટા નથી પડવું, આપણે ધીરજે જરા વિચાર કર્યે."

"જેમ મરજી, સાહેબની." વકીલ પાછો પોતાની ખુરસીપર બેસતાં બોલ્યો.

"ત્યારે આ શર્ત તારી સેવટની કે?" નવાબે તે કાગળ બતાવી પુછ્યું.

"જો નાણું હુંજ આપીશ એમ હોય તો એ શર્ત મારી સેવટનીજ સમજવી."

"સાઅદતખાન, તું મારી નબલાઇનો ઘણો અણઘટતો લાભ લેયછ. તું તો એ શર્તથી સદંતર મને તારા સકંજામાં સીકડી લેયછ, જાણે એ શતથી તો મારી બે ચહેરેનમુન બેટીઓનાં કીસમતની કીસ્તીનો સુકાની તુંજ થઇ રહેછ. અરે! સાઅદતખાન, જરા થોભ, જરા વિચાર કર, અને જે એકજ કલમ બાબે આપણુને મતફેર પડયોછ તે કાઢી નાંખ, તે ફેરવી નાંખ, તે જરા નરમ કરી નાંખ!"

"મેં પુરતો વિચાર કરીનેજ એ કલમ નાંખેલી છે, અને જ્યાં સુધી મારે તે ઉપર વિચાર કરવાનો છે ત્યાં સુધી મારે તેમાં કાંઇ ફેરફાર કરવાનો રહ્યો નથી."

"કમ્બખ્તી, પુરી કમ્બખ્તી!" અને હાં કપાલે હાથ અફાળી નવાબ પાછો ઓરડામાં ફરવા લાગ્યો; પછી એકદમ ઉભો રહી જઇ વકીલ તરફ એકી ટગરે ટીકતો તે બોલ્યો, "અને હું જો એ શર્તો કબુલ કરૂં તો મને પૈસા કયારે મળશે?"

"સહવારના નવ વાગતામાં." પોતાની જીત થતી જોઇ મનમાં મલકાતો વકીલ બોલ્યો.

"એવી બીજી કોઇજ શર્ત નથી કે જેના બદલામાં મને તારા તરફથી નાણું મળી શકે?"

"હું જાણુંછ ત્યાં સુધી કોઇજ નહીં." ઠંડેપણે વકીલે જવાબ દીધો.

"વારૂં મારી અને રેહેમતની ભેગી જામીનગીરીપર માત્ર લાખ બે લાખ તું ધીરી શકશે?"

"એક પૈ નહીં, હુઝુર સરકાર, એક પૈ નહીં."

"ત્યારે તો હું તારી શર્ત મંજુર રાખુંછ; બરાબર નવ કલાકે, સાઅદતખાન, પૈસા લેઇને તારા આવ્યાની હું રાહ જોઇશ."

"અને સાથે સહી કરવા લખતબી લઇ આવીશ, હમણાં જતાંને વાર સુવા બદલ હવે બાકી રહેતી રાત તે ઘડી કાઢવામાં રોકીશ. તેપર શાક્ષીની શાખ કરવા મારા એક મુનશીને લઇને આવું?"

"હા, હા, આવજે." જાણે બેશુદ્ધ થઇ જવાની અણીપર હોય તેમ નવાબ બોલ્યો, "ચાલ જા હવે."

"સલામ અલેકુમ, નામવર સરકાર!" એટલું બોલી વકીલે ત્યાંથી ચાલતી પકડી.

પ્રકરણ ૨૧ મું.

નવાબની તાકીદ.

સહવારે સાડાઆંઠ વાગે નવાબ પોતાના સુવાના ઓરડામાંથી બાહાર આવ્યો, અને બેગમના ઓરડા આગળ જઇ તેનું બંધ બારણું ધીમેથી ઠોક્યું, કે તુરતજ તે ઉંધાડી દાસી ગુલનાર બાહાર

આવીને ઉભી. તેણીએ નવાબને જોતાંજ પોતાના હોથપર આંગળું મુકી એવું જણાવવા માંગ્યું કે બેગમ સુતેલી હોવાથી કાંઇ ગડબડ કરી તેણીને જગાડવામાં જોખમ હતો, જે ઉપરથી નવાબ તેણીને ઇશારતથી એક બીજા ઓરડામાં તેડી ગયો.

"ગુલનાર, હમણાં બેગમ સાહેબની તબ્યત કેવી છે?" તે ઓરડામાં બન્ને એકલાં પડતાં નવાબે પુછયું.

"બેગમ સાહેબે ઉંઘ સારી કાઢીછ, હુઝુર." ગુલનાર બોલી, "અને તમો સાહેબને માલમ છે તેમ એક તબીબ તેણીની આગળ આખી રાત હતો; હમણાં પાછલી રાતે છેક ચાર વાગે તે ગયો, અને બેગમ સાહેબને આમ એકલી મુકી જવાનું જ્યારે તેણે દુરૂસ્તજ વિચાર્યું છ તો આપણે અનુમાન કરી શકયે કે તેણીની હાલત કાંઇ સુધરતી જતી હોવી જોઇયે."

"અને તું તો તારી બાઇ સાહેબ આગળ હાજર હંમેશાજ રેહેશેની?"

"હા, મેહેરબાન, બનતાં તુલીક જરાબી ખસ્યા વગર તેવણુની આગળનું આગળ રેહેવાની મારી તો ફરજજ છે."

"ઠીક!" નવાબ બોલ્યો, "તું ઘણી ભલી છે અને તારી ઉપર મને વિશ્વાસ છે, તેથી મારી ઘણીજ મરજી છે કે તેવણુની આગળ બનતાં સુધી તુંજ રેહ, કેમકે, તારા જેવી અનુભવી અને સર્વ કામમાં ચતુર દાસીની બેગમને તેની આવી બીમારીમાં ઘણીજ જરૂર છે; અને તારી તેવી નોકરીનો બદલો તુંને પુરતો મળશે એ વિશે ખાતરી રાખજે. રાત અને દીસ, ગુલનાર,- તેની આગળ તું ખડે પગે રેહેજે અને ગમે તે થઇ જાય તો પણ તારી જગ્યા તું કોઇને ના આપતી એવો મારો હુકમ, મારી મરજી, મારી અરજ છે, તું સમજી?"

"હા હજુર, હું તમને ખાત્રી આપું છ કે મારી બાઇ તદન ધાસ્તીમાંથી મોકળાં થાય નહીં ત્યાં સુધી હું તેણીને કોઇ બીજાની સંભાળ કે બીજીને આશરે કદી છોડનાર નથી."

"બરાબર, એજ મારૂં કહેવું છે, અને મારી જે ખાસ તાકીદ છે તે એ કે જેવી તેવણુની બોલવાની વાચા પાછી આવતી દેખાય કે મને તે વિશે ખબર આપવા દોડી આવજે."

"વારૂં જી. તમારી એ ખાસ તાકીદ હું ધ્યાનમાં રાખીશ."

"જોની તું તેની સારવારમાં હંમેશ સાવચેત રહેજે એમજ મારૂં કહેવું નથી, પણ, તેવણુને બોલવાની શક્તિ પાછી આવતાંજ તેવણુ જે કાંઇ બડબડે કે બોલે તેવોજ મને તેડાવી મંગાવજે."

"તમારૂં ફરમાન, સાહેબ, હું બોલેબોલ બજા લાવીશ." અને નવાબ તેણીને ઇનામથી નિવાજી નિહાલ કરવાનું ફરીથી વચન આપી ત્યાંથી ચાલ્યો ગયો અને ગુલનાર પોતાના અંગોઠાપર ચાલતી બેગમના ઓરડામાં પાછી દાખલ થઇ.

"આહ! તેણીના હોઠ જરાક ફડફડતાં જે પહેલા બોલો બહાર પડે તે પોતેજ જાણી લેવાને નવાબ સાહેબ આતુર રહે તેમાં કાંઇ અજબ થવા જેવું નથી." બેગમના ફિક્કા પણ ખુબસુરત ચહેરાને નિહાળતી ગુલનાર મનસે બબડી, "આ બનાવ કોઇ ભેદનાં વળાંમાં વિંટળાયલો છે, અને પોતાની ખુબસુરત મોહોરદારને માટે તે વ્હેમી અને અદેખો બની રહ્યોછ. શું સૌદાગર અનવરખાંએ તેણીને નહસાડી લઇ જવા માગી હશે? અરે! એ બીચારી તો ખરેખરજ નિર્દોષ હોવી જોઇયે!--અને તેના ખુનીએ જીવપર આવી જઇ આ કરમ કીધું હોવું જોઇયે. હાલ એ બનાવનો ખરો સબબ એજ હોવો જોઇયે. બધાં કહેછ કે અનવરખાંએ નવાબ સાહેબને ખુબ પૈસા ધીરેલા છે;--ને ઘરમાં

અનવર બધાં સાથે હળી મળીબી ઘણોજ ગયલો હતો, પણ મેં તો કોઇ વખતબી તેની અને બેગમની વચ્ચે જરાબી આડો વ્યવહાર જોયોજ નથી; ઉલ્ટું, જ્યારે મેં જોયું છ ત્યારે તો અનવર બેગમ તરફ ઘણુંજ માનથી વરતતો હોય તેમ મને લાગતું હતું; વળી રેહેમત જે બેગમ સાહેબનો બેટો નહીં, તેની ઉપરબી અનવરનો કેટલો પયાર? અને આ બનાવ બન્યો ત્યાં સુધી તો તે આખા ખાનદાનનો એક દિલસોજ દોસ્તજ હતો, પણ બેગમ સાહેબનાં મોંહમાંથી પડતા પહેલા બોલ પોતેજ સમજવાને નવાબ સાહેબ આતુર છેની? નહીં, સાહેબે કશામત, એવું કાંઇ બનશે નહીં! તેવણ જે પહેલો સોખન કાઢશે તે તો નેકનામ બાતું ગુલનાર નામની એક ઔરત સાંભળશે, અને તે હું પોતે! જો એ બધા બનાવમાં કાંઇબી ભેદ જેવું હશે તો તે હું કોઇબી રીતે જાણી શકીશ."

* * * * * * * *

ગુલનારને છોડી નવાબ નીચેના હાલમાં ઉતરી ગયો, જ્યાં તેને રેહેમત મળ્યો. સલીમાની તબ્યત જરા સુધરી હતી પણ તે પોતાનો ઓરડો છોડી શકી નહીં હતી, અને નુરજહાં પોતાની બેહેનની આગળ હોવાથી નવાબ અને રેહેમત બંને એકલાજ હતા; અને બેઉ જન એકમેકને જોઇ જરા ઓસકાયા કીધા, કેમકે જેમ રેહેમત ગઇ રાતનું તેના પેદરથી પોતાને થયલું અપમાન ભુલ્યો નહતો, તેમ તેના બાપે તેને સહવારે બધી વાતથી વાકેફ કરવાનું તેને આપેલું વચન નવાબને યાદ હતું, કે જેવી રીતે તેને વાકેફ કરવાની તેની મરજી હતીજ નહીં.

"મેહેરબાની કરી મને જણાવશો," રેહેમતજ તેઓ વચ્ચેની ચુપકીદી તોડી બોલ્યો, "કે ગઇ રાતની વકીલ સાઅદતખાન સાથની તમારી ખાનગી વાતચીતનું પરીણામ સંતોષકારક આવ્યું કે? હું

ધારૂં છ કે સરફરાજ ખાનદાનની કાંઈબી બાબદમાં મારો થોડો ઘણો લાભ સમાયલો હોવાથી એ સવાલ પુછવાનો મારો હક તમો પેદર ના પાડી શકશો નહીં."

"મને એ સવાલ પુછતાં એવી ટકોરની ઢપ વાપરવાનું કાંઈ કારણ, રેહેમત? તને 'થોડો ઘણો લાભ' કાંય? અલબત તારો લાભ તેમાં મોટે ભાગે—"

"અને તેથી હું સમજી નથી શકતો, સાહેબ, કે તે ગુજગુજમાંથી મને શા માટે બાકાત રાખવામાં આવ્યો?"

"રેહેમત, તારી સાદી સમજ તને કહેશે કે એક બેટાના દેખતાં એક બાપને પોતાના ઉડાઉપણાંની, પોતાની મુરખાઈની, પોતે કીધેલી ગંભીર ભુલોની વાતો કરતાં કેટલું હીણું અને કેટલું નબોઝું લાગવું જોઈએ. એ નામોસીમાંથી મને બચાવવા તું તારી મેળે બાહાર ન ગયો એટલે તને તેમ કરવાની ફરજ પાડવાનું મેં ઘટતું જોયું."

નવાબના આ મજબુત બચાવથી રેહેમતપર જોઈતી અસર થઈ ખરી, અને રેહેમતને એ સઘળું નવાંજ રૂપમાં દીસવા લાગ્યું. હવે તેને લાગ્યું કે એ બાબદમાં તેના બાપના વાંક કરતાં તેની ભુલ વધારે હતી અને એમ તેની ખાતરી થતાંજ તે લજવાઈ ગયો.

"માફ કરજો, વ્હાલા પેદર, મારી એ ચાલ માટે હું ઘણો દલગીર છું." રેહેમત નવાબનો હાથ લઈ તેનું ચુંબન કરતો બોલ્યો.

"હવે એ વાત લંબાવવામાં સાર નથી, બેટા, અને તને કહેવાને હું ખુશી છું કે વકીલ સાથની મારી મુલાકાત મારી ધારણા મુજબ સંતોષકારક નીવડીછ. હાલને કાજ તો માથે ચઢી આવેલું વાદળ વિખરાઈ ગયું છ.

"એ ઘણી ખુશીની વાત છે!" રેહેમત બોલ્યો અને એ વખતે તેનો ચહેરો કાંઇક ખુશાલીથી ખીલી નીકળ્યો, "અને મારી વ્હાલી માદરની તબ્યતભી જરાક સુધરતી જાયછ એમ તમોને ખબર આપતાં મને પણ ખુશાલી ઉપજેછ; મગર, વ્હાલા પેદર, એક હીચકારા ખુની માફક વર્તવાને સોદાગર અનવરને શું કારણ મળ્યું હશે?"

"એણે તે કાંઇ ઘેલાપણાની એકું ઘડીમાંજ કીધું હોવું જોઇયે; તને ખબર નથી કે ઘણીક વખત એજ અનવર તરેહવાર જુસ્સાઓને તાબે થઇ જતો દેખાતો હતો? અફસોસ! મારા પ્યારા રેહેમત, તે બીચારો ઠપકા કરતાં દયાને પાત્ર વધારે છે, અને હુંજ જ્યારે તેને એવા ગુનાહમાંથી મુક્ત કરવાને તૈયાર છું ત્યારે તારે અને તારી બેહેનોએભી તેના એ ગુનાહને તેવીજ નજરે જોવો જોઇએ છે."

"વ્હાલા પેદર એ કામ જે બેશક એક નીચ અને પાપી કામ ગણાવું જોઇયે તેને એટલા નરમ આકારમાં લેવાને આપણી પાસે મુસ્તકીમ સબબો છે, તેથી તો હું ઉલ્ટો ઘણોજ ખુશી છું. હું તો અનવરખાંને મારા એક ઘણાજ માયાળુ અને દિલસોજ રફીક દાખલ ચાહતો આયોછ, અને તે મને ઘણીજ ઉમદા ભેટો કરતો રહ્યો હતો તે વાતથી તમે પણ અજાણ નથી; પણ, જાણે તેની તરફની એ મહેરબાની મારી તરફના તેના ચાહની ગવાહી તરીકે પુરતી ન હોય, તેમ તેણે વળી મને ખાતરી આપી હતી કે તેનાં વફાત બાદ તેની મોટી દોલતનો મને તે વારસ કરી જશે. તેની તરફની આવી ઉદાર વરતણુંક મારાં મગજપર તેને માટેનો ઉમદા ખ્યાલ બેસાડયા વિના રહે? અને તેથીજ તેને એક ખુની તરીકે હીણવા હડસેલવાને બદલે જ્યારે તેનું એ કામ તમારી દિલસોજી અને દયાનેજ પાત્ર તમો ગણોછ ત્યારે મને ઘણોજ સંતોષ અને ઘણીજ ખુશી પેદા થાયછ."

"અને તેવો તે છેજ, રેહેમત," નવાબ બોલ્યો, "અને નુરજહાં અને સલીમાને પણ તેનું એ કામ આપણીજ નજરથી જોવાને તું શીખવજે, અને તેહેસીલીમાં જઇ એ કીસમનો ખુલાસો કરવાને હું સાઅદતખાં વકીલને સોંપનાર છું, જે ખુલાસાને ટેકો આપવાને મારી તરફથી તું તારી અંગત હાજરી આપજે."

"તે ફરજ હું ઘણી ખુશી સાથે બજાવીશ, વાહલા પેદર."

તેજ વખતે એક નોકરે આવી ખબર આપી કે સાઅદતખાન વકીલ પોતાના વડા મુનશી સાથે આવયો હતો અને નવાબ સાહેબના કમ્રે ખાસમાં તેવણુની રાહ જોતો બેઠો હતો.

"તું અમારી આ મુલાકાત દરમ્યાન હાજર રેહવા માગેછ, રેહેમત?" નવાબે પોતાના બેટાને પુછયું.

અલબત નહીં, વ્હાલા બાપ." રેહેમત બોલી ઉઠયો.

આ જવાબ નવાબને ગમ્યો હોય તેમ રેહેમત તરફ જરા હસી ત્યાંથી તે ચાલતો થયો.

નવાબ પોતાના કમ્રેખાસમાં દાખલ થઇ બેઠક લેતાંજ સાઅદતખાનના કલાર્કે એક લખત હાથમાં લીધું, અને તેની નકલ નવાબને આપી. તે અસલમાંથી એકેકી કલમ તું વાંચતો ગયો, અને નવાબ તે નકલમાંની કલમને તે વંચાતી કલમ સાથે સરખાવતો ગયો. અંતે પેલી વાંધાવાળી કલમ આગળ આવી પુગતાં નવાબને કલેજે જાણે તીર લાગયો હોય, તેમ, તે ચોંકયો અને તેનો ચ્હેરો જર્દ મારી ગયો, પણ તે કાંઇ બોલ્યો નહીં. તેનામાં થયલો આ ફેરફાર જોઇ વળી સાઅદતખાને તપકીરનો એક સુહુરોકો ખેંચ્યો.

લખતનું વાંચન પુરૂં થયું કે નવાબ તેપર પોતાની સહી કરવા ઉઠયો. તે વખતે તેના હાથ ધ્રુજયા, તેના હોઠ ફડફડયા પણ જેમ તેમ જુસ્સો દાબી રાખી તેણે તેપર સહી તો કીધી. તેની સહીની

નીચે વકીલે પોતાની સહી મુકી અને પેલા કલાર્કે એક બાજુએ પોતાની શાખ પુરી. એ કામ થયું કે સાઅદતખાને પાંચ લાખ રૂપ્યાની રકમ ગણી આપી.

"હવે સાઅદતખાન, મેહેરબાની કરી જે માગનારાઓ મારી ઉપર ત્રાંપી રહ્યાછ તેમનું દેવું ફેરવાને જરા તારા કારકુનની મદદ મને આપશે ? આ મેં તે લોકનાં નામ નિશાણુ લખી રાખ્યાં છ."

સાઅદતખાને તેમ કરવાની હા કહયાથી નવાબે તે કાગળ અને તે સઘળાં કરજ માટે જોઇતા રૂપયાની રકમ તે કલાર્કને સોંપી, જે તે કામ બજાવવા ત્યાંથી ઉઠી ચાલતો થયો. તે ગયો કે નવાબે અનવર ખાંના સંબંધમાં શું કરવું તે વિશે સાઅદતખાનને સમજાવ્યું, અને તે મુજબ કરવાની કબુલાત આપી તે વકીલે ત્યાંથી રૂખસદ લીધી.

પ્રકરણ ૨૨ મું.

અનવરનો ચકરાર.

તે દિવસે બપોરના અઢી વાગે સૌદાગર અનવરખાનને નવાબ સાબેર-ઉદ-દઉલા સરફરાજની બેગમ બદુલબહારનું ખુન કરવાની કોશેશ કરવાના આરોપસર તેહેસીલદાર સનમુખ ઉભો કરવામાં આવ્યો. આરોપી અનવર જો કે ફિક્રોફચ મારી ગયો હતો, તોપણ, તેના ચહેરાપરથી શાંતી ઉડી ગઇ ન હતી. નહીં તે જમણી તરફ જોતો કે નહીં ડાબી ગમ, પણ માત્ર તેહેસીલદાર પરજ તેણે પોતાની આંખો ટીકી રાખી હતી; કોઇ કોઇ વાર તેના હોઠ ફડફડતા, પણ ફુરતજ તે ઉભરી આવેલી લાગણીને તે જેમ તેમ દાબી રાખતો હતો.

એ બનાવે બધે હોહા કરી મુકયાથી તેહેસીલી તમાશગીરોથી ચીકાર ભરાઇ ગઇ હતી. અનવરખાં તરફથી કોઇબી ધારાનો હીમાયતી હાજર થયો ન હતો, જ્યારે નવાબ તરફથી સાઅદતખાન વકીલ ત્યાં હતો.

તપાસ શુરૂ થવાની જરા આગમચ નવાબજાદો રહેમતખાં ત્યાં આવ્યો, જેને તેહેસીલદારે પોતાની પાસે ખુરસી આપી બેસાડયો, જ્યાં પોતાની બેઠક લેતાં રહેમતે તે કમનસીબ બંદીવાન તરફ એવી દિલસોજીથી જોયું કે, તેની નજર રહેમતપર પડતાં તેને કાંઇ ઉલટ આવે, મગર, અનવરે તેની સામું જોયુંજ નહીં, અને જોયું હોય તો તેવું દેખાડવાની તેણે દરકાર કીધીજ નહીં.

મુકદમો પુરો થયો અને રાબેતા મુજબ સોદાગર અનવરખાં ઉપરતું તહોમત ઘડી કાઢવામાં આવ્યું. કેટલાક બડેખાંઓ, જેઓ 'સાબેરગંજ' ના જલસામાં હાજર હતા તેઓ, કચેરીમાં આવ્યા હતા અને તેઓએ તે બીલોરી બંગલીમાં જે બન્યું હતું તે બોલબોલ જણાવ્યું. તેઓએ આપેલી જુબાની એવી હતી, કે 'તેઓ ગાનતાનમાં ગુલતાન બની રહ્યા હતા, તેટલાં એક ચીચ્યારી તેમને કાને પડતાંજ તેઓ ચોંકયા અને બીલોરી બંગલી જયાંથી તે ચાચ્યારી આવતી સંભળાઇ હતી તે તરફ ધસી જતાં તેઓએ બેગમને લોહીનાં એક ખાબોચ્યાંમાં ચત્તીપાટ પડેલી દીઠી, અને કેદી અનવરના હાથમાં એક છુરી હતી, અને તે ત્યાંના એક બારણાં વાટે નાહાસવાની તજવીજ કરી રહ્યો હતો. તે છુરીને લોહી લાગેલું હતું અને તે જોઇ ત્યાં આવેલા તબીબોનું મજબુત મત પડયું હતું, કે તેજ છુરીથી તે ખુન કરવાની કોશેશ કરવામાં આવી હતી.'

બેગમની સારવારમાં રોકાયલા તબીબોએ ઉપલી જબાનીને મળતીજ જબાની આપ્યા બાદ તેમને બેગમની હાલની હાલતને માટે સવાલો પુછવામાં આવ્યા જે ઉપરથી તેઓએ જાહેર કીધું કે 'બેગમને થયલો જખમ ઘણો કારી ન હતો, અને તેણીનાં સાજા થવાની પણ દરેક આશા હતી, મગર, તેણી સાજી થઇ, તેણીની પાસે માંગવામાં આવતો ખુલાસો કરી શકે તેવી હાલતમાં આવતાં ઘણો લાંબો વખત નીકળી જવો જોઇયે,' એમ તેઓએ ઉમેર્યું.

"ત્યારે એમ જો હોય તો બેગમ સાહેબ તદન સાજાં થાય ત્યાં સુધી વખતો વખત મુકદમો મુલત્વી રાખ્યા કરવો પડશે," તેહેસીલદાર સાહેબ બોલ્યા.

સઘળી નજર હવે અનવરખાં તરફ ફરી. સર્વેએ માન્યું કે, અનવરખાં કાંઇ ખુલાસો કરશે ખરો અને તેમની તે તર્ક ખરી પડી.

ધીમા, ધ્રુજયા વગરના, એકસરખા અવાજે તે બોલ્યો–

"મારા ગુનાહના પુરાવામાં કાંઇ વધુ જબાનીની જરૂરજ હોય તો તે જરૂર મારા યકરારથી ટળી જવી જોઇયે છે. હું કબુલ કરૂં છું, કે હું તકસીરવાર છું!"

દુઃખનો એક ઓચીંતો આંચકો ત્યાં ભેગાં મળેલાં સર્વને લાગ્યો–અને તેનાં મોંઢામાંથી નીકળેલા ઉપલાં શબ્દોએ સર્વ કોઇના તનના તંબોરાના તારેતાર ધ્રુજાવ્યા; તેવેજ શાંત ચહેરે કેદીએ પોતાનું બોલવું ચાલુ રાખ્યું–

"હું તકસીરવાર છું, અને બેગમ સાહેબને મારાથી થયલાં દુઃખનો બદલો જો વાળી શકવા જેટલી શકતી મારામાં હોય તો તે શકતીનો ઉપયોગ કરી તે બાનુંને ત્યાંસુધી આવી જાહેરમાં જબાની આપવાની તકલીફમાંથી મુકત કરવાનું હું ઘટતું જોઉં છું. તે વળી જયારે સાજીજ થાય, ત્યારે, એક સાહેદીનાં પીંજરામાં ઉભી રહેવાની નામોશીનો આંચકો ખાઇ તે પાછી બીમાર થાય તે વિચારજ મને પાપી દીસે છે, અને તેવી કશી જરૂર ન પડે તેટલા માટે હું કબુલ કરવાની મારી ફરજ વિચારૂં છું કે, ખુન કરવાની મેં કોશેશ કીધી હતી, અને તે ઉંચ કુળની ખાનદાની બાનુને ઇનસાફને ખાતર મને જાહેર કરવા દો, કે વર્ષો થયાં તેણીને હું ઘણુજ પ્યારથી ચાહતો હતો, કહોકે દેવાના પ્યારથી ચાહતો હતો, પણ તે કમનસીબ રાતસુધી કોઇબી દીવસે મેં તેણીના કાનમાં

મારા પાપી વિચારોના ભણકારા જગાડયા ન હતા. તે સાંભળતાંજ પોતાના પતીપર સતી થયલી એક ઔરત જેમ વર્તે તેમ તે નામવરનું વર્તવું થયું. તેણીએ મારીપર ફીટકાર નાંખ્યો, તેણીએ મને ધુતકાર્યો, અને તુરતાતુરત ત્યાંથી, તેણીની આગળથી, હું ચાલી ન જાઉં તો જાહેરમાં ઉંધાડો પાડવાની તેણીએ મને ધમકી આપી. એક તો હું નીરાશ થયલો એટલે મારી થઇ પડેલી તે હાલતથી હું ઉશ્કેરાઇ ગયો અને ઘેલાંપણાંની તે ઘડીમાં તેબલપરથી મેં એક છુરી ઉંચકી અને–અને–પછી શું બન્યું તે તમો સર્વેને રોશન છે," આટલું બોલી તે કમનસીબે પોતાનું માથું પોતાની છાતીપર નાંખી દીધું.

અનવરનો આ યકરાર સાંભળી લોક ત્રાહે ત્રાહે કરવા લાગ્યું. જેઓ તેને નહીં પીછાણતાં હતાં તેઓ તેની તરફ દિલસોજ નજરથી જોવા લાગ્યાં, અને જેઓ તેને ઓળખતાં હતાં તેઓ નક્કીજ માનવા લાગ્યાં કે, તે કામ તેણે ખચ્ચીત દેવાનાપણાંની અસર તળેજ કીધું હોવુ જોઇએ.

"નામદાર તેહેસીલદાર સાહેબ," હવાં સાઅદતખાન ઉઠીને બોલ્યો, "હું નવાબ સાહેબ સાબેર–ઉદ–દઉલા સરફરાજ તરફથી હાજર થયો છું અને તે નામવર તરફથી કચેરીને જણાવવાની મને સત્તા મળી છે, કે તે નામવર મજબુતીથી માને છે કે, તેવણનાં બેગમ સાહેબનું ખુન કરવાની કેદીની આગમજથી ધારી રાખેલી મતલબ હતીજ નહીં, મગર, તે તેણે ઘેલાંપણાંની કાંઇક અસર તળે કીધેલું હોવુંજ જોઇયે; અને તેવણનાં આ મતને તહોમતદારે હમણાંજ કીધેલો યકરાર ટેકો આપે છે અને વળી તેવણે મને પોતાના એક ખાસ અનુભવને આધારે અત્રે જાહેર કરવા જણાવયું છે કે, તહોમતદારને એ પ્રમાણે ઘણી વખત ઘેલાંપણાંની અસર તળે આવી ગયલો

તેવણે જોયો છે અને તે વેળા તે જે કાંઇ કરે તેને માટે તે જવાબદાર નહીં રહી શકે તેવી તેની હાલત થઇ પડેલી તેવણુને યાદ છે. આ ખુલાસો અત્રે રજુ કરવાનું હું વાજબી વીચારૂં છું—"

"અને તે ખુલાસાને ટેકો આપવાને મારા પેદરનાં ખાસ ફરમાનથી અત્રે હું હાજર થયો છું. પોતાની શાંત હાલતમાં મારા મુરબ્બી પેદર આવું કરપીણુ કામ નહીં કરે તે જેટલું હું માનું તેટલુંજ મજબુતીથી મને માનવાને કારણુ છે, કે તેવીજ શાંત હાલતમાં સૌદાગર અનવરખાં પણુ તેવું નહીંજ કરે." આ બોલતી વખતેજ અનવરની પહેલવહેલી નજર રહેમતપર પડી, પણુ બીજીજ પળે તે નજર તેણે ફેરવી નાંખી. તે વખતે તેની ઉંચકાતી છાતીએ દેખાડી આપ્યું કે, તેમાં કાંઇક છુપાં ડચકાં ગુંગળાઇ ત્યાંજ જન્મી ત્યાંજ દબાઇ મરતાં હતાં.

"જ્યારે તોહમતદારે પોતેજ પોતાને દોષિત જાહેર કીધો છે. ત્યારે તેવો તેને સાબીત કરવા વધુ પુરાવાની હું કાંઇ જરૂર જોતો નથી, અને વધુ પુરાવા મેળવવા મુકદમો મુલતવી રાખવાની કાંઇ અગત્ય ન હોવાથી હું તેની ઉપર પ્રથમદર્શક મુકદમો ઘડી કાઢું છું અને તેને તપાસને માટે અદાલતે આઝમપર તેનો એ મુકદમો મોકલી આપવાનો હુકમ કરૂં છું."

તેહેસીલદારનો આ ચુકાદો પડતાંજ તહોમતદારને તુરત ત્યાંથી લઇ જવામાં આવ્યો અને તેની તપાસને માટે ભેગું મળેલું લોક દુઃખી ચહેરે અને ભારી હૈયે વેરવીખેર થઇ ગયું.

પ્રકરણ ૨૩ મુ.

એક કરૂણામય કહાણી.

પણુ આટલો બધો વખત આપણી ગરીબ ગરવી ગુલઝારને આપણે ગોયા ભુલીજ ગયા છીયે, એટલે હવે જરા તેની તરફ આપણે નજર કરી જોઇયે કે તે કયાં છે અને શું કરે છે?

છે, ગુલઝાર બીચારી જ્યાં તેને છેલ્લી આપણે જોઇ આવ્યાં હતાં ત્યાંજ રહે છે, અને જે રીતે પોતાનો તે ગુજારો તે વખતે કરતી હતી તેમ હજીબી કરે છે.

છેલ્લાં પ્રકરણમાં વર્ણવેલા બનાવને લગભગ એક હફ્તો થઇ ગયો હતો;—અને આપણે, આજે બપોરે ત્રણ વાગ્યા છે તે વખતે, ઝોહરાના ઓરડામાં ડોકયું કરી જોઇશું વો જણાશે, કે તે અને ગુલઝાર બન્ને ચા પીવા બેઠાં છે. ઝોહરાંએ તે સાંજ પોતાની સાથે પસાર કરવાનું ગુલઝારને આમંત્રણ દીધું અને તેણીનીજ મહેરબાનીથી તે બીચારીને ઝબોલાં સીવવાનાં કામપર તેણીએ બે ત્રણ દીવસ ચાલુ મહેનત કીધેલી હોવાને લીધે એ રીતે બે ચાર કલાક જરા મન વેરવાનું તેણીએ કબુલ કીધું.

ચા પીતાં પીતાં ગુલઝારની નજર તે ઓરડામાં બધે ચોતરફ ફરતાં આવી સરસ સામગ્રી સાથનો એક ઓરડો ધરાવવા માટે ઝોહરાની તેને અદેખાઇ લાગી હોય એ બનવાજોગ છે. હાં અદેખાઇને તેની ખરાબ મતલબમાં નહીં લેવાની પ્રિય વાંચનારે મહેરબાની કરવી. તેણીએ તેમ કરી માત્ર મનમાં એટલુંજ ચાહ્યું, કે ઝોહરાની માફક તેણીબી એવાંજ સુખસગવડ ભોગવતી થઇ હતે તો કેવું સારૂં! વળી ઝોહરાની એ હાલત શાથી હતી તેને લગતા તેણીના કાનમાં થયલા ભણકારા કાંઇ હજી ત્યાં મૌજુદ હતા એમ પણ નહીં સમજવું, કેમકે, તે પોતે એટલી ભલી, એટલી સાફ હૈયાની અને એટલા વિશ્વાસુ સ્વભાવની હતી, કે જે અબળા તેણીની તરફ ઘણીજ માયાળુ, તેને માટે કશુંબી બુરૂં માની લેવાનો ખ્યાલ વટીક તેણી કરે એ માનવાજોગ નહતું. ઝોહરાનેબી ગુલઝાર ઘણીજ ગમતી હતી. ગુલઝારમાં તેણીએ કાંઇબી ધીક્કારવાજોગ જો જોયું હોય તો તે તેણીની ગરીબી ન હતી, પણ, તેણીની નિરદોષ નેકી હતી, અને

ઉમર્ણા જ્યારે તે તેણીનો બચ્ચાં જેવો નિરદોષ ચહેરો જોતી બેઠી હતી ત્યારે તેનાં મનમાં મજબુતીથી રમી રહ્યું હતું, કે તેણીએ આટલો બધો વખત સાચવી રાખેલી નેકીની કીલ્લેબંદીને આખરે તેણીની વધતી જતી ગરીબી તોડશે તેને કાંઇ ઘણો લાંબો વખત નથી લાગવાનો.

"ચાલ, આજે તું જ્યારે એ ઘડી નચીંતે બેઠીછ, મારી બ્હાલી ગુલઝાર, ત્યારે તું મને તારે લગતી જેટલી ગમે તેટલી પાછલી હકીકતથી વાકેફ કર, અને તે વખતે ધ્યાન રાખજે કે મારેથી જેટલું બનશે તેટલું તારી મદદે—"

"ઓહરા; તે બદલની તારી તરફની મને કશી ખાતરીની જરૂર છેજ નહીં. જો મારી મદદે તું વખતસર આવી પુગી નહીંજ હતે તો હું ધારી નહીં શકતી કે મારૂં શું થતે? પણ તું મારી આગળી હકીકત જાણવા માંગેછ તો જે રીતે તેં મારી તરફ દોસ્તી અને દિલસોજીનો દસ્ત લંબાવ્યોછ તે તરફ જોતાં મારા સંપૂર્ણ વિશ્વાસને તું લાયકની ઠરી ચુકીછ. જો સાંભળ,—તે કદાચ તને લુખ્ખી સુક્કી તો લાગશે, મગર, તને જરાબી કંટાળો તો નથીજ આવવાનો. એમ બોલી તેણીએ પોતાની જીંદગીની આગળી કથા નીચે મુજબ શુરૂ કીધી:—

"હું છેક નાની હતી, કહો કે એક બાળક હતી તે વેળાજ મારા પેદર ગુજર પામેલા હોવાને લીધે તેઓ વિશેનો અંગત અનુભવ મને કશોજ નથી. તેવણ કોણ હતા, શું ધંધો કરતા હતા તે વિશે મારી માદરથી પણ મેં કશું સાંભળ્યુંજ નથી, અને કોઇ કદાચ તેવણ વિશે વાકેફ થવા તેવણને લગતી કાંઇ વાત હું છેડતી તો મારી માદર મને તેંમાં ઉડાવી અમારી બન્નેની ગુફ્તેગુને કાંઇ બીજીજ બાબદમાં ફેરવી નાંખતી, અને હું તે વાત ઘડી ઘડી છેડતીજ નહીં,

કેમકે, મારી માદર મારી તરફ. એટલી ભલી એટલી માયાળુ અને એટલી ઉદાર હતી, કે તેને મનસે એ અણગમતી બાબદ સુંઠયા કરી તેને દુઃખી કે દલગીર કરવાનું મને પસંદ નહતું. હું તેનું એકજ પુરૂં બાળક હતી, અને તે મને ઘણાજ પ્યારથી ચાહતી હતી. આજે તેને ગુજર્યાંને ત્રણ વર્ષ થઇ ગયાંછ; તે વખતે મારી ઉમર પંદર વર્ષની હતી. તે કાંઇ પૈસાદાર હતી નહીં તેમ હાલ હું છું તેટલી ગરીબ પણ હતી નહીં અને જે રીતે તેણે મને તરબ્યત અને તાલીમ આપીછ તેપરથી હું કહી શકું, કે તેની હાલત સારી હતી. અમો ઇસ્લામપુરામાં રહેતાં હતાં અને અમારા ઓરડામાંનો સામાન મારી માદરની પોતાની ગીરોનો ખરીદેલો હતો. જ્યારથી મને જરા જરા સમજ આવતી શુરૂ થઇ ત્યારથી મને યાદ છે, કે મારી માદરને મળવા ચોક્કસ અંતરે એક ગ્રહસ્થ આવતો હતો અને તેનો આવવાનો ઐયામ એટલો ચોક્કસ હતો, કે તે વખતે તેને મળવાની કાળજી કરી મારી માદર કેહે બહાર ન જતાં ઘરમાંજ રહેતી અને વળી તે તેને એકલીજ મળવાની એટલી કાળજી રાખતી, કે જેવો તેનો બારણાં ઠોકવાનો અમારાં કાનપર પડી રહેલો અવાજ આવતો, કે હું તુરત બીજા ઓરડામાં જતી રહેતી. તે ગ્રહસ્થ માત્ર એથી ત્રણ મીનીટ રહેતો, અને જો કે મારી માદરે મને કશું કહ્યું નથી તે છતાં હું એટલું ધારી શકું છ, કે તે ગ્રહસ્થ કોઇના ધંધાદારી આડત્યા જેવો હશે, તે દર વક્તે મારી માદરને ચોક્કસ લવાજમ આપી જતો હોવો જોઇએ, કેમકે, તે જતો કે તુરતજ બજારમાં કોઇ કોઇનું જે થોડું માંગતું રહેતું તે, તે તુરત પગાર કરી આવતી, પણ આ સઘળી તો મારી અટકળ માત્ર છે; પણ તે કોણ હતો, તેનું નામ શું હતું અને તે અમારે ત્યાં શા માટે આવતો હતો તે હું આજ સુધી જાણી શકી નથી. તેની સઘળી મુલાકાતના અરસામાં મેં તેને

બે કે ત્રણજ વખત જોયો હશે. કાંઇ એમ નહિં કે તેને વિશે વધુ જાણવાની મારામાં અણુઘટતી જીજ્ઞાસા ઉશ્કેરાઇ હતી, અને એમ પણ નહીં કે મારી ભલી માદરની હીલચાલપર હું જાસુસપણું રાખતી હતી. એક વખત હું હજી તો બીજા ઓરડામાં જાઉં તેટલાં તે અંદર આવી ગયાથી મારી નજર તેની ઉપર પડી ગઇ હતી; બીજી વખત હું બારીએ ઉભેલી હતી અને તેવણુ રસ્તાપરથી ચાલી જતા હતા તે વખતે, અને ત્રીજી વખત હું બજારમાંથી પાછી આવતાં તેવણુ અમારાં ઘરની સીડીપરથી ઉતરતા હતા. તે દરેક વખત અમો બંન્નેની નજર એક થતાં તેવણુ જરાક હસી મને સલામ કરતા જેનો જવાબ હું ડોક નમાવી આપતી."

"પણુ વારૂં તું તેવણુને આજે કેઠે મળે તો ઓળખી શકે કે?" ઝોહરાએ પુછ્યું.

"બેશક, દુન્યાના કોઇબી દુરના ભાગોમાં હજારોમાંથી હું તેવણુને પીછાણી કાઢું; પણ તે મને ફાયદો શું કરે? કેમકે મારી માદર ગુજર પામતાં તેની મુલાકાત બંધ થઇ ગઇ. તે વ્હાલી માદરને ગુજર્યાંને આજે ત્રણ વર્ષ થઇ ગયાંછ અને તે આફતનો આંચકો મને વધારે જણુન એમ લાગ્યો કે તેનું મોત નહીં ધારેલું, નહીં વકી રાખેલું એકાએક આવીંતું આવી ગયું હતું. અમો ધારા મુજબ જમ્યાં અને અરધો કલાક વાતચીતમાં ગુજારતાં બેઠાં હતાં. તે વખતે તે જેવી ખુશ સ્વભાવની મને લાગી તેવોજ ખુશ સ્વભાવ તેણીએ કવચીતજ બતાવ્યો હશે. રાત્રે નવ વાગે અમો સુવા ઉઠયાં અને એકમેકને ધારા મુજબ મળીભેટીને સુઇ ગયાં. આહ! તે વખતે કોણે જાણ્યું હતું કે, તે ચંદની રાતની શાંત ચુપકાદીમાં મલેક-ઉલ-મોત અમો બન્નેમાંથી એકના જાનને ચોરી લઇ જઇ, બીજીને સદાની ગમખારીમાં ગબડતી કરી મેળવા નહાસતો છુપાતો અમારાં તે સુખવાસી ઘર તરફ આવતો

હતો! અને ખરેખર તો તેમજ હતું. સુવા જવા અગાઉ મને જેમ શીખવવામાં આવ્યું હતું અને હું હંમેશ કરતી રહી હતી તેમ ગુંઠણુ મંડયે પડી, મેં નીમાઝ કીધી અને હાથ જોડી આંખ ઉંચે કરી તે અહોળા આસમાની ગુંબદપર મેં નજર કીધી તો જાણે મેં જોયું કે, તે દુર દુરના ગ્રહોમાંથી સેંકડો ફિરેશતાઓ ડોકયું કરી જોતા હતા અને જેઓ અલ્લાહ-પસંદ તેમની તરફ પોતાના દસ્ત લંબાવી આશિષ દેતા હતા; તે દેખાવજ એવો હતો, કે હંમેશ કરતાં જરા વધુવાર બંદગીમાં મશગુલ રહેવાની મને લાલચ થઇ. ઓહરા, મને મારા ઇમાનનું કે મજહબનું આંધળું ઝનુન નથી, તોપણ હું માનું છ, હું ખાતરી સાથે માનું છ, કે એકદિલે ખરી લાગણીના આવભાવમાં કીધેલી બંદગીથી ગમે તેવુંબી દુઃખી દિલ ખલાસી પામી તે એવું ખાલેસ બનેછ, કે તેને તેની નેકીમાં આગળ અને આગળ વધવાનું ઉત્તેજન તેનામાં બરપા થાયછ. જેમ મેં તે રાત્રે શાંત ઉંઘ કાઢી તેમ મારા સ્વપ્ના પણુ ખુશ બનાવોથી ભરપુર હતા. જ્યારે સહવારે હું જાગી ત્યારે આફતાબ તલુ થઇ ચુકયો હતો અને તેનાં ગરમ કીરણુ મારા ઓરડામાં પેવસ થઇ સઘળી ચીજોને નવાં તાજાં લોહીથી ગોયા જાનદાર અને હુંફાળા બનાવતાં હતાં. મેં જોયું કે હું ધારા કરતાં અસુરે ઉઠી હતી, એટલે જેમ અને તેમ ઝડપથી હાથ મોઢું ધોઇ વાળ સરખા કરી હું મારી માદરને મળવા તેવણુના ઓરડામાં જવા નીકળી. ત્યાં જઇ પુગતાં મને જણાયું કે, મારી વ્હાલી માદર તો હજી પોઢેલીજ હતી, જે તેણીના બાબમાં કદી ન બને તેવું હતું. મેં બારણું થોકયું-કાંઇજ જવાબ ન મળ્યો, એટલે તે જરા મેં જોરથી અફાળ્યું, જ્યારે તેનોબી જવાબ નહીંજ ફરી વળ્યો ત્યારે હવે મારાં મનપર કાંઇ અણુદીઠ ચીંતાએ ઘેરો ઘાલ્યો. મારી ચીંતાનો ચેપ

અમારી ચાકરડી જે તેટલે ત્યાં આવી લાગી તેનેબી તુરત લાગુ પડયો. હવે તે બારણું અંદરથી બંધ હતું એટલે અમો તે ઉંઘાડી શકયાં નહીં અને તેથી અમે બંન્ને જણે તે ઘણાં જોરથી થોકયું–મને કાંઇબી જવાબ આપવા મેં બહાર ઉભી ઉભીએ મારી માદરને કાલાવાલા કીધા, પણ નહીં સવાલ કે નહીં જવાબ. આખરે અમે બન્ને જણે બારણું ભંજાવવાનોજ વિચાર કીધો. તે કામને માટે એક સુથારને બોલાવી મંગાવ્યો, જે આવી પોતાના ભાંજફોડના કામમાં રોકાયો જે અરસામાં હું દાદરનાં ફ્રાંડયાંપર બેસી ઝારઝાર રડી. બારણું આખરે ઉઘાડવામાં આવ્યું અને હું તેમાં દાખલ થવા ગઇ, કે મને લાગ્યું કે, જાણે એક ઘોરસ્થાનમાંજ હું જવા કરતી હતી. તે સુથાર અને અમારી ચાકરડી તેમની નજરે જે દેખાવ પડયો તે જોઇનેજ ભયભીત બની પાછાં હઠયાં. હું જેમ તેમ હીંમત એકઠી કરી અંદર ગઇ અને ત્યાં પલંગપર એક–માત્ર એકજ–નજર ફેંકતાં મેં જાણી લીધું કે મલેક–ઉલ–મૌતે મારી માદરના જાનનો કબજો પોતાને હવાલે લઇ લીધો હતો. મારીથી એક જોસબંધ ચીચારી પડી ગઇ અને કયારની થતી ગડબડને લીધે જેઓ ત્યાં આવ્યાં હતાં તેઓ ત્યાં શું બન્યું હતું તે ચેતી ગયાં. મને તે દેખાવ જોતાંજ ચકકર આવી ગયાં અને વખતસર મને મારી ચાકરડીએ પકડી લીધી ન હતે તો બેભાન થઇ હું જમીનપર તુટી પડતે. તુરતજ હું મારી માવતરની છાતીપર પડી ડુસકે ડુસકે રડી. એ સઘળું જોઇ લઇ પેલો સુથાર બીચારો કોઇ હકીમને બોલાવવા દોડી ગયો, પણ તે મદદ ઘણી અસુરે આવી પુગેલી હોવાથી નકામી થઇ પડી. તે તો બીચારી કયારની ગુજર પામેલી હોવી જોઇયે, કેમકે તેણીનું આંગ બરફ જેવું ઠંડું હતું અને ચહેરો સંગેમરમર જેવો સુફેદ અને ફીકકો મારી ગયો હતો.

પ્રકરણ ૨૪ મું.

પરસ્પર વિશ્વાસ.

ત્યાં જરા ગુલઝાર થોભી; કેમકે તેણીની છાતીમાં ડચકાં પછી ડચકાં ખુંટી બેઠાને લીધે તેણીનો અવાજ ઘણો દબાઇ ગયો હતો અને જેવી તેણી થોભી કે તેણીની આંખમાંથી દડદડ આંસું નીકળી પડયાં. તેણીને આવી રીતે રડતી જોઇ ઝોહરાનું બી હૈયું ભરાઇ આવ્યું અને તે તેણીને માયાથી ઘણોજ દીલાસો દેવા લાગી. રડતાં ગુલઝારની છાતી ખુલ્લી થતાંજ તે જરા શાંત થઇ.

"પણ, ગુલઝાર, તારી માદરનાં મરણનું કારણ જણાયું હશે ની?" ઝોહરાએ પુછયું.

"નહીં, કાંઇજ નહીં, હકીમે તે કુદરતીજ નીપજેલું જણાવ્યું. નહીં, નહીં, ઓ બેન હું ના ધારતી, કે મારી માદર જેવી ભલી અને ગરીબ માવતર પોતાને હાથે પોતાનો જાન કબજ કરવાનો વિચાર કરે! તેણીને દફનાવવામાં આવી અને તેણીની ઉપર માટીનો છેલ્લો ખોભો પડતાંજ જાણે મારાં તનેતનની જીવદાર લોહીથી ભરેલી નેસો તરાતર તુટી ગઇ. કેટલા મહીના હું ઘણી ગંભીર બીમારી ભોગવતી બીછાણે પડી, પણ તેમાંથી આખરે જરાતરા સાજી થઇ ઉઠતાં મારી ચાકરડીએ મને સૂચના કીધી, કે મારે મારી હાલતની બરાબર તપાસ લેવી અને તે ઉપર અમલ કરી મારી માદરનાં પેટીખાનાં મેં ખોલી તપાસ્યાં તો તેમાંથી એવું કાંઇજ લખેલું નહીં નીકળ્યું કે જેથી મારી હાલત હવે કેવી હતી તેનો મને કાંઇક ખ્યાલ આવે. તેણી પોતાની આવકને માટે શું સાધનો ધરાવતી હતી, પેલો તેણીને મળવા આવનાર ગ્રહસ્થ કોણ હતો અને તે કયાં રહેતો હતો તે સઘળું તેણીની સાથે ભેદમાં દટાયલું મેં દીઠું. વળી તેટલાં મને મારી ચાકરડીએ ખબર આપી, કે એક દીવસ તે ગ્રહસ્થ જેમ આવે તેમ

આવી ગયો હતો, પણ તે વખતે હું બેભાન જેવી બીમાર પડેલી હોવાથી તે ચાલી ગયો હતો. તે મારી માદરનાં મૌતની ખબર સાંભળી ઘણોજ અજબ થયો અને મારે વિશે કાંઇ થોડીક પુછપરછ કરી એક બોલબી બોલ્યા વગર ચાલી ગયો. ન તે કાંઇ પૈસા આપી ગયો, કે નહીં તેણે ભવિષમાં પાછું આવી જવાનું જણાવ્યું. તેણે બતાવેલી આ વર્તણુંક મારા બાબમાં ઘણુંજ બુરૂં ભવિશ વર્તનાર થઇ પડી. આથી તો એવું ઠર્યું કે તે કોઇ દોસ્ત યા કોઇના આડત્યા તરીકેજ મારી માદરને પૈસા આપી જતો હતો. તેમ જો હોય તો તે પૈસા મને મળવાની આશા તદન નહીંજ હતી. આતુરતાથી ઘણીજ આશાવંત બની તે જે બીજે હફતે આવવો જોઇયે તે હફતાની રાહ જોતી હું બેઠી. તે હફતો આવ્યો–ને ગયો પણ પેલા ગ્રહસ્થે દેખાવ દીધોજ નહીં. હવે મારી એકલી અટુલી હાલતની જાણ તેના ઘણા સખ્ત આકારમાં મને થઇ;–અને મેં મને પોતાને ઘણીજ મુશ્કેલીમાં મુકાયલી જોઇ. મારી માદરની પેટીમાંથી જે થોડા ઘણા પૈસા મને મળ્યા તે મેં તેણીની દફનક્રીયામાં વાપરયા અને મારી ખાધખોરાકીને માટે મને કરજ કરવું પડયું. જે કરજ વખત આવવે ફેરવાને માટે મારી માદરનું રાચરચીલું વેચવા કાઢવા સિવાય બીજો ઇલાજ રહ્યોજ નહીં, અને જ્યારે તે વેચી મેં પૈએ પૈનું કરજ ભર્યું ત્યારે તેમાંથી ઉપજેલી આવકમાંથી થોડાક રૂપ્યા બચ્યા. મેં મારા વપરાસ માટે તું મારી ઓરડીમાં જોયછ તે 'ફરનીચર'–જો તેને ફરનીચરનું નામ છાજતું હોય તો તે–મેં રાખ્યું. મેં તે ઘર ખાલી કીધું, ચાકરડી જે બીચારી મને ઘણીજ મદદની થઇ પડી હતી તેને રજા આપી અને આ ઘરનાં કાતર્યાંની એક નાની ઓરડી ભાડે લઇ હું ત્યાં આવી રહી, અને સીવવાનું કાંઇ કામ મેળવવાની મેં વેતરણ કરવા માંડી, પણ દીનપર દીન હું તે કોશેશમાં

નિષ્ફળ થતીજ રહી, અને ઘણીજ કરકસરથી, પેટને બાળીને, ભુખે મરવા જેવી હાલતે હું મારો ગુજારો કરવા લાગી. પેલા મારા બચેલા રૂપ્યાના આના થઇ રહેવા આવ્યા હતા, અને ઓ ! ઓહરા, જ્યારે એક દાહાડે કામની શોધમાં એક આખો દહાડો ભુખી પ્યાસી રખડી સાંજે ખાલી હાથે હું ઘર પાછી આવી, ત્યારે, મારી આંખોમાંથી મેં ગરમ આંસુ રેડયાં. જો મારી ગરીબ માદર હૈયાત હતે તો હું એ બોજો તેના વધુ સખ્ત આકારમાં ખમતે અને ખુશીથી ઉપાડી લેતે, કેમકે, તે વખતે દુઃખથી અમો બંન્ને આંસુ પાડતે જે બંન્નેનાં આંસુ સાથે મળ્યાથી તેની માહેતમ ઘણે દરજજે કમી રહેતે અને મારી એ સઘળી મુશ્કેલીમાં મારી માવતરના આશિષ તો મારાં સરપર હોતે! પણ માબાપ વગરની હું નિરાધાર, નાચાર આ વાયે જહાંન દુન્યામાં એકલી પડી હતી અને ઘણીકવાર મારી બંદગીમાં તે કુલ જહાંનના પેદા કરનાર પાસે હાથ જોડી મેં મૌત માંગ્યું હતું. મૌત જેથી સર્વ બીહે તે મારે માટે આવકારદાયક મેં લેખ્યું; કેમકે જ્યાં મારી મદદે પુગવાને કોઇનો હાથ નહીં, જ્યાં મારી સ્હાય આવવાને કોઇ સાથ નહીં, અને જ્યાં મારા કાનમાં દિલસોજીના સોખન રેડનાર કોઇ હૈયાત નહીં ત્યાં મારૂં જીવવું શા ખપનું હતું ? એ દુઃખ દરમ્યાન હું મારાં મનને ઘણી વાર પુછતી, કે આ હાલતે પુગવાને લાયક ઠડવા મેં શું ગુનાહ કીધો હશે ! અરે, હું જે એક કીડીપર પગ નહીં મુકું તેને આ ફેજે પુગાડવાને આ સીતમગાર ફલકને શું મુસ્તકીમ સબબ હશે ? ઓ ! મારી માવતરનાં મરણ બાદ એક વર્ષ સુધી જે મેં ખમ્યું છે, જે મેં ભોગવ્યું છે તેની યાદ આજે કરતાં હું ખરેજ અજબ થાઉં છું, કે તે હાય સોસારા ને હાદેસા વચ્ચે આજે હું હૈયાતજ કેમ રેહેવા પામી છુ ?”

"ગરીબ ગુલઝાર !" તેનો હાથ હેતથી પોતાના હાથમાં લઇ ઝોહરા બોલી "ખરેખર, તેં ઘણુંજ વેઠેલું, ઘણુંજ ખમેલું લાગેછ." એટલું બોલી તે ડુસ્કે ડુસ્કે રડતી બાળાનું માથું લઇ તેણે પેટમાં દાબ્યું. "પણ તું એટલી નિરાશ નાસીપાસ ના થા. જેવી તને દુન્યા દેખાય તેવીજ તેને તું સમજ, જેમ લાગ ફાવે તેમ તારી જીંદગીને વળણ આપી તેમાં ફેરફાર કરતી રહે અને આયંદેહ તું સુખી થયા વિના રેહેશે નહીં. તારા ચ્હેરાપર તવંગરીનો છાપ છે, તારાં નસીબમાં સુખ સરજેલું છે-પણ તું એમ સમજેછ કે, એ સઘળું તું તારી સોય ધાગાથી મેળવશે? અરે! નહીં-નહીં-કદી નહીં!"

"ત્યારે, હવે મારે શું કરવું તે તું મને સમજાવ, ઝોહરા"

"જો તેં જ્યારે તારી ખરી હકીકતથી મને વાકેફ કરી મારી ઉપરનો તારો વિશ્વાસ પુરવાર કરી આપ્યોછ, તો હૈ આજે હું પણ તારી સનમુખ ખુલ્લા આકારમાં રજુ થઇ તારી ઉપરનો મારો વિશ્વાસ તને દેખાડી આપુંછ. હવે તું તારી ઉપરની ઓરડીમાં આવી રહ્યા પછીની તારી હકીકત મને જણાવવાની તને કાંઇ અગત નથી, કેમકે અહીં તહીંના થોડા ઘણા વધારા ઘટાડા સાથે તે હકીકત લગભગ મારી છે, પણ સીમ્પીના એ ધંધામાં તારાં કરતાં એક પગલું હું આગળ વધી ગઇછ."

"અને તે પગલું?" આના જવાબમાં ઝોહરાને મોઢે તે શું ખુલાસો સમજશે તેનો કાંઇક ઝાંખો ખ્યાલ તેણીને આવતાં ગુલઝારના આંગમાં ધ્રુજરી છુટી આવી.

"ત્યારે સાદી સમજ પડતી ભાષામાં તેનો અર્થ એમ કે મેં મારી પાકદામાન વેચીછ, જ્યારે તેં તેને એક કીંમતી ગોહર સમજી સંભાળી સાચવી રાખીછ."

તુરત ગુલઝારની આંખ આગળનો પડદો સરી પડયો; તે પડદો જે ખુલ્લી સચાઇની ગેરહાજરીમાં વેહેમના માત્ર ભણકારા વચ્ચે અળગો લટકી રહ્યો હતો તે હવે નીચે પડી ગયો. તે પડદો પડી જવા સમેતજ ગુલઝારની પેહેલી હરોલની લાગણી તે ખુરસીપરથી ઉછલી તે શર્મસાર અબલાની હાજરી આગળથી દુર–દુર નાહાસી જવાની હતી, પણ કોણ જાણે કયી બીજી લાગણીએ તેને તેની બેઠકપર વળગાવી રાખી તે તે સમજી શકી નહીં; અને ઓહરાએ અત્યારમાંજ તેણીપર કીધેલા આભારની યાદ તેણીને સાંભરી આવી, તેમજ તે બીચારી કદાચ કોઇ નીચ કાવતરાંનો ભોગ થઇ પડી હશે એવો ખ્યાલ તેણીનાં મગજમાં તુરત આવી ગયો.

"નહીં, મારી તરફ જોઇ તું સુગા શરમા ના—મેં તને જે સાચી વાત કહી તે સાંભળી મારે માટે બુરૂં બી લાવતી ના. મેં પણ તારીજ માફક હાડમારી વેઠીછ એ તો મેં તને પ્હેલેથીજ જણાવી દીધું છ, પણ ખરૂં માનજે કે તારી માફક વર્ણવીને જો મારી હાલત તને કેહેવા બેઠું તો તે સાંભળી તારી હાલતને મારી હાલત કરતાં દશ હજાર ગણી વધારે સારી તું તારે મોઢેજ કબુલે; જો, મારી ખરાબી કેમ થઇ તે હું તને ટુંકમાં કહી સંભળાવું. એક ઠંડા સ્યાળાની રાતે, ત્રણ દીવસની ખરેખુટ મેહેનત પછી, હું તમામ અકડી જઇને ભુખી સુતી અને સહવારના પોહોરમાં ઉઠી જે દુકાન પરથી મને તે કામ મળયું હતું તે દુકાનપર તે પુરૂં થયલું કામ લઇને હું ગઇ. ત્યાં જઇને જોઉં છ તો દુકાન બંધ, તેનાં બારણાપર ગુલાબી ફીટ સાથનું સરકારી સીલ અને બાહાર એક બેલીફ! મેં તુરતજ જાણ્યું કે, તે દુકાને દીવાળું ફુકયું હતું અને તે ઉપર સરકારની જપ્તી બેઠી હતી. મારે માટે મારો દાવો રજુ કરી બીજા દાવાદાર ભેગાં થોભવા સીવાય બીજો ઇલાજ ન રહ્યો. મારા હાથમાંનું કામ પેલા બેલીફે

લઇ લીધું અને મને કચેરીમાં મારા દાવાની અરજી નોંધવા જણાવ્યું. હવે મારી હાલત શું થઇ પડી હશે તેનો જરા તું ખ્યાલ કર. ત્રણ દીવસ જેણે ભુખા પસાર કીધેલા તેનાં નસીબમાં તેવાજ ભુખમરાનો એક દીન વધ્યો. હું જીવપર આવી ગઇ અને હાથ લાંબો કરી, જતાં આવતાં પાસે ભીખ માંગવા લાગી. કોઇ સખીદાતાની સખાવતને માટે લાંબા કીધેલા તે હાથમાં એકાયક કોઇએ પાંચ રૂપ્યા મુકયા; હું ભુખે મરતી હતી, મારૂં ભાડું આપવાની મારી પાસે જોગવાઇ હતી નહીં, અને ભાડાંના પૈસા લીધા વગર તે ઘરમાં પાછું જઇ ઘાટકી ઘરવાલીને મોંહ બતાવવું મારે માટે મુશ્કેલ થઇ પડયું હતું; હવે, બોલ, ગમે તેવાં મજબુત મનનીબી કોઇ, આ લાલચને ધુતકારી કાઢે કે? મેં તો તેને નહીંજ હરકાતી કાઢી!"

"આહ! મારી વ્હાલી ખયરખ્વાહ," ગુલઝાર બબડી "હું તો તને હમણાંજ ઠપકાના સોખન સંભળાવવા તૈયાર થઇ રહી હતી; પણ હવે તો મને ખરેજ તારી દયા આવેછ. ખરેખર ઘણીજ, ઘણીજ દયા આવેછ!"

"હવે મારી દયા ખાવાને ઘણું અસુરૂં થઇ ગયું, કેમકે, હું તો હવે પડી તે કદી ઉઠનાર નથી અને પડી ત્યારથી ખરેખર હું સુખી છું. હવે તો લાજને હસી કાઢી ઇજતની ઠેકડી કરતાં હું શીખીછ. હવે કાંઇ નેકીને ખાતર મને મરવાબરવા કાંઇ ગમતું નથી. કોઇયે કેહે લખ્યુંછ તે શું મારીજ હાલત જોઇને લખ્યું હશે કે—

"નિચને છે માન ઉંચને શૌકત નથી."

"ત્યારે શું બીચારી નેક ખસલત પાકદામાન દરજણને માટે તો કાંઇ આશા નહીંજ કે!" ગુલઝારે અડધી હેબતી જઇ પુછ્યું, "ત્યારે શું ગરીબીમાં કચડાઇ મરતો વર્ગ જે પોતાની નેકી અને નીતીપર મુસ્તાક હોય તેને માટે હું પુછુંછ કે પ્રમાણીક ગુજારાની કાંઇ આશાજ નથી?"

"પાકદામન દરજણને માટે ગુજરાની આશા?" ઝોહરા કાંઇક કડવાસથી હસીને બોલી "નહીં, નહીં, ગુલઝાર, નહીં, દશ હજારવાર નહીં. આહ! આપણે ખુશ ગુફ્તેગુમાં વખત કાઢવા હાં એકલાં મળ્યાં અને આપણે કેવા ગમગીન ખ્યાલમાં ઉતરી પડયાં. હવે હું તારીથી સાચી વાત શામાટે છુપાવું! 'હાથ કંગન તો આરસી દરકાર હય' તેમ, ગુલઝાર, એક ખુબરૂ જવાન મને ઘડી ઘડી મુલાકાત આપેછ. હું તેને માત્ર મુશરરફનાં નામથી ઓળખુંછ, તોપણ તે કોઇ સારો ઉંચ ખાનદાનનો નવાબજાદો હોવો જોઇયે એમ હું માનુંછ, તોપણ તે મારી ઉપર એટલી માયા રાંખેછ કે તેનું ખરૂં નામ નિશાણ પુછવાની હું દરકાર વટીક કરતી નથી, કેમકે, આખર કરે ને મને તો તેને માટે વ્હેમજ છે કેની? વખતે તે જે દેખાયછ તેજ હોય! તે કાંઇ ઘણો પૈસાદાર હોય એમ દીસતું નથી, તોપણ તું હાલ જોયછ તેવી સગવડથી હું રહી શકું તેટલું પુરતું તે મને આપેછ. કોઇવાર મને સોહોવાશા હું કાંઇ કામ લાવુંછ અને તે આસ્તે આસ્તે કરૂંછ. આજે એક આખો હપ્તો થયો મારો મુશરરફ આયો નથી, તોપણ મારી ઉપરની તેની અથાગ મોહબતની ખાત્રી આપનારો એક રૂકકો તેણે મારીપર લખી મોકલ્યોછ. વળી મને અદેખાઇ પડવાનું કાંઇ કારણ નથી, કેમકે હું ખુબસુરત છેઉં, દેખામણી છેઉં, ઘણી સોહામણી છેઉં તે હું જાણુંછ, એટલે તે મને એક બારગી છોડીબી દેય તો કોઇ બીજો દોસ્ત શોધી કાઢતાં મને વાર કેટલી? એ મારી ખરી હકીકત છે."

અને જ્યારે રાતે ગુલઝાર પોતાની ઓરડીમાં ગઇ ત્યારે દુન્યાનો કાંઇક વધુજ અનુભવ મેળવી કોઇ દહાડે નહીં જાણેલી, નહી અનુભવેલી દુઃખની લાગણીનો પોતાના પાક સીનામાં સમાવેશ કરીને તે રાત્રે તે સુતી.

પ્રકરણ ૨૫ મું.

એક અકસ્માત-એક મેળાપ.

બીજે દીને બપોરે ત્રણ વાગે ગુલઝાર એક તૈયાર થયલો પોષાક તેને ઠેકાણે પુગાડી આવવા પોતાનાં મકાનમાંથી બાહાર નીકળી; જ્યાં તે પોશાક પુગાડવાનો હતો, તે ઘર 'રીચી રોડ'માં આવેલું હતું. ગુલઝાર, ફાટકપુરો આખો પસાર કરી બાહાર જાહેર રસ્તાપર નીકળી. હવે એવું બન્યું કે તે દીને હૈદ્રાબાદના ચીફ રેસીડંટ સાહેબે પોતાના દૌરાપર નીકળતાં એક દીવસને માટે દરીયાબાદમાં પોતાનો મુકામ કીધો હતો, અને જવલેજ મળતી એવી તકનો લાભ લઇ, તે નામવર સરકારને સલામી આપવા ત્યાંના સઘળા શ્રિમંત સાહુકારો, આલીશાન નવાબો, અસહાબે હશ્મત અને બીજા મોતેબર માતબરો પોતાની ભપકાદાર ચાર્ટમાં બેસી મોટી કચેરીમાં જતા હોવાથી જતી આવતી ગાડીઓની ધુમચકરીથી તે રસ્તો ધમધમી રહ્યો હતો, અને તે ભીડ અને ભચડાકચડીમાંથી ગુલઝાર જેમ તેમ પોતાનો રસ્તો કાપતી આગળ વધી. તે પોષાક પુગાડવાનું કામ કાંઇ તેનું ન હતું. તે તો ઝોરાએ પુગાડવો જોઇતો હતો, કેમકે, તે કામ ઝોરા મારફતે છુપું તેને મળ્યું હતું. જે ખાતાનું તે કામ હતું, ત્યાંની વડી દરજણ ઝોરાને તે સોંપતાં એમજ સમજતી કે તે કામ ઝોરાજ કરતી હતી અને ઝોરાથી તે વાતની ના પાડી શકાય તેમ ન હોવાથી ઝોરા ખાનગીમાં ગુલઝાર પાસે કામ કરાવી લઇ પોતેજ તે કીધું હોય તેમ પોતેજ પુગાડી આવતી હતી, પણ આજે તે જવાન અબલાને મુશરરફ તરફની એક ચીઠીથી માલમ પડયું હતું કે તે ખુબસુરત જવાન તેણીને મળવા આવનાર હતો અને તેથીજ તેણીએ તે કામ આજે ગુલઝારને સોંપ્યું હતું.

તે બીચારી ગઇ કાલે સાંભળેલી ઝોરાની હકીકતપર વિચાર કરતી નીચી નજરે પોતાનો રસ્તો લેતી હતી અને તેથીજ તેણી જોઇ ન શકી કે 'સાબેર ગંજ'માંથી નીકળતાં આજે અધિક દીવસની વાતપર જે જવાને તેણીને રોકી હતી, તેજ જવાન આજેબી તેણીની પુઠે લાગ્યો હતો. તે જવાન કોઇજ નહીં, પણ, વાંચનારે ધાર્યું હશે તેમ નવાબજાદો રેહેમત હતો. તે પોતાના પીતાનાં કાંઇ કામસર એક મારવાડી શરાફની પેઢીપર આવ્યો હતો, જ્યાંથી પોતાનું કામ પુરૂં કરી બહાર નીકળતાં તેની નજર આપણી ગુલઝારપર પડી હતી. તેણીને જોતાંજ તેના ચ્હેરાપર ખુશાલી પ્રગટી નીકળી અને જો કે તેને બીજે ઠેકાણે જવાનું હતું, તોપણ, તે તેની પુઠેજ ચાલ્યો.

પોતાના વિચારમાં ને વિચારમાં તે ડાબી તરફના એક રસ્તાપર ફરી, તેટલાંજ, કાંઇ પુકારો થતા તેણીને કાને પડયા અને તે સાથેજ ઘોડાનાં પગલાંનો અવાજ તેણીને સંભળાયો, કે ચોંકીને તે હજી તો બાજુએ થવા જતી હતી, તેટલાં, એક ઘોડાનાં મુડાનો તેણીને આંચકો લાગ્યો. તેણીથી એક ચીસ પડાઇ ગઇ, તેણીના હાથમાં પકડેલો ડાબડો કેઠે ગબડી ગયો, અને તે, તે આંચકા સમેત જમીનપર પડી, તે ઘોડાના પગ તળે કચડાઇ જવાની અણીપર હતી, તેટલાંજ નવાબજાદો રેહેમત એક કમાનમાંથી છુટેલા તીરની ઝડપે તેની ગમ દોડયો અને તે જવલેણ અકસ્માત બને તેટલાં તો તેને પોતાના હાથમાં લઇ બાજુ કરી દીધી. તેણે જેવો તે બેભાન આકારને હાથમાં લીધો કે બાજુપરની એક દુકાનપર તે દોડયો. એક સીપાઇએ તે ગબડી ગયલા ડાબડાને પોતાને સ્વાધીન લીધો અને આ બનાવ જોઇ ધસી આવેલું લોકનું ટોળું તે બીચારીને કાંઇ જીવ જેવી ઇજા થઇ નહતી તેની ખાતરી પોતાની નજરે જોઇ કરી વિખરાઇ ગયું.

સારે નસીબે, જે દુકાનમાં તે બેભાન થયલી ગુલઝારને હાથમાં લઇ રેહેમત દોડી ગયો હતો તે એક પરચુરણ સામાન વેચનારની

દુકાન હતી, જ્યાંથી તેણે એક કોલોંવાટરની બાટલી લઇ, તેમાંથી થોડું તેણીનાં કપાલપર લગાડયું અને થોડું પોતાના રૂમાલપર છાંટી તેણીને સુંઘાડયું. આ ઉપાયથી તે જરાવારમાં હુસ્યાર થઇ, પણ હુસ્યાર થઇ આંખ ઉંઘાડતાંજ જેવી તેણીની નજર રેહેમતપર પડી કે અજાયબી ભેગી ધાસ્તીથી તે ચોંકી, જે જોતાં તેણે તેણીને ધીમે અવાજે કાને લાગી ધીરજ આપતાં કહ્યું—

"મારીથી બીહોછ કાંય? મારી જીંદગી જોખમમાં નાંખી મેં તમને બચાવ્યાં નથી? તેમ કરવાની કોશેશમાં હું જાનથી માર્યોબી જતે તો મરતાં મરતાંબી તમારે માટેની મોહબતનાં વચન મારી જબાં—"

ત્યાં ગુલઝારે પોતાનો ચ્હેરો એવો કુમળાવ્યો કે પોતાનું બોલવું રેહેમતે ત્યાંજ અધુરૂં નાંખી તે બોલી ઉઠયો, "આહ! તમો વળી મારી સાથે ગુસ્સે થયાં!"

"નહીં, નહીં, હું ગુસ્સે નથી થઇ, મને માફ કરો." આટલું બોલતાં તે હવે બાહાર જવા ઉઠી, પણ તેટલાં પેલો સીપાઇ તેણીનો બાકસ લઇને આવ્યો, જે રેહેમતે લીધો અને તેના હાથમાં એક રૂપ્યો મુકયો. પછી પેલા દુકાનદાર તરફ ફરી તેણે તેની તરફ એક બીજો રૂપ્યો નાંખ્યો, જે, કોલોંવાટરના પૈસા લેઇ બાકીનું છુટું આપવા જતો હતો, તે રેહેમતે ન લેતાં તેને પડેલી તકલીફના બદલામાં તેનેજ રાખવા ફરમાવ્યું.

એ સઘળી તેની ઉદારતા ગુલઝારે જોઇ અને મનમાં ઘણી કચવાઇ, પણ કશું બોલી નહીં.

હવે તેઓ બન્ને તે દુકાનમાંથી ઉતર્યાં કે તેણીએ જોયું કે તેણીનો બાકસ પેલા જવાને પકડેલો હતો, જેથી તે બોલી ઉઠી—

"નહીં, નહીં! મારા હાથમાંનો બોજો તમો ઉંચકીને ચાલો તે મને ઘણી લાજ લાગે." એમ કહી તે બાકસ તેણીએ તેના હાથમાંથી લઇ લીધો અને રેહેમતેબી તેની સાથે નકામી જીદ કરવાનું વાજબી નહીં વિચારી તે તેણીને લેવા દીધો.

"વારૂં, મને તારી સાથે ચાલવાની રજા છે કે તેબી નહીં? રસ્તો ઘણો ગીરદીનો છે એટલે તારી સાથે હું હોવું તો તને કાંઇ અડચણ છે?"

"પણ એમને એમ, મારી ઉપર તમે કેટલાક ઉપકાર કર્યા જશો, સાહેબ?" તે સભ્યતાથી બોલી અને પોતાની સાથે ચાલવાની તેની અરજ ના પાડતાં રખે તેના ઉપકારનો બદલો અપકારમાં વાળેલો સમજી તે અપમાન લેય તે વિચારની બીહીકથી તેણીએ તેને તેમ કરવાની રજા આપી.

"આ અકસ્માતથી તમને કેહેં લાગ્યું, કેહેં તમને દુઃખેછ?" તેણે ઘણી માયાથી પુછ્યું.

"નહીંજી, કાંઇજ નહીં, જરા ખભાંમાં કળતર થાયછ." એક પીંજરાંમાં ઘેરાયલી ચલ્લીનાં હૈયાંની માફક ફડકતે હૈયે તેણીએ જવાબ દીધો. એક ખ્યાલ, તેનીથી તેણીએ કેમ છુટું થવું તેનો તેણીને હતો, અને વળી બીજોજ ખ્યાલ, રખે તેણી કાંઇક કોશેશ કરતાં તેને અપમાન થાય તેનો હતો. એ બન્ને ખ્યાલોની વમલમાં તે બીચારી ગોટાં ખાતી તેની સાથે આગળ વધી.

"હા, કેમકે તે ઘોડાનું મુડું ખભાંપરજ લાગ્યું ખરૂંની? પણ શુક્રે અલ્લાહ, કે કાંઇ વધુ ગંભીર ઇજા તને ન થઇ."

"અને તમારી મોટાં દીલની મદદ જો વેળાસર મને નહીં મળી હતે તો તેમ થતેજ, જે માટે તમારો હું ઉપકાર માનુંછ. તમારી તે મેહેરબાનીનો બદલો મારાથી વાળી શકાવાનો નથી, પણ, મારી તરફથી તમને જે કાંઇક ખર્ચ થયો તે તો મારે પાછો—"

"યા ખુદા ! તમે એમ ધારી શકોછ ?" તે તેણીને અટકાવી બોલ્યો, "તે દહાડે તો તમને ગુસ્સે થવાનું મેં કારણ આપ્યું હતું, પણ, ખુદાને શાહેદ જાણી કહુંછ કે તમારી તરફની મારી તે વર્તણુકમાં તમને અપમાન કરવાની મારી નેમ હતીજ નહીં. તમારી ખુબસુરતીથી હું એવો અંજાઇ ગયો હતો કે—"

"ઓ ! સાહેબ, તમે જાણતા નહીં હશો કે એ કીસમની વાત મારી લાગણીને કેટલી દુઃખી કરેછ ! તમો મારી તરફ ઘણીજ માયાથી, ઘણાજ મોટાં મનથી, ઘણાંજ ઉદાર દિલથી વરત્યાછ તો એ સઘળી ભલી લાગણીને, મારે સાંભળવાં નહીં જોઇયે એવાં વચનથી શામાટે ડાઘ લગાડી ખરાબ કરોછ ?"

"પણ, હું કાંઇ પાક સ્વચ્છ પ્યારને આધીન થઇ બોલતો હોવું તો ?"

"નહીંજી, આપણ બન્નેની હાલત એટલી જુદી છે કે તેવો વિચાર મારાં મગજમાં લાવવાની મારાથી હીંમત થાયજ નહીં, અને મારી ચાલચલણ કે રીતી નીતીને માટે તમે હજી કાંઇ મત બાંધ્યું નહીં હોય તો મહેરબાની કરી સમજો કે એવી વાત મને ઘણીજ અણગમો પેદા કરનારી છે."

"પણ, મીઠી મધુરી, મેં તારી ચાલચલણ અને રીતી નીતીનો એક પલમાં અભ્યાસ કરી લીધોછ તેથીજ હું એવી વાત કરવાની હામ ભીડુંછ."

"સાહેબ, મારે આ તરફ રીચી રોડપર જવું છું, માટે, એકવાર ફરીથી મારી તરફની તમારી મેહેરબાનીની માટે ઉપકાર માની હું રૂખસદ ચાહુંછ."

હાં તેઓ બન્ને ઉભાં અને તે જવાન નવાબજાદાને લાગ્યું કે તેણીની સાથે બોહોળા કરી ચાલ્યાજ કરવામાં ડાહાપણ નહીં પણ મુર્ખાઇ હતી.

"ફક્ત એક બોલ-એકજ વધુ બોલ બોલવાની મને રજા આપ." તે તેણીનો હાથ નરમાશથી પકડી બોલ્યો, "મારો સ્વભાવ, મારી પ્રમાણીક નિષ્ઠા, મારી અંતઃકરણપુર્વક મતલબ એ સઘળું તારી આગળ વિસ્તારીને રજુ કરવાની મને એક તક આપ. હું કાંઇ તારી મુલાકાતે આવવાની રજા માંગતોજ નથી, મગર,—"

મુલાકાત બોલ સાંભળીનેજ ગુલઆર ચોંકી શરમથી લાલ થઇ ગઇ અને તુરતજ પોતાનો હાથ તેના હાથમાંથી તેણીએ સેરવી લીધો.

"આહ! હું કેવો કમબખ્ત!" તે બોલ્યો, "મેં તને પાછી ગુસ્સે કીધી, પણ હું ખુદાના કસમ ખાઇ કહુંછ કે તારી તરફના મારા આચાર વિચારમાં પાપનો એક કતરોબી નથી. મધુર છોકરી, કદી મેં નહીં અનુભવેલી, નહીં જાણેલી જે લાગણીથી હું તારી તરફ ખેંચાયોછ તેની તને કેમ ખાતરી આપું? હું તારો સારો વિચાર કેમ મેળવું? તારી દોસ્તી હું કેમ સાધું?"

"મને મારે રસ્તે જવા દીધાથી તમે તમારી એ સઘળી મતલબ પાર પાડશો." એટલું બોલી તે ત્યાંથી ચાલી જવા કરતી હતી, પણ નહીં, તેણીનું હૈયું તેમ કરતાં દુઃખાયું. તેણીને લાગ્યું કે જે જવાને તેણીની ઉપર દેખીતો ઉપકાર કીધેલો તેવા એકને અપમાન કરવાની તેણી હદ ઓળંગી જતી હતી. આ વિચારો તેણીનાં મનમાં આવતાંજ તેણી ચાલી જતી થોભી અને તેની તરફ જોઇ બોલી—

"મને નગુણી સમજવાની તમો મેહેરબાન, ભુલ કરશો ના—એમ તો વિચારતાજ ના કે તમોએ જે મારે માટે કીધુંછ તે મારાં મનમાંથી જતું રહ્યુંછ. નહીં, તમે મારી તરફ ભલી લાગણી દેખાડવાની જયારે મેહેરબાની કીધીછ ત્યારે મને એક નિરાધાર

નાવારેસ છોડી લેખે દરગુજર કરી તે તમારી મેહેરબાનીમાં ઉમેરો કરજો."

"મીઠી મોહન, જો તને ચહાવી એ એક પાપ હોય તો તારી સનમુખ હું પાપી બનીનેજ ઉભોછ, અને સાચા સ્વચ્છ પ્યારની માંગણીથી તને અપમાન થતું તું સમજતી હોય તો તારી ખફ્ગી મારે સર ખેંચી લેવાના જોખમમાં હું ખુશીથી ઝીપલાઉંછ. મારા બોલને તુચ્છકારી ના કાઢ, મારા સોખનો હલકા ગણી—"

"હું તમારૂં કાંઇજ વધુ સાંભળવા માંગતી નથી." એટલું બોલી ગુલઝારે ચાલતી પકડી.

પણ તુરતજ તે જવાન તેણીની જોડમાં આવી ચાલવા લાગ્યો.

"નહીં, આપણે એમ છુટાં નહીં પડયે!" તે મક્કમપણે બોલ્યો "કદી, કદીબી તારી પુઠે પુઠે હું આવવાનો નથી. કદી, કદીબી તું કયાં રહેછ તે શોધી કાઢવાની હું તજવીજ કરવાનો નથી, પણ, મારે તને પાછું મળવુંછ. મારાં સુખનો સર્વ આધાર તે મેળાપપરજ છે તો મને નિરાશીના ગારમાં નહીં ડુબાડી મારવાની કરમ મેહેરબાની ન ફરમાવે?"

ગુલઝાર કુદરતીજ ભોળી અને ભલી હતી. તેણીનામાં બુરી આગાહી જાણી લેવાની કે બુરાંની અગમચેતી કરવાની કાયનાતજ ન હતી, અને જો ખરૂં કહે તો ગુલઝારને મનાવવામાં તે જવાન નવાબજાદાની કોઇબી રીતે બુરી મતલબ હતીજ નહીં. તેની આજીજીમાં એવું પ્રમાણીકપણું હતું, તેની આરજુમાં એવી સચાઇ હતી, તેનો એક એક સોખન એવો લાગણીથી ભરપુર હતો કે તે સઘળું ગુલઝાર જેવી એક અબલાપર જોઇતી અસર કરવામાં નિષ્ફળ નિવડે તો અમો તેણીને ઔરતના દરજ્જાથી કાં તો છેક કમીની, કાં તો એકદમ આલા ગણયે. આખરે કરેને તે એક ઔરતજ

કેની, એટલે રેહેમતનું આ બોલવું સાંભળી તે થોભી ગઇ અને ચીંતા અને ગુચવણોનો તે એક ભેગો ભોગ થઇને ઉભી.

"ચાલ, લે, તું મને શું કહેવા માંગેછ ?" તેણીએ પુછયું અને તે વખતે તેણીના ચ્હેરાપર રતાશ ચઢી આવ્યો હતો.

"હું બસ એટલુંજ માગુંછ કે જેમ એક હમશીર બહેન પોતાના બેરાદરપર જેટલો વિશ્વાસ મુકે તેટલો વિશ્વાસ તેમ તું મારી પર મુક અને કાલે યા કોઇબી દહાડે તારી સાથે એ વાત કરવાની મને તક આપ."

"વારૂં કહાં ?"

"તારે ગમે તો આ રસ્તાપરજ આવેલા 'રીચીબાગ'માં."

"ઠીક છે, ત્યારે જા, આયજ વખતે પરમ દહાડે આયજ રસ્તાપરથી હું પસાર થવસ."

આટલું બોલી તે ઝડપથી ચાલીજ ગઇ; કેમકે તે બોલ તેણીનાં મોહમાંથી નીકળતાંજ તેણીએ જાણે કાંઇ અજીમ ગુનાહ કીધો હોય તેમ તેણીનું દીલ ડંખવા લાગ્યું.

પ્રકરણ ૨૬ મું.

મનતરંગ.

ગુલઝાર જે કામે પોતાનાં ઘરમાંથી બહાર નીકળી હતી તે બજાવી પાછી પોતાને ઘરે ગઇ. ઘરે આવતાંજ સીધી પોતાના માળપર ન જતાં ઝોહેરાના ઓરડા આગળ થોભી, કેમકે જે હમણાં બન્યું હતું તેથી તેણીને વાકેફ કરી તેણીની સલાહ લેવાનો તે ભોળી બાળાનો વીચાર હતો.

ઓહોરાનું બારણું ઠોકતાંજ તે ઉંધાડી તે પોતેજ ગુલઝાર સનમુખ આવી ઉભી રહી. આજે તે કાંઇ ઓરજ ઠઠેરામાં હતી અને ગુલઝારની પહેલી મુલાકાત વખતે જે ભપકાભરેલો પોશાક તેણીએ તેને બતાવ્યો હતો તેજ પોશાકમાં હાલ તે બનીઠણીને ઉભી હતી. તે પોતાના હોઠપર હાથનું એક આંગળું મુકી નખરાંથી જરા હસીને બોલી—

"ગુલઝાર પ્યારી, આજે મારીથી તને અંદર તેડાય તેમ નથી, કેમકે, હમણાં હું કોઇના આવવાની કાગને ડોળે રાહ જોઉંછ."

"આ! ત્યારે ઓહરા તને આટલીબી રોકવાને માટે હું માફ માગુંછ. હું જાણું કે તું એકલી હોસે તે–"

"ને તેથી તું સમજી કે જરા સાથે બેસી અડધોક કલાક ટાહેલું કર્યેં ? હા, તેમ હું કરતે પણ જોની, આજે સહવારેજ મુશરરફખાનની મને એક ચીઠી મળી જેમાં તે લખેછ કે તે સાંજ સુધીમાં મને જરૂર બા જરૂર મળવા આવશે ને હજી તે કેમ નથી આવી પોંહાંચ્યો તેથી હું અજબ થાઉંછ."

"ઠીક છે, ત્યારે, હું બીજી વખત આવશ." એટલું કહી ગુલઝાર પોતાના માળપર ચઢી ગઇ.

તુરત કપડાં કાઢી રાતનું કાંઇ પકાવી લેવાની તેણીએ તૈયારી કીધી. તુરત કાંઇ કાંડી કચરાની મદદથી તેણીએ ચુલ્હો પેતવ્યો અને તેપર એક ઠીકડું મુકી મજેહની એક જાડી બાજરીની રોટી ચેરવી નાંખી, જે ચરી રહેતાં ઠીકડું ઉતારી તેણીએ ચાહ કીધી જે તૈયાર થતાં એક કટોરો ભરી તે ચાહ અને પેલી રોટી લઇ એ બન્નેને કેવીક ન્યામત સમજી સંતોષી ચેહેરા સાથે તે ખાવા બેઠી. ખાતાં ખાતાં તેણીને મળેલા તે જવાનનો અને તે જવાનને રીચી બાગમાં મળવાને તેણીએ આપેલાં વચનનો તે વિચાર કરવા લાગી. તેણીના

વિચારોની હારમાળાની પેહેલી કસેલે તેણીએ તે જવાનને આપેલાં વચન માટે પોતાનાં દીલમાં તે પસ્તાવા લાગી, કેમકે, ગમે તે પણ તેને મનસે તો તે એક ત્રાહીતજ જવાન હતો; અને જો કે વળી સાથે સાથે તેણીએ પોતાનું મન એમબી મનાવવાની તજવીજ કીધી કે એક ભયભીત અકસમાત—કહોની કે નજીક આવેલાં ભયાનીક મોત-માંથી તેણે તેણીને બચાવી હતી ખરી. વળી તેણી તરફથી તેણે પોતાના પૈસાનો છુટથી ઉપયોગબી કીધો હતો ખરો, એટલે, તેણીના કાંઇક વિશ્વાસપર, તેણીની તરફની આભારની લાગણીપર તેનો કાંઇક હક હતો ખરો, ત્યારે તે હકની રૂહે તેણે એકવાર ફરીથી તેણીની સાથે જે મેળાપ કરવાની માંગણી કીધી હતી, તે માંગણી તેના તે હકની હદની બાહાર હતી કે નહીં?

હાલ તેણીનાં મગજમાં ઉભો થયલો એ સવાલ મુખ્ય હતો. ઝટ તેણીએ વળી એમબી ખાતરીથી માન્યું કે તે મેલાપ ચાહવામાં તેની મતલબ તમામ પાક હતી, એમાં તો કાંઈ શક નહતો અને તે તેવી પુરવાર કરવાનેજ તે તે મેલાપ ચાહતો હતો. તેણીના મગજમાં આથી ઉપજેલાં ઉપરાસાપરી વિચારો અને તે વિચારોપરની તકરારો નીચે મુજબની હતી:

“હું જો મારાં માદર, પેદર યા વાલીઓનાં શીરછત્ર હેઠળ ઉછરતી, સારાં સુંદર મકાનમાં રેહેતી એક બાનું હતે તો અલબત જેમ હંમેશ બનતું આવ્યુંછ તેમ સભ્યતાને ખાતર તે ઘર સુધી મને મુકવા આવતે, યાતો બારવને ઘરે મળવા આવવાની રજા માંગતે અને તે રજા—સભ્યતાનો કાનુન સાચવી મારાં વાલીઓ તેને આપતે અને એ રીતે તે મારા અને હું તેના સ્વભાવથી વાકેફ થતે; અને તેમ અરસપરસ ખાતરી થતાં તેના જે સોખનોમાં માન, તેવા સોખનો સાંભળવાની શું હું ના પાડતે? નહીંજ, અને તેનું પરિણામ શું

આવતે ? જો તેને હું સાચો અને સાબુત દિલનો જોતે અને મને તે બધી વાતે પસંદ પડતેઃ થઇ પડતે તો હું એક ભલા અને માયાળુ જવાનની મોહોરદાર થતે. પણ કમનસીબે ઉપર મુજબનું સઘળું જે નથી બનવા પામ્યું તે મારી આજની કમીની કંગાલ હાલતને આભારી છે. તેને ખબર છે કે, હું માત્ર એક ગરીબડી દરજણ છેઉં, અને મારી ઇજ તને દાઘ લગાડયા વગર તેને મારી મુલાકાતે બોલાવું એવું કાંઇ મારૂં મકાન નથી એમબી તે જાણતો હોવો જોઇયે અને તેજ મીસાલે હું પણ તેને મકાને તેને મુલાકાત આપું એબી બનવાજોગ બીલકુલ નથી, તયારે જે રીતે તેને મળવાનું મેં વચન આપ્યુંછ તે કીસમની મુલાકાત ચાહવામાં તેણે એક ઘણીજ સારી સમજ શકતીનો ઉપયોગ કીધેલો કહી શકાય. જો તેની ધારણા ખરેખરીજ તે મને મનાવવા માંગેછ તેટલી પ્રમાણીક અને પાકજ હોય તો તેની મને ખાતરી આપવાનો તે સિવાય બીજો રસ્તોજ કયો તે લઇ શકે ? તેની ઉમર શું ? તેનો અનુભવ કેટલો ? વળી તે એટલો માયાળુ અને ઉદાર દિલનો છે કે તે જવાન એક હડહડતો ઠગારો હોય એમ મારા માનવામાં આવતું નથી, અને વારૂં, કદાચ તેને વિશેનાં મારા મતમાં હું ઠગાઇ અને હું મર્યાદાની હદમાં રહી નહીં સાંભળી શકું તેવો એકુબી સોખન તે બોલ્યો તો તે જાણે કાંઇ દુષ્ટ રોગનું રૂપ હોય તેમ તેનીથી હું નાહાસીશ. પણ ત્યારે—બીજા હાથપર જોતાં હું તો તેનું નામ વટીક જાણુતી નથી. તે એક તદ્દન ત્રાહેત જવાન—આહ ! પેલા કમનસીબ માયાળુ અનવરખાં સાહેબે તેને રેહેમત—રેહેમુનાં નામથી બોલાવ્યો હતો. રેહમત ! એટલે તો દયા અને દયાનો દીગર લફ્ઝ રેહેમત ! કેવો સંજોગ ? પણ વળી મને યાદ આવેછ કે અનવરખાંએ તેને ધમકાવી સબક આપ્યો હતો કે 'તેની સાથે જબરજસ્તીથી તારી ઓળખ પાડવીજ જોઇયે તેના ટેકામાં જયારે એકુબી મજબુત કારણ નથી, ત્યારે, તારે તેમ નહીંજ કરવું

ઘટે તેના ટેકામાં હજારો કારણો છે!' નહીં, ત્યારે તેને વચન આપ્યા છતાં તે ન પાળું તો હું કાંઇ તેમાં ખોટું કરતી હોવું તેમ કાંઇજ નથી."

આ સેવટપર આવતાંજ એક નરમ હાય ખેંચી તેબલપરથી ચાહેનો ખાલી કટોરો ઉંચકી લઇ તે સાફ કરી પોતાનું સીવવાનું લઇ તે બીચારી કામે વળગી. ગમે તેટલો રેહમતનો વિચાર તેણીએ મનમાંથી કાઢી નાંખવાની તજવીજ કીધી, પણ, તેની તે કોશેશ બધી ફોકટ ગઇ, અને વળી પાછી 'જવું કે ન જવું' તે સવાલને બધી તરફથી પાછો તપાસતી તે બેઠી.

"અનવરખાંએ તેને એ તાકીદ કીધી તે વખતે તેવણનાં મનમાં કદાચ એમ હોય કે મારી સોડ સાંધવામાં તેની મતલબ પ્રમાણીકપણાંથી વેગળી હશે, પણ રેહેમત"–અને હાં તે છોકરીના ગાલપર રેહેમતનું નામ બોલતાં રતાશ ચઢી આવ્યો, "પણ રેહેમત જેવી રીતે તે વખતે મારી તરફ વરત્યો હતો તે તરફ જોતાં અનવરખાં સાહેબે તેને માટે જે મત બાંધયું હતું તેમાં તેવણ ગેરવાજબી ન હતા. પણ કાંય નહીં તેવણે તેમ કરવામાં તે જવાનને ગેરઇન્સાફ કીધો હોય? હા, તેમબી હોય, કેમકે તે દીવસની પોતાની વર્તણુકને માટે ખુલાસો કરવાને તે બીચારો આજે કેટલો બધો આતુર હતો? અને આજ સાંજની તેની મારી તરફની ચાલ ચલણુ અને રીતભાત એવું બતાવીજ આપતી હતી કે મને કશુંબી અપમાન કરવાની તેની મતલબ હતીજ નહીં. તે બીચારો મારી એક બસ એકજવારની મુલાકાતને માટે કેવી આરજુથી કાલાવાલા કરતો હતો? આહા! જો તે મને એક ઓસ્તવાર પ્યારથી ચાહતોજ હશે અને મારી તરફની કાંઇ ક્રુર કઠોરતા તેને—"

પણ ત્યાં ગુલઝાર પોતાના એ ગંભીર ગોરમાંથી ચોંકી જાગ્રત થઇ, અને સડસડાટ વેહ્યા જતા પોતાના વીચારોના તે રોહને તેણીએ એકદમ અટકાવી નાંખ્યો અને તેણીએ જોયું કે આતશ જેવા રતાશથી તેણીના બન્ને રૂખસાર તપી રહ્યા હતા. અને તેણીના હૈયાંના તાર કાંઇ નવીજ કીસમની લાગણીથી લરઝી રહ્યા હતા. કારણ કે, અરે! જે વિચારનાં વમળમાં તે સકુમારી સુંદરીનું મન-કમળ તરતું થયું હતું તે વમલનાં વળાંમાં તેણીની આટલી જીંદગીમાં પ્હેલીજવાર પ્યાર બોલ આવી ગયો હતો. અને જો કે તેણીના જાનનાં છેક ઉંડાણુમાંથી નીકળેલા એ નવા અવાજથી તેણી ઘડીભર ચોંકી ખરી, પણ તરતજ બીજી ઘડીએ તે દિલપઝીર અવાજથી તેણીનાં હૈયામાં એક નહીં સમજાય તેવી ખુશાલીનો રેલો ચાલુ થયો. કેમકે તે બોલની રગેરગમાં અને તેના વિચારની નસેનસમાં જાદુ છે, જેની અસર પાકમાં પાક અને નિરમલમાં નિરમલ મન ઉપર થયા વિના રહેતી નથી. તેને કોઇ ચાહેછ, અને કોઇને તે ચાહેછ એવો એક અબલાનાં નાજુક હૈયાંમાં ઇશારો થતાંજ સારી જહાંન અને તેણીની આસપાસના બીજા સંજોગો તેણીની સૈનમુખ નવાંજ રંગરૂપમાં રજુ થાય છે. ત્યારે અને ત્યારેજ, પોતાનું જે જીવવું તે એક ઘડી આગમજ હરામ સમજતી હતી, તેજ જીવતરથી જીવવાનું તે હલાલ સમજે છે! ત્યાં વળી તે બોલની એજમત તેની અસરમાં ન્યારીજ હતી.

પ્રકરણ ૨૭ મું.

નીરાશ-નાઉમેદ!

ત્યાં તેણીની સોયની ઝડપ કાંઇક ધીમી પડતી ગઇ અને ધીમી થતાં થતાં તે સદંતર અટકી પડી; તે કામજ તેણીના હાથમાંથી સરી પડયું, અને ભર જાગૃત હાલતમાં તેણીનું મન કોઇ અજબ લાગણીથી મંદ થઇ જઇ સ્વપ્નાની ભુમીપર સફર કરવા લાગ્યું.

પણ, અરેરે! તેટલાં કોઇ કઠોર અને ધાટકી હાથે તેણીની ઓરડીનું બારણું ઠોકાવાથી તે સજાગૃ થઇ ગઇ અને ચોંકીને ઉભી થઇ. તુરતજ તેણીનું સોનેરી સ્વપ્નું કોઇ અણદીઠ રોશનીમાં પીગલી ગયું અને આંખના એક પલકારામાં વળી પાછી સોહોરાઇ સુકાઇને તાવદાન થઇ ગયલી કંગાલયતની સામે તેણીએ પોતાને ઉભેલી દીઠી.

તે અવાજ પાછો થયો અને પોતાનાં મનને સ્થિર કરવા આંખે હાથ દઇને તે એક પલ વધુ ઉભી અને પછી તે બારણું ઉંઘાડવા દોડી.

"હું તો જાણું કે તું ઉંઘાઇ ગઇ, ગુલઝાર," ઝોહરા ઓરડીમાં દાખલ થતી બોલી, "અને તોબી મને તારી ઓરડીમાં બતીનો ઉજાસ દેખાયો તેથી મેં બારણું ઠોકયું; પણ, હું ધારૂં છ કે તું ઉંઘમાંથીજ ઉઠી હશે."

"કેટલા વાગા ઝોહરા?" નરમ પડી ગયલી બતીને ઉસ્કેરતાં ગુલઝારે પુછયું.

"લગભગ નવ વાગવા આયા ને!" ઝોહરા બોલી અને તેણીની ઢપપરથી ગુલઝારને લાગ્યું કે તેણી કાંઇક ખભરેલી હતી.

"ઝોહરા, આજે તું કાંઇ ચીરડાયલી છે?"

"ખરૂં કહું તો આજે મારાં મગજનું ઠેકાણુંજ નથી. તું જાણેછ કેની કે મુશરરફની હું કેટલી આતુરતાથી રાહ જોતીતી' તે? અને વળી મેંબી કાંઇ તેને થોડોજ બોલાવ્યો'તો! તેણે પોતેજ આવવા મને લખી મોકલ્યું'તું ને તે આયોજ નહીં ને રહી રહીને મને એક કાગળનાં ચીઠડાંપર બે બોલ લખી મોકલયા કે તેનીથી અવાશે નહીં. નથી તેણે તેમાં પોતાની ગેરહાજરીનું કારણ જણાવ્યું, કે નથી જણાવ્યું કે તે કયારે આવશે. હવે એ વાત શું મારીથી સંખાય? હું ચીરડાઉં નહીં?"

ઝોહરાનો આ ખુલાસો સાંભળી ગુલઝારને તેણીની ઉપર કાંઇ અજબ ધિક્કાર છુટી આવ્યો, પણ, આટલું સુધી તો ઝોહરાને તેવી નજરથી ગુલઝાર કદી જોતી હતીજ નહીં. ઝોહરાએ પોતાની નામોશીનો છેલ્લો યકરાર કીધા પછીએ ગુલઝાર તેણીને માટે જરાબી સુગ કે શરમ ન ધરાવતાં તેણીની સોડ સાંધતી જતી હતી અને હમણા એકાએક એમ કેમ? શું ત્યારે ગુલઝારનાં નાજુક જીગરમાં બરપા થયલા પેલા જાદુઇ બોલની અસર એટલી બધી જોરાવર હતી, કે, તે અસર તળે પોતાની સનમુખ ઢંઢેરો કરી નીકળેલી પોતાની તે દિલસોજ સહીને વટીક તે આજે નવાજ રૂપમાં જોતી હતી? હા, પ્રિય વાંચનાર તેમજ હતું.

"હું પુછુંછ ગુલઝાર કે એ કારણ મારાં મનનાં સમતોલપણાંને ખોરવી નાંખવાને પુરતું નથી?" ગુલઝારને પોતાની સામે મુગી મંતર ઉભેલી જોઇ ઝોહરાએ તેણીને પાછો તે સવાલ કીધો.

"તને ચીરડાવાનું એવું કાંઇબી કારણ મળવા માટે ઝોહરા હું ખરેજ દલગીર છેઉં."

"પણ આજે તુંબી એમ કેમ? તુંબી આજે ઘણીજ ઠંડી ને બેદરકાર લાગેછ? વળી કાંઇ તું દુઃખી છે કે?"

શું જવાબ આપવો તેને માટે ગુલઝાર થોડીક પળ ગુંચવાઇ. તે દીને સાંજે જે બન્યું હતું તે સઘળું ઝોહોરાને કહી દઇ તેને પોતાના વિશ્વાસમાં લેવાનો તેણીએ ઠરાવ કીધો હતો, પણ તેણીની જ તરફના હમણા બરપા થયલા અણગમાએ તે બાબદમાં તેણીની જબાનને ઉપડવા દીધીજ નહીં. અરે, તે અણગમો એટલી હદ સુધી જવા પામ્યો કે, ગુલઝારનો પાક જાન ઝોહરાનાં નજીસ બદન સાથે અડકતાં વટીક સુગાયો અને કમકમ્યો.

"એમ તો બોલતીજ ના ઝોહરા કે તારી તરફ હું બેદરકાર છેઉં. હું શું તારા આભારમાં નથી કે—"

"તારાં મનમાં મારે માટે કાંઇ નથી જાણી હું ખુશી છેઉં ગુલઝાર; હું પોતેજ મારાં મનની આજે માલીક નથી એટલે મેં તુંને એમ ધારી હશે–પણ મુશરરફ ક્યાં રેહેછ તે હું જો આજે જાણુતી હોતે તો કેવું સારૂં! હું તેની આગળ દોડી જઇને કેવો ખુલાસો માગતે! આહ! ગુલઝાર, આજ સાંજ સુધી હું કદીબી તેને માટે અદેખી પડી ન હતી, અને હવે મને માલમ પડેછ કે, તે ખુબરૂ જવાનને હું ઘણુાજ પ્યારથી ચાહુંછ, એટલે મારાં મનમાં તેને વાસ્તે તરેહવાર વ્હેમો આવેછ. એણે મારી સાથે કોઇ દહાડે એવી ચાલ ચલાવી નથી." અને ત્યાં ઝોહરા ધસ્ઠાધસ્ રડવા પડી.

ઝોહરાને રડતી દેખી ગુલઝારથી થોભાયું નહીં, એટલે તેને ઘણુાજ માયાળુ બોલોથી પસ્વારી પતાવી તેણીએ ધીરજ આપી.

"હા, તું કેહેછ તેબી બરાબર છે." ઝોહરા આંસુથી તર થયલી આંખ લુછતાં બોલી, "મારે એ વાત મનમાં લાવવી જોઇતીજ નથી. જોઉં તો ખરી આગલ શું થાયછ તે; અને જો મુશરરપ કાલે મારી આગલ આવી તેની ચાલ માટે ઘટતો ખુલાસો કરી મારી માફી નહી ચાહશે તો પછી શું કરવું અને કેમ કામ લેવું તેબી મને ખબર છે. ચાલ, જરા જીવ વેરવા હું તો બાહાર ફરવા જાઉંછ, તું આવેછ?"

"નહીં, નહીં, નહીં, ઝોહરા એવડી રાતે બાહાર નીકળવાનું મને પસંદ નથી."

"ઠીક, ત્યારે, હું એકલીજ જાઉંછ." એમ બોલી તે ત્યાંથી નીકળી ગઇ.

પ્રકરણ ૨૮ મું.

મિલાપ.

મેહેરબાન વાંચનાર, એટલું યાદ રાખવાની મેહેરબાની કરજે કે ગુલઝાર ઘણીજ નાહાન વયની હતી અને દુન્યાનાં લુચ્ચપણ, ઠગપણ અને દગાબાજીનો તેણીને કશોજ અનુભવ ન હતો,—એક નિરદોષ બાળક આ દુન્યાની રોશની જોતાંજ તેનામાં તેની સાથેજ જે ભોળા વિશ્વાસનું બી જન્મ પામે છે, તે બીમાંથી એક કુંમળો છોડવો ગુલઝાર મોટી થવા સાથે તેણીનામાં ઉગતો રહ્યો હતો, અને તે છોડવાને કચડી નાંખવા યા મરડીને ભચડી નાંખવા જેવું આ દુન્યામાં તેણીએ કશું જોયું કે અનુભવ્યું નહતું,—વળી રેહમતે તેણીને ખુલ્લું જણાવ્યું હતું, કે જેમ એક હમશીર બહેન પોતાના ભાઇપર વિશ્વાસ મુકે તેવો વિશ્વાસ તેણીએ તેની ઉપર મુકી તેને એક મુલાકાતનું માન આપવું—એ સઘળું યાદ રાખવાની મેહેરબાની કરજે પ્યારા વાંચનાર—અને તેણીનાં અંતઃકરણનાં ઉંડાણમાં જન્મ પામેલા પેલા નરમ ઝીણા અવાજની પણ તને યાદ હશે તો અમો જ્યારે આજે તને જણાવવા માંગયેછ કે નીમેલે દાહાડે અને નીમેલે કલાકે તેણીએ રીચી બાગ તરફ હેર્યું લીધું ત્યારે તું અજબ થશે નહીં.

જાન્યુઆરી મહીનાની શુરૂઆત હોવાથી ગુલાબી ઠંડી પડતી હતી અને આકાશ ખુલું અને સાફ હતું. બાગના ચકરી રોકા નાંના દરવાજામાં તે દાખલ થઇ તેણી હજી તો અંદર વધે તેટલાંજ આમ તેમ જોતાં તેણીએ રેહેમતનો ખુશાલીથી ખીલી રહેલો ચેહેરો જોયો અને બીજીજ પળે તે તેણીની નજીક આવીને ઉભો. તેણે ફુરતજ તેણીનો હાથ પોતાના હાથમાં લીધો અને કાંઇક ખુશાલીનાં વચન કહ્યાં, જે સાંભળવાની તેણીની શકતી જેમ સુન મારી ગઇ

હતી, તેમ, તેણે હાથમાં લીધેલો તેણીનો હાથ પાછો ખેંચી લેવાની તેણીની સમજ શકતી પણ ગોયા ગુમ થઇ ગઇ હતી. તે ચાલ્યો અને તેની સાથે એક ચાવી આપેલાં પુતલાં મીસાલ તે ચાલતી થઇ.

"આજે તેં મારીપર એવું સુખ એનાયત કીધુંછ કે જેવાંની આશા રાખવાની પણ મને હીંમત નહીં હતી, અને હું તને પાક વચન આપુંછ કે જે વિશ્વાસ તેં મારીપર મુકયોછ તેની પીછાણુ કરવામાં હું પછાત પડીશ નહીં."

"ત્યારે મેં જે આ પગલું ભર્યુંછ તેને માટે તમો બુરૂં તો નથીજ માનતાની?" ગુલઆરે ધીમા અચકાતા સાદે પુછયું.

"બુરૂં માનું?" રેહેમત બોલ્યો, "હરગીજ નહીં. મારી લાગણીનો પુરેપુરો ખુલાસો આપવા માટે આ જેવી બીજી તકજ મને કેમ મળતે?"

"અને તે છતાં ખાતરીથી માનજો સાહેબ, કે મેં લીધેલાં આ પગલાંમાં ગેરરીતી કે અમર્યાદા જેવું કાંઇજ નથી એમ માહા મુસ્કેલીએ મારાં મનને હું સમજાવી શકીછ. મેં એ સવાલને ઘણીજ બારીકીથી તપાસ્યો અને ઘડીમાં હું વિચાર કરતી કે મારે નહીંજ આવવું તો ઘડીમાં હું એવાં સેવટપર આવતી કે મારે આવવું. અને છેક છેલ્લી ઘડી સુધી હું તે બાબે તદન અચોક્કસ હતી."

"અને આખરે તું મારાં સુખની તરફેણનો ઠેરાવ કરી આવી!" નવાબજાદો રેહેમત ખુશી થઇ બોલ્યો, "જો તું નહીંજ આવતે તો મારી નિરાશી એવી જબુન થઇ પડતે કે તે કદાચ મારા જાનને પણ અલવલ પોહોંચાડતે, કેમકે તેં મારી ઉપર એવી ઉંડી અસર કીધીછ કે હું જમાનાઓ સુધી જીવું તોપણ તે ભુલી શકાવાની નથી. હવે જે હું ખુલાસો કરૂં તે ઘણુંજ ધ્યાનથી સમજજે કે જેથી તું મારે માટે પકકું મત બાંધી શકે. જો, જે મંડળીમાં હું ફરૂંછ હરૂંછ તેમાં એકેકથી સરસ નાજનીનો છે, અને

હું કહું છું તો કદાપી તું માનશે નહીં કે તેઓ સઘળીમાં તારા જેવી ખુબસુરતીની એક પણ હુરી હજી સુધી મારી નજરે પડી નથી, પણ જ્યારે હું એમ કહું છું કે તેઓ સઘળીમાં તારા જેવી અદબ અંદાજાવાળી મલ્હાજાભરેલી પુરતુર ઔરત મારા જોવામાં આવી નથી, ત્યારે, તો તું ખરૂંજ માનજે. મેં એવી કાંઇક ખુબસુરતીઓ જોઇછે કે જેમનીપર માત્ર આપણી નજર પડતાંજ આપણી આંખ ઝલકાટ અને ઝગઝગાટથી ઝલકી રહે. વળી એવીબી ખુબસુરતીઓપર મારી નજર પડીછે કે જેઓને જોતાંજ તેમની નજરમાં ભરેલા જાદુની અસર તળે ગોયા જકડાઇ સીકડાઇને આપણે સ્તબ્ધ થઇ ઉભાજ રહે; મગર, એ બંન્નેની અસર ક્યાં સુધીની? જ્યાં સુધી તેમની આગળ આપણે હોઇયે ત્યાંજ સુધીની! પણ તારા બાબમાં તેથી ઉલટુંજ છે, એટલે—"

"નહીંજી, તમારે એ વાત લંબાવવી જોઇતી નથી." ગુલઝાર શરમથી કે કોણ જાણે કાંઇ બીજા સબબને લીધે લાલ થઇ જઇ બોલી, "મને લાગેછે કે તમારી એવી વાત મારે સાંભળવી જોઇતીજ નથી. તે ઉપરાંત તમે મને ઓળખતા નથી અને મારીથી એમ તો મનાયજ નહીં કે—"

"કે તારે લગતી બારીક તપાસ કીધા વિના તુંને ચાહી શકાયજ નહીં?" જાણે તેણીનો એ વિચાર તે હસી કાઢતો હોય તેવી ઢપથી તે બોલ્યો, "આહ! જો તારી ચાલચલણ અને રીતભાતનો છાપ તારા ચ્હેરાપર હતેજ નહીં તો તું એટલી બધી તારીફલાયક ખુબસુરત દેખાતેજ શાની? આહ! મને ખબર છે કે તારી હાલત ઘણી કંગાળ છે; અને તારી એ કંગાળયતમાંથી ઉંચકી જ્યારે હું તને સુખીસુખ્યારી અને આપ અખત્યારી હાલતે પુગાડી, જે મંડળના એક શોભીતા સેતારા તરીકેજ ધારી કુદરતે તારાં તનનાં ઓખાંમાં

પાક જાનની નિવાજેશ કીધીછ તે મંડલમાં જ્યારે તને હરતીફરતી હું કરીશ ત્યારે તે ઘડીને મારી સૌથી સુખીમાં સુખી ઘડી હું માનીશ. પણ, તારી સાથે આટલી વાત કીધા છતાં તારૂં નામ વટીક હું જાણતો નથી, એટલે તને શું નામે બોલાવવી તેનીએ મને ખબર નથી."

"મારૂં નામ ગુલઝાર છેજી." તે અબલા આશા અને બીહીકની ભેગી લાગણીથી આખે અંગે ધુજતી બોલી. આશા–એવી આશા કે જે એવી વખતે કોઇબી સકુમારી સુંદરીની છાતીમાં ઉત્પન્ન થયા વગર રેહેજ નહીં, અને બીહીક તે તે કીસમની બીહીક કે જે તે આશાની સાથે સાથેજ જન્મી તે આશા ફળદ્રુપ થતાંજ મરણ પામે છે યા તો તે આશા નિરાશામાં ફેરવાઇ જતાંજ વધુ જોશ સાથે ઉગી ઉછળી નીકળે છે.

"ત્યારે પ્યારી ગુલઝાર, મીઠી મધુરી ગુલઝાર, મને તું કહે કે તું મને ચાહી શકશે ?"

"મારી તરફની તમારી વર્તણુંકે મને તમારા મોટા આભાર હેઠળ મુકી છે એ ખરૂં; અને વળી એબી મારીથી ના પાડી શકાય નહીં કે તમારાં આ બધાં બોલવાનાએ મારી ઉપર કાંઇજ અસર કીધી નથી, તેમ જો હું કહું તો હું જુઠી અને ઢોંગી કહેવાઉ."

"ત્યારે તો તું ધારેછ કે તું મને ચાહી શકશે, ગુલઝાર ?" આ ! તે સુખ ! તે સુખ તેણીએ નહીં ધારેલું, નહીં વકી રાખેલું તેણીને ઓચીંતું આવી મળ્યાથી તેના સુવાસનો તેણીને ભાસ થતાંજ, તે સદા ટકશે કે નહીં તેની ઘાતકી વમાસણમાં બીચારી તે પડી. પણ તેણીની એ વમાસણ ખોટી ઠરશે કે ખરી તે આપણે આગળ જોઇશું. રેહેમતે તેણીને પુછેલા સીધા અને સાદા સવાલનો તેણીએ કશો જવાબ આપ્યો નહીં, પણ માત્ર પોતાની ડોક ઉંચકી તેની

નજર સામે પોતાનો ચેહેરો તેણીએ ધર્યો અને તે આંખોમાં–તે મધુર ચસ્મમાં–તેણે પોતાનો જવાબ વાંચી લીધો.

કાલે તો તેણીનું કોઇ દીલસોજ, તેણીને કોઇ ચાહનારૂં, હતુંજ નહીં; આજે તેણીની બાજુએ ઉભેલો જવાન તેણીના દોસ્ત કરતાં આલે હતો, તે ચાલી ચલાવીને તેણીને ચાહવા આવ્યો હતો અને ચાહીને તેણીને તેની પોતાની પરણેતર બનાવવાને તે તત્પર હતો.

"મારી પ્યારી, હું તને ખાતરી આપી ચુકયોછ કે જેવી તારી આસકભરી ખુબસુરતીએ મારી ઉપર અસર કીધીછ તેવી કોઇયે કવચીતજ કીધી હશે, અને તેથીજ મને લાગેછ કે તારા વગર સુખથી જીવવું મારે માટે મુશ્કેલ છે, અને તેથી અને તેથીજ તને તારી આ હાલતમાંથી ઉંચકી આબાદ અને સુખી હાલતમાં જ્યારે તને હું મુકીશ ત્યારે તે કામને મારી મોટામાં મોટી ફત્તેહ હું લેખીશ; એજ સબબસર તને હું મારી મોહોરદાર બનાવવા માંગુંછ. હા, એટલું ખરૂં કે હું જેઓ વચ્ચે ફરૂંછ હરૂંછ તેઓ મારા આ નેકાથી ચોંકી અજબ થશે ખરાં, પણ જ્યારે મારી જવાન ખુબસુરત પરણેતરને તેઓ વચ્ચે લઇ જઇ હું તેઓમાં ભેળાતી કરીશ ત્યારે તેઓની ખાતરી થશે કે તે ગરીબડી દરજણ તે સઘળાંઓ વચ્ચે એક મોતેબર મરતબો ભોગવવાને તદન લાયક છે. કહે, ત્યારે મારી દીલદાર દિલરૂબા, કે એ સવાલનો ફડચો કરવાને તારે કોઇ દોસ્ત કે ખેશીની સલાહ લેવીછ? કેહે મને, કે તારી સાથે નેકાના અકદથી બંધાઇ તને મારી મોહોરદાર બનાવું તેટલાં તારાં સુખ સગવડ માટે મારે શું ઉપાય લેવાની જરૂર છે? ટુંકમાં મને તારે લગતી સઘળી હકીકત જણાવ અને–"

પણ ત્યાં તે બંન્ને આશક માશુકને કાને અજાયબી ભેગી ગુસ્સાની લાગણીનો કઠોર અવાજ પડયો અને બંન્નેએ પોતાની નજર ઉંચકી જોયું તો તેમની સામે ઝોહોરાને ઉભેલી તેઓએ દીઠી.

પ્રકરણ ૨૯ મું.

ઉલટી સુલટી બાજી.

"મુશારરફ! એ તું છે કે? અને આહ! મીંઢી મસકલી ગુલઝાર!" ઝોહોરા ઘણુંજ જનુનથી ચીચવાઇ, અને ગુસ્સાથી લાલ થઇ આવી.

"મુશારરફ!" ગરીબ ગુલઝારનાં મગજમાં વીજળીના ચમકારા પેઠે વ્હેમનો ભણકારો થયો અને ગભરાયલી ચશમે તે પોતાના આશક તરફ જોઇ બોલી, "નહીં, નહીં ઓ! નહીં, એમ હોયજ નહીં."

પણ આ સવાલનો જવાબ તે પોતાના આશકથી મેળવે તે અગાઉ તો ઝોહોરા જે શબ્દોમાં તે બીચારાની ઝાટકણી ઉતારતી રહી તે શબ્દોમાંનો એકે એક બોલ તાવેલાં સીસાં માફક ગુલઝારનાં મગજપર પડતો રહ્યો.

"ઓ! ખુદા મને માફ કરે." એટલું બોલી રહેમતે પકડેલો તેણીનો હાથ તેણીએ જોરથી ખેંચી લીધો અને જો વખતસર પાસેજ એક ઝાડનાં થડને તેણીએ પકડી ન લીધું હતે તો તે બેભાન થઇ જમીનપર તુટી પડતે.

"ગુલઝાર મને ગેરઇનસાફ ના કરતી. મારૂં સાંભળ, ખુદા ખાતર મારો ખુલાસો સાંભળ."

"નહીં-નહીં, હવે આપણુ બન્નેને કાંઇ સંબંધજ નથી." દુઃખી અવાજે તે બોલી અને પછી પોતાની સઘળી હીંમત એકઠી કરી તે ત્યાંથી નહાઠી.

તે જવાન નવાબજાદો તેની પુઠે દોડવા જતો હતો, પણ ઝોહોરાએ તેને મજબુત પકડી રાખી રોકયો અને તેના હાથને એવી મજબુતીથી તે વળગી રહી કે જયારે રહેમતે તેને એક જોશબંધ આંચકો માર્યો ત્યારેજ તે તેનાથી દુર જઇ ઉભી.

"દુર થા, ઝોહોરા, મને અટકાવ ના, મને તેની પુઠે જવા દે અને હું તને નિવાજીને નેહાલ કરસ." પણ આ આજીજીના જવાબમાં તો તેણીએ પાછો તેનો હાથ પકડયો, અને બોલી "દગલબાજ, લુચ્ચા, તે મીંઢી મસકલી આગળ જવાની તને હવે હરગીજ તક હું આપનાર નથી."

"ઝોહોરા હું તને ફરમાવું છ, તને કરગરીને કહું છ કે—" પણ નહીં, ઝોહોરાએ તેને છોડયોજ નહીં અને તે બાગમાં રખે કોઇ બેઅદબ દેખાવ થાય કરી તેણે તે છેડાયલી અબળા સાથે કશી ખેંચતાણ કીધી નહીં.

"મને તારી ધમકીનીબી પરવાહ નથી, અને આજીજીનીબી દરકાર નથી." તે બોલી, "હવે ગુલઝાર તો સદાની ગુમ થઇ સમજ અને તારી શુદ્ધી ઠેકાણે રાખ."

"હા. પણ મને તેની સાથે એક બે વાત કરવા દે અને પછી તું જે કહેશે તે હું ઘણીજ ધીરજથી સાંભળીસ."

"પણ તે બનવું મુશકેલ છે, કેમકે, તે દગલબાજ ઠગારી તો કયાંની કયાં નીકળી ગઇ હશે અને મારી આગળથી મારા કબજામાંથી નહાસવા તું ખેંચતાણ કરશે તો લોક તારૂંજ નામ ધરશે."

"હા, તેબી ખરૂં, પણ ઝોહોરા આપણી વચ્ચેનો તમામ સંબંધ આજે પુરો થયલો સમજજે."

"એ સજાને કાબીલ હું કેમ થઇ તે તું મને સમજાવ." ઝોહોરા રેહેમતનો આ ઠેરાવ સાંભળી આંખમાં આંસુ લાવી બોલી, "એક ઠગારી હુકતી, જેને મેં મારે પડખે લીધેલી, જેને હું નેકીનું એક બીજું સ્વરૂપજ સમજતી હતી, જેને મેં પાક અને પોતાનાં ઇમાનપર એવી સાચ્ચી ધારી કે કોઇ પરાયા મર્દ સાથે એક નજર થવા

તે નીચેથી ઉંચે ન જાય તેની સોહોબતમાં મેં તુંને પકડી કાઢયો તેથી તું મને આ સજા કરેછ?"

"પણ તે, તું રેહેછ તેની આસપાસજ કેઠે રેહેતી હશે, માટે મને તેનાં ઘરનું ઠેકાણું આપ."

"તે કયાં રહી મરેછ તે હું જાણુતી નથી અને જાણુતીબી હોઉં તો તે તુંને બતાવું તેવી હું મુરખ નથીઃ ચાલ, મુશર્રફ, મને ખાતરી આપ કે જે બન્યુંછ તે માટે તું દલગીર છે અને હવે પછી પેલીને તું મળશેજ નહીં, તો હું બધું ભુલી જઇ તુંને માફ કરવાને તૈયાર છેઉં."

તે જવાન તેણીની આ કાકલુદીને તુચ્છકારી કાઢવા જતો હતો, પણ, તેટલાં તેને એક વિચાર આવ્યો કે ગુલઝારનું રેહેવાનું ઠેકાણું કોઇબી દીવસ મળવાની કાંઇબી આશા હોય તો તે ઝોહોરાનીજ મારફતે પાર પાડી શકાશે, એટલે હાલ તેને છેડી તેને દુશ્મન બનાવવાનું તેણે વાજબી જોયું નહીં, અને તેથી તેણે ઉલ્ટી તેણીને પટાવી લીધી અને ઝોહોરા ખુશી થઇ કે તેણીએ તેની ઉપર એક મોટી ફત્તેહ મેળવી. પણ, વાંચનારને જણાવવાની કાંઇ જરૂર નથી કે ઝોહોરાની તે ફત્તેહ માત્ર તેનાં પોતાનાજ મનતરંગની પેદા કીધેલી હતી, બાકી ખરૂં તો એમ હતું કે એકવાર ગુલઝારની પાક મોહોબતને રેહેમતને ભાસ થતાં તેણીને માટેની તેની છાતીમાંની નજીસાત સદાબરી નાશ પામી હતી, અને તોબી જેમ તેમ મન મારી ઝોહોરા સાથે થોડોક વખત તે બાગમાં લટાર મારી તેનીથી તે છુટો પડયો. ફફડેલો ચટકેલો નિરાશ અને નાઉમેદ થયલો રેહેમત 'સાબેરગંજ'માં પાછો ફર્યો અને ઝોહોરા, ગુલઝારનો ખુબ તરેહથી ઝાર્યો કાઢવાના વિચારથી પોતાનાં મકાનમાં દાખલ થઇ.

જો રેહેમત સાબેરગંજમાં ફપડેલો ચટકેલો દાખલ થયો હતો તો ઓહરાને તેણીનાં મકાનમાં જતાંજ તેથી વધુ ફફડવાનું કારણ મળ્યું હતું, કેમકે, ઘરમાં પેસતાંજ તેણીને ખબર મળી કે ગુલઝાર તેણીની કેટલાક કલાક આગમજની તયાં આવી ચુકી હતી અને આવતાંની સાથેજ તે પોતાની સાથે એક જરીપુરાનાવાલાને લેતીજ આવી હતી, જેને તેણીએ પોતાનો થોડોક સામાન જેમ જાય તેમ આપી દીધો હતો અને થોડોક જે લઇ જવા લાયક હતો તેને એક પેટીમાં બંધ કરી તે પેટી એક મજુરને માથે ચડાવી પૈએ પૈ સુધીનું પોતાનું ભાડું ચુકવી તયાંથી ચાલી ગઇ હતી.

"મારી રૂખસદ ચાહતાં," માનબીની ચાકરડી ફાતમા બોલી, "મારી રૂખસદ ચાહતાં બીચારી ઘણી રડી, અને મેં તેને ઘણુંબી પટાવીને પુછયું કે એટલું બધું તે શું હતું કે તે બારબાર રડેછ, તો તેના જવાબમાં તે વધારે ને વધારે રડવા લાગી અને મારો હાથ પોતાની છાતીસે દાબી બીચારી ચાલી ગઇ--અરેરે! કેવી બીચારી ગરીબ! કોણુ જાણે વરી શું બીચારીપર આફત હોસે?"

"પણ મેં તેને સીવવાનું આપયુંતું તે તે આપી ગઇ કેની"

"હાજી, તે મને આપી ગઇછ અને મેં તે તમારા ઓરડામાં મુકયુંછજી."

આ સાંભળી ઓહોરા તુરત પોતાના ઓરડામાં ચઢી ગઇ, જયાં તેણીએ ગુલઝારને આપેલું સઘળું કામ તેણીએ તયાં અનામત જોયું, અને તે સઘળું બરાબર છે કે નહીં તે જોવાને માટે તેણીએ ઉખેડયું તો તેનાં પડમાંથી ઓહરાનું સરનામું કીધેલી એક ચીઠી તેણીને મળી, જે તેણીએ ઝટ ઉખેડી નીચે મુજબ વાંચીઃ—

"તમારી તરફ હું કદીબી નગુણી થયલી ન કહેવાઉં, તેમજ

મારી ચાલચલણુ અને રીતીનીતીપર કોઇબી જાતનો તમો સોખન નહીં લઇ જાવો તેથી હું તમને અરજ કરૂંછ કે આજે તમારી નજરે પડેલા દેખાવનો ખુલાસો મહેરબાની કરી તમારા મુશરરફખાન પાસેથી જરૂરજ મેળવજો. કદાચ હું આ લખુંછ તે આગમજ તેવો કાંઇ ખુલાસો કરી દેવા જેટલો માયાલુ તે થયોબી હોય એ બનવાજોગ છે, તો, બનતી તકે પ્હેલે તે મેળવજો અને તે જો તમને ખરેખરાજ આકારમાં મળશે તો મને ખાતરી છે કે તમે મને તમારા ઠપકામાંથી મુક્ત કરશોજ. તમને સામે થવાની કે તમારી સાથે નજરે નજર મળવાની બીહીકથી હું કાંઇ આ મકાન અને આ મોહલ્લો છોડી જતીજ નથી, પણ તેમ કરવાનું કારણ તદન જુદું અને ઘણુંજ મજબુત છે.

" લી૦ દુઃખી પણ તમારા આભાર

હેઠલ કચડાયલી,

"ગુલઝાર કરીમ."

" હા, કદાચ તે એટલા બધા ઠપકાને પાત્ર હોયબી નહીં." તે ચીઠી વાંચી ફાડી નાંખતાં ઝોહોરા મનસે બબડી, અને સુવાની તૈયારી કરવા પડી.

પ્રકરણ ૩૦ મું.

એક ભયભીત ભરમ.

ઉપલા બનાવની બીજી સહવારે છ વાગ્યાનો અમલ હતો; દાસી ગુલનાર બેગમ બદુલબાહરનાં બીછાણાં પાસે ઉભી હતી. એકેએક બારીના પડદા નાંખેલા હતા, અને તેથી ઓરડામાં ઘણું અંધારૂં પડવાને સબબે ઉજાસને માટે મીનબત્તી સળગાવી મુકી હતી.

ગુલનાર પોતાના રાબેતાના પોષાકમાં હતી, એટલે, તે ઘણી સકાળેથી ઉઠેલી હોવી જોઇયે. તે નખરાંબાજ નાર ખુબસુરત તો હતીજ, પણ તે ખુબસુરતીને ઔર દીપાવવાને હંમેશાં તે સુંદર પોષાક પેહેરી નીકળવાની ઘણીજ કાળજી કરતી હતી અને જો કે હમણા તે ઓરડામાં તેને જોનારૂં અને જોઇને તેની તરફ વખાણથી હસનારૂં કોઇ ન હતું, તોપણ હાલ તે બનીઠણીને નખરાંબાજ અદાથી ઉભી હતી.

જે બનાવે બેગમને બીમારીને બીછાણે હજી સુધી બાંધી રાખી હતી તે બનાવને આજે દશ દીન થઇ ગયા હતા, જે અરસામાં જો કે તે ધાસ્તીભર્યાં તબક્કામાંથી સુધરતી જતી હાલતમાં આવી હતી, પણ તે પોતાની પુર શુદ્ધીમાં આવ્યા છતાં સમજ પડે તેવા શબ્દોનો હજી ઉપ્યોગ કરી શકતી ન હતી.

તેની તે શકતીની નવાબ એટલી આતુરતાથી રાહ જોતો હતો કે દીન ઉગે વધતી જતી તેની એ બાબેની ચીંતાથી ગુલનારની જીજ્ઞાસા વધતી અને વધતી ઉશ્કેરાતી હતી. નવાબ પોતે કોઇ કોઇ વાર તો કલાકોના કલાકો સુધી પોતાની બેગમનાં બીછાણાં પાસે તેણીના ફીક્કા ચેહેરાને ટીકતો બેસી રેહેતો અને તે વખતે તે બન્ને ધણીધણીયાણીના ચેહેરાપર થતા તરેહવાર ફેરફારો દાસી ગુલનાર કાંઇ અજબ ચડસથી છુપાઇને જોતી હતી. અમો ધાર્યેછ કે એક ગમ દાસી ગુલનારનું વર્ણન આપતાં અમે ખુલ્લું જણાવ્યું છે, યા તો વાંચનાર જાણી લેય તેમ લખ્યું છે, કે તે એક બડી ખંધી અને દુન્યા ખાવિંદ ઓરત હતી, એટલે નવાબ અને બેગમના ચેહેરાપર થતા વારંવારના ફેરફારો તેણીની સામે એક ઉંઘાડી ચોપડીના જેવા ખુલ્લા હતા.

બેગમને શુદ્ધી આવ્યા પછી જે પહેલ વહેલી મુલાકાત નવાબે તેણીના ઓરડાની લીધી હતી, તે વખતે ગુલનાર ત્યાં હાજર હતી નહીં,

પણ, બંધ કીધેલાં બારણાં આગળ કાન દઇ તે લુચ્ચી બીલાડી ઉભી હતી; અને નવાબના બોલવાનો જે થોડો ઘણો અવાજ તેને કાને પડયો હતો, તેમજ, બેગમના ડચકાં ખાવાનો અવાજ તેના સાંભળવામાં આવ્યો હતો તે પરથી તેને ચેતી જતાં વાર ન લાગી કે તે બન્ને ધણી ધણીયાણી વચ્ચે કાંઇ ઘણોજ ઉંડો અને ઘણોજ ભયાનક ભરમ છુટયો હતો.

આ પ્રકરણમાં જે બનાવ બનવાની અમે ધારણા રાખી છે તેના દીબાચા તરીકે આટલું બોલી અમે હવે રીતસર આગળ વધીશું અને તેટલા માટે બેગમનાં બીછાણાં આગળ ઉભેલી દાસી ગુલનાર તરફ વાંચનારનું ધ્યાન પાછું રોકવાની અમોને જરૂર છે.

બેગમ હજી સુતેલી હતી, અને દાસી ગુલનાર, જેણે એ રાતનો મોટો ભાગ સજાગરૂ હાલતમાં પસાર કીધો હતો તેને એટલું જલદી ઉઠી તૈયાર તતણખાર થઇ રહેવાને કશું કારણ નહીં હતું, પણ તે તેમ ઉઠી હતી, કારણકે, બેગમ ઉંઘમાં કાંઇ બબડી હતી, અને તે શું બબડી હતી તે જો કે ગુલનાર બરાબર સમજી શકી નહીં હતી, તોપણ, તે ઉપરથી તે જાણી શકી હતી કે બેગમની બોલવાની શકતી પાછી આવવાનાં કાંઇક ચીન્હો દેખાતાં હતાં. એટલે, તે જે બોલે તેનો પહેલો બોલ પોતેજ પહેલે પકડી લેવાની આતુરતાથી વગર ગડબડ કરવે ધીરેથી ઉઠી હતી, પણ બેગમને પાછી શાંતીમાં સુતેલી જોઇ, પોતે પાછી ન લેટતાં ડ્રેસ કરવા પડી અને જેવી તે બનીઠણી તૈયાર થઇ કે બેગમે કરાર વાળી અને કાંઇ બડબડતી સંભળાઇ કે તુરતજ ગુલનાર તેનાં બીછાણા આગળ આવી અને બેગમનાં મોંહમાંથી જે કાંઇ બોલ નીકળે તે સાંભળી લેવાને દમ ઉંચેનો ઉંચે રાખી ઉભી. થોડીક પલમાં બેગમનાં મોંહમાંથી સૌદાગર અનવરખાંનુ નામ બાહાર પડયું, અને તે પડતાંજ ગુલનારે જોયું કે તેણીના અત્યાર સુધીના ફીકકા ચહેરાએ કાંઇક રતાશ પકડયો.

પણ, આહ! ચુપ, તે કાંઇ વધુ બોલવા જાય છે, અને ધીમે પડતા થોડાક બોલો ગુલનાર ઘણી અધીરાઇથી સાંભળેછે, પણ તે વેરવિખેર બોલોની એક સામટી સાંકળ બનાવી તેને સમજ પડે તેમ તેણી જોડે તેટલાં તો બેગમ પાછી ચુપ થઇ ગઇ, પણ તે માત્ર થોડીજ પલ, અને બેગમના હોઠ વળી પાછા ફડફડતા સંભળાયા; આ વખતનું તેણીનું બોલવું આગલાં બોલવા સાથે સરખાવતાં ઘણુંજ સાફ અને સમજ પડતું હતું. થોડા વાર તે બોલવું ચાલુ રાખી તે વળી ચુપ થઇ ગઇ; પણ, યા ખુદા! તે થોડા છેલ્લા બોલોએ ગુલનારને કેવા એક ભેદથી વાકેફ કીધી હતી? કેમકે તે સાંભળતાંની સાથેજ તે દાસી ચોંકી, ચમકી અને તેણીના ચ્હેરાપર ગભરાટની અચુક નીશાન પ્રગટી નીકળી. તે શબ્દો તેણીને કાને અઠડતાંજ તે હરણફાળ થઇ ગઇ અને તેણીને ચક્કર આવી ગયાં કે શું તે આંખે હાથ દઇ પાસેજ એક ખુરસી પર બેસી પડી. તેણીનાં મગજમાં કાંઇ ટકોરા વાગવા માંડયા, તેણીના કાનમાં કાંઇક ધુંધવાટો શુરૂ થયો, તેણીની નસમાં એક સરપ દોડે તેવો સણુસણાત લાગુ પડયો અને તેણીના સાંધેસાંધામાં ઝણઝણી ભરાઇ આવી. તે બીલ્લોરી બંગલીમાં બનેલો છેલ્લો બનાવ તેણીને હવે કાંઇ નવાંજ રૂપમાં દીસવા લાગ્યો અને તેની આસપાસ વંટાળાયલો ભરમનો પડદો ફાટી ગયો અને તે પડદો ફાટતાંજ જે તેની નજરે પડયું તેથી તે બીહીને સ્તબ્ધ થઇ ગઇ.

પણ, સબર. વળી પાછી બેગમ બોલતી સંભળાઇ અને વળી પાછી ગુલનારે કાન દઇ બધું સાંભળ્યું અને જો કે તે બોલો ભાગાતુટા અકરવકરના અને થોડા હતા, તોપણ, તેઓ એક પાછલી તવારીખને આખી રજુ કરવાને માટે હાલ તો પુરતા હતા, અને પહેલે બોલાયલા બોલોથી તેણીને કાંઇ માત્ર વ્હેમજ ઉપજયો હોય તો આ છેલ્લા બોલો તે વ્હેમને એક સાબુત બીના તરીકે પુરવાર કરવાને બસ હતા.

પ્રકરણ ૩૧ મું.

કસુરેવજના કરતુક.

ગુલનારે સાંભળેલા તે બોલો શું હતા, તે વાંચનારને હાલ જણાવી દેવાને અમે તૈયાર નથી, એટલે, હાલ આ પ્રકરણમાંના બનાવની સાંકળ, વગર કારણે ન તોડતાં તેમાં એકેક કડીનો ઉમેરો કરતા જઇ તેને સંપૂર્ણ બનાવીશું. હવે દાસી ગુલનારે જે જાણવું હતું તે પેહેલે જાણી લઇ નવાબને તેડી લાવવાનું તેણે ધટતું વિચાર્યું, અને તેથી તુરતજ પોતાના શેઠની શોધમાં તે દોડી ગઇ. નવાબ સાહેબ ઉઠીને પોતાના ઓરડામાંથી નીકળવાની તૈયારીમાં હતા, તેટલાં, દાસી ગુલનાર તેવણુ આગળ જઇ પોહોંચી અને બેગમને બોલવાની વાગા આવ્યાની તેણીએ તેવણુને ખબર કીધી. તે ખબર મળતાંજ તેવણુનો ચેહેરો ચીંતાતુર બની ગયો. એમ ચીંતાતુર બનવાનો સબબ ગુલનારને માલમ હતો તેથી નવાબની સામે શાંત ચેહેરો કરી ઉભું રહેવાનું તેણીને કાંઇ મુસ્કેળ લાગ્યું નહીં. ઉશ્કેરાયલી હાલતે નવાબે ગુલનારને તરેહવાર સવાલોથી ગભરાવી નાંખી! બેગમને પહેલે બોલ્યાને કેટલી મીનીટ થઇ હતી? તેના બોલવાપરથી કાંઇ કશું સમજ પડે તેમ હતું કે? તે જાગૃત હાલતમાં હતી કે ઉંધમાંજ બોલતી હતી? અને તેણીને કાને શબ્દનો કાંઇ સનંસારો પડતાંજ તે તેવણુને બોલાવવા આવી હતી કે?

અલબત વાંચનાર ધારતાં હશે તેમ એ સઘળાજ જવાબો ગુલનારે ઘણુાજ ઠાવકા અને નવાબની મરજીને પેશ પડતા આપ્યા હતા અને તેણી તે જવાબો આપતી હતી તે વખતે નવાબ તેણીના ચ્હેરા સામે એવી મતલબથી ટીકતો હતો કે તેણીના જવાબમાં કાંઇ ખોટારૂં પકડાઇ આવેછ કે કેમ; પણ જેનું નામ ગુલનાર, તેણીએ

પોતાનો ચ્હેરો એવો તો ઠાવકો રાખ્યો હતો કે તેણીની ખબર તદ્દન ખરીજ હતી એમ નવાબની ખાત્રી થઇ અને તુરતજ તેણીના હાથમાં તેવણે પચાસ રૂપ્યા ગણીને મુકયાં અને જણાવ્યું કે તે તો બેગમની ખરી તકેદારીથી માવજત કરવાનું ઇનામ માત્ર હતું; અને તેણીને તેણીના ઓરડામાં જઇ સુઇ જવા તાકીદ કરી, પોતે બેગમના ઓરડામાં ધસ્યો ગયો. ગુલનાર તેની પુઠે ગઇ નહીં અને તેમ જવાનું તેણીને કાંઇ કારણ પણ હતું નહીં, કેમકે તેણીને ખાતરી હતી કે બેગમ હવે જેબી કાંઇ બોલશે તે તેણીએ અત્યાર આગમજનાં જાણી લીધેલાંમાં કશોબી ઉમેરો કરનાર નથી, એટલે રાતનો ઉજાગરો ભાંજવા તેણી પોતાના ઓરડામાં જઇ સુઇજ ગઇ.

બેગમના ઓરડામાં જતાંજ નવાબને તે જાગૃત થયલી જણાઇ અને નવાબે પોતાની ખરી ખુશાલી વચ્ચે જોયું કે તેની બોલવાની શકતી ખરેખર પાછી આવી હતી. તેઓ વચ્ચે શું બન્યું તે જાણવાનો આપણે માટે હાલ વખત નથી. એટલું કેહેવું બસ છે કે તેમની વાતચીત ઘણીજ લાંબી હતી, જે દરમ્યાન બંન્નેની આંખોમાંથી ગરમા ગરમ આંસુનો રોહ ઘડીઘડી ચાલુ થતો હતો, પણ જ્યારે તેમની વચ્ચેની તે વાત પુરી થઇ, ત્યારે તેઓ બન્નેના ચેહરાપર શાંતી પ્રગટ માલમ પડતી હતી.

તે દીવસથી બેગમની તબ્યતમાં ચાલુ સુધારો થતોજ રહ્યો. જખમ જલ્દી રૂઝાવા લાગ્યો, તનની શકતી વધુ અને વધુ આવતીજ ગઇ અને તેણીની બીમારી રખે પાછી ભયની વળાણ લેય તેવી હમણા સુધી રખાયલી ચીંતા સદંતર દુર થઇ કે નવાબ પોતે આગળ કરતાં વધુ વખત તેણીની આગળ રેહેતો અને દાસી ગુલનાર જોઇ શકી કે તે આગળ કરતાં ઘણો શાંત દેખાતો હતો. બેગમનો ચેહરો

જો કે જરા જરા રતાશ પકડતો ગયો, તોપણ, તે જે કજરાયલો અને શાંત હતો તેમાં કાંઇ ફેરફાર થતો જણાયો નહીં; અને જ્યારે તેણીને તમામ સાજી થયલી તબીબોએ જાહેર કીધી, ત્યારેબી તેણી પાછી મોજમજાહમાં ન ભેળાતાં તે દુરની દુરજ રહેતી અને રફતે રફતે એવો એકાંતવાસ તે ભોગવતી થઇ કે જાણે તેના જેવી ખાનદાની અબલાને ઘટે તે કરતાંબી વધારે પ્રમાણમાં દુન્યાદારી તર્ક કરવાનો તેણીએ નકી વિચાર કીધોજ હોય.

પ્રકરણ ૩૨ મું.

વસ્યત—સજા.

સાબેરગંજની બીલોરી બંગલીમાં બનેલા તે કરૂણારસીક બનાવને આજે લગભગ બે મહીના અને થોડાક દહાડા ઉપર થયા હતા, અને એપ્રીલ મહીનામાં આશા રાખવામાં આવતો દખ્ખણના વડા કમીશનર સાહેબનો દોરો, નજીક ને નજીક આવતો જતો હતો. દખ્ખણનાં જે શાહેરોને પોતપોતાની અદાલતેઆઝમનું માન હજી મળ્યું નહતું એટલે તેવી અદાલતમાં લાવવા લાયક મુકદમાઓ વડા કમીશનર સાહેબ પોતાની વાર્ષીક કે છમાસી ફેરીમાં ત્યાં મુકામ કરે તે વખતે તેવણ સાહેબ સનમુખ રજુ કરવામાં આવતા હતા; પણ જો કાંઇક મુસ્તકીમ સબબસર પોતાની ફેરી દરમ્યાન તે શેહેરમાં મુકામ કરવાનું તે સાહેબે હસમતને નહીંજ ફાવે તો તે મુકદમો કોઇ બીજી તકને માટે લટકતો ને રાખતાં કમીશનર સાહેબ, પોતાના આસીસ્ટંટ કમીશનરને તેની તપાસ કરવાનું ફરમાવતા. એટલે હવે કમીશનર સાહેબના દોરાનો વખત નજીક આવી લાગતાં ખુની અનવરખાં સોદાગરની તપાસ પણ નજીક આવતી જતી હતી. એ

બાબદની તેને જાણુ થતાંજ તેણે પોતાના વકીલને પોતાની પાસે તેડાવી મંગાવ્યો અને તેને નીચે મુજબ તેણે કહ્યું:–

“હું ધારૂં છુ કે મારી ઉપર મુકવામાં આવેલા તોહોમતને માટે મને પોતાને દોષિત જાહેર કરવાનો દીવસ આવી લાગે ત્યાં સુધીમાં મારી માલ મિલકત અને દોલતની મારી મરજી મુજબ વ્હેંચણી કરવાની મને છુટ હોવીજ જોઇયે. તેમજ જો હોય તો મારે મારી સઘળી અસ્કયામતની એકલી હકદાર વારેસ તરીકે બેગમ બદુલ બાહાર સરફ્રરાજને ઠેરવવી છે, જેમ કીધાથીજ તે નામવર બાનુ તરફ મેં જે ધિક્કાર ભરી ચાલ ચલાવી તેણીની આબરૂ ઇજતને તેણીથી નહીં ખમાય તેવો જે દાધ લગાડયો છે, તેમજ તેણીપર જે ઘાટકી જુલમ મેં ગુજાર્યો છે, તેનો બદલો થોડે ઘણે દરજજે મેં વાળેલો લેખાશે; પણ, મારી મરજી એવી છે કે તે સઘળું તેણીનાં નામપર એવી સખ્ત કલમોથી કરો કે જેથી મેં આપેલી અસ્કયામતપર તેણીના ખાવીંદના આગનારાઓનો કશો હક રહેજ નહીં કે પાછે દાહાડે તે ઉપર તડાપ પડે. તે ઉપરાંત નવાબ સાબેર–ઉદ–દઉલા સરફ્રરાજની જાગીરો ઉપરનાં મોટી રકમનાં મારગેજ ખત જે મારી પાસે હાલ છે, તે સઘળાં તેણીનાં નામપર ચઢાવી આપો; પણ એ સઘલી વ્યવસ્થામાં જે એક અંકોશ હું મુકવા માગું છુ તે એ કે મારી માલમીલ્કતનાં ભાડાં, મારી જાગીર જમીનોની ઉપજ, અને મેં મારગેજ રાખેલી અસ્કયામતનું વ્યાજજ માત્ર તેણી ભોગવી શકે અને કોઇબી વખતે કે કોઇબી રીતે કશીબી મુદ્દલને તેણીથી હાથ લગાડી શકાય નહીં કે કશીબી અવેજ મારગેજ મુકી શકાય નહીં; અને તેણીનાં મરણ બાદ એ સઘળું નવાબજાદા રેહેમતને અને તેની પછી તેના વારેસોને વંશપરંપરા એજ શરતે પુગતું રહે. તમે સમજયા? જે જે હું સઘળું ચાહુંછ તે સગવડથી અને કાયદાપૂર્વક બની શકશે?”

"હાજી, તેમ બની શકશે" વકીલે જવાબ આપ્યો.

તુરતજ તેને લગતું લખત તૈયાર કરવામાં આવ્યું અને તપાસની થોડા દીવસ આગમજ તે ઉપર સૌદાગર અનવરખાંએ પોતાની સહી કીધી અને તે રેજીસ્ટર્ડ પણ થઇ ચુકયું.

વકકી મુજબ કમીશનર સાહેબ આવી પુગ્યા અને તેવણે બીજું સરકારી કામકાજ આટોપ્યા બાદ અનવરખાંને તેની સેવટની તપાસ માટે ઉભો કરવામાં આવ્યો. એ તપાસને લગતી બારીકે બારીક વિગત આપી વાંચનારનો વખત લેવાની અમારી મરજી નથી, કેમકે, આ વારતામાં હજી બીજું ઉપયોગી અને તેની સાથે નીકટ સંબંધ ધરાવનારૂં ઘણું કહેવાનું અને ઘણું લખવાનું છે; કચેરીમાં લોકની મોટી ઠઠ મળી હતી, જેઓમાં ખાલી તમાશગીરો ઉપરાંત વગવાળા અમીર ઉમરાવો મોટી સંખ્યામાં હાજર હતા. નવાબ સાબેર-ઉદ-દઉલા તરફથી વકીલ સાઅદતખાંન અને સરકાર તરફથી મુકદમો ચલાવવાને સરકારી વકીલ હાજર થયા હતા. બંધવા તરફથી કોઇજ હાજર થયું ન હતું. જો કે એ મુકદમો ખુન કરવાની કોશીશને લગતો હતો, તોપણ આજની કોર્ટ કાંઇ એક નીચ કે બદમાશ ખુનીની તપાસ કરવા બેઠી ન હતી. સૌદાગર અનવરખાં એક માન પામેલા શેહેરી તરીકે ચોતરફ જાણીતો હોવાથી તેની તરફ જેમ લોકોની તેમજ સરકારી અમલદારોની પુરતી દીલસોજી દેખાતી હતી એટલે મુકદમો ચલાવવામાં સરકારી વકીલે પણ પોતાની સદાની ધાટકી એણુ બાજુ મુકી હતી અને પોતાનું ભાષાણ જેમ બને તેમ ટુંકમાં આટોપી નાખ્યું હતું. તે પુરૂં થતાંજ બંધવા પાસે ખુલાસો માગવામાં આવ્યો અને તેણે તો પોતાને બાપુકાર દોષિત જાહેર કીધો, જે સાંભળતાંજ કમીશનર સાહેબે પણ પોતાનો ચેહેરો કુમળાવ્યો. ત્યાં સાઅદતખાંન વકીલે થોડુંક બોલવાની રજા માંગી

અને જો કે આ મુકદમો તો દેખીતો સરકાર અને બંધવા વચ્ચેનો હતો, તો પણ, એક અપવાદ તરીકે કમીશનર સાહેબે તેને તેમ કરવાની રજા આપી. સાઅદતખાનનાં ભાષણની મતલબથી વાંચનાર તો વાકેફ છે, મગર તેનાં આજનાં ભાષણમાં તેણે આટલું ઉમેરવાની જરૂર જોઇ કે—

"સૌદાગર અનવરખાંએ સરકારને વધુ તજદી ન આપતાં પહેલેથીજ પોતાના ગુનાહનો એકરાર કરી દીધો હતો, જે ગુનાહ કરવાને તે કેમ અને કેવી રીતે ઉશ્કેરાયો હતો તે પણ તેણે બની શકતા ખુલાસાથી ખુલ્લું કરી જણાવ્યું હતું. વળી તે થયલો ગુનાહનો અવેજ પોતાથી બની શકે તેવી રીતે વાળવાને તે કેટલો તત્પર હતો તે એટલાંપરથી દેખાશે કે હમણાજ તેણે પોતાની સઘળી અસ્કેયામત, માલમીલકત, જમીન જાગીર અને દોલત બેગમ સાહેબનાં નામપર કરી દીધી હતી અને વળી એવી ગોઠવણ સાથે કે તેણીની બાદ તેણીના દીકરાને અને તેના વારેસોને વંશપરંપરા તે ઉતરતી રહે."

પોતાનું લાંબું અને અસરકારક ભાષણ પુરૂં કરી વકીલે લોકની 'વાહવાહ' વચ્ચે જગ્યા લીધી અને કમીશનરે પોતાનો ચુકાદો આપવાનું શુરૂ કીધું:

પોતાનાં મનની થોડાવારની નબળી સ્થીતીને આધીન થઇ કરેલાં એક કરપીણ કામને માટે સૌદાગર અનવરખાં જેવા એક મોભાદાર અહસ્થને કેદીનાં પીંજરાંમાં ઉભેલો જોઇ તેવણને જે દલગીરી ઉપજી હતી તે ભરકચેરીમાં જાહેર કરી તેવણે આગળ ચલાવ્યું કે, "તે ગુનાહ થયા પછી તેની સખ્તાઇ ઓછી કરવાને બંધવાએ લીધેલા ઉપાયોથી અલબત્ત તે ગુનાહ લોક—નજરમાં ઘણોજ કમતી થયો હતો, તોપણ તે કાયદાની નજરમાં તો જેવો ને તેવો સખ્તજ

હતો. બંધવાના ચકરારને અને પોતે કીધેલા ગુનાહના તેણે બાળેલા બદલાને લોક જે રૂપ આપી શકે તે રૂપ કાયદાથી તો આપી શકાયજ નહીં, તોપણ, કાયદો એટલું કરવાનો હક ધરાવે છે કે તે સઘળું ધ્યાનમાં લઇ તે ગુનાહને માટે ફરમાવેલી ઘણીજ ઓછામાં ઓછી સજા, જો તેની નજરમાં આવે અને તેની ખાતરીજ થાય કે તેમ કીધાથી કાયદાની ગરજ પુરેપુરી સચવાતાં બીજાં લોકોમાં તેથી ખરાબ દાખલો બેસવાનો ભય નથી તોજ, ફરમાવી શકે, અને તે હકનો આજે ઉપયોગ કરતાં આ કોર્ટને વધુ સંતોષ એટલા માટે ઉપજે છે કે તેથી અત્રે જાહેર થયલી લોક લાગણીને પણ માન આપેલું લેખાશે અને તેટલા માટે હું હુકમ કરૂં છું અને ઠરાવું છું કે બંધવા સોદાગર અનવરખાંને સરકારની મરજી પડે ત્યાં સુધી આસાન કેદ રાખવો અને તેમ કરતાં આ કોર્ટ આશા રાખે છે કે તે આસાન કેદની મુદત જેમ બને તેમ ટુંકી કરી સરકાર થોડા વખતમાં એ કમનસીબ આદમીને તેના દોસ્ત આશનાને પાછો સ્વાધીન કરશે."

સાઅદતખાન વકીલે અનવરની તરફેણમાં આણેલી તકરાર કમીશનર સાહેબ કેવા આકારમાં લેય છે, તે જાણવાને અધીરાં બનેલાં લોકે કમીશનરનો આ ચુકાદો હરખના ઉછાળા વચ્ચે સાંભળ્યો અને કેટલાકોથી તો ખુશાલીની તાલી વટીક પડાઇ ગઇ. પોતાના એ ચુકાદાથી ઉશકેરાયલી એ લોક લાગણીથી કમીશનરના ચહેરાપર પણ ખુશાલી ઉપજેલી પ્રગટ દેખાઇ આવી.

કમીશનર સાહેબે જેવું પોતાનું બોલવું પુરૂં કર્યું કે અનવરખાંએ તેવણુને નમન કીધું અને ખુશાલીમાં આવી ગયલાં લોક તરફ આભારની લાગણીથી ભરપુર થયલી પોતાની ચશમ ફેરવી તે કેદીના પીંજરામાંથી બાહાર આવ્યો. તુરતજ તેને પાછો ચાવડીપર લઇ ગયા અને એ રીતે તે બીલોરી બંગલીમાં બનેલા કરૂણામય

બનાવપર સદાનો પડદો પડયો. અત્રે જણાવવાની જરૂર છે કે અનવરખાંને તેની તેહેસીલદાર સનમુખની તપાસ પછીથી ચાવડીમાં બીજા કેદીઓથી જુદોજ એક એલાહેદી ઓરડીમાં રાખવામાં આવતો હતો, જ્યાં તેને બનતી સગવડ આપવાનું તે ચાવડીના ચાર્જમાં રહેતા જમાદારની સારી સમજ ઉપર મુકવામાં આવ્યું હતું, અને તે પોતાથી બને તેટલી સગવડ તે કમનસીબને આપવાની ઘણીજ કાળજી રાખતો હતો. હમણાં કમીશનર સાહેબના ચુકાદા પછી તેને તેજ ઓરડામાં લઇ જવામાં આવ્યો હતો.

પ્રકરણ ૩૩ મું.

એક મુલાકાત.

તે તપાસની બીજે દાહાડે એક બપોરે એક પોહોરાગીરે આવી અનવરને ખબર આપી કે કોઇ ઔરત તેને મળવા આવી હતી. અનવરખાંએ તેણીને તુરતજ પોતાના ઓરડામાં દાખલ કરવા જણાવ્યું, અને જેવી તેણી દાખલ થઇ કે તેણે તેણીને ગુલઝાર તરીકે તુરતજ પીછાણી લીધી.

બીહીતી ધ્રુજતી અને આંસુંભરી આંખો સાથે ગુલઝાર તે ઓરડામાં દાખલ થઇ અને અનવરપર તેણીની નજર પડતાંજ તે બીચારાનો હાલ અવતાર પડી ગયલો જોઇ, જાણે તે તેણીનો કોઇ સગો હોય તેમ તેણી દુઃખી થયલી દેખાઇ.

"ગુલઝાર, એ તું છે કે?" એટલુંજ બોલી તે ઉઠયો અને તેણીનો હાથ લઇ તેણે પોતાની આંખોમાં દાબ્યો. તેમાં તેણી શું ભલી મતલબથી આવી હતી તે તે પામી જવાથી તે માટે તેણીનો ઉપકાર માનવા તેણે જર્યાં બોલી, પણ તેણીની તે મુલાકાતે તેની

ઉપર એટલી ઉંડી અસર કીધી કે તેણે બોલવા માગેલા શબ્દો બાહાર ન નીકળતાં તેનાં ગળાંમાંજ ખુંટી બેઠા.

"અનવરખાં સાહેબ, મેં લીધેલી આ છુટને માટે મને માફ કરજો, પણ, તમારી આગળ આવવાને અને તમારી સાથે દો-ચાર થઈ તમને મળવાને હું ઘણીજ આતુર હતી, કેમકે કાંઈ છુપી લાગણીએ મને—'

"ભલી છોકરી!" તેના હાથને પોતાના હાથમાં માયાથી દાબી તે બોલ્યો અને તરતજ તેની પોતાની આંખોમાં આંસું આવી ગયાં અને ગળાંમાં એક ડચકું ગુંગળાંઈ ત્યાંજ ચોંટી બેઠું.

"અરે! સાહેબ, તમારી આંખોમાં આંસું! ત્યારે તો તમોબી મારા જેવાજ કમનસીબ હશો! પણ હું એમ મળવા આવી તે માટે તમો કાંઈ બુરૂં તો—"

"બુરૂં માનું? મારી વ્હાલી બેટી, તારે માટે હું બુરૂં માનું? ખરાં દીલની લાગણીને તાબે થઈ તું હાં આવી તેને માટે તારે સારૂં હું બુરૂં વિચારૂં? નહીં, ગુલઝાર નહીં, તું હાં આવી તેથી તો હું ઔર જયાદા ખુશી છું અને વધારે એટલા માટે કે જે દુન્યાને હું હમણાં હમણાં ધિક્કારતાં શીખ્યો છું તે દુન્યામાં તારા જેવીબી એક વસેછ, એમ આજે જાણુતાં તે દુન્યા માટેના મારા અણગમામાં ઘણો ઘટાડો થઈ શકયો છે."

"તેપરથી હું જાણીને ખુશી છેઉં કે તમો મારાં આ પગલાથી મારી સાથ ગુસ્સે થયા નથી. મને એમ લાગ્યું કે આવી જગ્યાએ મારે એ મુજબ એકલું આવવું નહીં જોઈતું હતું, મગર, મેં તમને શુરૂઆતમાં જણાવ્યું, તેમ, એ પગલું લેવાને કાંઈ અણદીઠ લાગણીથી હું ઉશ્કેરાઈ અને છેક પેહલે ઘડથી તમને હું તદ્દન બેગુનાહ માનતી હતી તે મારૂં મત તમને જણાવવાને—"

"શું–શું, તું શું બોલી ? તું શું કેહેવા માંગેછ, ગુલઝાર ?" ગુલઝારનું આ છેલ્લું બોલવું તેને કાને પડતાંજ તેણે ચોંકીને તેણીને પુછયું.

"આહ ! સાહેબ, તમને મેં કાંઇ અપમાન—"

"અરે, નહીં, નહીં, તું મને નિર્દોષ સમજે તેમાં અપમાન હોય ? અને તારાં દિલમાં વસેલો મારે માટેનો તે વિશ્વાસ એમ કરતા તુટે તે મારીથી કેમ દેખી શકાય ? કેમકે, જાણે કોઇ ગેબી ફીરેસ્તોજ તારી આંખ લઇ મને જોતો હોય અને તારા અવાજે મને મારૂં એ નિર્દોષપણું જાહેર કરતો હોય તેમ મને લાગેછ !"

"મેહેરબાની કરી તમારી જે સચ્ચાઇ, તમારૂં જે નિર્દોષપણું અને તમારી જે માયા મારાં દિલમાં જડ ઘાલી બેઠીછ તેને તમારા કાંઇ બોલવાથી ઇલ્ઝામ ન પ્હોંચાડો. બસ તમે નિર્દોષ છેઓ અને છેઓજ એ મારાં મનમાં મજબુત જડ ઘાલીને બેઠેલો વિચાર તમારી ગમે તેટલી સંમજાવટથી નાબુદ થનાર નથી. મારી બસ ખાતરીજ છે કે તમે કાંઇ ભયભરેલી ગુંચવણના ભોગ થઇ પડયાછ. અને જો કે તે ગુંચવણનો ભેદ હું પામી શકતી નથી તે છતાં હું ખાત્રીથી માનુંછ કે તમો તમારી તપાસ કરનાર તેહેસીલદાર કે કમીશનર સાહેબ જેટલાજ નિર્દોષ અને બેગુનાહ છો, અને તેવું મારૂં ઘણુંજ મજબુત મત હોવાથી તમારા કાનમાં તે નિર્દોષપણાનો હલક રેડવાજ હું અત્રે આવીછ."

"ગુલઝાર, ખુદા ખાતર એ વાત હવે માંડી વાળ અને મને કહે કે તું સુખી છે કે ?"

"હા, હા, ઘણીજ સુખી છેઉં, પણ મારે લગતી કાંઇબી વાતથી તમને કંટાળો આપવા હમણા હું આવી નથી, પણ, તમે જે એક વાર મારી તરફ માયાથી વરતી મને આભારી કીધી હતી તેને માટે ઉપકાર માનવા—"

"અરે, પણ, તેમાં ઉપકાર શાનો? તને એક જવાનના ઉછાછળેપણે થતા અપમાનમાંથી મેં બચાવી તેમાં મેં શું મોટો વાઘ માર્યો!"

"તે કામને તમે ગમે તેવું નજીવું રૂપ આપો, પણ તમારી તરફની તે માયાએ મારી ઉપર તો ઘણીજ ઉંડી અસર કીધીછ, અને તેથી જો તમો મને રજા આપો તો તમારૂં નિર્દોષપણું સાબિત કરવાને હું આખી ધરતી ઉલટ—"

"મારી વ્હાલી બેટી, તારી આજની મુલાકાતથી તું મને ખુશીજ કરવા આવી હોય તો હું તારી પાસે માંગી લેઉંછ કે હવે એ વાત છોડી તું કાંઇ બીજી વાત કર!" અને આ અરજ ગુજારતાં અનવરખાંના ચેહેરાપર એવી કાકલુદી પ્રગટી નીકળી કે તેમને જે વાત ન ગમે તે ફરજયાત પડતી મુકવાનું ગુલઝારેબી ઘટતું વિચાર્યું.

"વારૂં ચાલો, ત્યારે જેમ તમારી મરજી, હવે હું જાઉં?"

"નહીં, નહીં, ગુલઝાર, એટલી જલદી કયાં જાયછ? મને તારી હકીકત જણાંવ અને તે જણાવ્યા પછી મને તારી હાલની હાલતમાં ફેરફાર કરવાની રજા આપ. હું તો મુવો, મારાં તો કરમમાં જે લખ્યું હશે તે થવાનું, પણ તું જેવી મીઠી મધુર બેટીનું મારીથી કાંઇ ભલું થયલું જાણી મને મારી એ કમનસીબીમાં ઘણોજ સંતોષ પેદા થશે. જોકે હું આજે એક કેદી છું તોપણ આ ઓરડીની બાહાર મારા ઘણાક દોસ્તો છે. મારી પાસે પુષ્કળ પૈસા છે, જે બન્નેને હું તારાં ભલાં માટે કામે લગાડી શકું તેમ હોવાથી મને તું તારી હકીકત જણાવ અને મને કહે કે કયી રીતે—"

"નહીં, હરગીજ નહીં," ગુલઝાર ઉતાવળે બોલી ઉઠી, "તમો શું એમ સમજોછ કે એવા કાંઇક સ્વલોભના ખ્યાલથી મારૂં અત્રે

આવવું થયુંછ ? આ સાહેબ, જો તમારા મનમાં તેમજ હોય તો પછી મારા જેવી કંગાળ કોણ ?"

"નહીં, ગુલઝાર, નહીં, તું જરા ધીરી પડ, તને કાંઇ દુઃખ લગાડવાની મારી મતલબ છેજ નહીં. તને મેં પહેલે જોઇ તેજ વખતે મેં તને નહીં કહ્યું હતું કે ભવિષ્યમાં હું તારીપર નજર રાખીશ— અને તને ભુલીશ નહીં ? તો મારો વિચાર તે વખતે એવોજ હતે કે તારૂં ઠરઠેકાણું મેળવી, તારી હાલતની તલાશ કરી—"

"બસ, સાહેબ, હવે હું રજા ચાહું છ." એમ કહી પોતાની બેઠકપરથી ગુલઝાર ઉઠી ઉભી થઇ.

"ગુલઝાર, તું છેડા ના, તપી ના જા; તને મેં પહેલે જોઇને જોઇ કે મારાંમાં તારે માટેની કાંઇ અજબ લાગણીએ ઉછાળો માર્યો, અને વખત જતાં તે લાગણી હાલ એટલી મજબુત થઇછ કે તને ગુસ્સે કરવાનો જોખમ ખેંચીને વટીક તારી ગરીબી અને કંગાળપત માંથી તને મોકળી કરવાની હું જીદ લેઇ બેઠોછ."

"ચાલો, હું રજા ચાહુંછ, સલામ અલેકુમ, સાહેબ, ખુદા હાફેઝ." અને ગુલઝાર બારણાં આગળ ગઇ.

"નહીં, નહીં, એમ ના જા." અનવરખાંએ તુરતજ જઇને તેણીને અટકાવી, "તું મને તારો પેદરજ સમજ અને-" પણ તેટલામાં તો તે બારણું ઉઘડયું અને એક પોહોરાગીર તેનું ખાણું લઇ અંદર આવ્યો, જે તકનો લાભ લઇ ગુલઝાર ત્યાંથી સટકી ગઇ.—

"અરે, સબર, જરા તો સાંભળ." એટલું બોલી અનવરખાં તેણીને અટકાવવા ગયો, પણ, તે તેમ કરે તેટલાં ગુલઝાર ત્યાંથી નીકળીજ ગઇ અને અનવરને તો ઓરડીની બાહાર નીકળવાનો હોક મજ નહતો. ચાવડીથી તે જરાક દુર ગઇ કે તેણીને કાને તેણીનું નામ પોકારવાનો કોઇનો અવાજ પડયો; અને બીજીજ પલે તો રેહેમતે આવી તેણીનો હાથ પોતાના હાથમાં લીધો.

પ્રકરણ ૩૪ મું.

મેળાપ અને દોસ્તી.

આ ઓચીંતા મેલાપથી ગુલઝાર એટલી અચરત થઇ ગઇ કે થોડીક પળ સુધી તો તે સુનીસાવજ જેવી બનીને ઉભીજ રહી, અને હવે શું કરવું તે જાણે તેણીને સુઝતું ન હોય તેમ તેની સામે તેણીએ ટીકયાજ કીધું; જેમ કરતાં તેનીબી નજર પોતાની ઉપર ઠરેલી જોઇ તેણી તુરતજ શરમથી લાલ બની ગઇ અને તેજ પળે પોતાનો હાથ તેના કબજામાંથી છટકાવી નાંખી તે બોલી "સાહેબ! આપણે હવે એકમેકથી અંજાણ છીયે," અને આટલુંજ બોલી તે ચાલી જવા કરતી હતી, પણ તેણીને તેમ કરતાં અટકાવી થોડાજ પણ અસરકારક શબ્દોમાં તે જે કહે તે સાંભળવાને તેણે તેને અરજ કીધી.

"રેહેમતખાંન સાહેબ, એક એકલવાઇ નિરાધાર છોકરીની તમને આજરખવાહી ભરી અરજ છે કે તેણીને તમારે હવે વધુ હેરાન નહીં કરવી."

"અરે! ગુલઝાર, મારાં મન પુરતો તને ખુલાસો આપવાની મને મળેલી આ તક તું મારી કનેથી છીનવી ના લે. તું જાણેછ કે હું તને ચાહુંછ, તે છતાં એમ હઠીલી ના બન, અને જે અરજ તેં મને હમણાં કીધી તે ઔર મને તારી સોડ સાધવાને જ્યાદે ઉશકેરેછ, કેમકે, તેથી મને જાણવાને બની આવેછ કે તું નિરાધાર અને એકલવાઇ પડીછ. ગુલઝાર, ગુલઝાર, મારો પ્યાર તું કબુલ નહિં રાખતી—મારો હાથ—"

"મને જવા દેવો હું કરગરીને માંગી લેઉંછ સાહેબ, કે મને છોડો" તે છોડી બોલી અને હાલ તે કાંઇક નરમ પડેલી લાગતી હતી.

"નહીં, કદી નહીં, હું કસમ લેઇને કહું છું કે હું એમને એમ તો તુંને નથીજ જવા દેવાનો, કાંઇક અઠવાડર્યાં થયાં તારૂં ઠેકાણું શોધી કહાડવાનાં હું અવત્યાં મારૂં છું, જે દરમ્યાન તારી સોહામણી સુરત મારાં મગજના આઇનામાંથી ભુસરાઇ નથી; અને જ્યારે આજે અકસ્માત તું મને મળીજ ગઇ છે તો મારે સુખી થવું કે દુઃખી તે તારે પોતાને મોઢેથી જાણ્યા સિવાય હું તને જવા દેનાર નથી. તું મને તારી સાથે બાઇજત ચાલવા દે, નહીં તો લોકનું ધ્યાન આપણી તરફ ખેંચી નાહક તું બદનામ થશે."

આ તકરારે ગુલઝારપર જોઇતી અસર કીધી, કેમકે તે બોલી "ચાલો, ત્યારે, મને તેમાં કાંઇ અડચણ નથી."

"વારૂં! આ ચાવડી જ્યાં અનવરખાં કેદ પડેલો છે ત્યાંથી તું કેમ નીકળી?"

"હું તે ગ્રહસ્થને મળવાજ ગઇ હતી, કેમકે, તે બીચારાએ મને એકવાર એક હડહડતાં અપમાનમાંથી બચાવી હતી; અને વળી બીજો સબબ એ કે તેવણને હું તદન નિરદોષ માનું છું."

"નિરદોષ!" તેણીના વીચારની આ વીચીત્ર વળાણથી અજબ થઇ તે બોલ્યો, "હા અલબત, તે બીચારાનાં મનની સ્થિતી ધ્યાનમાં લેઇયે તો ખરેખર તે નિરદોષજ લેખાય, બાકી એમાં તો કાંઇજ શક નથી કે—"

"સાહેબ, એ વાત લંબાવવા હું માંગતીજ નથી." ગુલઝારે તેને આગલ બોલતો અટકાવી કહયું, "તમારે જાણવું જોઇયે કે મારો વખત ઘણો કીંમતી છે, અને તમો એક ખરા ગ્રહસ્થજ હોવ તો મને મારે રસ્તે જવા દયો."

"નહીં, મેં કસમ લીધા છે એટલે હું તને એમને એમ મારૂં જરાબી સાંભળ્યા વગર તો જવા દેનારજ નથી. હું જે કહું તે તારે

સાંભળવુંજ પડશે, ગુલઝાર, ખુદા ખાતેર મને કહે કે તું મને હજુ ધીક્કારતાં શીખી નથી–મને કહે ગુલઝાર, શું તું મને ધિક્કારેછ ! જે ઘડીએ તેં મારા પ્યારને ઉત્તેજન આપ્યું તે ઘડીને માટે શું તું આજે પસ્તાયછ ?"

"અરે ! રેહેમત, રેહેમત, તે સાંજનો બનાવ તું ભુલી તો નહીંજ ગયો હશે ?"

"ગુલઝાર, ઝોહરા અને મારી વચ્ચેનો થોડોક વખતનો સંબંધ ના પાડવાની હું ફોકટ કોશીશ કરીશ નહીં, પણ ગુલઝાર, તું ગમે તેવી નીરદોષ અને પાક છે, તે છતાં, તું એટલું તો જાણતી હોવીજ જોઇયે કે મારા જેવા જવાનો, જ્યાં સુધી ખરા પ્યાર અને સાચા જીગરથી ચાહવા લાયક કોઇ સોહામણી સુરત તેમને રસ્તે આવતી નથી, ત્યાં સુધી તેઓ જરાતરા વિખરેલા તો હોયજ છે. તેવો હાલ મારો હતો. તું મારી નજરે પડી તે અગાઉ ખરા પ્યારને તેના પાક આકારમાં મેં કદી અનુભવ્યો નહતો. જેટલો એક તનનાં નજીસ ખોખાંમાં અને તેમાં ઘર કરી રહેલા પાક જાનમાં ફરક હોય, તેટલો ફરક તારા અને ઝોહરાના પ્યારમાં તું સમજ. હવે એક એવી બીનાપર હું આવુંછ કે જે સાંભળીયા પછી મને તારી મીઠી માફી બખશ્યા સિવાય તારી પાસે કશો ઇલાજ રેહેવાનો નથી. હું એટલુંજ માંગી લેઉંછ કે જે હું તને હમણાં કહું તે સાચું, ખુદાના બાર વેરતું સાચુંજ, સમજજે. જાણ ત્યારે કે જે દીવસની બપોરે મેં તને ઘોડા તળે કચડાઇ જતી બચાવી તે દીવસની સહવારે મેં ઝોહરાને એક ચીઠી લખી બપોરે તેણીને મળવા જવા મેં જણાવ્યું હતું; પણ તેજ બપોરે મારા સઘળા વિચારો, મારી સઘળી મનશકતી અને મારી સઘળી લાગણી તારી સાથના તે મેળાપમાં રોકાઇ ગઇ અને જયારે તેં પાછું 'રીચીઆગ' માં મને મળવાનું

વચન આપ્યું ત્યારે ઓહરાને મેં લખવા મુજબ જઇ મળતાં મારો જીવ કમકમ્યો. હું તને ચાહવા શીખ્યો હતો અને તેં આપેલાં વચન મુજબ આપણે જ્યારે મળયે ત્યારે તક જોઇને તારો મુબારક હથ નેકામાં માગવાનો મેં વિચાર કરી રાખ્યો હતો; હવે જ્યારે મેં મારૂં દિલ તનેજ અર્પણ કરી તારી સાથેજ ભવિષ્યમાં જોડાઇ સુખી થવાનો વિચાર કીધો તો પછી-ત્યાર પછી ઓહરાને હું જઇ મળી તેની સોહોબતમાં મારો વખત કાઢું તો તારી પવિત્ર યાદને હું બેવફા થયલો કેહેવાઉં એમ મેં માન્યું; એટલે, મારૂં તેણીને આપેલું વચન નહીં પાળતાં હું સીધો મારે મકાનેજ ગયો, જ્યાં તારી સોહામણી સુરતના હું સ્વપ્ના જોવા લાગ્યો. ત્યાર પછી ઘણેવારે ઓહરાની મને યાદ થતાં અસુરેથી મે તેણીને ટુકું અને ટચ લખી મોકળ્યું કે તેણીએ મારી રાહ જોવી નહીં. ટુંકમાં, તેણી સાથનો મારો સંબંધ છોડી નાંખવાનો મેં વિચારજ કીધો હતો; હવે હું તને પુછવા માગું છ કે આ ખુલાસા પછી મારી હાલત શું મોટાં મનથી દરગુજર કરવા લાયક નથી!"

"હા-હા-તેમ મનેબી લાગેછ" ખુશાલી ઉછળતાં હૈયાં સાથ ગુલઝાર બોલી.

"આહ! ત્યારે તારી એટલી તો ખાતરી છેની કે તને હું જે કહુંછ તે સાચુંજ કહુંછ? શુક્રે ખુદા! ત્યારે તો મારે માટે હજુબી આશા છે ખરી-અને તું મને ધિક્કારતી તો નથીની ગુલઝાર-પ્યારી ગુલઝાર?"

"તને ધિક્કારૂં-અરે! નહીં, નહીં!" તે બોલી, અને તેણીની ડપપરથી ખુલ્લું માલમ પડતું હતું, કે તે જવાન તરફ તેણીનું દિલ એકવાર ફરીથી ઉછાળા મારતું થયું હતું.

"જ્યારે તું મને ધિક્કારતી નથી ત્યારે તો કદાચ તું મને ચાહીબી શકે? ગુલઝાર, હવે આપણે પાછાં મળ્યાં છ ત્યારે તો તે સાંજે આપણે વીખુટાં પડી ગયાં હતાં તે માટે હું ઔર જ્યાદે ખુશી છું, કેમકે, ઝોહરા સાથનો મારો સંબંધ તારી સનમુખ જાહેર થઇ જતાં તું જે રીતે મારી આગળથી નાહાઠી તેપરથી તો તારી રીતીનીતીની એક વધુ પરીક્ષા લેવાનું મને બની આવ્યું અને વળી ખાતરીથી માન કે તું નહાસી ગયા પછી ઝોહરાએ પોતાના ધિક્કારમાં તારે માટે એવા સોખન ઓચર્યાં કે તારે માટેનાં મારા માનમાં એવડો એવડો વધારો થઇ ગયો."

"આહ! ત્યારે મને તેણીએ કશો ગેરઇનસાફ તો નહીંજ કીધો?"

"નહીં. તેણે તને પોતાથી બને તેટલો ઇનસાફ આપ્યો છ, અને તેથીજ હું મને પોતાને ઘણો મગરૂર માનું છ; તેથીજ હવે મારી વધુ અને વધુ ખાતરી થતી જાય છ કે તું મને એક સાચા પ્યારથી ખરેજ ચાહી શકશે."

ગુલઝારે માત્ર આંખ ઉંચકી તેની તરફ જોયું પણ કાંઇજ બોલી નહીં અને રેહેમતે તે આંખમાં ગોયા એક કેતાબનાં પાનેપાના ભરીને લખેલો પ્યાર વાંચી લીધો.

"હવે મારી પ્યારી ગુલઝાર, મારી ખાતરી છે કે તેં મને માફ કીધું છ, મારી ખાતરી છે કે મારામાં હજી તને વિશ્વાસ છે—મારી ખાતરી છે કે તું મને ત્રિક્કારતી નથી તો હવે બોલ, મને કહે કે તું મારી થઇ શકશે? મને કહે કે તું મારી સાથે નેકામાં કયારે જોડાશે! તું મને કયારે તારો પોતાનો હક્કદાર ખાવીંદ બનાવશે કે જે હક્કની રૂહે તારો હું સદાનો વાગી બનું?"

હવે ગુલઝાર ખરેખરી ગુંચવણમાં પડી. શું જવાબ દેવો તે તેણીને સુઝયું નહીં. એક હાથપર તેણીને લાગ્યું કે તેણીએ પોતાનાં સઘળાં ભવિષ્યને તે જવાનની સારી સમજપર છોડવું, જ્યારે વળી બીજા હાથપર તેણીને ખ્યાલ થયો કે જે જવાનને તેણી નહીં બરાબર ઓળખે, નહીં પીછાણે, નહીં જાણે કે તે ખરેખરે કોણ છે, તેની ઉપર એટલો વિશ્વાસ રાખી ઝીપલાવવું નામુનાસેબ હતું. એટલે તેણી થોભી અને સેવટનું મત આપતાં અચકી, અને તેણીનું હૈયું, પીંજરાંમાં બંધ થયલાં એક ચસ્યાં પેરે ફડકવા લાગ્યું.

"તું મને જવાબ નથી દેતી, ગુલઝાર? આહ! હું સમજ્યો, મારી મીઠી માહબુબ, તારાં મનના વિચારો હું વાંચી શકું છઃ તું મને નથી ઓળખતી અથવા તો એટલી થોડીજ ઓળખી ચુકીછ કે–"

"તેમ તમે કાંઇ મને તેથી વધુ ઓળખી ચુક્યા નથી." રેહેમતનાં બોલવાપરથી પોતાના વિચારની સાંકળનો છેડો ઉપાડી લેતાં તે બોલી, "અને તેટલાંમાં તમે મારો હાથ નેકામાં માંગવ જેટલી મહેરબાની કરોછ. તમે જે મારે માટે હાલ તુરત જાણોછ તે એટલુંજ છે કે હું એક નિરાધાર, નાવારેસ, ગરીબ છોડી છેઉં, જેની રોજની રોટીનો આધાર તેનાં હાડકાંની રગડપર છે, અને જેની પાસે તેનાં સાબુત ઇમાન, સાચાં અંતઃકરણ અને ભલાં નામ સિવાય બીજી કશી દાઅવત નથી, તો તેવી એકને તમારી પરણેતર બનાવવામાં તમો સંતોષ માનતા હોવ તો પણ મને ચીંતા છે કે તમારાં લાગતાંવળગતાંઓ અને તમારી મોહોરદાર દાખલ કોહું આપનાર નથી." ગુલઝાર બોલી અને બોલતાંજ તે દલગીર થઇ ગઇ કે જાણે એ વિચાર તેણીનાં દીલમાં ઉગેલાં આશાના કુંમળા છોડને તેની શુરૂઆતમાં કચડી નાંખવાને પુરતો થઇ પડયો હોય!

"જે વિચારો સાથે હાલ આપણને કામ નથી તેવા વિચારો તારે હમણાંજ મનમાં લાવવા જોઇતા નથી. મારા વિચાર મુજબ તું જેવી છે, તેવીજ ઘણીજ સુંદર અને લાયકીવાલી છે, એટલે મને મારા લાગતાંવળગતાંની દરકાર નથી. જગ શું બોલશે તેની મને પરવાહ નથી! ચાલ, તયારે હવે કહે પ્યારી ગુલઝાર કે—"

"ઓ! મને હમણાંનો હમણાંજ જવાબ આપવાની જીદ ના કરો! મને મારા વિચારો એકઠા કરી તેમને સઘળી તરફથી તપાસી જોઇ મારાં મનનાં જોખમાં તેમને તોલવાનું બની આવે માટે મને થોડીક મેહેતલ આપો."

"બાખુશી, દિલોજાનથી, કહે મને વચન આપ કે તું મને કાલે મળશેજ."

ગુલઝાર કાંઇ બબડી અને તે પરથી રેહેમતે પોતાના સવાલનો જવાબ, હા કારમાં મળેલો સમજી લીધો અને પછી રીચી બાગમાંજ પાછું મળવાનું ઠેડવી તેઓ છુટાં પડયાં. રેહેમતને તો તેટલા ચોવીસ કલાક બી છુટું રેહેવા ગમ્યું નહીં, પણ જયારે ગુલઝારે તેને ખાતરી આપી કે તે તેને જરૂરજ ઠેરવેલ વખતે મળશે અને તેને નાસીપાસ નહીંજ કરશે ત્યારે તેણે તેનીથી છુટું થવા પોતાનાં મનને જેમ તેમ મનાવ્યું, અને તે બંન્ને પ્યારાં જીગરો છુટાં પડયાં.

પણ આજે બી 'રીચીબાગ'જ તેઓના ભવિષના મેળાપ માટે નકી કરવાનું ગુલઝારને શું કારણ હતું? કારણ એટલુંજ કે આગલ જણાવ્યા મુજબ ફ્રાટકપુરામાંથી અંચીતી નીકળી તેણી 'ગુલાબખાંની ફેલ' ને નામે ઓળખાતા મહલ્લામાં રેહેવા ગઇ હતી જયાંથી રીચી બાગ કાંઇક નજીક પડે તેમ હતું.

જયાં તેણી રેહેમતથી છુટી પડી હતી ત્યાંથી તેણીનું ઘર ઘણું દુર હતું, તો પણ, જે વિચારમાં આજે તેણી ચાલતી હતી તે વિચાર

પોતાની પાંખપર તેણીને ઉરાડી લાવ્યો હોય તેમ ત્યાં આવી પોહોંચતાં તેણીને વખત લાગ્યો નહીં, અને રેહેમત સાથના આ ફરીથીના મેલાપથી તેણીની છાટીમાં સજીવન થયલી કોઇ લાગણીએ તેણીની નજર સામે સુખનું એક સ્વપ્નું દોર્યું, જે જોતી-જોતી તે પોતાના ઘર તરફ ખેંચાઇ ગઇ.

પ્હેલા પ્યારની શુરૂઆતમાં કોઇની જવાન જીગરની હાલત એવીજ હોય છે, એમ આ જમાનાનાં ચગોર વાંચનારાઓને થોડી વાકીને સમજાવાની કાંઇ જરૂર હોયજ નહીં.

પ્રકરણ ૩૫ મું.

* * * * *

તે દિવસ ખુલ્લો અને ખુશનુમા હતો; સઘળી હવા હુંફાળી બની નરમાસથી હસી રહી હતી. જેમ એક ખુબસુરત વિધવા રફતે રફતે પોતાનો ગમીનો પોષાક ઉતારતી રહી સોહોવાસનનો સુંદર સાજ સજતી જાય, તેમ કુદરતે શીયાળાનો પેહેરવેશ બાજુ કરી વસંતનો પોષાક ધીમે ધીમે પેહેરવા માંડયો હતો. ઝાડો લીલાં કુંજર બની રહ્યાં હતાં: અને તુરતનાં ઉગેલાં ફુલો તરેહવાર રંગોની એક રંગીલી હારમાળા રજુ કરતાં થયાં હતાં. મેદાનના લીલાસમાં ચલકાટ ઉમેરાઇ ચુકયો હતો: અને નદી નાળાંનાં પાણી વધુ સાફ અને વધુ સ્વચ્છ વ્હેતાં થઇ ચુકયાં હતાં. ઝાડોની ડાળે ડાળ પીછાળાં ગવૈયાઓથી લચવા લાગી અને રાતે પડેલા દવનાં ટીપાંથી આખી જગત ગોયા મોતીના જડાવથી જકડે ગયલી લાગતી, અને એ સઘળા ચમત્કારીક અને આવકારદાયક ફેરફારને લીધે કુદરતની આંખોમાંથી હર્ષનાં જે આંસું પડતાં હતાં, તેમાં સુર્યનાં કીરણોનો

તેજસ્વી પ્રકાશ તેના સાત રંગોમાં ઝકઝકી રહયો હતો. ચો તરફ ફેલાયલી શાંત હવામાં જ્યાં જુવો ત્યાં તાજગી અને કૈવતનું તત્વ મળી રહ્યું હતું, જે તત્વ બીમારને તેની બીમારીમાંથી બચાવી, ઘરડાને જવાન અને જવાનને વધુ અને વધુ તંદરોસ્ત બનાવી તેને ગોયા અમર કાયાની જમાનત આપતું હતું.

એવી તે સગનવંતી સહવારે ગુલઝાર પોતાંને મકાનેથી નીકળી 'રીચીબાગ'માં દાખલ થઇ. આશા અને પ્યાર એ બે મધુર મોહોબ્બત મય લાગણીએ તેણીના રૂખસારને એક ખીલતા ગુલાબ જેવો બાહાર બખશ્યો હતો. તેણીની આંખો કાંઇ ઔરજ તેજથી ચમકતી બની હતી, તો બી કે તેઓમાંની કુદરતી નરમાશ અને આસક કાંઇ તેથી ઝાંખી પડી નહીં ગઇ હતી. તેણીના રાતા હોઠ ગોયા એક ગુલશનન બે દરવાજા સમાન હતા, જેમાંથી નવરંગી પુલોના જેવો પમરાટ અને મધમઘાટથી ભરેલો દમ જરાજરામાં બાહાર નીકળી હવામાં મળી જઇ તેને પણ સોડમદાર બનાવી મુકતો હતો.

તે મોબતવંતી માવતર, જે તેને ચાહતી અને જેને તે ચાહતી હતી તેનાં કમનસીબ કવખતનાં મોત પછીની આજેજ પેહેલી વખત ગુલઝાર ખુશ દીસ્તી હતી. ગોયા તેણીને બાહાર નીકળેલી જોઇ કુદરત પણ તેણી તરફ મલકાઇ મલકાઇને હસ્તી હતી. આશા જવાની માટે છે અને જવાની આશાને માટેજ છે કેની? તેણીની પ્હેલીજ મોહબ્બતથી જન્મ પામેલા પાક નિરદોષ વિચારો દુન્યાની સપાટી ઉપર ઉગતાં તરેહવાર પુલોની માફક તેણીનાં મગજના મોહક મંડપમાં ખીલી નીકળ્યા હતા. તેણીનું હૈયું ધડક ફડક થતું હતું. પણ તેથી શું થયું? તે તો જાણે એક ઝાડની ડાખળીપર બેઠેલી ચલીનાં હૈયાંની માફક હતું. તેણીની છાટી ઉઠતી બેસ્તી દેખાતી હતી—પણ તેથાબી શું થયું? તે તો જાણે એક સુંદર સાફ સ્વચ્છ સરોવરની

સપાટીપર સડસડાત સરી જતી જળકુકડીથી તે સરોવરનું આબ જે ડોલતું હતું તેપર પડતાં આફતાબનાં રોશન કીરણ નાચતાં હોય તેમ લાગતું હતું !

પ્યારી ગુલઝાર, તારી આજની હસીખુશી તને અને તારા જવાન પ્યારને મુબારક હોજો ! આ જહાનમાં તેં એટલું તો વેઠયું છે, તારી જવાની તરફ જોતાં તારીપર એટલું બધું તો વિટયું છે કે ખુદા કરેને આજનાં તારાં કદમ તને સુખના રસ્તા ઉપર લઇ જઇ મુકે ! પણ તેમ બનશે કે ? તારી પુઠે લાગેલી કમનસીબી શું ખરેખર તને કકળાવતાં હવે થાકીજ ગઇ હશે ? આહ ! આ પળે, તારા મોહબતના મંડપ તરફ તારી સાથે ચાલતી વખતે હમણા ને હમણા તો અમો જે અટકળ કર્યે તે કબતની કેહેવાય. અમો અટકળ કરી શકયે, પણ તારૂં ભવિષ્ય કેમ પારખી શકયે ? અલબત, અમો હાલ જે કરી શકયે તે એટલુંજ કે તે ખલ્કના ખાવીંદ પાસે હાથ જોડી તારા હકમાં સઘળી ભલી દુવાઓ ગુજારી તને તારાં આ કામમાં ફત્તેહ માગ્યે, બીજું કાંઇજ નહીં.

પ્રકરણ ૩૬ મું.

પ્યારનું પ્હેલું પગથ્યું !!

તેઓ મળ્યાં—તે ખુબસુરત નાજનીન અને તે ખુબરૂ જવાન બંને એકમેકને ભેટયાં. તેઓમાંનું કોઇ કશું બોલ્યું નહીં, પણ તે વખતે તેઓ બંનેનાં હૈયાંમાં જે હતું તે બંનેએ એકમેકની આંખોમાં વાંચી લીધું. તેઓ એકમેકના હાથની પાંખડી પકડી હવે ચાલવા લાગ્યાં.

"પ્યારી ગુલઝાર," અંતે રહેમતે તે શાંત ચુપકાદી તોડી, "હવે મારી ખાતરી થઇ છે કે તું મને ચાહેછ અને તે જાણી હું

ઘણો સુખી થયલો તું સમજજે. આજે હું ખાતરીથી માનું છ કે પહેલી નજરે બરપા થતી લાગણીમાં પ્યારની હાજરી હોયછ, અને એમ પણ જાણુંછ કે અકસ્માત બે જનનો મેલાપ થતાં જો તેઓને અલ્લાહતાઅલાએ એકમેકને માટેજ સરજ્યાં હોયછ તો બંનેનાં તો નહીં પણ બેમાંથી એકનાં અંતઃકરણમાં તે વિશેની ભેદી બશારત થયા વિના રહેતી નથી. એ મુજબ મારા બાબમાં તો બનેલું હું નક્કી જોઉં છ. જે પળે મેં તને જોઈ તેજ પળે તને હું ચાહવા લાગ્યો. બીજા મેળાપની વખતે-કે જે વખતે મેં તને એક મરણતોલ અકસ્માતમાંથી બચાવી તે વખતે—મારાં અંતઃકરણનાં ઉંડાણમાંથી નીકળતા એક છુપા અવાજે મને ખબર આપી, કે જે મારી ભવિષ્યમાં ભાગ્યણ થવાની તેનેજ મેં તે દીને બચાવી હતી. આપણે ત્રીજીવાર મળ્યાં તે વખતે મારો પ્યાર તને જાહેર કરી તું મને ચાહશે એવી તને આશા બતાવતાં હું જાણે મારાં સુખને કોઈ ચઢતે તબકે પુગ્યો હોવું એમ મને લાગ્યું. ત્યાં આપણ એકાએક છુટાં પડી ગયાં અને આપણે પાછાં મળ્યે તેટલાં તો કાંઈક અઠવાડયાં એકમેકની જુદાઈનાં પસાર થઈ ગયાં. તે અંતર મેં દીવસના તારા વિચારોમાં અને રાતે તારે લગતાજ સ્વપ્નામાં પસાર કીધો. તે આગમજ તને હું ઘણોજ ચાહતો તો હતોજ, પણ હવે તો તને હું પુજવા લાગ્યો; મેં મારી ભટકતી જીંદગી ત્યાગ કીધીછ, મારી કેટલીક બુરી આદતો મેં તજી દીધી, દોસ્તોને રૂકારા કીધા અને તને કેઠે મળી જવાની આશામાં રોજબરોજ કલાકોના કલાકો સુધી રસ્તે રસ્તે, ગલીએ ગલી અને મોહલ્લે મોહલ્લે રખડયો. મારી સઘળી કોશેશ રોકટ જતી જોઈ હું નિરાશી અને નાસીપાસીને લીધે મારા જીવપર જબરી કરવાની કાંઈ મનમાં બાજી રચતો હતો તો તેટલામાં ગઈ કાલે તું મને મળી ગઈ, અને મને હવે કહે, પ્યારી ગુલઝાર, કે આપણે પાછાં આજે સાથે મળ્યાં, તેથી તું ખુશી છેની ?"

"મારો જવાબ તું તારા અંતઃકરણ પાસેથી પુછી લે" એટલું બોલી ગુલઝારે પોતાના આશક ગમ જોયું.

"અને આટલી જુદાઇના લાંબા અંતર દરમ્યાન મારી યાદ કોઇ વખત તને થઇ હતી?"

"હા, રહેમત, હું તને ઘડી ઘડી યાદ કરતી'તી, પણ, મેં તો એમજ માની લીધું'તું કે હવે આપણે પાછાં મળશું જ નહીં. અને"–

"અને તેથી તું દુઃખી થતી હતી, વ્હાલી?"

"હાજ તો, અને કેટલી વખત તો મારીથી રડાઇ જવાયું અને મનમાં—"

"બસ–બસ, મારી ભોલી અને ભલી મહાબુબ, વધુ બોલ ના" અને હાં, પ્રિય વાંચનાર, આ આખી વારતા દરમયાનનાં પાક અને પવિત્ર પ્યારનાં આ એકનાં એક પ્રકરણને તેને લાયકનો ઇનસાફ આપવા મને અત્રે લખવું પડેછ, તેને માટે મોટાં દીલ અને સ્વચ્છ હૈયાથી માફ કરજે, કે ગુલઝારને તેણે બોલતી અટકાવી તેની નીચે ઝુમેલી ડોકને પોતાને હાથે ઉંચકી, તેણીના હોઠપર તે જવાને એક ચુંમી લીધી, અને તેનું નાજુક માથું લઇ પોતાની છાતીમાં દાબ્યું

અરેરે! સુરજના ચાલુ તાપથી તપીને ગરમ બનેલી અરબસ્તાનની રેતીપર ભટકતા તરસ્યા મુસાફરની સુકાઇને છોલતું થઇ ગયલી જીભપર ઠંડાં મીઠાં પાણીની એક ઝીણી ધાર પડતાં તેને લાગતી ખુશાલી કેટલી હશે? વિશાળ મહાસાગરની અમાપ સપાટી ઉપર મહીનાના મહીના અને વરષોનાં વરષો સુધી સફર કરતા ખલાસીઓની નજરે સુકકી જમીનનો એક ટુકડો માત્ર પડતાં તે વખતે તેનાં આખાં અંગમાં ફરી વળતી ખુશાલીની ઝેણ કેટલી હશે? એક માદરની કાળજી અને માવજત હેઠળ ઉછરીને જન્મ પામેલું તેનું પ્હેલું બાળક જ્યારે તેણીની તે મહેનત અને મુસીબતનો બદલો

તે હસીને વળેછ ત્યારે તે નિરદોષ મુખડો જોઇ તે માદરની છાતીમાં ચઢી આવતી ખુશાલી કેટલી અને કેવી હશે? ફાંસીના માચડાપર ચઢી ચુકેલા કમનસીબને ગળે ફાંસો નાખતી વખતે માફીનું ફરમાન આવી લાગતાં તેનાં તનબદનમાં વ્યાપી રહેતી ખુશાલી કેટલી હશે? જંગમાં ઉતરેલો સરદાર, જેને ખબર છે કે તે જંગને જ ઉલટાં કે સુલટાં પરીણામપર આખાં રાજનો આધાર છે તો તે સરદારના કાનપર 'ફતેહ ફતેહ'ના પડતા અવાજથી તેનામાં ધાયી આવતી ખુશાલી કેટલી હશે? ડુબી જતાં યા આગથી તારાજ થતાં એક વ્હાણમાંથી, નજીક આવતું બીજું વ્હાણ નજર પડવાના પુકારોથી મોત જાલેમ મોત માટે તૈયાર થઇ બેઠેલાં તે વ્હાણમાંના કમનસીબોને ઉપજતી ખુશાલી કેટલી હશે?

તો એ સઘળી સામટી યા છુટી છુટી ખુશાલી પાક અને પવિત્ર પ્યારની પહેલી ચુંમીથી ઉપજતી ખુશાલી આગળ અમો કહેછ કે તદન તુચ્છ અને નહીં જેવી છે. ગુલઝારનાં તનમાં આ ખુશાલી માયી સમાયી ગઇ નહીં; એક મીનીટ સુધી તે જવાનની મીઠી ગોદમાં દબાઇને તે ઉભી રહી, અને પછી ધીરેથી તેના કબજામાંથી છુટી, ગભરાટ અને શરમની ભેગી લાગણીથી લાલ થઇ એક બેઠકપર તે બેસી પડી. તે જવાને પણ તેણીની પાસે જગ્યા લીધી અને તેણીનો હાથ પોતાના હાથમાં લઇ પુછયું.

"ગુલઝાર, પ્યારી ગુલઝાર, તું સાહબરી મારી કયારે થશે?" આ સવાલે ગુલઝારનાં મનમાં નવાજ વિચારો, નવાજ તરંગો અને નવાજ ખ્યાલોને જન્મ આપ્યો.

તે વિચારમાં પડી કે નેકાને માટે જોઇતો પોષાક અને જોઇતી સામગ્રી વસાવવા માટે તેણી પાસે તો પુરી બદામબી નહતી! અને કાંઇ એમ તો બનેજ નહીં કે હમણાંથી તેની ચીજોને માટે તે તેની

પાસે હાથ જોડી માંગણી કરે! જે કરવા જેટલી વળી નફ્ફટ કે બેશરમ તો તે હતીજ નહીં. વળી, એમ સમજો કે તેનો એકકે એક કલાક રોકાય, તેવું કાંઇ કામ મેળવવાને તે નસીબવંત થઇ અને તે કામ પુરૂં કરવામાં તેનાં તનના ટાંકેટાંકા તુટે તેમ તે રોકાઇ તો તેની મહેનતમાં મહીનાના મહીના ઘસડાતાંબી નેકાને બરનો પોષાક સીવડાવવા જેટલા ભાગ્યે તેની પાસે પૈસા એકઠા થાય! અને તેબી વળી તેણીનાં ખોખાં સાથે તેણીનો જીવ તે મુદ્દત સુધી વળગી રહી તેણીને તે કામ પાર ઉતારવા દેય તો કે! પણ આ વમાસણમાં તેની મદદે તેનો આશક આવી પુગ્યો. તેણીનાં મનમાં ઉભા થયલા એ વિચારો તે વાંચી શકયો કે શું——કેમકે આપણને જણાવવામાં આવ્યું છે કે આશકમાશુકોની આંખ તિક્ષણ અને કાન તિણા હોય છે——તેથી તે બોલ્યો—"પ્યારી ગુલઝાર, પરણીને તું મારી સાથે એક થાય ત્યાં લગણ મને તારો એક દોસ્ત ગણી, એક બેહન પોતાના ભાઇપર જેમ વિશ્વાસ મુકે તેમ તું નહીં કરે?"

"એટલે, રહેમત, તેમ કહી તું મને શું કહેવા માગેછ?" તેણી પોતાના આશક તરફ જોઇ બોલી અને તરતજ તે ચેતી ગઇ કે તે તેની ગુંચવણ પામી ગયો હશે.

"હું તને એમ કેહેવા માંગુછ, મારા રાહતુમા ફીરેસ્તા, કે એક મંજુર થયલો આશક જે કાંઇ નાના નાના હકો ભોગવી શકે તેવા હકોમાં મનેબી મોજ માનવાની રજા આપ, અને તે એ કે આપણે પરણીને એક થઇયે ત્યાં સુધી આપણે રોજ મળ્યા કર્યે. વળી મારા અનંત પ્યારની અદના ઇધાણીમાં હું તને જે ભેટ સોગાદ આપું તે તું કબુલ કરતી રહે અને જે પોષાકફરોશ સીંપી અને ઝોહરીનાં તને હું નામ આપું ત્યાં તારો સઘળો પોષાક

અને ઘરેણું-ગાંઠું તૈયાર કરાવવાની મારે ખાતર તું તસ્દી લેય, અને હું તને ખાતરી આપુંછ કે તે સઘળા દુકાનદારો નવા—"

રેહેમત બોલવા જતો હતો કે, "નવાબજાદા રેહેમતખાન સરફરાજની ભવિષની મોહોરદારના આશરાનું માન તેમને અત્યારથીજ મળેલું જોઇ તેઓ મગરૂર થયા વિના રહેશેજ નહીં." અને એ રીતે તે પોતાનાં ખરાં નામથી જાહેર થઇ જવાની અણી ઉપર હતો પણ અચકી ગયો. હવે અમો ધાર્યે છીએ કે આટલા વખત સુધી વાંચનારાઓનાં પણ મનમાં એક સવાલ પેદા થવા કીધા હશે કે જ્યારે રેહેમત બાઇજત પરણીને ગુલઝારને હકદાર ધણીયાણીજ બનાવવા માગતો હતો તો તેણીને તેનાં ખરાં નામથી વાકેફ કરી દેવામાં તેને વાંધોજ શું હતો ?

પ્રકરણ ૩૭ મું.

અદેખાઈની આગ! ભડક!! જાગ!!!

રેહેમતને તેમ કરવામાં વાંધા જેવું કાંઇજ નહતું, પણ, તેને બીહીક એમ હતી કે ગુલઝાર પોતે એટલી બીકીકણ અને શરમાળ હતી કે તે પોતે એક ઉંચ દરજ્જાના અમીરજાદાની મોહોરદાર થનાર છે એ વિચારજ કદાચ તેણીને હેબતાવી મારે અને કદાચ તેણી તેના હાથમાંથી સટકી પણ જાય; અને તેથી જ્યારે વાત એટલી હદ સુધી વધી જાય, ગુલઝાર તેના પ્યારમાં પુરતી પળોટાય ત્યાંસુધી પોતાનું જાહેર થવાનું તેણે મુલતવી રાખ્યું હતું. વળી તેમ નહીં કરવાનું તેને એક બીજુંબી કારણ હતું અને તે એકે તેનાં માદર, પીદર કે, એશ કુટુંબ યા દોસ્ત આશનાને કાને એવી કાંઇ વાત આવી કે તે તો એક ગરીબડી દરજણ સાથે નેકા સાધવાની પેરવી કરે છે તો તેઓ સઘળાં સામટાં બળે તે અટકાવવાને આસ્માન જમીન એક કરી નાંખે અને તે સઘળાઓને તે તો એક

કોરે મુકી શકે પણ ગુલઝાર જેવું જોય કે તેણીની સાથનું તેનું જોડાણ તેઓ સર્વને એટલું બધું અણગમતું છે તો બીહીને તે પોતેજ તેથી હાથ ઉઠાવે તો! ગુલઝાર, તેણે કીધેલી માગણીથી એવા ઉંડા વિચારમાં ગરક ગઇ હતી કે નવાબજાદો રેહેમત ઉપર બોલતાં અધુરે કેમ અટકી પડયો હતો તે તરફ તેણીનું કાંઇ ધ્યાન ખેંચાયું નહીં. તે બીચારી ગરીબ બાળાની છાટી તરેહવાર વિચારથી ગુંગળાતી હતી: તરેહવાર લાગણીઓથી તેણીની છાટી ભરાઇ આવી હતી અને તે લાગણીઓને ત્યાંજ દાબી દેવાની જો કે તે ઘણી કોશેશ કરતી હતી, તોપણ તેમનો જોશ એટલો બધો વધી ગયો કે તેણીની તે મેહેનત અંતે નિષ્ફળ નીવડી અને પરિણામમાં તેણી રડવા પડી.

"કાંય રડેછ કાંય, ગુલઝાર?—અરે તું કાંય રડેછ? વળી કાંઇ તેવું મારીથી બોલાઇ ગયું કે?"

"નહીં—નહીં—ઓ—તેમ નહીં, પણ મને લાગેછ કે આજે મારાં માદર યા પેદર યા મારાં કોઇ ભાઇ બેહેન કે કોઇબી મારૂં હતે તો કેવું સારૂં! હાલ મારૂં તો કોઇજ નહીં—"

"નહીં, કોઇજ નહીં, એમ ના બોલ, મારી જાન, હું બાર હાથ અને બત્રીસ દાંતનો તારી આગળ કેવો ખડો છું. બોલ, તું મારીપર તારો સઘળો વિશ્વાસ, તારો સઘળો આધાર રાખશે?"

"હા, કાંય નહીં? તું મારી તરફ ઘણોજ ભલો અને માયાળુ છે."

"ત્યારે જો પ્યારી, કીસ્મત કાંઇ પોતાની નિવાજેશમાં તદન અપક્ષપાત કે ઇનસાફી તો છેજ નહીં; તેમ જો હતે તો તું આજે કોઇ ભલા ધનેતરની કુલવંતી બેટી હતે અને હું તારી આગળ એક કમીના નફ્ફર જેવો હતે. તેં મારી સાથે શાદીથી જોડાવાનું પાક વચન આપ્યુંછ અને તે વચનથી તેં મને કેટલો ખુશી કીધોછ કે

જણાવવાની મારામાં તાકાત નથી. હવે થોડા વખતમાં મારૂં જે સઘળું તેમાં તું ભાગ પડશે. મારાં સુખમાં સુખ માનવાને અને મારા દુઃખથી દાઝી મને દીલાસો દેનાર રાહતુમાશીરેસ્તો થઇ રેહેવાને તું થોડા વખતમાં અકદે નેકાથી બંધાશે તો હવે તારાં માદર પેદર જે કાંઇ આવા વખતમાં તને આપ લે કરતે તે મને કરવા દે અને તારા ભવિષના ખાવીંદ તરીકે હું તને જે સલાહ આપું તેમ તું ચાલ. ત્યારે તું મને કાલે મળશે તે વખતે તારા હાથમાં હું એક ચીઠી મુકીશ તેમાં લખ્યા મુજબ હવેથી તું અમલ કરશે ?"

"મને તારીપર સંપૂર્ણ વિશ્વાસ છે, રેહેમત."

ત્યાં બીજી થોડીક વાત કરી તે આશકમાશુક છુટાં પડયાં; અને ગુલઝારે પોતાના ગરીબડાં મકાન તરફ તુરત રસ્તો લીધો. બારવને તેઓ પાછાં મળ્યાં અને લગભગ બે કલાક સુધી એકમેકની સોહબતમાં તેઓ ફર્યાં. જ્યારે તેઓ છુટાં પડયાં ત્યારે રેહેમતે તેણીના હાથમાં એક બંધ કીધેલું પરબીડું મેલ્યું, જે તેણીએ લીધું અને ઘરે જઇ તે ફોડતાં તેમાંથી સો રૂપીઆની નોટ અને એક ચીઠી નીકળી. તે ચીઠીમાં પ્યારના બીજાં મીઠાં મીઠાં વચનો ભેગું તેણીને તેણે આજીજીખાહીથી જણાવ્યું હતું કે શાદીને લગતી તમામ તૈયારી કરવામાં તેણે મોકલેલી રકમ તેણી વાપરવી.

વળી બીજે દીને તેઓ પાછાં મળ્યાં અને રેહેમતે બતાવેલી તે મેહેરબાનીનો ઉપકાર ગુલઝારે બોલીને નહીં પણ તેણીની આંખોમાં વંચાવીને વાળ્યો. એમ તેઓ લગભગ એક પખવાડયા સુધી મળ્યાં કીધાં; આખરે એક દીને રેહેમત ફરતાં ફરતાં તેણીને જોહરી બાઝાર તરફ લેઇ ચાલ્યો અને ત્યાં એક દુકાનેથી તેણીને મન ભાવતાં જેવર લેવાની તેણે સુચના કીધી, પણ તેમ કરવા તેણીએ હસીને ના કહી, એવું બતાવીને કે એ સઘળું

ચળક ચળક કરી તેણી તને અધારે જે પડી છે તેની યાદ આપી તેણીને શરમાવ્યા કરશે. રેહેમતે તેણીની સાથે જીદ કીધી નહી અને આ વખતે તેઓ છુટાં પડયાં તે અગાઉ રેહેમતે તેણીની પાસે એટલું તો કબુલ કરાવ્યું કે તેઓ બંન્નેની શાદી હવે એકુ પખવાડયાંમાં કરી નાંખવી.

કદાચ કોઇ વાંચનાર રેહમત અને ગુલઝારના આ મેલાપોને જોહરી બજારમાંની તેમની લટારને હાલ નિઃજીવ ગણી આ પ્રકરણ નાહકનું લંબાણ કરવાનો લખનારપર દોષ મુકશે, પણ જરાક આગળ ચાલતાં તે જોશે કે તેમના એ મેલાપો અને તે લટારનું પરિણામ પાછળથી ઘણું મોટું આવશે; કેમકે, રેહેમત અને ગુલઝાર જે વખતે જોહરી બજારમાં ચાલતાં હતાં તેજ વખતે દાસી ગુલનારની નજર તેઓ બંન્નેપર પડી અને તે મીંઢી મસકલી બીલાડીને તે જવાન સાથે ફરતી તે અબલાને એક દિન સાબિરગંજમ આવેલી દરજણ "પોરી" તરીકે ઓળખી કાઢતાં વાર લાગી નહીં. તેમને જોતાંજ ગુલનારનાં દીલમાં અદેખૈની આગન સોલેસોલા ઉઠયા, કેમકે તે કમીની ઓરતે પોતાનાં કમીનાં અને તુચ્છ હેઠાણમાંથી રેહેમતને ચાહવાની હરવા સરખી હીંમત કીધી હતી અને તેટલુંજ કરી ગગડી મુઇ હતે તો કાંઇ નહીં, પણ વળી તેણે તો પોતાના ચસ્કેલા પ્યારપર કાંઇ મોટી મોટી આશાનો અમલો ઉઠાવવાને ધસેલો પાયો વટીક બાંધ્યો હતો! ટુંકમાં, પકડાઇ આવવાની બીહીક વગર જેટલી દુર રહી તે બંન્ને ચાહતાં જીગરોની હીલચાલ તેણીથી જોઇ શકાય તેટલી દુર તેમની પુઠે પુઠે તે કસકુનમ ચાલી, જે અરસામાં ચગેર આંખે તેણીએ જોઇ લીધું કે ગુલઝાર તરફની રેહેમતની અદબઅદા એવી હતી કે જેવી અદબઅદા એક જવાન પોતાની ભવિષ્યની ભાગ્યવંત તરફજ બતાવી શકે; તેટલું જોતાંજ તેણીના કાન

ઉભા થઈ ગયા અને તેમની પાછળ તેણીએ ચાલવાજ માંડયું. તે બંને નિરદોષો પોત પોતાની ગોફ્તારમાં એટલાં મશગુલ હતાં કે તેણીની તે ધીકકારભરેલી હીલચાલનો તેઓને કાંઈ ૪શ.રો વટીક નહીં થયો. એકમેકની રૂખસદ ચાહી તેઓને છુટાં પડતાં તેણીએ જોયાં અને તુરતજ ગુલઝારની પુઠે પુઠે જઈ તેનાં રેહેઠાણથી તે વાકેફ થઈ.

પ્રકરણ ૩૮ મું.

ઇશ્ક બાઝી કે ચેડાં-બાઝી?

'સાબેરગંજ' માંનો છેલ્લો જલસો જેનો, વાંચનાર જાણે છે તેમ કમકમાટભરેલો અંત આવ્યો હતો, તેને આજે નજદીક ત્રણ મહીના થઈ ગયા હતા. તે અરસામાં ત્યાં પેલા જવાન ઉમરાવ નવાબ સરદાર અલીખાન યારજંગનો પગદંડો ઝાઝો થતો રહ્યો હતો. તે પોતાની મુલાકાતનો ઘણો ખરો વખત સલીમાની સાથેજ ગુજારતો હતો; સલીમાબી તેના ભલા ગુણો અને ભલી ખાસ્યતોથી નાવાકેફ તો નહીંજ હતી, એટલે જ્યારે તેના કાનમાં મોહોબતના સોખનની ફુંક મારવાની તે જવાને પોતાને મળી ગયેલી એક સોનેરી તક સાંધી, ત્યારે, તેણીના ગોરા મુખડાપર છાંયી આવેલા રતાશે તેની સઘળી આશાઓ સફળ થવાની તેને ખાતરી આપી. હા, તે સ્વરૂપમાન સુંદરી તેને ચાહતી હતી—અને હવે ત્યારે તેણે પોતાનાં સુખના રસ્તાપર કશો જીવ જેવો અટકાવ જોયો નહીં, એટલે એ બાબદપર તેણીના પેદર નવાબ સાબર-ઉદ-દઉલાની સલાહ લેવાની સલીમા પાસે તેણે રજા ચાહી, જે તેને તુરતજ આપવામાં આવી.

અમે એટલુંબી જણાવવાને અત્રે થોભીશું કે આજ છેલ્લાં થોડાંક અઠવાડયાં થયાં નવાબ ચારજંગ કાંઇ સાબેરગંજમાં એકલો આવનાર જનાર નહતો. સાઅદતખાંન વકીલનો પણ ચકાચક અને ઓચીંતો ત્યાં ઘણો પગદંડો થયો હતો. તે એટલો બધો કે જયારે ગમે ત્યારે અને જે ગમે તે વખતે તે ત્યાં ફુટી નીકળતો, મન ચાહે ત્યાંવેર તે થોભતો અને જીવ ચાહે તો કોઇના કહ્યા પુછયાની રાહ જોયા વગર 'કુમેસ્તા' બી કરવા બેસી જતો. નવાબ પોતે તેની તરફ એક ઘાડી પીછાણવાલા દોસ્ત તરીકે જયારે વરતતો ત્યારે તેના ઘર ખટલાને પણ તેની સાથે તેમજ કામ લેવા સિવાય છુટક નહતો. પણ નવાબ ચારજંગ તેની તરફ ઠંડો, અને બીજાજમાં રહી તેને આઝુંકોહું દેતો નહતો, કેમકે, તેના જેવો શુધ્ધો સાચ્ચો અને ઇજતને ચાહનાર અમીરજાદો, સાઅદતખાં માટે બાહાર બોલાતું સઘળું બુરૂં અને તેની વીરૂધનું સાંભળયા છતાં તેની સાથે ભેળાય એ તદન નહીં બને તેવુંજ હતું. પણ સાઅદતખાંનને ચારજંગ તરફનાં 'કોઠાં-નોકોઠાં'ની દરકારજ કયાં હતી? તેને તો માત્ર એટલો સંતોષ હતો અને તે પુરતો હતો કે 'સાબેરગંજ'માં તેનો પથીંગો ઘણો સાબુત હતો અને તેનો પગદંડો એવા મજબુત પાયાપર તેણે ગોઠવેલો હતો કે જયાંથી ચારજંગ જેવા એક તો શું પણ એક હજારથીબી તેને હડસેલી શકાય તેમ નહતું. 'સાબેરગંજ'નાં દીવાનખાનામાં દાખલ થતાં તે જો જોય કે નવાબની બંન્ને બેટીઓ ચારજંગ સાથે કાંઇ વાતમાં રોકાઇ છે તો તે છતાં બેહીંસ તેઓ તરફ તે ધસ્યો જતો અને એક ખુરસી ખેંચી તેઓ આગળ બેસી તેમની વાતચીતમાં ભાગ લેવાનાં ફાંફાં મારતો. જો કોઇ કદાચ, ચારજંગ સલીમા સાથે કેઠે એકાંતમાં બેસી વાત કરતો, તો ત્યાં પણ વચ્ચે ઘુસી જઇ બીજી ભલતીજ વાતમાં તેમને દોરવી લઇ જવાની તે પેરવી કરતો પણ એવી વખતે તે

એવા સફાઈથી કામ લેતો કે તેની એ વર્તણુકમાં છુપાયલો ભેદ કોઈ પામે નહીં અને તેને હકીકત કરી કોઈ કાઢેજ નહીં. કોઈ વખત સલીમાને બીલકુલ કોઠું નહીં દેતાં નુરજહાં સાથેજ ખુબ વાતમાં ઉતરતો અને એ રીતે નવાબની બંન્ને બેટીઓ સાથે એખલાસ ધરાવવાનું તેને માન છે એમ સમજી મનમાં મલકાતો અને મજાહ લેતો.

એ નાની નાની ચેડાં-બાજીની વખતે બેગમ બદ્રુલ બાહાર જવલેજ દીવાનખાનામાં નજરે પડતી. તેણી સાજી થયા પછીથી આખા દહાડાનો મોટો ભાગ તે પોતાના કમ્રે ખાસમાં ગુજારતી અને કોઈ કોઈવાર તેને જો દીવાનખાનામાં બોલાવવામાં આવતી તો બેધડક બીમારીનું બાહાણું કાઢી નહીંજ આવતી અને કોઈ વખત આવતી તો જરા તરા ત્યાં બેસીને પાછી ઉઠી જતી. નવાબજાદો રેહેમત પોતાની બહેનોની સોબતમાં કવચીતજ નજરે પડતો હતો, કેમકે પોતાની આશુક ગુલઝાર સાથે 'રીચી બાગ' માં લટાર મારવાનું નહોય ત્યારે તે મેહેલના કુશાદે બગીચામાં એકલો ફરયા કરતો યાતો પોતાનાજ ઓરડામાં બેસી તેની ભવિષ્યની મોહારદાર સાથના ભવિષ્યનાં સુખોના સ્વપ્ના જોતો.

આ વારતાનાં આઠમાં પ્રકરણમાં નવાબની બંન્ને બેટીઓનુ ખુલાસાવાર વર્ણન આપતાં અમોએ લખેલું વાંચનારને યાદ હશે કે નુરજહાં એકલપેટી, મીજાસી અને અદેખી હતી, જ્યારે સલીમા માયાળુ, સભ્યાસુ અને સાલેસ હતી. નુરજહાંની નજરે જો કાંઈ એવું પડયું કે કોઈ તેને પોતાને નહીં અને પોતાની નાની બહેન તરફ વધુ ધ્યાન આપી તેનીજ સોબત વધુ સાધતું તો તે બહેન તરફના અદેખાઈના અંગારથી બળી જળી તે ખાખરાખ થઈ જતી અને તેટલા માટે નવાબ યારજંગ અને સલીમા વચ્ચેનો દીન પ્રતીદીન વધયો જતો એખલાસ તેણીથી દેખી શકાતો નહતો, અને અંતે

જ્યારે તેણી એટલું જાણવા પામી કે યારજંગ તો ખરેખર સલીમાનેજ ચાહતો હતો અને તેના હાથની માંગણી કરવાની તૈયારીમાંજ હતો ત્યારે તે જવાન માટે તેણીને હદ બાહાર ધિક્કાર ઉપજ્યો. તે કીનાને માટે તરસી થઇ રહી અને તે કેમ લેવો તેના ઉપાયો તે યોજવા લાગી. તેણીને જોતાં વાર ન લાગી કે યારજંગ અને સાઅદતખાનને બી ચાંબારૂં હતું, એટલે, ખામુખા સલીમાના આશકને પજવવા સાઅદત ખાનને વારંવાર મેહેલમાં આવતો જતો થવાનું તે ઉતેજન આપવા લાગી. તેમ વળી સાઅદતખાન જેવા લુચ્છા અને બાંગડ વકીલથી એ સઘળું છુપ્યું નહતું એટલે તેઓ પોતાનાં બળ ભેગાં કરી તે બીચારાં નિરદોષ જોડાંને પજવવામાં કાંઇજ બાકી ન રાખતાં.

કોઇ વખત જો એક બારી આગળ યારજંગ અને સલીમા બેસી વાત કરતાં તો સાઅદતખાં નુરજહાનને કાંઇ કાનમાં ફુંક મારતો જેનાં પરીણામમાં અનવારે સોહીલી કે દીવાને હાફીજની કેતાબ ખોલી તેમાંથી કાંઇ ન સમજ પડતું તેણીને સમજાવવાને બાહાને તે યારજંગને બોલાવતી અને અલબત્ત સભ્યતાના કાનુનને માન આપી તે બીચારો તેની આગળ આવતો કે લાગલો તે લુચ્છો વકીલ જાણે કશાંમાં હોયજ નહીં તેમ ફરતો ફરતો સલીમા આગળ જઇ યારજંગની ખુરસીપર બેસી જતો અને સલીમાને વાતમાં રોકતો. એવાં અને બીજાં અનેક બાહાણાથી તેઓ તે ભલા જવાનને અને તે નિરદોષ ભોળી બાળાને ચીડવી હેરાન કરતાં. તે બંનેના પાખંડ તેઓ રફતે રફતે સમજી ગયાં પણ તેવે નજીવે બાહાણે તેઓએ લડવાનું વાજબી જોયું નહીં, પણ, એમનું એમ ચાલવા દેવાનું પણ તેમને દુરસ્ત લાગ્યું નહીં, એટલે, એ ચેડા-બાજીના હંમેશના અટકાવ તરીકે નવાબ યારજંગે સલીમાના હાથની માંગણી કરવાનો એકદમ ઠેરાવ કીધો, જે ઠેરાવની રૂહે એક સહવારે

તક જોઇ નવાબના ક્ર્રેખાસમાં તે ગયો અને તેને પોતાના તે વિચારોથી વાકેફ કીધો.

પ્રકરણ ૩૯ મું.

"દોલત દેવો—દીકરી લેવો."

નવાબ યારજંગની તે માંગણી સાંભળતાં નવાબ સાબેર–ઉદ–દઉલાના ચેહેરાપર તરેહવાર ફેરફારો થતાં તેણે જોયા, જે ફેરફારો એવા ભેદી અને ગુંચવણભર્યાં હતા કે તેમને ખુશીને સબબે થયલા ગણુવા કે દુઃખને મારે ઉપજેલા લેખવા તેની યારજંગને સમજ પડી નહીં.

"મારા વ્હાલા નવાબ યારજંગ," તે જવાનને જે કહેવું હતું તે પુરતાં ધ્યાનથી સાંભળી લઇ તેની તરફ એકી ટગરે જોતાં નવાબ બોલ્યો, "તમારી આ વાતથી મારી છાટીમાં જે લાગણીનો જોશ ચઢી આયોછ તે તમને સમજાવવાની મારામાં તાકાતજ નથી. તમે મારી નાની બેટાપર તમારી પસંદગી ઉતારી તેણીને માન આપ્યુંછ, અને તમો જણાવોછ કે તમારો હાથ મારી તે બેટી કબુલ કરવાને તઇયાર છે. આ છેલ્લી ખાત્રી તમારે મોઢેથી સાંભળવાની મને કાંઇ જરૂર હતીબી નહીં, કેમકે, જે આતુર આંખોથી હું મારાં બચ્ચાંઓને રોજ બરોજ જોઉંછ તે આતુર આંખોને જોઇ લેતાં વાર લાગી નથી કે તમો નામવરે મારી બેટીનાં મનપર કેવી અને કેટલી અસર કીધીછ; અને તેવી અસર તેણીની ઉપર થઇ હોય તેમાં કાંઇ નવાઇબી નથી, કેમકે, સાચ્ચા પ્યારથી ચાહતી કોઇબી નેક નાર અને ભલી નાજનીનનો પ્યાર તમો જીતી શકો તેવી સઘળી ખાસ્યતો, તેવા સઘળા ગુણો તમારામાં ઘણા મોટા જથ્થામાં જમા થયલા હું જોઉંછ."

"અને તે સઘળું જાણવા અને માનવા છતાં હું જોઉંછ કે એ બાબદમાં તમારી બાહાલી આપવામાં તમો કાંઇક આંચકી ખાઓછ."

"હા, હું આંચકી ખાઉંછ, યારજંગ, કેમકે હું ઘણુંક ગુંચવાડાથી ઘેરાઇ ગયલો છેઉં."

"અને તે ગુંચવાડો?"

"તે ગુંચવાડો તમને કેમ સમજાવવો તે હું જાણુતો નથી, અને તોપણુ તે થોડો ઘણોબી ખુલ્લો કરી તમને સમજાવવાની જરૂર છે. એટલું તો હું ધારી શકું કેની કે આપણા વચ્ચે જે વાત થાય તે તદન ખાનગી રહેશે?"

"ખચ્ચીતજ, તે વિશે એક ગ્રહસ્થ તરીકેની મારી જમાનત તમો પુરતી ધારી શકો તો તે હું આપવાને તઇયાર છું."

"અને તે માટે હું તમારો ઉપકાર માનુંછ." નવાબ બોલ્યો અને જે તે જાહેર કરનાર હતો તે જાહેર કરતાં તેને શું એક ભોગ આપવો પડતો હોય તેમ થોડોક વખત વિચાર કરી તે બોલ્યો, "તમો મારી બેટી સલીમાને ચાહોછ તો તેનો હાથ મેળવવાના બદલામાં તમને કાંઇક ભોગબી આપવો પડે તો આપો?"

"ભોગ આપવો પડે?" યારજંગે ચોંકીને પુછયું, "એ તમે શું બોલોછ, નવાબ સાહેબ? હું તો કાંઇ અટકળ વટીક કરી શકતો નથી.

"એમ સમજો, નવાબ, કે જે ચીજપર તમારૂં દીલ લાગ્યું હોય તે ચીજ હાથ કરતાં કાંઇ મોટી રકમનો તમને ભોગ આપવો પડે તો તે આપવાને તમે ખુશી થાવો કે?"

"હા, કોઇ ચોક્કસ ઘોડા કે કુતરાપર મારૂં દીલ લાગ્યું તો તે મેળવી મારા મનને માત્ર રાજી રાખવા ખાતર

કાંઇક મોટીમી રકમ કાઢી આપું ખરો, તો જોકે તેવા વાહીયાત ફાંટાને આધીન થવા જેવું નબળું મગજ હું ધરાવતો નથી; પણ જ્યારે એક ખુબસુરત, સાલિસ, સભ્યાસુ છોકરીને મારી પોતાની પરણેતર બનાવવાનું મારાં મનપર લેઉં તો તે બાબદને સોદાગરીના એક કમીના સોદા જેવી તુચ્છ ગણવાને હું અલબત ના પાડું."

"પણ જો હું તમારા સસરા તરીકે તમારે હાથ એક મોટી રકમની મેહેરબાની આપું તો?"

"તો જે મદદ આપવા હું દોસ્તીનો તરીકો જાળવું તે મદદની માંગણી શાદીનાં સાટાં તરીકેની પથણુ દાખલ તો હું. તુચ્છકારીજ કાઢું. સાદી ઇબારતમાં તમને કહું તો મારા બોલવાનો અર્થ એમ થાય કે, તમો સાહેબ, જો મને તમારી બેટીને ખરીદી લેવાજ કહેતા હોવ તો તેના જવાબમાં હું એટલુંજ કહી શકું કે એ વાત અત્રેજ પડતી નાંખેલી સારી. તેથી જો કે મારી સઘળી આશા ધુળ મળશે, મારી મનની ઉમેદ કચડાઇ જશે તે છતાં–તે સઘળું છતાં–તમારી તે માનવંત બેટીને સોદાગરીના નકદ સોદા જેવી હીણી હાલતે મારે હાથે પોંહોચાડવાને હું સાફ ના પાડું છ." આટલું બોલી યારજંગ પોતાની બેઠકપરથી ઉઠયો અને નવાબના છેવટના જવાબની રાહ જોતો ઉભો.

"આજનો મેળાપ મને કેટલો લજવાવનારો, કેટલું નીચુ જોવાડનારો અને મારાં મનને કેટલો દુઃખી કરનારો છે તેની તમને ખબર નથી." નવાબ ધીમેથી અને ધ્રુજતે અવાજે જાણે યારજંગને કાલાવાલા કરી કાંઇ સમજાવતો હોય એમ બોલ્યો, "પણ એક સખ્તમાં સખ્ત ફરજનો માર્યો મને—"

"ત્યારે તો મારી માંગણીના જવાબમાં મારાં મનને પેશ પડતુ તમો સાહેબને કશુંજ કેહેવું નથી?"

"આહ! મારા જવાન દોસ્ત, તું મારી વ્હાલી બેટીને દુઃખના ગારમાં ડુબાડી મારશે, કેમકે તે તુંને ચાહેછ, ઘણુાજ મજબુત પ્યારથી ચાહેછ."

"અને ખુદા શાહેદ છે કે હું તેને કેટલા અથાગ પ્યારથી ચાહુંછ." યારજંગ બોલ્યો અને તેનું આ બોલવું લાગણીથી ભરપુર હતું, "તે સઘળું છતાં ભવિષ્યની અગમ સલીઆ યારજંગને એક તુચ્છ સોદાગરીના નીચ સોદાની હલકી પંકતીએ ઉતારી દેવા જેટલી હીંમત કરવાને મારી લાગણીને હું લલચાવી શકતો નથી. હા, મારી મરજીથી તે પોતાનો દરજજો આપઅખ્તીયારીથી જાળવી શકે એવી કોઇ સબ્ધર રકમ તેણીનાં નામપર કરવાને તૈયાર છું, પણ તે ઉપરાંત—"

"નામવર અમીર, તે ઉપરાંત તો કાંઇ જોઇયેજ જોઇએ. એવું કાંઇ મને મેળવી આપ કે જે મને પાંચ-લાખ રૂપ્યા આપે અને મારી બેટી તારીજ છે સમજ."

"આહ! ત્યારે તો તમો નામદાર તે માટે પેલા જરદાર અને લાયક વકીલ સાઅદતખાન જેઓ હમણાં હમણાં પડયા પાથર્યા સાબેરગંજમાં વસેછ, તેમને પકડો." યારજંગ, નવાબની ઉપલી માંગણીથી તેને ઉપજેલો ગુસ્સો અને ધિક્કાર જેમ તેમ દબાવી રાખી બોલ્યો.

"આહ! તે કંગાલ! યારજંગ મારીપર દયા કર! તારી સનમુખ એવા એક હૈયાં ફુટેલાને—"

"હા, પણ તમારી બેટીને એક બજારૂ ચીજ જેવી હલકી પાડવાની તમારી એ યોજના મારીથી સાંખીજ નથી શકાતીની? તેથી તો ઉલટું એવું થયુંછ કે તમો માટે જે થોડી ઘણી દિલસોજી હું ધરાવતો હતો તે પણ આજે નાશ પામીછ, સલામ આલેકુમ."

માત્ર આટલું બોલી યારજંગ તે ઓરડામાંથી ચાલી ગયો.

પ્રકરણ ૪૦ મું.

નિરાશાની શીહાઇમાં આશાનું કીરણ.

થોડીજ પલમાં સલીમાને ખબર મળી કે નવાબની મુલાકાત લઇ યારજંગ મેહેલ છોડી ચાલી ગયો હતો અને તેટલું તેણીને કાને આવતાંજ તેણીનું મગજ ઠણક્યું. નુરજહાને પણ તે મુલાકાતનો સેહેજ ઇશારો થતાંજ તેણીને ગીલગીલ્યાં છુટયાં અને ખરી વાત શું બની હતી તે વિષેની તેણીની ગમે તેટલી અધિરાઇ છતાં તે જાણવાથી તે બેનસીબ રહી.

આખરે નવાબ યારજંગ તરફથી સલીમાને એક ચીઠી મળી જે તેણીએ તુરત ઉખેડી અને વીજલીની ઝડપે તે વાંચી. તેમાં તેણે તેણીને જણાવ્યું હતું કે તેણે તેણીના બાપની બહાલી મેળવવાની કોશેશ કીધી હતી પણ ચોકકસ સબબોને લીધે તેમાં તેને ફત્તેહ મળી નથી. જે સબબો એ રીતે તેઓ બંન્તેનાં સુખના શત્રુ થઇ પડયા હતા તે સબબોથી તેણીએ પોતે તેણીના બાપ આગલ જઇ વાકેફ થવું; તેમાં તેણે વળી એટલો ઉમેરો કરી સલીમાને હરખાવી હતી કે તેણીની તરફ જે અથાગ પ્યાર તે ધરાવતો હતો તેની તેણીને ખાત્રી આપવા તે જયાંસુધી કુંવારી હશે ત્યાંસુધી તે પોતે કદીબી કોઇ બીજી સાથે શાદીના ગાંઠથી જોડાશે નહીં.

એ રીતે તે જવાન અબલાના હોઠ આગળ આવેલી જામમાં કાંઇ બધોજ કડવાસ ભર્યો નહતો, તેમાં જરા મીઠાસની પણ ભેળ હતી. તે ચીઠીમાંના છેલ્લા યકરારથી સલીમા—સોહામણી સુંદર સલીમાને ખાતરી મળી કે તે જવાન ઉમરાવ તેણીને ચાહતો હતો; અને તે ખાતરી તેણીના હમણાં ચચરતા જખમપર ઠંડા મલમ જેવી હાલ તુરત થઇ પડી, અને તેણીને તે ચીઠીના ઉપલા ભાગથી ઉપજેલી

નિરાશીનો આંચકો જરા નરમ પડતાંજ તેના છેલ્લા ભાગથી તેણીને ઘણોજ સંતોષ પ્રાપ્ત થયો.

બપોરે સલીમાને તેણીના પેદર તરફથી પેગામ મળ્યો કે તેણીએ તેને તેના કએખાસમાં મળવું. આ પેગામ મળતી વખતે તેણીની સાથે નુરજહાં પણ હતી અને તે પેગામ સાંભળી તે પણ તેણીની સાથે ત્યાં જવા કરતી હતી, પણ, તેટલાંજે નોકર તે પેગામ લઇ આવ્યો હતો તેણે સલીમા તરફ જોઇ નુરજહાં સાંભળે તેમ કહ્યું, "બાનુ, તમને એકલાનેજ નામવર હુઝુર બોલાવેછ." આ ટકોર એક નોકરથી સાંભળી નુરજહાં બીચારી ફજેત થઇ પછાત પડી ગઇ, અને એ રીતે સલીમા સાથના પોતાના મેલાપમાં તેણીના બાપે તેણીને બાકાત રાખ્યાથી તે બીચારી ઘણીજ ખીજવાઇ.

સલીમા પોતાના બાપ આગળ ગઇ અને તે બન્નેની નજર એક થતાં સલીમાનું હૈયું ભરાઇ આવ્યું અને નવાબના ખોળાપર માથું નાંખી તે રડી પડી. નવાબની આંખોમાં પણ પાણી ભરાઇ આવ્યાં, પણ, તે છતાં તેણે પોતાની બેટીને ઘણાજ માયાળુ સોખન ઓચરી બનતા પ્યારથી પટાવી;–તેઓ બન્ને શાંત થતાં નવાબે સલીમાથી જાણવા માંગ્યું કે યારજંગે તેણીને તેમની મુલાકાતના પરીણામથી વાકેફ કીધી હતી કે નહીં? જેના જવાબમાં તેણીએ યારજંગની પેલી ચીઠીજ તેના હાથમાં મુકી, જે તેણે ઉદાસ અને ગમગીન ચેહેરે વાંચવા માંડી; પણ જેવો તે, તે ચીઠીના છેલ્લા ભાગ પર આવ્યો કે તેનો ચ્હેરો ખુશાલીથી ખીલી રહ્યો અને પોતાની બેટીને તે ગોદમાં દાબી બોલ્યો, "ગભરા ના, બેટી, નાઉમેદ ના થા; હજુબી, હજુબી, તે કંગાળ સાઅદતખાનની બોહોંસપર તું તે ભલા નવાબનીજ બેગમ થશે!"

પ્રકરણ ૪૧ મું.

જેહરી સાપ.

જે દીને ઉપલો બનાવ બન્યો તેજ દીવસની રાતે નવ અને દશની વચ્ચેનો અમલ થયો હતો અને નવાબ સાબેર-ઉદ-દઉલા પોતાના કમ્રેખાસમાં એક કેતાબ હાથમાં લઇ વાંચતો જેવે બેઠેલો હતો. તેની આંખો તે કેતાબનાં પાણાંપર ચીટકી હતી, મગર, તેના વિચારો કેંહે દુર દુર ભટકતા હતા. આસ્તેથી કોઇયે તે ઓરડાનું અળગું બંધ કીધેલું બારણું ઠોક્યું અને નવાબે અંદર આવવાનો હુકમ આપતાંજ તે ઉંધાડી દાસી ગુલનાર પોતાના અંગુઠાપર ચાલતી અંદર આવી.

તેને જેતાંજ નવાબ ચોંકયો, કેમકે તેને લાગ્યું કે તે દાસીની આ મુલાકાત કાંઇ બેગમના સંબંધમાં હોવી જેઇયે, બાકી કાંઇ બીજાં કામકાજને માટે તો નવાબના પોતાના નોકર સીવાય કોઇબી દાસીને તેવણુના ઓરડામાં આવવાની સખ્ત મના હતી.

"મેં લીધેલી આ અસાધારણ છુટને માટે આપ નામદાર, બંદીને માફ કરશો, અને જે મારે કેહેવુંછ તે બે ઘડી ધ્યાનથી સાંભળી લેવાની મહેરબાની ફરમાવશો એવી હું ઉમેદ રાખુંછ."

"બોલ, બોલ, ગુલનાર, તું કાંઇ બેગમ સાહેબને લગતી—"

"નહીં, હુઝુર, મારે જે વાત કરવીછ તે નવાબજાદા રેહેમતખાનને લગતી છે."

"તેનું શું?" નવાબે અધીરાઇથી પુછ્યું, "બોલ?"

"સાહેબ, ગભરાવો ના, ધીરજ પકડો; એવું કાંઇજ નથી બન્યું કે જેના સંબંધમાં ધીરેથી અને શાંતપણે કામ લેતાં તે ઉલટું બગડે, તેમજ વળી તે નહીંજ સુધરી શકે તેટલી

બધી હદ સુધીએ તે પહોંચ્યું નથી, મગર, હું કમીની બંદીની અરજ એટલીજ છે કે નાહક ઉશ્કેરાઇ ન જતાં જે હું કહું તે માત્ર ધ્યાનથી સાંભળવું."

"ઠીક છે, ગુલનાર, ચાલ તારી વાત આગળ ચલાવ."

"થોડોક વખત આગમજ, નામવર સરકાર, જે દીને આ મેહેલમાં પેલો ભયાનક બનાવ બન્યો તેજ દીવસની સહવારે—"

"પણ તે બનાવ અત્રે તાજો કીધાની મતલબ ?"

"નહીં, હુઝુર, એ તો તે ચોકકસ દીવસ યાદ કરતાંજ માત્ર મારે તે બનાવની યાદને છંછેરવી પડી, બાકી તેની સાથે મારી વાતને કશુંબી સનાનસુતકજ નથી. ત્યારે તે દીવસની સહવારે એક જવાન દરજણની છોકરી બેગમ સાહેબે સીવાડેલો પેલો જરરીન જમો લેઇને આવી હતી. તે ઘણીજ ખુબસુરત, શરમાળ અને શાન શૌકતવાળી હતી, એટલું તો મારે તેણીને ઇનસાફ આપવા ખાતર કહેવુંજ જોઇયે. હવે તેજ છોડી સાથે આજે મેં નવાબજાદા રેહેમતને જોયો."

"આ તારૂં ભલું થાયરે તારૂં, ગુલનાર, તું મને એજ કહેવા આવી કે ? હું જાણુંછ કે જવાન તે આખર કરેને જવાનજ. તેઓ કોઇ એવા તો ફોલાદી હોયજ નહીં કે આસપાસની લાલચને વશ તેઓ થાંયજ નહીં; અને જયાં સુધી મારો બેટો એવું કાંઇ કરે નહીં કે જેથી તેના નામને યા તેના ખાનદાનને નીચું જોવું પડે ત્યાં સુધી હું તેના કામકાજની આડે આવવું વાજબી જોતો નથી."

"પણ, તમો નામવરે, મારી વાત સઘળી સાંભળીછ કયાં ? નવાબજાદા રેહેમતખાંનું એ પગલું મને પણ તેવું નજીવું લાગું હતે તો તેની હીલચાલપર જાસુસપણું કરી ચાલી ચલાવીને ત્યાં તે

બનાવની ચુગલી ખાવા આવતેજ નહીં, પણ જ્યારે મેં જોયું કે તેની એ બાજીમાં કાંઇ બીજોજ અને વધારે ઉંડો ભરમ—"

"એટલે, એ તું શું બકેછ, ગુલનાર? શું તું એમ કહેવા માંગેછ કે સરફરાજ ખાનદાનનો એકલો હૈયાત વારસ એક કમીની અને કંગાળ દરજણની પોરી સાથે પરણવાનો વિચાર રાખેછ?"

"મને તો તેવુંજ કાંઇ લાગેછ, મેહેરબાન."

"નહીં: એમ બનેજ કેમ?" નવાબ ઉશ્કેરાઇ જઇ બોલ્યો.

"ત્યારે તો નામવર, એ વિશે તમારી પકકી ખાતરીજ હોય તો મારે એ બાબદ વિશે હવે કાંઇ વધુ બોલવું નથી, તેટલા માટે હું આપની રૂખસદ ચાહુંછ."

"થોબ! એ બાબદ એટલી ગંભીર છે કે તેને બધી તરફથી તપાસવી ઘટેછ."

"તેવું તો મારૂંબી આધીન મત છે, મુરબ્બી સાહેબ."

"ઠીક ત્યારે, તું જે કહેવા માંગેછ, તે બધું જરા ખુલાસાથી કહી દે."

"ત્યારે, નીમકપરવર, હું તમને જે કહેવા જતી હતી તે એ કે 'રીચી રોડ'પરથી આજે સહવારે હું પસાર થઇ જતી હતી તેટલાં મેં નવાબજાદા રેહેમતને એક જવાન અબળાની પાંખડી વળગી તેજ રસ્તે મારી જરા આગળ ચાલતાં દીઠો, અને જરા ધ્યાનથી જોતાં તે અબળાને મેં પેલી કહી તે દરજણની પોરી તરીકે તુરત પીછાણી."

"દરજણની પોરી સાથે પાંખડી વળગીને—અને રીચી રોડ જેવા રસ્તાપરથી, ધોળે દીવસે!"

"હા, મેહેરબાન સાહેબ, તે જવાન અબળા ઘણીજ સાદા અને સુઘડ પોશાકમાં સજ થયલી હતી અને જે કોઇ તેને દરજણની

પીરી તરીકે નહીંજ ઓળખતું હોય તો તે એમજ સમજે કે તે કોઇ મોટે ઘરની બાનુંજ હશે."

"પણ,તે ગમે તે હોય, તોબી રેહેમતે તેની સાથે એમ દીસે તે લાડ કેવો કરવાનો !"

"નહીં હુઝુર, હું માનવાને સાફ ના પાડુંછ કે તે તેની સાથે કોઇ 'લાડ' કરતી અલફાતુ અબળા હતી. હવે તમો નામવરને તો ખબર છે કે મરદ કરતાં ઔરતની નજરશકતી અને ભેદ ભરમ ઉકળાવવાની મગજશકતી ઘણી તેજ અને ઘણી ચંચલ હોયછ, અને તેવી શકતીની હું કમીની ઉપરઓી કાંઇક નિવાજેશ થયલી હોવાથી તમને ખાતરી આપવાને હું તૈયાર છેઉં, કે, તમો ધારોછ તેમ તે અબળા તેની કાંઇ પગારદાર સહી છેજ નહીં. મેં તેઓની ચાલચાલપર ખુબ બારીક ધ્યાન આપ્યું અને જેમ જેમ તેમને હું જોતી ગઇ તેમ તેમ મારી ખાતરી મુસ્તકીમ થતી ગઇ કે તે બે વચ્ચેનો સંબંધ કાંઇ જુદોજ ભરમ ધરાવેછ. એક ઔરત તરફની તેના ખાવીંદની વર્તણુંક અને એક માશુક તરફની તેના આશકની રીતભાતે, એક પગારદાર સહી તરફની એક જવાનની ચાલચાલથી સદંતર જુદીજ કીસમની હોયછ."

"પણ તે છોકરી જો એ છેલ્લા વર્ગમાં તરતનીજ આવી હોય તો તેણે હજી પોતાનું શરમાળપણું છોડયું નહીં હોય અને તેણીની ઓસક હજી કમી થઇ નહીં હોય!"

"તે સઘળું છતાં એક પગારદાર સહીને ઓળખવી ઘણી સહેલ છે. જુવો તેઓ રીચીરોડપરથી નીકળી જોહરી બાઝારમાં ગયાં, જયાંની એક દુકાન આગળ તેઓ ઉભાં જે વખતે મેં જોયું કે, તેણીને બરતું કાંઇ લેવા રહેમતે તેણીને ઘણી સમજાવી, પણ તે છોડી એકની બે થઇ નહીં, તે તો દુકાનપર ચઢીજ નહીં તો! લ્યો

હવે મને કહો કે આટલી પતાવટ છતાંએ કયી પગારદાર ઔરત એ જેવરની એ લાલચથી બાઝ રહી શકે? અને તે તેણીનું ના પાડવુંબી કેવું હતું? ઘણુંજ નાજુક, ઘણુંજ આસકભરેલું અને તોબી એવું મકકમ કે રહેમતે તેને લઇ ત્યાંથી ચાલુજ મુકયું."

"તેં જોયલા એ હણુકને ત્યારે તું કાંઇ ઘણી અસાધારણ અગત્યતા લાગુ પાડતી જણાયછ?" જો કે આટલી વાતચીત પરથી નવાબની ખાતરી તો થવા આવી હતી કે "દાળમાં કાંઇ કાળું" હોવું તો જોઇયે, તોપણ, હજી જાણે તે દાસીની વાત પુરેપુરી સાચી તરીકે માની લેવાને તે રાજી નહીંજ હોય તેમ તે બોલ્યો.

"નહીંજી, તેમ નથી, મેહેરબાનઃ-હું એક ઔરત છેઉં અને ઔરતનીજ આંખે જોઇ હું મારો વિચાર બાંધુંછ. ત્યારે શું તમો સાહેબ એમ સમજોછ કે તે વિચાર બાંધવાને જોઇતી સાબેતીઓ એકઠી કરવાને હું પછાત પડી હોઇશ? નહીં, તે બંન્નેની પાંખડી વળગી ચાલવાની ઢપ, તેણીની તરફની રહેમતની અદા અને રહેમત તરફનો તેણીનો મલ્હાજો અને એવી એવી તો એક હજાર અને એક નીશાનીથી મારી ખાત્રી થઇ કે તેમની એકમેક તરફની વર્તણુંક, થોડું કમાં જોડાઇને એક થનારાં સાચા પ્યારના પાક પુંજા રીઓજ એકમેક તરફ દેખાડે. તેઓના સંબંધમાં અનિતીમાન કે પાપ જેવું મને કશું જણાયું નહીં. વળી તે જોહરી બાઝારમાંથી પાછાં ફરી તેઓ રીચી બાગ આગળ આવ્યાં, જયાંથી છુટાં પડતાં તે બબળા તેને રસ્તે ગઇ અને રહેમત રહેમતને રસ્તે ચાલતો થયો; કાંય નહીં રહેમત તેને ઘરેજ ગયો? વારૂં ઘરે તો નહીં પણ તેણીને મુકવા વટીક તે કાંય નહીં ગયો? અલબત તેણીનું ઘર ત્યાંથી દુર છે ખરૂં—"

"ત્યારે તો તું તેની પુઠે પુઠે જઇ તેણીનું ઘરબી જોઇ આવી કે ?"

"હા, સરકાર, તે ગુલાબખાની ફેલમાંના એક નાનાં પણ આબરૂદાર દેખાવના ગરીબ ઘરના એક મજલાપર રહેછ. ત્યારે શુ હજી તમે એમ સમજી મનેબી એમ સમજાવવા માગોછ કે તે કોઇ રહેમતની પગારદાર સહીજ હશે ? જો તેમ હતે તો તેણીને રહેવાને માટે એક ફાંકડું મકાન નહીં હતે ? અને તેમ હતે તો તેણીને રીચી બાગ આગળ છોડી દેવાને બદલે તે તેણીની સાથે ત્ય. નહીં જતે ? નહીં, નહીં તેઓ વચ્ચેની દરેક હીલચાલમાં મે તો અદબ અંદાજનો અંતર જોયો. તેણી જે મકાનમાં રહેછ તે વિશેબી મેં ત્યાંની એક દુકાનમાં પુછપરછ કીધી તો મને જણાયુ કે તે મકાનમાં વસનારાં બધાંજ ગરીબ પણ આબરૂદાર છે. અને તેણીને માટે પુછતાં તો તે દુકાનદાર તેણીની એવી તારીફ કરવા લાગ્યો કે જાણે મુવાની જબાં તો નરી કંચની !"

"વારૂં, તેણીનું તું નામ જાણતી હશેની ?"

"હાજી, ગુલજાર કરીમ"

"વાહ ! નામ કેવું મજેહનું અને મધુર છે ? પણ, વારૂં તું એમ ખાત્રીથી કહેછ જે રહેમત તે નિતીમાન તોપણ ગરીબ અને તેથી કમીની અબળા સાથે શાદી કરવાનો વિચાર રાખેછ ?"

"મારી તો તે વિશે પકકીજ ખાતરી છે, કેમકે તે તેની ખુબસુરતીપર દેવાનો થઇ ગયોછ."

"તેમ જો હોય તો તેના સરમાં ખલલ થયલી હોવી જોઇયે, અને મારા એ બેટાની હમણાં હમણાંની ચાલચલણ હવે જ્યારે હું યાદ કરૂંછ ત્યારે મનેબી ખ્યાલ થાયછ કે તે તદન બદલાયલી માલ મ પડેછ. અટલું સુધી તે ઉપર મેં કાંઇ ગંભીર વિચાર નહીં

લીધો કેમકે હું સમજ્યો કે હશે કાંઇ બીજા ત્રીજા ગુંચવાડાને લીધે એનું મગજ વિચારવંત બની ગયું હશે. હમણાં થોડું ક થયું નથી તે કેઠે જતો, નથી તે પોતાની બ્હેનો સાથે ભેળાતો, અને બાહાર જાયછ તો તુરત વખતસર આવીને ઉભો રેહેછ, અને જો બાહાર કેઠે નથી જતો તો એકલો બગીચામાં ફરેછ, નહીં તો, પોતાના ઓરડામાં બેસીને વાંચ્યા કરેછ! નહીં તોબી હમણાં હમણાં નાચપાર્ટીનાં, જલસાનાં રંગીન મીજલસનાં તેણે કેટલાં તેડાં ના પાડયાં. કમનસીબ છોકરો! એ શું ખરેખર સરફરાજ ખાનદાનને હીણુંજ લગાડવા બેઠોછ?"

"એક જવાન નવાબજાદો, ખાનદાની મગરૂરી નહીં ધરાવતી એક ગરીબ અબળાને પરણે તેમાં તે જવાનનાં ખાનદાનને હીણું લાગે કે નહીં, તેની મને ખબર નથી, પણ મારી તમો સાહેબને સલાહ છે કે રહેમત અને તે દરજણ પોરી વચ્ચેના સંબંધનો અંત લાવવાનું કામ મને સોંપો."

"નહીં, ગુલનાર, તે તો કામ મારૂં છે, હું તેને હમણાંજ મારી હજુરમાં બોલાવી મંગાઉંછ અને તેની એ મુર્ખાઇને માટે તેને સખ્ત ઠપકો આપું."

"તેમ જો કરશો તો રહેમત વધુ હઠીલો થશે અને મનમાં ગોખી રાખેલી નેમ ઉતાવળે પાર પાડવાને તે લલચાશે, કેમકે તમને એટલુંબી યાદ રાખવાનું છે, કે નવાબજાદો ઉંમરે પોહોંચી ચુકયો છ એટલે પોતાનું સુઝયું કરવાને તે મુખ્તયાર છે."

"હા, તેબી ખરૂં! ત્યારે તું શું ઇલાજ સુચવેછ?"

"તે ઇલાજની સઘળી તરતીબ મારે હસ્તકજ રેહેવા દેશો?"

"હા, કેમકે તેં મને તારી અક્કલ હુશયારી, ચાલાકી, ચતુરાઇ, અને દાવપેજની એટલી સાબેતી આપીછ કે એ બાબદ તારા

હાથમાં સોંપવામાં મને શું અડચણુ હોય તે હું જોઇ શકતો નથી. જ્યારે હું તો જાણે એ બાબદ વિશે કાંઇજ જાણુતો નથી તેમજ રહું ની ?"

"હાજી, અને બેગમ સાહેબનેબી એ વાતથી વાકેફ કરવાની કાંઇજ જરૂર નથી."

"ખચીતજ નહીં, એકતો તેણીની દેહ હમણાં નાજુક થઇ ગયલી તેમાં વળી જરાસરખા ચીરડાટથી તે બગડી આવે વારૂં, કંઇ બીજું તારે કેહેવું છે ?"

"હા, મારા મેહેરબાન, મારી યોજના મારાં મનમાં મેં ઘડેલી તૈયાર છે, ફકત એકજ બાબદમાં તમારી મદદની જરૂર છે."

"તે શું ? બોલ."

"તે એટલુંજ કે તમારી સાથે તમારી ઘોડી ગાડીમાં રીચ્મા બાગ તરફ સાંજે ચાર ને પાંચની વચ્ચે ફરવા આવવા રહેમત અને નુરજહાંને તમે લલચાવી શકશો ?"

"હા, તેમ બની શકશે."

"ત્યારે તો જુવોની, હુઝુર, કાંઇ એવું કરજો કે રેહેમત અને નુરજહાં એકજ બેઠકપર સાથેજ બેસે અને કાંઇ એવી વાત છેડજો કે તેમાં તેઓ એકમેક તરફ હસી હસીને ભાગ લેય. એમ થઇ શકશે કેની ?"

"હા, એ કામ થયુંજ સમજ, ગુલનાર."

"ત્યારે તો મારૂંબી કામ પાર થયુંજ સમજો—હા, પણુ જો પેલી ગુલજાર હું ધારૂં છ તેવી પાક મનની ભોળીભાળી હોય તોજ હું કે । નહીં તો પછી વળી કાંઇ બીજીજ બાજી અજમાવવી પડશે. ઓરતમાં ક્યાં એકજ લખણુ પડેલું હોયછ ?"

"ઠીક છે, કાંઇ બીજું કેહેવું છ ?"

"નહીં, નામવર સાહેબ," અને એમ બોલી તે સત્યાનાસીની સળી અંગાર કાંડીની દીવાસળી નવાબ સાહેબને નમન કરી ચાલી ગઇ અને નવાબ સાહેબ તેવણે હમણાંજ સાંભળેલી વાતપર લંબાણથી વિચાર કરતા બેઠા.

પ્રકરણ ૪૨ મું.

મીઠી છુરી.

બીજે દહાડે બપોરે બે વાગે રેહમત અને ગુલઝાર ધારા મુજબ રીચીબાગમાં મળ્યાં અને ઝાડોની ઠંડી ઘટાની હેઠળ બે એક કલાક સુધી તેઓ એકમેકની મોહબતમાં એવાં ચકચુર બની ર્ગ્યાં કે તે બે કલાકનો વખત જાણે એક ચપળ પંખીની પાંખપર તે સ્વાર થયો હોય તેમ નીકળી ગયો.

આહ ! પોતાના નવજવાન આશકની પડખે રહી તાજી હવાનો દમ લેતી આપણી માનીતી ગરીબ ગુલઝારને માટે આ કેવા સુખી દાહાડા ? પ્રિય વાંચનાર, ખરૂં કહેજે કે આ વારતાની શુરૂઆતમાં તે બીચારીને ગરીબીની ઘંટી તળે પીસાતી જ્યારે તેં દીઠી હતી, ત્યારે તેં સ્વપ્નેબી માન્યું હતું કે તે ગરીબ બાળાનાં નસીબમાં આવી એક ઘડી સરજેલી હશે ? તે વખતે જે ગુલાબી રંગ તેણીનાં ગાલની સપાટી ઉપર ચઢી આવવાનાં જે ફાંફાં મારતો હતો, તે આજે આખરે પોતાની કોશેશમાં પોતાને ફાવેલો જોઇ દાંત દેખાડી હસતો તેણીના ગાલ ઉપર બેઠો હતો. હા, તનદરોસ્તીની તાજગીથી તેણીનું આખું તન બદન તરરોતાજેહ બની રહ્યું હતું, તેણીના કાળી મોટી આંખોમાં ચમકતું નુર તદન સાફ અને નીરમલ પ્રકાશતું થયું હતું, તેણીના હોઠ ઉપરનો રતાશ વધુ અને વધુ રંગ પકડી

રહ્યો હતો અને ઘડી ઘડી હસવાથી તે નાજનીના મોંહની જડાવદાર દાબડી ખુલતાં તેમાં ગોઠવી મુકેલી મોતીની હાર માળા તેટલીજ વારે ઘડીયે દેખાયા કરતી હતી. યા ખુદા! એ તારાં ફરેબી ફલકનો કેવો ફેરાવન ફિટો કે જીન્નતની હુરનેબી લજ્જામાં નાખે એવું ફીરેશ્તાઈ નુર ધરાવતી તે નિરદોષ બાળાનાં સુખનું સર્યાંમ સત્યાનાશ વાળવાને દગલબાજી જન્મ પામી તે કીનાની પાપી હુંફમાં પોખાઈ તૈયાર ટટણુખાર બનતી હતી?

અને તેમ ખરેખરૂં હતુંજ! પોતાના આશકથી તરતનીજ છુટી પડેલી ગુલઝાર વળી પાછી કાલે તેને મળવાની ઉમેદથી પોતાના ઘર તરફનો રસ્તો લેતી હતી, તેટલાં, તેણીની નજર દાસી ગુલનારપર પડી. ગુલઝારે તેણીને બેગમ બદ્રૂલ બહારની માનીતી વડી દાસી દાખલ ઓળખી, પણ ગુલનારે, તેણીને જાણે ઓળખતી નહીં હોય તેમ, અખાડાજ કીધા.

ગુલઝાર તેણીની નજર સાથે નજર મેળવી માત્ર ડોકી કરી ચાલી જતી હતી, પણ, તેટલાં પેલીએ તેણીને થોભાવી અને તેણી તરફ ટીકી ટીકીને જોઈને પુછ્યું–

"છોકરી, તું મને કાંઈ ધ્યાનમાં આવેછ ખરી, પણ મેં તને કહાં જોઈછ તે મને યાદ નથી આવતું."

"હું ધારૂંછ, તમો બેગમસાહેબ બદ્રૂલબહારના મેહેલમાં નોકરી છોની?" અને આ સવાલનો જવાબ તેણીને 'હા'માં મળતાં તેણીએ પોતાની ઓળખ આપી કે "ત્યારે તો એક દીવસ બાનુ ઈસ્મીલ્ડા સીમ્પીને ત્યાંથી જરરીન જભો હું તમારાં બાઈ સાહેબને માટે લઈને આવી'તી તે તમને યાદ છે?"

"અરે, હા, ખરેખર." ગુલનાર બોલી, "હવે મને યાદ આવી, તેં તારૂં નામ ગુલઝાર કરીમ જણાવ્યું હતુંની? કેમ, ગુલઝાર,

તું સારીપેઠે તો છેની? મેં તને તે વખતે જોઇને જોઇ કે મને તું ઘણીજ ગમી—ઓ માયરે, તું કેવી મજેહની લાગેછ? તું કેટલી ખુબસુરત છે?"

"પણ, બેગમ સાહેબ બદ્દલ બહાર કેમ છે? તેમના જખમ કાંઇ રૂઆયા?" પોતાની ખુબસુરતીની તારીફને કશું વધુ વજણ નહીં આપતાં વાત ફેરવવાને બાહાણે તેણીએ આ સવાલ પુછયો.

"હા, બેગમ સાહેબ તો તદ્દન સાજાં થયાં, અને ઝખમબી રૂઆઇ ગયો, પણ તેમની તે આગળી ઝમક તો ગઇજ જો." ગુલનારની મતલબ ગુલઝારને પોતાની વાતની મોહીની લગાડવાની હતી, પણ ગુલઝાર તેવી મોહીનીમાં પડે તેમાંની છોડી હતીજ નહીં, અને વળી ગુલઝાર હાલ કાંઇબી વાતમાં રોકાઇ વખત કાઢવા માંગતીજ નહતી, કેમકે, તેણીએ પોતાના નેકાનો પોશાક જે પોતાનેજ હાથે તૈયાર કરવા માંડયો હતો તે જેમ બને તેમ જલ્દી પુરો કરવાના વિચારથી ઘરે જવાને ઘણીજ આતુર હતી.

"હું ધારૂંછ, તું કેઠે અહીંજ રહેછની?"

"હા, હવે અંહીથી મારૂં ઘર ઘણું નજીક રહ્યું; તમે તો જરા આવીને થાક ઉતારોની?"

"જો તને કાંઇ અડચણ નહીં હોય તો તારા જેવી સાથે વધુ પીછાણ પાડવાની આ તક હું ખુશીથી હાથ કરૂં."

ગુલઝાર તેને પોતાને ઘર લઇ ગઇ અને ગુલનારે જોયું કે તે ઓરડો ઘણોજ નાનો પણ સાફ અને સુઘડ હતો. જો કે રેહેમતે ગુલઝારને પૈસા સંબંધી બનતી સગવડ કરી આપી હતી, તોપણ, તે ભલી ઘરવાળીનું ઘર છોડવાનું યા તે ઓરડો છોડી બીજો કોઇ કુશાદે ઓરડો લેવાનું તેણીએ જરૂરનું નહીં જોયું હતું, તો જો કે ફરનીચરની બાબદમાં થોડી ઘણી જરૂર જોગી તે ખરચાણ થઇ હતી

એમ અમારે કહેવું જોઇયે, પણ તે ફરનીચર વસાવતી વખતે તેણીએ શોભા કરતાં તનની તંદરોસ્તી સચવાય તેવી કાળજી વધુ રાખી હતી, કેમકે, તે જાણતી હતી કે હવેનું તેણીનું જીવવું તેણીના પોતા માટે નહીં પણ કોઇ બીજાનેજ માટે હતું.

તેણીએ નવા લીધેલા નાના પલંગપર તેણીની શાદીનો સાજ હજી અધુરી હાલતે પડેલો હતો. ગુલનારની નજર તેપર પડી અને તેણીની ખાતરીજ થઇ કે રેહેમતની મતલબ તેણીએ ધારી રાખેલી તેજ હતી.

તેણીની એ બાબદપર ખાતરી થતાંજ તેણીને જે પહેલો વિચાર આવ્યો હતો તે એ કે રેહેમતે તેણીને હજી સુધી આવી ઓરડીમાં કેમ પડી રહેવા દીધી હશે? અને તે ઉપરથી એક બીજો શક તેણીને ઉપજયો તે એ કે કદાચ તેણીનો આશક ખરેખર કોણ છે તેનીબી તેણીને ખબર નહીંજ હશે, કેમકે, જયારે તેણીએ બેગમ બદ્રુલબાહારની વાત છેડી ત્યારે તેણીના ચેહેરાપર જરાબી ગભરાટ કે બેચેનીની નિશાણી જણાઇજ નહતી.

“તને આ વખત તો સારૂં કામ મળેલું લાગેછ, ગુલઝાર?” તેણીએ તે પોશાકપર પોતાની નજર ટાંકી પુછયું.

“તમો ધારોછ કે એ ઘણો સુંદર છે?” એટલું પુછી તેણી લાલ લાલ થઇ ગઇ, કેમકે, તે વખાણ પામતો પોશાક તેણીનો પોતાનોજ છે એ જાણી તેણી ઘણી ખુશી થઇ.

“જરાક હાથમાં લઇને હું એ જોઉં?” અને આ સવાલના જવાબમાં ગુલઝારે તુરત તે પોષાક ધીરેથી ઉંચકી તેના હાથમાં મુકયો, જે તપાસતાં તે બોલી, “આહ! કેવો સાદો અને તોબી કેટલો શોભીતો! એ જો તું પ્હેરે ગુલઝાર તો કેવી દીપી રહે!” તે વળી પાછી

હસીને લાલ થઇ ગઇ અને તે પોશાક તેણીના હાથમાંથી લઇ તેને પાછો પલંગપર મુકી તે ચાહે મુકવાની તૈયારી કરવા પડી, જે જોઇ ગુલનાર બોલી ઉઠી—

"બેહેન, મારે લીધે કાંઇજ તજદી ના લેતી, આજે મને કાંઇ ગમતું નથી કેમકે મારો જીવ આજે ઠેકાણે નથી."

"કાંય, કાંય, એવું તે શું બન્યુંછ જેણે તમને એટલા બધા રંજીદા કીધાંછ કે હું ગરીબને ત્હાંની તમને ચાહેબી પીવા નથી ગમતી?"

"જોની, બેહેન, વાત એમ બની કે મારાં કરતાં એક વર્ષ નાની મારી એક બેહેન છે, જેને ફરેસ્તા જેવા ખુબસુરત પણ સેતાનનાં જેવાં કાળાં હૈયાંના એક જવાન સાથે દોસ્તી પડી. તેણે તેના હાથની માંગણી કીધી, જે તેણીએ કબુલ રાખતાં, શાદીનો દીવસ વટીક નકકી થઇ ચુકયો અને બધી તૈયારી પુરી થઇ રહી, તેટલાં એક અભાગણી ઘડીએ તે બીચારીને તે મુજીએ તેણીના નીતીના રાહપરથી દુર કરી તેણીને ફસાવી કેઠે છુપાછુપ તે નાહાસી ગયો. હવે થોડાક મહીના થયા મારી તે બેહેને એક બાળકનો જનમ આપ્યો અને હજી સુધી તે બચ્ચાંના હકદાર બાપ તરીકે જાહેર થવા તે આવ્યોજ નથી, જેના ગમમાં બીચારી મારી બેહેન સોહો રાઇ સુકાઇને મરવા સુતીછ!"

"અરેરે, કેવું જબુન પાપ!" અને આ બોલતી વખતે ગુલ ઝારની આંખમાં પાણી આવી ગયાં.

"જયારે તે બીચારીનું દુઃખ જોયા વગર તને આટલું લાગેછ તો હું તેની બેહેન જેવી બેહેનને કેટલું લાગતું હશે? મેં તે મુજીને છેલ્લો જોયાને મહીનાઓ થયા તે પછી આજે સહવારે તેની ઉપર મારી નજર પડી; તે રીચી બાગ તરફ ધસ્યો જતો હતો,

હું તેની પુઠે લાગી પણ તેને પકડી પાડવામાં હું ફાવી નહીં. તોબી તેની ઉપર નજર રાખી તેની પુઠે હું ઘસડાતીજ ગઇ, પણ, રીચી બાગમાં દાખલ થઇ કોણ જાણે તે ક્યાં ગયબ થઇ ગયો તે મળ્યોજ નહીં, અને તેનું ઠેકાણુંબી કાંઇ મને ખબર નથી."

"ત્યારે તો તે મળ્યોજ નહીં?"

"નહીં રે, મુવો, નહીંજ મળયો, અને ફફડતી ચટકતી હું મારો રસ્તો લેતી'તી, તેટલાંમાં તું મળી એટલે એ ઘડી મન વેરવા તારી અરજને માન આપી અહીં આવી."

"ખરેખર, તમારી આ હકીકતે મને ઘણી દુઃખી કીધી; બીચારી તમારી તે બહેનને કેટલું દુઃખ થતું હશે?"

"અરે, પણ, ગુલઝાર તું જો તેને જોય તો તું ઘડીભર નહીં માને કે આવો ફરેસ્તા જેવો જવાન આવું પાપી કામ કરે તે હજી તો જવાનીમાં ફુટતો કુમળો છોડ છે. વીશ બાવીસ વર્ષની ઘણી તો તેની ઉંમર હશે. ચહેરાપર બધો પ્યાર, પણ તે પ્યારનાં પતલાં પડને તળ્યે કાતેલ ઝેર."

"બાહારથી જે આવો ખુબસુરત, તે અંતરમાં એવો નજીસ અને મેલો એ કેટલું કમકમાટ ભરેલું!"

"આહ! મારી વ્હાલી બેટી, તું કોઇ દાહાડે દેખાવપર ભુલતી ના હં! તું જવાન છે, ખુબસુરત છે અને સાથે લાગી ભોળી છે, અને ભોળીઓને ભુલવવાનો ધંધો લેઇ બેઠેલા કારગાઓની નજર તારીપર પડે એ બનવાજોગ છે. માફ કરજે, ગુલઝાર, પણ તને મારા અનુભવને આધારે મને થોડીક સલાહ આપવાની લાલચ થાયછ, કેમકે——"

"નહીં, એમાં હું માફ શાનું કરં? ઉલટો મારે તમારો ઉપકાર માનવો જોઇયે, પણ તમેબી જાણીને ખુશી થશો કે એવા

કારગાઓથી મારે હવે કશું બીહીવું નથી, કેમકે, હવે થોડા વખતમાં એક ભલા અને ઉમદા ખવાસના જવાનની હું બીબી બનાર છેઉં."

"શું! ત્યારે આ પોષાક તારોજ કે? લાવ, ત્યારે તો હું તને મુબારકબાદી આપું છ અને ખરાં દીલથી ચાહું છકે તમો બન્ને એક મેકના પ્યારમાં સદા સુખી રહી લાંબી હૈયાતી ભોગવો!"

એ રીતે વાત કરતાં થોડોક વખત નીકલી ગયો, અને એકાયક દાસી ગુલનારને યાદ આવી ગયું કે તેણીને કામે જવાનું હતું તે તો તેણી ભુલીજ ગઇ હતી. તુરતજ તે જવા ઉઠી.

"પણુ, હું તો કોઇ વખત આ તરફ આવેલી નહીં તે કહાં થી જવું ને કહાં નીકળવું તે તો હું જાણુતીજ નથી."

"તમને કહાં જવું છ, તે મને કહોની હું તમને મુકવા આવું"

"ત્યારે તો તારી મોટી મેહેરબાની, જોની, બેહેન 'સાબેરગંજ' માં જવા અગાઉ અને રીચી રોડ તરફ જવું છ, જહાં મારી એક સહીને મળી પછી હું ઘેરે જવસ."

"રીચી રોડ તરફ જવું છ? ત્યારે તો ચાલોની રીચી બાગનેજ રસ્તે ચાલો. હું સાથે આવું."

અને તે દગલબાજ દાસીનેબી એવુંજ જોઇતું હતું. ગુલઝારે તુરત પાછાં કપડાં પહેરી લીધાં, અને ગુલનારે તેણીને રેહેમત અને નુરજહાં ઓળખે નહીં કરી છેક આંખ સુધી પોતાની ઓઢણીની સોડ નીચી તાણી. જેવાં તેઓ બાગ તરફ આવ્યાં કે નવાબની ગાડી આવતી ગુલનારને દેખાઇ. તે જરા નજીક આવે તેટલાં કાંઇને કાંઇ વાતમાં તે કસકુનમ દદાએ ગુલઝારને રોકી રાખી, અને જેવી તે બેઠેલાંનાં ચેહેરા દેખાય તેટલી નજીક આવી કે ગુલઝારને તેણીએ મજબુત હાથે પકડી અને ચીસ પાડી બોલી—

"ઓ તેજ-તે તેજ."

આથી તે બીચારી ભોળી બાળા બીધી અને ગભરાઇને આમ તેમ જોવા લાગી તો તેણીની નજર આગળથી બે ઘોડાની એક ઉંઘાડી લેન્ડો ધસી ગઇ, જેની એક "સીટ" પર નવાબ પોતે બેઠો હતો, જ્યારે બીજાપર રેહમત અને નુરજહાંએ જગ્યા લીધી હતી, અને તેઓ ત્રણે હસી હસીને વાત કરતાં હતાં, પણ રેહમતની નજર ગુલઝારપર પડી નહીં.

તુરતજ એક દુઃખદાયક ચીતાર ગુલઝારની નજર સામે આવી ઉભો, અને એક છેડાયલી વાઘણની માફક ગુલનારને બાજુમાંથી પકડી તેણીએ પુછ્યું-

"ઓ ! એ તું શું બકેછ, તું શું કહેછ ?"

"અરે ! ત્યારે તો તે જવાનને પેલી જોડીની ગાડીમાં તેં જોયો નહીં કે ?"

"અરે, હા, પણ તેનું શું ? યા ખુદા ! જલ્દી બોલ." ગુલઝાર પગથી માથાં સુધી થરથર કાંપતી બોલી.

"તેજ પેલો લુચ્ચો, પેલો પાપી, પેલો નાપાક, પેલો મારી બેહેનને ફસાવનાર મુજી !" જાણે ઉશ્કેરાઇ જઇને બોલતી હોય તેમ ગુલનાર બોલી.

"યા ખુદા ! દયા ! ઓ દયા !" ગુલઝાર, કમનસીબ ગુલઝાર ત્યાં રડી પડી અને જરા વારમાં બેભાન થઇ ગુલનારના પગ આગળ જમીનપર લોથ પોથ થઇને પડી.

પ્રકરણ ૪૩ મું.

"લાવ, દો મુઝે ઇનામ !"

ઉપલા પ્રકરણમાં વર્ણવેલા બનાવને ત્રણ મહીના થઇ ગયા હતા; અને હાલ ઇંગ્રેજી જુલાઇ મહીનાની આખેરી આવી પુગી હતી.

એ ત્રણ મહીનાના અરસામાં "સાબેરગંજ" માં વસ્તાં કોઈ કોના હૈયાંમાં ગમગીની પોતાનો છુપો અને ધીમો પગપેસારો કરી ચુકી હતી. જવાન ખુબસુરત સકીનાં જણુન નિરાશી અને કચડાઈ ગયલી આશાની માઠી અસર તળે ઝીમાતી જતી. નવાબજાદા રેહમતને કોઈ છુપો ગમ લાગુ પડયો હતો, જે, તેનાં તન બદનને કોતરી ખાતો જણાતો હતો. તેની જવાનીની ઝમક જતી રહી હતી અને તેને મનસે તેની જીંદગી એક બોજા જેવી થઈ પડી હતી. નવાબ સાબેર-ઉદ-દઉલા પોતે પોતાનાં એ વ્હાલાં બચ્ચાઓને પોતાની નજર સામે એ રીતે રાહમાલ જતાં જોઈ ઘણોજ દુઃખી થતો હતો, તો જો કે તે બંનેનાં દુઃખના સબબોથી તે અંજાણો ન હતો. બેગમ બકુલ બાહારે તો રફ્તે રફ્તે એકાંતવાસ સાથે એવો મજબુત ગાંઠ બાંધ્યો હતો કે પોતાના ઓરડાના ઉંબરની બાહર વટીક તે કવચીત નજર પડતી. ગોયા તે ઓરડો તેના મુલક જેવો હતો અને તેણીના વિચારો તે મુલકમાં વસ્તી તેણીની રૈયત સમાન હતા.

તે આખા મેહેલમાં એવું એકજ જન હતું જે ઉપર દુઃખી વિચાર કે ગમગીનીના મરજે પોતાનો નેહેસ્ત દસ્ત લંબાવ્યો ન હતો. તે નવાબની બેટી નુરજહાં હતી; તે એટલી હૈયાંની સુહુની અને દીલની કઠોર હતી કે મેહેલમાં થયલા એ અચાનક ફેરફારોને લીધે જે ખુશી ખુરમી રંગરાગ, મોજમજાહ, અને જલસા મીજલસો બંધ પડી ગઈ હતી તેનો તેણી બળાપો કરતી અને તેનેજ માટે ગમગીન રહેતી, બાકી, તેની માવતર, તેનો પેદર કે તેનાં ભાઈ બેહેનની બીમારીનો તેણીને એક રતીભારખી ખટકો કે ખતરો હતોજ નહીં.

સાઅદતખાંન વકીલનો પગદંડો અને પથીંગો સાબેરગંજમાં તેજ હતો, બલ્કે, હવે નવાબ યારજંગ આવતો જતો બંધ થયાથી, તે પોતાની આવજામાં કાંઈક વધ્યો હતો; અને 'સાબેરગંજ' માં પેઠી

પડેલી ગમગીનીની સાથે તે બીચારાને કાંઇ વાસ્તું હતુંજ નહીં. બન્ને બહેનો તરફ અવારનવાર તે પોતાનું ધ્યાન રોકયા કરતો હતો અને તેમની સાથની તેની હીલચાલ તપાસનારૂં તે વખતે જો કોઇ હતે તો તે તુરત અટકળી શકતે કે તે બેમાંથી એકને પોતાની બીબી કરવાનો તેનો પકકો વિચાર હોવો જોઇયે, પણ, પોતાની પસંદગી કયીપર ઉતારવી તે હજી તેણે નકકી કીધેલું ન હતું. કોઇવાર તે નુરજહાં સાથે ગેલથી વાત કરતો તો કોઇવાર સલીમાનું મન રીઝવ-વાનાં તે ફોકટ ફાંફાં મારતો. નુરજહાં તેની સોબતમાં મજાહ લેતી કેમકે તેને તેવી મજાહ આપનારૂં હાલ 'સાબેરગંજ'માં બીજું કોઇ નહતું, મગર, નાની, સલીમા, તો તેની તરફ આગળ કરતાં વધુ અણગમાથી અને વધુ ધિકકારથી જોતી અને બાજે વખ્ત તો તેને અપમાન કરવાની જરાબી બીહીક વગર, તે તેણીની આગળ આવીને ઉભો રહેતો કે તેણી તુરત ત્યાંથી ચાલી વહીક જતી.

તે પસાર થયલા ત્રણ મહીનાની નાની મુદતમાં "સાબેરગંજ"ને મામલો શું હતો તેની એ રીતે એક ટુંક તપાસ લઇ આપણે રીતાસર આપણી વારતા આગળ ચલાવીશું.

અમોએ ઉપર જણાવ્યું તેમ તે જુલાઇ મહીનાની આખેરી હતી, અને એક ચોકકસ રાતે નવાબને પોતાના કમ્રે ખાસમાં એકવાર પાછો આપણે જોઇયે છીયે. આ વખતે તે કાંઇક ઉશ્કેરાયલી હાલતે કાંઇ બડબડતો એમથી તેમ ફરતો હતો. ત્યાં બળતી બતીના ઉજાસથી તેનો ચહેરો વધુ ફીકકો અને વધુ લેવાઇ ગયલો દેખાતો હતો; તેનાં કપાળપર ચીંતાની અચુક છાપ હતી.

તેટલામાં કોઇયે તે ઓરડાનું બારણું ઠોકયું. તેને કાને તે આવાજ પડયો નહીં. તે બારણું જરા વધારે જોરથી પાછું ઠોકાયું અને તે સજાગરૂ થયો હોય તેમ ચોંકયો અને તે બાહાર ઉભેલાં

કોઇને તેણે અંદર આવવા ફરમાવ્યું, કે તુરતજ તે બારણું ઉંઘાડી દાસી ગુલનાર દાખલ થઇ.

"કેમ, તું શું માગેછ ?" નવાબે તેની તરફ જોઇ પુછ્યું, અને જાણે હમણાં કોઇનેબી મળવાની તેની મરજી ન હોય, કોઇને મળવા તે માંગતોજ ન હોય તેમ ચીરડાઇને તે બોલ્યો.

"હું તમો નામવર સાથે બે બાત કરવા માંગુંછ." શાંતપણે ગુલનારે જવાબ દીધો.

"હાલ, બે વાત ને ત્રણ વાત કરવા જેવો મારો મીજાસ નથી. મારો દીકરો ઝુરીને મરી જાયછ, મારી વ્હાલી બેટી સલીમા મારી નજર સામે અવતાર બેઅવતાર થતી જાયછ, હું પોતે તરેહવાર ચીંતાથી ખવાઇ ચવાઇ રહ્યોછ-અને મારી બેગમ—"

"બાનું સલીમાનાં કે બેગમ સાહેબનાં દુઃખ સાથે મને કશું લાગતું વળગતું નથી, પણ હા, નવાબજાદા રેહેમતને માટે કહો તો વાત જુદીજ છે, અને તોબી તેને માટે હું નહીં ધારતી કે તમે મને ઠપકો આપશો."

" હું ઠપકો બધાનેજ આપુંછ અને બધાનેજ દીણુંછ અને ધિક્કારૂંછ. મારી કમળાની આંખે મને આખી દુન્યા પીળી દેખાયછ, અને તેમાંથી મારો ક્યારે સદાબરો છુટક થશે તેની આતુરતાથી હું રાહ જોઉંછ. કમનસીબી અને કંગાળ્યતનાં આખાં લશકરેજ મારા મેહેલમાં ઘેરો નાખ્યોછ, જેમની લુટફાટ મારા બાબમાં ઘણીજ જબુન નીવડીછ."

" પણ ત્યારે જો નવાબજાદો પેલી દરજણ ઢુકતી સાથે શાદી કરતે તો તમારી તે કમનસીબી અને કંગાળ્યતમાં તે કેટલો વધારો કરી મુકતે !"

"હા, તેની એક વાતે ખરૂં છે. એટલો તો મને સંતોષ છે કે તે બન્નેને વિખુટાં પાડવામાં મેં મારી પેદર તરીકેની મારાં નામીચાં ખાનદાન તરફની ફરજ બજાવી છે. તે છોકરીનું પછી શું થયું?"

"બલા જાણે મારી! પણ નવાબજાદો તેને બધે શોધતો ફરેછ ને—"

"ખુદા કરે ને તે તેને હવે મળેજ નહીં તો સારૂં! પણ આ વખતે મને શોધતી ઘાં આવવાનું કાંઈ કારણ? તું મારી પાસ શું માગેછ?"

"ત્યારે તો તમો નામવર ચેતી ગયલા લાગોછ કે જે બાબદની હમણાં આપણે વાત કીધી તેજ બાબદમાં મેં તમને કીધેલી મદદનો હું બદલો તમારી પાસે ચાહવા આવીછ."

"હા, કારણકે મેં તેજ વખતે તને ઇનામમાં કાંઈ આપવા માંગયું હતું, ત્યારે તું બોલીતી કે ભવિષ્યમાં કાંઈ મારે હાથ તું મેહેરબાની માંગી લેશે; ત્યારે હવે તે ભવિષનો વખત આજે આવ્યો છ તો બોલ, તને શું જોઈયેછ?"

"હું મારે મન ચાહ્યું માગું તેથી તમો ચોંકી, ચમકી, અજબ થઈ, ગુસ્સે તો ન થાવો?"

"ત્યારે શું તારી તે માંગણી તું અક્કલને અનુસરતી નથી કરવાની, પણ, ચાલ, વખત થાયછ વાસ્તે તને જે કેહેવું હોય તે કહી દે. બોલ તારી શું મરજી છે?"

"નવાબજાદા રેહેમતની બીબી થવાની!" તે બોલી. આ શબ્દો નવાબને કાને પડતાંજ જાણે તેનો ખુલ્લો પગ એકાદ આતશના ગાંગડાપર મુકાઈ ગયો હોય તેમ તે ચોંકયો અને જાણે મગજમાં મોટો માર વાગ્ય.થી તેને ઘુમરી આવી ગઈ હોય તેમ ખુરસીપર તે બેસી પડયો: પણ તુરતજ શુદ્ધ ઠેકાણે રાખી તે બોલ્યો. "અય

જવાન ઔરત! આજે હસી ખુશી કે ખુશ મશ્કેરીના મીજાસમાં હું નથી અને એ કીસમનો મારી સાથનો તારો એખલાસ જેમ મને તેમજ તને ન છાજે તેવો છે."

"હું તમને ખાત્રી આપું છું મેહેરબાન નવાબ સાહેબ, કે એ માંગણી મેં પુર ગંભીરાઇથી અને લાંબા વિચારથીજ કીધીછ અને તે મેળવવાથી કદી બાઝ નહીં આવવાનો મેં પકકો ઠેરાવ કીધોછ."

"પણ, હું ધારૂં છું કે તું દીવાની છે ગુલનાર."

"નહીં, હુઝુર, જો મારી આ માંગણી તમો નહીં સ્વિકારશો તો દિવાનાપણુ તમને લાગુ પડેલું હું લેખીશ."

"હા, જયારે તું એ માંગણી મારી પાસે જોર જુલમ અને જબરદસ્તીથીજ કબુલાવવા આવીછ ત્યારે તો તું મને એમ દબરાવવાની નેમ ધરાવતી હોવી જોઇયે કે ગુલઝારને લગતી આપણી બન્નેની તદબીર તું ખુલ્લી કરી નાંખશે. જો એમજ હોય તો જા, બેલાશક અબધડી જા, મારા દીકરાને ખરેખરૂં કહી દે, અને તે જો મારી પાસે ખુલાસો માંગતો મારી આગળ આવશે તો પછી તેને શું જવાબ આપવો તે મને સારી રવેશે માલમ છે, સમજી? ચાલ, જા, દોડ, નહીં તો તને મારા નોકરો પાસે હડસેલાવીને બાહાર કાઢીશ."

પણ ગુલનાર બંદી જરા સસરી કે વસરી નહીં; તે તો નવાબના ડોળાના દાબ હેઠળ દબાઇને ગભરાઇ અકળાઇ જવાને બદલે સામી તેની તરફ ડોળા કકડાવીને ટટણુખાર ઉભી રહી, જાણે નવાબને એક ચુટકીમાં નરમ ઘી જેવો કરી નાંખવાને પુરતો થઇ પડે તેવા બીજા વધુ ભરમના ભેદની ચાવી તેના હાથમાં હોય! નવાબે તેનો ઠઠેરો જોયો અને તે જોઇ જરા અંદરખાનેથી ગભરાયો, કેમકે તેનું અંતઃકરણ એટલું બધું સાફ કે સ્વચ્છ હતુંજ નહીં કે જેથી પોતાની સામે ઉભેલી તે તુચ્છ બંદીને એક લેહેજામાં

પોતાની આગળથી હડધુત કરી હેઠેરી કાઢવા જેટલો હીંમતવાન તે થઇ શકે.

"હું ફરીથી તને પુછું છું કે તું તારી આ માગણીને માટે ખરે ખરજ ગંભીર છે કે ?"

"અને હું તમો નામવરને ફરીથી ખાત્રી આપું છું કે હું એ માંગણી બાએ પુરતી ગંભીર છેઉં, એટલુંજ નહીં, પણ તે હું મેળવ સ એવા મારે હૈયે નેહ છે."

"પણ તું એટલું નથી સમજતી કે મારો દીકરો એ નીચ માંગણી સ્વીકારવાને કદી તૈયાર થાયજ નહીં ? એ માંગણીજ ઘણી બેહુંદી છે."

"નામવર નવાબ, સખ્તમાં સખ્ત તાણાજાણી અને મોટામાં મોટી અડચણોને માટે હું તૈયાર થઇનેજ આવીછ, પણ તાણા જાણીની મને કશી દરકાર નથી અને ગમે તેવી મોટી અડચણો ઉપર હું ફત્તેહ મેળવસ એવી મારી ખાતરી છે."

ગુલનાર દાસીના આ બોલો નવાબને કાને અઠડતા હતા તે વખતે કાંઇ ભયાનક વિચારનું અજવાળું તેનાં અંધારાં મગજ ઉપર પડવા લાગ્યું; અને તેનાં તનબદનમાં એક વીજળીનો રેલો પસાર થઇ ગયો હોય તેમ આખે આગે તે ધ્રુજ્યો અને લખલખ્યો. તેને યાદ આવી ગઇ કે એક ચોક્કસ ભેદ જો તેણી કાંઇ કળવળે પામી ગઇ હશે–કે જે તેણી જાણી લે તેવા અનેક સંજોગો હતા–તો પછી તે ખરેખરોજ તેના કબજામાં આવી ગયલો સમજવો. ચોક્કસ સંજોગોને લીધે એક ચોક્કસ વખતે અને ચોક્કસ જગે તે એક ચોક્કસ ભેદ જાણી શકે તેવી હાલતમાં એક વખત મુકાઇ ગઇ હતી ખરી !

"હું જાણું છ, તમો નામવર હમણાં શાને વિચાર કરોછ; ત્યારે હવે મારે કહેવાની જરૂર છે કે, તે હું બધું જાણું છ?"

"બધું!" તે કંગાળ અમીર બાલ્યો અને બાલતાંજ તેને લપેરે આવી ગયો તેથી તે ઉભોજ ખુરસી ઉપર તુટી પડયો.

"હા–બધું!" તે ઉંડા ધાડા અવાજે બાલી, અને એવા ચહેરા કરી નવાબને તે ઔરત જોતી ઉભી કે તેણીની આંખોમાંનું તેજસ્વી કીરણ અંગારથી તપેલાં સીસાં માફક તે બીચારાનાં મગજ ની આસપાસ ફરી વળ્યું.

"યા અલ્લાહ! યા અલ્લાહ!" જાણે તેનાં આંતરડાં કાંઇ ભયંકાર દરદને લીધે વળ ખાતાં હોય તેમ તે મરડાતો મોરાતો બાલ્યો, "ઓ કંગાળ કમનસીબી! તેં વળી શું નવી આફત મારે માટે ભવિષ્યનાં પેટાંમાં છુપાવી રાખીછ? પણ, નહીં, તેમ હોયજ નહીં!" તે એકાએક ઉશ્કેરાઇ જઇ બાલ્યો, અને બાલતાંજ ઉઠીને તેણે તે કમીની બાંદીને બાજુમાંથી એવી જોરથી પકડી કે ધડીભર તે કઠણ છાટીની અબલા બીધી વટીક કે રખે તે તેને કાંઇ ઇજા પહોંચાડે. "બાલ! બાલ! એમ મારી સાથે ગોલગોલ વાત ના કર, બાલ, તું એવું શું જાણેછ કે જેથી મારી ઉપર–મારી મરજી ઉપર તું એટલો બધો કાબુ ધરાવતી જણાયછ?"

તે છેડાયલો વાધ હતો તો તેની સામે ઉભેલી શુરપર આવેલી કાળી નાગણ હતી, અને સેતાન જાણે પોતાને આપવા કબુલેલું ઇનામ માંગવા ઠેરવેલી મુદતે કોઇ આદમ આગળ આવી ઉભો હોય, અને તેને તેના કોલની યાદ આપી તે ઇનામની માંગણી કરતો હોય એવી અદાથી ટટણખાર અને ડોળા ઘુરકતી તે નવાબની સામે ઉભી રહી અને બાલી–

14

"હું તે ભરમથી વાકેફ થઇ ચુકીછ કે જે ભરમ તમારે બેગમ સાહેબે અજાણપણે ઉંઘમાં ખુલ્લો કરી દીધો હતો."

"આહ! ત્યારે અંતે મેં ધાર્યું હતું તેજ—તેજ થયું!" નવાબ તે સાંભળી ચોંકયો અને બોલ્યો, અને તેજ પલે જાણે તેને લકવો થઇ આવ્યો હોય તેમ આખે અંગે ધ્રુજતો અને લખલખતે પાછો ખુરસીપર અરડાઇ પડયો, અને ગોળીથી વિંધાઇ પડેલાં એક તુચ્છ હેવાનની માફક ચીચવાવા લાગ્યો.

તેજ વખતે તે પાપી પલીદ ગુલનાર—ગુલખારનો ચ્હેરો કોઇ બારજ ખુશાલીથી ચમકી રહ્યો: તેણીએ જોઇ લીધું કે તેણીની ફતેહ હવે નક્કીજ હતી.

"નામવર હુઝુર," તે ધીમે અને ચોક્કસ ભાર મેળી બોલી, "મેં તમારા નવાબજાદાને ચાહવાની, ચાહીને તેને પુંજવાની, અને પુંજીને તેની બીબી થઇ સર્વોત્તમ સુખની ટોંચે અને માનઅકરામને મરતબે પુગવાની હીંમત કીધીછ ખરી. તમો શું એમ સમજતા હતા, ગરીબ પરવર, કે તમારાં સરફરાજ ખાનદાન તરફની મારી કોઇ દીલસોજીને ખાતર મેં આટલી જેહેમત માથે ઉઠાવી હતી? નહીં, નિમકપરવર: રેહેમત અને પેલીની ભવીષ્યની આશાનું સર્વાંમ સત્યાનાશ મેં માત્ર આપ મતલબને ખાતર વાળયુંછ. હું રેહેમતને ચાહતી'તી અને મેં મનસે પક્કો ઠરાવ કરી રાખ્યો હતો કે તેને કોઇ બીજીનો થવા દેવોજ નહીં. ગુલઝારને તમારો બેટ વીસરશે અને તેનો ખ્યાલ તે મુકશે એવી આશામાંને આશામાં હું સબુરી પકડી બેસી રહી, પણ અંતે તે આશા રાખવામાં મેં મને પોતાને ઠગાયલી જોઇ. તે તો પેલીને તેજ બલ્કે રોજબરોજ વધત પ્યારથી ચાહેછ, અને તેને શોધવા આખું દર્યાબાદ શોધી વળેછ. એ તેની મુર્ખાઇ હવે અટકાવવી જોઇયેછ અને તેમ કરી મને મારો

પ્યાર જીતાવી આપી મારો લોભી અરમાન બર લાવવો જોઇયેછ. હું તમો સાહેબ પાસે શું માગુંછ તે તમે જાણ્યું; હવે તે મને બક્ષવાનું કામ તમારૂં પોતાનું છે. નવાબજાદાને મારી એ મરજીથી કેમ વાકેફ કરવો, તેને તાબે થવાને કેમ સમજાવવો, તે તમો જેવ પાકટ બુદ્ધિનાને શીખવવાનું મારૂં કામ નથી. હું જાણુંછ કે એ કામથી તમો નામવર કદાચ ઘણી હીનપસ્તીભરી હાલતમાં મુકાશો, કદાચ તમારા બેટા આગળ કેટલીક બાબદોનો સાચો યકરાર કરી તમારે તેની દયા માગવી પડશે, અને તમોને એ બધું ખમવું પડશે તેને માટે મારો જીવ જો કે ગમે તેટલો રંજીદા થાયછ, તોપણ મારી માનીતી ઉમેદ તો બર આવવીજ જોઇયે. તેટલા માટે હું આજરખાહીથી માગી લેઉંછ કે એ બાબે જેમ બને તેમ જલ્દી અને જેટલા બને તેટલા ચાંપતા ઉપાયો લેવાનું હવે તમોએ શુરૂ કરવું."

જેટલો વખત ગુલનાર નવાબને આ સોખનો સંભળાવતી ઉભી હતી તેટલો બધો વખત તે બીચારો તેની તરફ દિગમૂઢ થઇ જોતો હીલ્યા ચાલ્યા વગર ખુરસીપર અરડાઇને પડયો હતો. તેની હાલત દેખતી આંખે સ્વપ્નો જોતા આદમીના જેવી હતી. એ બધું તેને સ્વપ્ના જેવું લાગ્યું પણ ખરેખર તે એક સ્વપ્નુંજ હતું એમ માનવાને તે કંગાળ પોતાના મનને મનાવી શકયો નહીં. જેવી ગુલનાર બોલી રહી કે જખમી થયલું કુતરૂં એક ગલીચ ગલીમાં પડીને અરડાય તેવો અવાજ તેના ગળામાંથી નીકળ્યો અને તેનું અંતઃકરણ તેને એવી રીતે ડંખવા લાગ્યું અને તેનું હૈયું તેને એવા તો બાચકાં ભરવા લાગ્યું કે જે બાચકાં અને જે ડંખ કાળામાં કાળુ અને કરપીણુમાં કરપીણુ કામ કરનારને તેનાં કરતુકની સજા તરીકે બસ થઇ પડેલાં કેહેવાય.

અને તે કઠોર હૈયાંની, સુહુનાં અંતઃકરણુની, ઘાતકી દિલ અને ખરવસ્તર કલેજાંની, કમીની, કમઅસીલ, કંગાલ અબલા નવાબની તે હાલતને માટે જરાબી અફસોસ કીધા વિના તે ઓરડામાં તેને એકલો છોડી ચાલતી થઇ.

પ્રકરણ ૪૪ મું.

નાશ પામેલો જુગારી.

નવાબ સાબેર-ઉદ-દઉલા, તેને જે હાલતમાં દાસી ગુલનાર છોડી ગઇ હતી તે હાલતમાં થોડીક પલ સુધી બેસીજ રહ્યો; પછી એકાએક ચોંકીને તે ઉભો થયો અને બે ત્રણ વખત પોતાનાં મસતકપર પોતાનો હાથ અફાળી તે બોલ્યો, "યા અલ્લાહ! મારૂં શું થશે અને હું શું કરૂં?"

તેનો જીવ સુસ્ત મારવા લાગ્યો, તેનું કલેજું થરથર કાંપવા લાગ્યું, તે ઓરડામાંની હવા આતશની માફક તપતી લાગી અને તે જાણે કોઇ પેટીમાં બંધ થઇને પડયો હોય તેમ તેનો જીવ ગુંગલાવા લાગ્યો, અને તેને આખે અંગે પરસેવો છુટી તે પાણી પાણી થઇ ગયો. તુરતજ તેણે એક ખુંટીપરથી લાંબો કબાહ ખેંચી કાઢયો અને તે પેહેરી, માથાંપર તરકીશ ટોપી મુકી મેહેલમાંથી તે બાહાર નીકળયો અને 'શાહી સરોવર'ના રસ્તા તરફ તે ચાલતો થયો. શાહી સરોવર, ગરમીમાં શેહેરનાં લોકને પાણી પુરૂં પાડવાને માટે બાંધવામાં આવ્યું હતું. તે લંબાઇ પોહોળાઇએ ઘણું મોટું અને સાધારણ ઉંડું હતું. તેની એક બાજુએ ઉંચાણપર 'બાગે આમ'ને નામે ઓળખાતો એક સુંદર બગીચો હતો, અને તે ઉંચાણની આખી લંબાઇએ ખટકે ખટકે બનાવેલી પાંચ સીડીઓમાંની કોઇનીબી માર-

ફરતે તે બગીચામાં આવનારથી મન ચાહે તો સરોવરના હેઠાણમાં ઉતરી શકાતું હતું. નવાબ તે બાગમાં દાખલ થયો અને એક સીડી મારફતે હેઠાણમાં ઉતરી સરોવરને કીનારે એક પથરપર બેઠો. તે ઠંડાં પાણીની સપાટીપરથી આવતી હવાએ તેને તરતજ રાહત બક્ષી. તેનો જીવ હુશીયાર થયો અને નિરાંતે પોતાની હાલતનો વિચાર કરતો બેઠો. મગર, તેની હાલત તેને એટલી ગુંચવણભરી માલમ પડી કે તેમાંથી કેમ છુટું થવું તે તેને કોઇ રીતે સુઝયું નહીં. તે લાલચુ દાસીના હીર્સના આસતાનપર તેના જવાન બેટાનો ભોગ આપી તેની જવાની હલાક કરવાની નવાબની હીંમત ચાલી નહીં, તેમજ તે કસકુનમની માંગણી ધિક્કારથી ના પાડવા જેવી સ્વતંત્ર હાલતમાં તે હતોજ નહીં.

એ રીતે તરેહવાર યોજનાઓ અને તદબીરોની શોધમાં તે પોતાનું ભેજું નીચવીને પોચું કરતો હતો, તેટલાં, કોઇનાં આવતાં પગલાંનો અવાજ તેને કાને પડયો અને આસપાસ નજર ફેરવતાં સરોવરને કીનારે કીનારેથી ચાલી આવતો એક આદમીનો આકાર તેને દેખાયો. થોડીક પલમાં તે આકાર એકદમ ઉભો રહી ગયો અને સરોવર તરફ બંને હાથ લાંબા કરી તે એક સરદ હાય મારતો સંભળાયો. નવાબ આ જોઇ એટલો બીહીધો કે રખે તે કમનસીબ કોઇ આપઘાત કરવાનો વિચાર રાખતો હોય અને તેના ભયભીત ખ્યાલમાં તે પોતાનું દુખ ઘડીભર ભુલી ગયો. પણ જેવો તે પોતાની જગ્યેથી ઉઠી તે અજાણ્યા શખ્સને પકડવા જતો હતો તેટલાં તો તેજ બીચારો બોલતો સંભળાયો,

"નહીં-નહીં, મારી હીંમતજ નહીં ચાલતી!" અને એટલું બોલી નવાબ જ્યાં ઉભો હતો તે તરફ તે ધીમે ધીમે આવ્યો. નવાબ તેને જોઇને પાછો પોતાની જગ્યા ઉપર બેઠો અને જેવો તે તેની જરા નજીક આવ્યો કે તે બોલ્યો.—

"અય કમનસીબ આદમી, તું કોણ છે—અને તું હમણાં કેવું જનુન કામ કરવા જતો હતો ?"

"આહ ! કોઇ ત્યાં છે ?" તે અવાજ સાંભળતાં સાથેજ નવાબનો આકાર તેની નજરે પડતાંજ તે ચોંકીને બોલ્યો. "ઓ, તું જેવી હોય તે, જો તુંને મારે માટે ખરીજ દિલસોજીની લાગણી હોય તો મને મારાં દુઃખમાં સહાય થઇ તારા ભલા ખવાસની મને ખાત્રી આપ."

આટલું બોલી તે નવાબની આગળ આવ્યો અને તેને તેમ આવતો જોઇ નવાબ પોતાની બેઠક ઉપરથી ઉઠીને ઉભો થયો. બન્ને એકમેકની સામે ટીકતા ઉભા, અને તે શીહા રાતની શીહાઇમાં જેટલા બની શકે તેટલા તેઓ એકમેકના દેખાવથી વાકેફ થયા. નવાબે પોતાની સામે ઉંચા સારા બાંધાના સ્વચ્છ પોષાક પેહેરેલા એક જવાનને ઉભેલો જોયો. તેનો ચ્હેરો હતો તો કુદરતીજ ખુબ સુરત, મગર બુરા લખ અને બદીનાં વ્યસનને લીધે તે સોહોરાઇ સુકાઇને ફીકકો મારી ગયો હતો. બીજા હાથ ઉપર તે અજાણ્યા શખસની ફાટેલી ચશમ નવાબે પ્હેરેલાં ઉજળાં ફુલ જેવાં પય રહણમાં પોયલાં ચકચક થતાં હીરાનાં બટન અને તેણે પ્હેરેલા સોનાના છેડાપરજ ગોયા ચોંટી રહી હતી.

"તું મને તારાં દુઃખમાં મદદ કરવા કહેછ, તો મને પ્હેલાં જણાવ કે તું કોણ છે અને શું કરેછ ?"

"મારી આખી તવારીખ એક પાંચ હર્ફમાં કહી શકાય તેવી છે. મને એક શરીફ્જાદા તરીકે ઉધારવામાં આવ્યો હતો, એટલે, મારાં માદર પેદરે મને કોઇબી જાતના એલમ હુન્નરમાં ન નાંખતાં મને મારી મોજ મજાહમાં અને ઐયાસીપણામાંજ છોડયો હતો, જેમ તેઓએ નહીં કરવું હતું. પણ તેઓ ઘણાં જરદાર હતાં અને હું તેમનો એક પુરો એકલોજ બેટો હતો, એટલે તેઓએ

મને આમ બેહદ લાડમાં ઉછેર્યો હોય એ બનવા જોગ છે. હું વીસ વર્ષની ઉંમરે પુગ્યો તેટલામાં તેઓ બંને ગુજર પામ્યા, અને એક વર્ષ બાદ હું ઉંમરે આવતાં સાઠાઠ હજાર રૂપ્યાની નાદર રકમનો હું એકલો અચુક માલેક થયો. મારી ઉંમર હાલ સત્તાવીસ વર્ષની છે, અને છ વર્ષના ટુંક અરસામાં શરત અને એવા બીજા જુગારમાં તે સઘળી દોલત મેં ખોહી દીધાથી આજે એક કુતરાંને અવતારે હું રખડુંછ. લોક કહે છ કે ચકરાર કીધાથી જીવને શાંતી મળેછ, અને તેમની એ કહેતી ખરીજ હોય તો આ મુજબ તમારી આગળ મારી છાટી ખુલ્લી મુકયાથી મને તેનો લાભ મળશે એવી આશા રાખુંછ."

"ત્યારે, અય જવાન, શું તું એટલો બધો જીવપર જબરી કરવા જેવી હાલતમાં આવી ગયોછ?" તેની હાલતથી પુરતો વાકેફ થવાને નવાબનાં દીલમાં કાંઇ છુપી જીજ્ઞાસાની ઉશ્કેરણી થવાથી તેણે તેને પુછ્યું.

"મારૂં સત્યાનાશ એટલી હદ સુધી વળયુંછ, માયાળુ સાહેબ, કે મારે રેહેવાને મકાન નથી કે ખાવાને નાન નથી—અને હું જે પહેલો મને મળે તેને લુટવા યાતો આ તળાવમાં પડી આપઘાત કરવાના વિચારથી આ બાગમાં આયો હતો. લુટવા લાયક કોઇ ન મળયું અને આપઘાત કરી મરવા માટે જીવ કમકમ્યો, એટલામાં તમો મેહેરબાન મને મળી ગયા એટલે ઠીકજ થયું."

"ત્યારે શું તું મને લુટશે?" નવાબે પુછ્યું, અને આ સવાલ પુછતી વખતે તેનો અવાજ ધ્રુજી રહ્યો, તે કાંઇ તેની સામે ઉભેલા શખ્સની બીહીકથી નહીં; પણ તેનો અવાજ એમ ધ્રુજયો કે તેજ વખતે તેના કાનમાં કોઇ છુપા અવાજે ફુંક મારી કે તેને તેની હાલની હાલતમાં જેવા એક આદમીની જરૂર હતી તેવોજ, કોઇ ફરીસ્તે તેને મેળવી આપ્યો હતો.

"તમને હું લુટસ ?" ખડખડ હસી પડી તે જવાન બોલ્યો, "અને કાંય નહીં વારૂં ? તે વિશે કાંઇ તમને વાંધો છે ? આ રેશમી કબાહને તમોએ બટન દેઇ બંધ નહીં કીધેલો હોવાથી તમારા ખમીસનાં હીરાનાં બટન મારી નજર સામે ચલચલ થાયછ; હાથને આંગળેની વીંટી અને આ સોનાનો છેડો એ શું દેખાડેછ ? એ દેખાડેછ કે ગજવાંમાં એક સાબુત ભરેલી ઠેલીબી હોવી જોઇયે. વળી જેમ તમે ઉંમરે છેવો તેમ આગે એકવરયા છેવો, જયારે હું એક મજબુત બાંધાનો પઠો જવાન છેઉં. વળી તમો તવંગરી કરતાંબી આલે તવંગર દીસોછ, જયારે હું ગરીબી કરતાંબી વધુ ગરીબ છેઉં, માટે તમો મને જો તમારી ઠેલીની નિવાજેશ કરશો તો તમે કાંઇ બોહેલું કેહેવાશે નહીં, જયારે તે મને તો ઘણીજ કામ લાગશે. તમો સાહેબ દોલત હોવા ઉપરાંત દિલે દિલાવર લાગોછ; એટલે મારી એ અદના અર્જ, ઉમીદ છે કે તમો ના પાડશો નહીં."

તે જવાન આટલું બોલતો હતો તેટલાં નવાબને પોતાની સામે ઉભેલા જવાનનું બરાબર તોલ કરવાને બની આવ્યું. તેણે તેની બોલવાની ઢપછપ પરથી જોઇ લીધું કે તે જવાન, જુગારખાનાની ગંધીલી હવા અને બુરાઓની બુરી સોબતથી જેમ તને તેમજ મને બગડીને ધુળ મટોડું થઇ ગયો હતો; અને તે આજે તેના દોસ્તોએ તેને લુટી તેનાં વાળેલાં નખોદને સબબે એવો જીવપર આવેલો હતો કે ગમે તેવું પાપીમાં પાપી કરમ કરવાને પણ તે આંચકો ખાય નહીં.

પ્રકરણ ૪૫ મું.

સત્યાનાસીનું સાટું.

જેમ જેમ આપણા નવાબ સાહેબ તે જવાનની રીતભાત અને ખાસ્યતથી વધુ અને વધુ વાકેફ થતા ગયા તેમ તેમ સેતાને તેવણને આપેલી તે તક હાથ કરવાને તેવણનું મન વધુ અને વધુ લલચાવા

લાગ્યું. દાસી ગુલનારે તેને જે સાંકડી હાલતના સકંજામાં પકડયો હતો અને તેમાંથી કેમ છુટવું તેનો વિચાર કરતો જે વખતે તે બેઠો હતો તે વખતે તેને અબધડી ઉપજેલો ખ્યાલ કદી પણ તેનાં મનમાં નહતો. પણ તે આદમજાતના દુશમને તેના જાનનો કબ જો સદંતર પોતાને હસ્તક લેવા તેના રસ્તામાં આ એક લાલચ મુકી હતી, જેનીથી દુર હઠી જઇને ચાલવા જેટલું મજબુત મન નવાબ ધરાવતો નહતો. દુઃખથી હલાક થતાં મનમાં, વિચારની એક મોટી હારમાળા એક નાની ચીંગારીથી માત્ર થોડી પલમાં ઉત્પન્ન થઇ શકે છે, અને તેવાં મગજમાં કોઇ ચોક્કસ ગુનાહની જડ જેવી પડી કે તેને ફતેહ મળવાનો સંભવ કેટલો છે, તેમાં કાંઇ જોખમ સમાયલો છે કે નહીં તેમજ તેમાં સલામતી કેટલી હદ સુધીની છે એ સઘળા સવાલોનું તોલ તે મગજ ધરાવનાર આદમી માત્ર થોડીક ઘડીમાં કરી લેય છે.

"અં: ત્યારે એમ છે," નવાબ તેની તરફ ટીકતો બોલ્યો, "અને જો તને સોહેલ સુલુકે મદદ કરવા નાજ પાડું તો તું મને લુટે ખરો કે?"

"તેમાં શું શક? લુચ્ચા અને લફંગાઓ મારા સાહાઠ હજાર રૂપ્યા લુટીને ખાઇ ગયા તો તે આખી રકમ નહીં તો તેમાંનો એક ભાગબી હું ગમે તે રીતે પાછો મેળવું તેમાં મને વિચાર શાનો હોય?"

"તું એટલો બધો જીવપર આવેલો છે?" નવાબે તેને પુછયું અને એમ તેણે તેને પુછયું કારણકે તે હજી પોતાની ખાત્રી કરવા માંગતો હતો કે જે એક મતલબ તેનાં મગજમાં હાલ રમી રહી હતી તે પાર પાડવા જેવીજ તેની હાલત હતી કે નહીં.

"અરે મારા મહેરબાન, જીવપર આવેલો મને પુછોછ? અરે, જયારે હું તમોને કહુંછ કે મેં ગઇ કાલ સહવારનું મોંહમાં અન્ન નથી મુકયું, મને મારાં મકાનમાંથી કાઢી મુકવામાં આયોછ, મારો કોઇ દોસ્ત નથી કે સાથી અને આ આંગપર ઓરવેલાં જે કપડાં છે તેજ, બાકી સઘળું ફુકમ ફુકા અને સુકમ સુકા. ત્યારે હવે મને કહોની સાહેબ, કે એ સઘળું મને મગજથી બેમગજ બનાવવાને પુરતું નથી? પણ, આહ, હું તમારી મતલબ સમજયો, જનાબ, તમે એમ કરીને વખત કાઢી નાંખવા માંગોછ કે તેટલામાં કોઇ તમારી મદદે આવી લાગે અને તમને મારા પંજામાંથી છોડવી મને કદાચ તે પહરેજ કરે પણ સાહેબ, હું પકડાઇને ચાવડીમાં કેદ પડું તેનાં કરતાં તો આ પાણીમાં ડુબી મરવાનું વધારે પસંદ કરૂં. આવો ત્યારે બોલો, તમારી થેલી તમે મને રાજીખુશીથી આપોછ કે જબરદસ્તીથી તે હું લેઉં?"

"નહીં, હું તે ખુશીથી આપુંછ લે, એમાં નોટ અને રોકડ મલી બસોથી ત્રણસો રૂપ્યા છે."

"અરે, વાહરે મારા સખીવજુદ, સખી તબેહના સાહેબ, તમારી આ બક્ષેશને માટે તમારો બહુ મોટો ઉપકાર મારે માનવો સજાવાર છે" તે જવાન તે થેલીને બહુજ મજબુતીથી પકડી બોલ્યો. "પણ એના બદલામાં તમે કાંઇ મારાથી તમારી ગરજ સારવાની મતલબ રાખી હશે? તમારી આ હાતમ દીલની બક્ષેશથી હું બે અનુમાન પર આવુંછ. એક તો એકે તમો નહીં સમજ પડે તેવું સખી દીલ ધરાવનાર આદમી હોવા જોઇયે યા તો ચપ દેઇ આવી ભારી થેલી એક તડાકે કાઢો આપવામાં તમારી કાંઇ છુપી મકસદ હોવી જોઇયે. ત્યારે મારૂં કયું અનુમાન ખરૂં છે, મેહેરબાન?"

"છેલ્લું." નવાબ બોલ્યો, "ટુંકમાં કહું તો મને એવા આદમીની મદદ હાલ જોઇયેછ કે જે પૈસાને ખાતર કાંઇબી કામ કરવાને તે તઇયાર હોય. કાંઇબી, હ કે–કાંઇબી, પછી તે ગમે તેવું જબુન, ગમે તેવું ઘાટકી, ગમે તેવું પાપી કે ગમે તેવું––"

"હા, પણ તેમ તેની કીંમતબી તેના પ્રમાણમાંજ હશેની?"

"અલબત, મેં તને હમણાંજ ખાતરી આપી હેની કે હું કેવો ઉદારતાથી વરતી શકુંછ?"

"હા, જો મારા હાથમાંની આ રકમને 'બેઆણા' તરીકે હું લેખીને કહું તો મને તો આ તમારી કામ પાડવાની રીત બહુજ પસંદ છે."

"ત્યારે તુ મારૂં ગમે તેવુંબી કામ કરવાને તૈયાર થાય કે?' નવાબે પુછયું.

"હા, ગમે તેવું તમારૂં કામ હોય તો તે માથે લઇ રામબાણ પાર ઉતારવાને તૈયાર છું." તે નાશ પામેલો જુગારી બોલ્યો, "અલબત, તમારી આ વાતની ઢપપરથી મને જોવાને બની આવે છે કે મારી પાસે તમે કોઇ 'બચ્ચે બાલેકા ખેલ' જેવું કામ કરાવવા તો માંગતા નહીં હશો. હું તો ધારૂંછ, લાલાજી, કે કોઇના લોહીની પ્યાસ—"

"લોહી!" શ્રાપથી ભરેલો એ શબ્દ તેને કાને પડતાંજ નવાબ ચોંકયો, "અને ધાર કે તારી એ અટકલ ખરી હોય તો તેમબી કરવાને તું આંચકો ખાય કે? તું કમકમે કે?"

"જરાબી નહીં!" તે જવાન તદન બેદરકાર ઢપે હસીને બોલ્યો, "હા, પણ તેવા કામના પ્રમાણમાં તેની કીંમત શું પડશે, તે જુવો–તમને મારા ધંધાની જાહેર ખબર કહી જાવું તે તમો સાંભળો: ધોળે દીસે કોઇને લુટવાના રૂ. ૧૦૦ અને લુટમાં બેઆની ભાગ;

જે ઘરપર પોલીસનો પાહારો જારી હોય ત્યાં ઘુસી ચોરી કરવાના રૂ. ૨૫૦ અને ચોરી જે મળે તેમાં બેઆની ભાગ; કેથે આગ લગાડવાના રૂ. ૪૫૦, કોઇ બાળકને ગુંગળાવી મારી નાખવાના રૂ. ૬૦૦, ઉંમરે પુગેલા મરદને ન્હેતો કરવાના રૂ. ૮૦૦ અને ઉંમરે પુગેલી ઔરતને સીધી કબ્રસ્તાનમાં રવાના કરવાના રૂ. ૧૦૦૦: આજે રોકડ કાલે ઉધાર. ઉધાર માંગવાની કોઇ સાહેબોએ તજદી લેવી નહીં."

"પણ એ સઘળું તું મજાકમાં કહેછ કે ખરેખર?" નવાબે તેને પુછયું અને તેજ વખતે તેને ઠંડીનું એક લખલખું ચઢી આવ્યું.

"સાહેબ, ઉલટું મારે તમને પુછવું જોઇએ કે તમો ગંભીર છેવો કે ખાલી મારી મજાક કરોછ?" તે બદમાશે જવાબ દીધો.

'હું એ બાબદમાં તદન ગંભીર છેઉં અને તેની ગવાહ આ તારા હાથમાંની થેલી છે."

"ઠીક, ત્યારે હવે તમે બરાબર વાત કરશો કે મને ટાહેલામાં બીજો અડધોક કલાક ઉડાવ્યા કરશો?"

"નહીં, આજે રાતે તો કાંઇજ નહીં; પણ આજથી બરાબર આઠમે દહાડે મને આયજ જગે અને આયજ વખતે મળજે."

"હા, એટલે તમે દજણેક ભોંસ્યાને સાથે લઇ આવો અને મને કોદરી ઝોલાવી વગર ભાડેનાં ઘરમાં મોકલી આપો, પણ યાદ રાખજો, સાહેબ, કે હું કાંઇ સ્હેલથી સપડાનાર નથી."

"અરે, મુરખ, તને સપડાવવાથી મને ફાયદો શું થનાર?"

"વળી એ મુજબ કાંઇને કાંઇ વાંકસર કોઇ નહીં ને કોઇને સપડાવવાથી તે સપડાવનારને ફાયદો થાયચજ શું? અને તોબી રોજના સેંકડો બીચરા સપડાઇને ધકેલાઇ જાયછ કેની."

"હા, પણ તને ખબર છે કે આપણે ગંભીર ગુફતગુમાં રોકાયલા હતા તે વખતે ઘોડાનાં પગલાં આ તરફ આવતાં સંભલાયાં હતાં, જો! હજીબી તે પગલાંનો આવાજ! એ લોક ઘણુ ખરા પોલીસના સ્વારો હોવા જોઇયે અને હમણુા જો હું મદદની બુમો પાડું તો તું એક પલમાં સપડાઇ જાય. પણ જો, હું તેવું કાંઇ કરતો નથી, એટલે ભવિષમાં પણ તારે માટે એવી બુરી ધારણા હું નહીંજ રાખસ તેની તને ખાતરી થશે."

"ઠીક છે, મહેરબાન, મારી ખાતરી થઇ ચુકીછ, અને તમોપર વિશ્વાસ મુકવાને હું તૈયાર છેઉં."

નવાબે અટકળ કીધી હતી તેમ તે ઘોડેસ્વારો છેક નજીક આવતાં, તેઓને માલમ પડયું કે તેઓ બે પોલીસના સ્વારો હતા, જેઓ તે બન્નેની આગળથી પસાર થઇ છેક દુર ગયા ત્યારેજ નવાબે જબાં ખોલી—

"કેમ હવે તારી પકકી ખાતરી થઇ?"

"અરે, હવે, તમારી ઉપર ભરૂસો મુકયા સિવાય બીજો ઇલાજજ નહીં. પણ તોબી તમો જાણોછ કે હું શું કરસ તે? જુવોની જ્યારે હું બીજી વખત તમને અત્રે મળવા આવસ કેની ત્યારે ભરેલી બે પીસ્તોલ સાથે લેતોજ આવસ, અને જેવી તમારી તરફથી દગાની નિશાણી થઇ કે એક પીસ્તોલથી તમારૂં ભેજું ઉરાડી નાખવાની હું બેઅદબ છુટ લેવસ અને તેમ કરતાં જો સપડાઇ જવાનો સંભવ મને નજીક લાગશે તો બીજીથી હું મારૂં મગજ વીંધી નાખસ, એટલે ખલાસ! કેમકે મારી આજે હાલતજ એવી છે કે હું જીંવ્થોબી સરખો અને મુવોબી સરખોજ, અને તેથી તો તમારૂં કામ પાર ઉતારવાને હું તૈયાર થઇ ગયોછ, પણ તેજ વખતે કોઇ ખર્યો કે કોઇ ભોસ્યું મને હાથ લગાડી મારાં બદનને અપવિત્ર

કરી મારા જીવને નાહક કુહુડાવે તે વિચાર મને પસંદ નથી અને જેલખાનાની હવા મારી તંદરોસ્તીને માફક આવતી નથી. એટલે એ સઘળી મારી તરફની સાવચેતીથી તમો કાંઇ મનમાં ખુરૂં ન લાવતાં હું કે?"

"તારે ગમે તો બેની બાર અને બારની બાત્રીસ પીસ્તોલ સાથે રાખજે. ચાલ, ત્યારે હવે આજથી આઠમે દહાડે બરાબર રાતે દશને અમલે આપણે ત્યાંજ મળશું."

"કબુલ મંજુર, ઓ સખાવતના શાહ, મને કબુલ-સરોચશમથી કબુલ છે."

તેઓ બન્ને હવે છુટા પડયા. નવાબ પોતાના મેહેલમાં ગયો અને પેલો જવાન કોઇ જુગારનાં દોજખખાનાંમાં ઘુસ્યો.

પ્રકરણ ૪૬ મું.

પાપી બનેલો તવંગર અને તવંગર બનેલો પાપી.

ઠેરવેલે જગ્યે તેઓ બન્ને એકવાર ફરીથી મળ્યા. તે ધનાઢ્ય નવાબ અને તે નાશ પામેલો જુગારી! પણ આ વખતેબી તેની બારીકીથી તપાસ લીધા સિવાય નવાબે કશું વધુ પગલું ભર્યું નહીં અને તે તપાસથી નવાબ સંતોષ પામેલો જણાયો. તેણે તે બદમાસના હાથમાં ૫૦ રૂપીઆથી ભરેલી એક ઠેલી મુકી અને આઠ દીવસે પાછું મળવાનું નક્કી કરી તેઓ બંન્ને એકવાર પાછા છુટા પડયા.

વળી પાછા બન્ને એકઠા મળયા; તે નાખપર માખ નહીં બેસવા દેનાર નવાબ અને તે અઠંગ બદમાશ! આ વખતે નવાબ પોતાને હાથ લાગેલાં હથ્યારને લગતી વધુ અને વધુ હકીકતથી વાકેફ થયો, અને હવે તેની પકકીજ ખાતરી થઇ કે જેવું કામ તે પાર ઉતારવા

ખરાં અંતઃકરણથી ચાહતો હતો તેવુંજ કામ બજાવી લાવવાને લાયકનોજ એક કરપીણુ, તેને અકસ્માત હાથ આવ્યો હતો. આ વખતે બીજા ૫૦ રૂપ્યાનો પસરાત તે બદમાશના હાથની હથેલીને લાગ્યો અને હવે બીજા પંદર દાહાડા રહી ત્રીજી વખત મળવાનું નક્કી કરી તેઓ બન્ને છુટા પડયા.

વળી પાછા ત્રીજીવાર તેઓ બન્ને એકઠા થયા. તે પાપી બનતો જતો તવંગર અને તે તવંગર બનતો જતો પાપી; આ વખતે તે તવંગર બનેલા અધમ પાપી પાસે જે કામ કરાવવા તે માગતો હતો તે કામ તે પાપી બનેલા તવંગરે પોતાનું નાપાકીમાં સબડતું દીલ ખોલીને બરાબર સમજાવ્યું, જે સમજી લઇ તે બજાવવાને તે જીંદગીથી કાયર બનેલો જુગારી એક પગે તૈયાર થઇ ગયો.

તે કામની જે કીંમત તેઓ વચ્ચે નક્કી થઇ તે કીંમતનો એક ભાગ તેને આંગપર આપવામાં આવ્યો; અને બાકીનો કયારે અને કેમ પગાર કરવો તે વિષે નક્કી કરવામાં આવ્યું અને તે કામ કેમ હાર પાડવું તેને લગતી બારીકે બારીક વિગત તે નવાબે પોતાના આડત્યાને સમજાવી. તે બન્નેની એ રીતની સુજગુજ પુરી થતાં તેઓ બન્ને છુટા પડયા.

* * * * *

દાસી ગુલનારે નવાબજાદા રેહેમતની પરણેતર થવાનો ઠેરાવ નવાબને જણાવ્યાને મહીનો ઉપરાંત થઇ ગયો હતો, અને તે અરસામાં તેણીને એ હુલડ કદમમાંથી પાછી હઠવાને નવાબે ઘણીબી સમજાવી પણ ફોકટ. તેનીથી જેટલા વધતામાં વધતા, સગવડથી આપી શકાય તેટલા પૈસાની એક મોટી રકમ તેણે તે દાસીને આપવા માગી, મગર, તે માંગણીને તેણીએ તુચ્છકારી કાઢી અને પોતાનીજ મરજીનુ

ઇનામ મેળવવાની તે કમીની હઠ લઇ બેઠી. આખરે જયારે નવાબે જોયું કે તે પોતાના નીચ ખવાસને આધિન થઇ સમજાવેલી સમજતી નથી તો પછી એક છેલ્લા ઇલાજ તરીકે જે વિચારને તેણે આજ મહિનો થયો પોખીને પક્કો કીધો હતો તે વિચારને અમલમાં મુકી દેવાનો તેણે મજબુત ઠરાવ કીધો, અને તેજ કામ પાર ઉતારવાને તેણે તે નાશ પામેલા જુગારીની મદદ લીધી હતી.

તે જુગારી સાથના તેના છેલ્લા મેળાપની બારવને અહવારે નવાબે દાસી ગુલનારને પોતાના કશ્રેખાસમાં તેડી લઇ જવાની એક તક હાથ ધરી; અને જેવાં તેઓ તે ઓરડામાં એકલાં પડયાં કે નવાબે તેણીને કહ્યું—

"જો, ગુલનાર, મારા બેટાનું સાફ સત્યાનાશ વાળી મને રંજીદા કરી કવખતે કબરવાસ કરનાર તારા તે નખોદયા ઠરાવથી હાથ ઉઠાવવાની તને આ છેલ્લીવાર ઓજરખવાહીથી અરજ કરૂંછ."

"મારા મહેરબાન સાહેબ, એ સઘળું 'બચ્ચે બાળેકા ખેલ જેવું લાગેછ; હું તમને આજ મહીનો થયો વારંવાર ખાતરી આપી ચુકીછ કે મારો ઠરાર ફરવો તદન મુશકેલ છે."

"પણ તું જોયછ, ગુલનાર, કે મારો કમનસીબ બેટો તો કોઇ બીજીનેજ ચાહેછ. રાત અને દીન તે દરજણની છોકરીને શોધતો ફરેછ તેનું કેમ?"

"તેને હું શું કરૂં, ગરીબ પરવર? આપણે દુન્યામાં જે બધું ચાહયેછ તે આપણને કાંઇ મળેછ, વારૂ? થોડી ઘણી આપણી ચાહેલી ચીતલી આશા સફળ થઇ એટલે બસ; અને મને કયાં નવાબજાદા રેહેમતની મોહબત જોઇયેછ? તેની મોહોરદાર તરીકેનો માન મરતબો મને મળ્યો તેજ હું ગનીમત સમજસ."

"તારા એ નેકો તદન કંગાળ નીવડશે, ગુલનાર, કેમકે મારો દીકરો તેનાં પોતાનાં સુખનું સત્યાનાશ વાળનારને ખરા દીલથી-જીગરથી ધિક્કારશે."

"તે માટે હું દલગીર છેઉં, મગર, એક ફાંટાબાજ શેઠ કે મગજની ફેરાવણ શેઠાણીના તાણાબાણી ખમતી એક દાસી થઈ રહેવા કરતાં ભવિષ્યના એક નવાબની હીણાયલી બેગમ થવાનું હું વધારે પસંદ કરસ."

"એવાં શેઠ શેઠાણી તને મળયાંજ નથી."

"મળ્યાં નથી તો કદાચ ભવિષ્યમાં મળે!"

"ગુલનાર, ગુલનાર, મારા બેટાએ તારા નાખુનને વટીક ઇજા કીધી નથી, અને તેનેજ તું દુઃખ દેવા બેઠીછ?"

"દુઃખ! દુઃખ શાનું! મને પરણી તે જેમ ગમે તેમ કરવાને પોતાની મરજીનો માલેક રેહેશે. ભલે તે ગુલઝારને ઢુંડી કાઢે અને તેને પગાર આપી રાખે તો મારે ક્યાં ના છે?"

"અરે, તું એટલી બધી કઠણ દીલની અને સુહુનાં હઇયાંની ક્યારે હતી? તે ઉપરાંત તને કદાચ આગળ જતાં ખાતરી થશે કે ખરૂં સુખ કંઇ મોટાઇ અને માન મરતબામાંજ સમાયલું નથી. મોટાઇએ અને માનમરતબે પુગેલાઓ કંઇ બધાંજ સુખી હોતાં નથી. હું પોતેજ કેટલો દુઃખી હૌઉં તે તો તું જાણેછ."

"હા, પણ સુખ શામાં સમાયલું છે ને શામાં નહી તે સમજી લેવાનું કામ મારૂં છે તમારૂં નથી. હવે એ તકરાર માંડી વાળો. એની એજ તકરાર આ મહીનામાં છપન વખત તમે કાહાડી અને એવાજ જવાબો મેં છપન વખત તમને આપ્યા. દુન્યામાં ભરેલી સઘળીજ ફીલસુફી, સઘળી ઓજરખવાળી ભરી અરજ અને સઘળી તકરારો સાથે મળશે તોપણ હું મારા ઠેરાવમાં પાછી હઠનાર

નથી, એટલુંજ નહીં પણ હવે ઝાઝી ઢીલબી હું સાખી શકતી નથી. એમને એમ મહીનો નીકળી ગયો અને રેહેમત સાહેબ તો હજી એ વાતથી અજાણુ છે. હવે તમો નામદાર જલ્દીમાં જલ્દી એ વાત તેવણુ આગળ કયારે છેડવાનો વિચાર રાખોછ ?"

"ઠીક, ત્યારે સાંભળ, ગુલનાર, કે આ ઢીલ જેમ તને કંટાળાભરી થઇ પડીછ તેમ મને પણુ પજવનારી નીવડીછ. જયારે મારાં કીસમતમાં બુરૂં બનનારજ છે તો તે હવે જલ્દી બની જાય તો સારૂં એમ મને પણુ લાગેછ, કેમકે, ચીતા કરતાં ચીંતા કઠણુ, તેમ એ બાબેની મારાં મનમાં ઉભી થયલી ચીંતા ગોયા મારાં માસ અને લોહીપર પોતાનો ગુજારો કરી ઉધરીને પોખાયછ, માટેજ આજે તારો છેલ્લો ઠરાવ સાંભળી લેઇ એ બાબદમાં ઘટતું કરવાનો મેં વીચાર કીધાથીજ હમણાં હું તને લાં બોલાવી લાગ્યો."

"હવે ત્યારે મારો સેવટનો ઠરાવ તમને મળી ચુકયો, એટલે, એ કામ તમો કયારે હાર પાડશો ?"

"જયારે તું મારાં ખાનદાનને તારા લોભનો ભોગજ કરવા બેઠીછ તો તે ભોગ તને આપવાને મારેબી હવે કીંમત પકડવીજ જોઇયે."

" અને આફ્રીન છે તમારી એ કીંમતપર ! ત્યારે એ વાત રેહેમત આગળ તમે કયારે છેડશો ?

"હમણાંજ, બપોર પડે તેની અગાઉ."

" અને નેકા ?"

"ચોવીસ કલાકની અંદર. ચાલ હવે તું જા અને કોઇ નોકરને કહે કે નવાબજાદાને અત્રે મોકલે."

પ્રકરણ ૪૭ મું.

લોભનો ભોગ—ભોગનો લોભ.

થોડાક વખતમાં નવાબજાદો રેહેમત પોતાના પેદરની હજુરમાં આવીને ઉભો, અને નવાબે તેને બેસવા કહી નીચે મુજબ બોલવું શુરૂ કીધું—

"મારા વ્હાલા બેટા, આજ થોડાક મહીનાઓ થયા તારામાં જે દુઃખદાયક ફેરફાર થયલો હું જોઉં છ તેથી મારૂં દીલ ઘણુંજ રંજીદા થાયછ. આટલો વખત તો હું એ બાબે કશું બોલતો નહતો, પણ હવે એ દુઃખ મારા દીલમાં વધુવાર હું સમાવી શકતો નથી. શું તારા દુઃખનું કાંઇ છુપું કારણ છે? તારા પોતીકા બાપ તરફ એ રીતે અવિશ્વાસ બતાવવાનો તને કાંઇ સબબ છે?"

"મારા વ્હાલા પેદર, તમોથી મેં એકાદી વાત છુપાવી હોય તો તેને માટે મને સંતાપશો ના." રેહેમત બોલ્યો અને તેજ વખતે તેણે પોતાની જગ્યાપરથી ઉઠી નવાબનો હાથ લઇ તે હાથનું ચુંબન કીધું, "કેમકે હું જાણુતો હતો કે તે વાત તમને જણાવસ વો તમો મને ઠપકો—"

"ત્યારે, રેહેમત, હું શું અટકળી શકુંછ તે તને કહું? તું કેઠે પ્યારમાં પડયોછ, તેં કોઇ સાથે સંબંધ રાખ્યોછ અને તે વાતથી તું શરમાતો ફરેછ, ખરૂં કેની?"

"હા, મેં મોહબત બાંધીછ ખરી, પણ સંબંધ રાખ્યો નથી, અને એક માયાળુ, ઉમદા ખવાસની, નેક નીતીમાન અબલાને ચાહવામાં હું શરમાઉં કાંય તે હું સમજી શકતો નથી. શું તે મુફલેસ છે તેથી? શું તે માતબર મંડળોમાં ફરનારી નથી તેથી? શું તે—"

"તે કોણ છે વ્હાલા બેટા?"

"જેને હું ચાહું છું તેને લગતી કેફીયત હવે તમને આપવામાં હાંસલ શું છે?" રેહેમત છેક ગીમાઇ પડી બોલ્યો, "તેને તો મેં સદાનીજ ખોઇછે એમ હું બીહુંછું, કેમકે, તેણીનું ઠર ઠેકાણું મને શોધ્યું જડતું નથી. તે બીચારી હૈયાત છે કે નહીં તે વટીક હું જાણતો નથી." અને અટલું બોલતાંજ તેની આંખોમાંથી આંસુ નીકળી પડી તેના ગાળપર ધારા વહેવા લાગી.

"ત્યારે તો જે ખાનદાને તુચ્છ ને પૈસે ગરીબ એવી એકનો તારા જીગરમાં ઉશકેરાયલો પ્યાર તારે મેહેનત લેઇ દાબીજ દેવો જોઇયે." તે મોટાઇમાં મરી રહેલો નવાબ બોલ્યો. પણ રેહેમતે તેનું બોલવું સાંભળ્યુંજ નહીં, કેમકે, તે બીચારો અડધી બેભાન હાલતમાં છાટીપર ડોક નાખી બેઠો હતો. થોડેવારે પોતાના ખ્યાલોમાંથી તે સજાગરૂ થતાંજ જવા ઉઠયો પણ તેના બાપે તેનો હાથ પકડી તેને તેમ કરતો અટકાવ્યો અને તે બોલ્યો:

"મારા વ્હાલા બેટા, તારૂં આ દુઃખ મારીથી દેખી શકાતું નથી તેનું કેમ?"

"તમારી દિલસોજ લાગણી માટે તમારો હું ઉપકાર માનુંછું, માનવંત પેદર, પણ જ્યાં સુધી મને મારી ગુલઝાર-તેણીનું નામ ગુલઝાર છે તે—મળશે નહીં ત્યાં સુધી હું તમામ સુખ હરામ સમજસ."

"વારૂં, રેહેમત તું મારૂં એક કહ્યું કરશે?"

"સરો ચસ્મથી, પેદર, ફરમાવો, શું છે?"

"જો, આજે મારા પુરાણા દોસ્ત નવાબ સર રફિક-ઉદ-દઉલા નવાઝજંગને ત્યાં જમવા જવાનું મને ઇજન છે, ત્યાં તું રાતે મારી સાથે આવશે?"

"હા, વ્હાલા પેદર, જો તમો તેથી રાજી થતા હોવ તો હું જરૂરજ આવસ. અલબત હું ગમે તેવો દુઃખના ડુંગર તળે દબાયલો હોવું તો પણ તેથી તમને રંજીદા કરવાનો મને કશો પણ હક નથી"

"મારે માટેની તારી આવી કાળજી જોઇ હું ઘણો ખુશી છેઉં, બેટા, જરા પોષાક બરાબર સજજે, કેમકે રફિકની વડી બેટી મેહેર આલમની આજે સાલગરેહ છે, એટલે ધામધુમ અને દોરદ મર ઝાઝી હશે અને સાંભળ્યા મુજબ આપણા રેસીડંટ સાહેબ સર રીચર્ડ કાઉચ જેવણના દોરાનો હાલ અતરે મુકામ છે, તેવણ, પણ પોતાની મોહોરદાર લેડી કાઉચ જોડે ત્યાં હાજર થનાર છે, એટલે આખી મીજલસ ઘણી શોભાવાળી બનવાની દરેક વકી છે. સાત વાગે તૈયાર થઇ રહેજે."

"ઠીક છે, પેદર, કાંઇ બીજી ફરમાશ છે?"

"નહીં, દીકરા, કાંઇજ નહીં. એટલુંજ કે તું એકદમ લેવાઇ લુટાઇ ના જા, જરા સબ્ર કર, સબ્રથીજ—

"આહ! સબ્ર કરૂં? વ્હાલા પીદર, સબ્ર કરૂં, જબ્ર કરૂં કે આમાને કબ્ર કરૂં!" એટલું બોલી તે ત્યાંથી ચાલી ગયો.

* * * * * * *

તે ગયો કે પા કલાકમાં દાસી ગુલનાર નવાબ આગળ આવીને ઉભી રહી.

"બેટી ગુલનાર, કેમકે હવે તને મારે બેટીજ કરી પુકારવી જોઇયે, હવે કાંઇ દાસી કહેવાય? હું સઘળો બંદોબસ્ત કરી ચુકયોછ અને પોતાના પેદરનાં માનની જાળવણી ખાતર પોતાનો ભોગ આપવાને મારા તે વ્હાલા બેટાએ કબુલ કીધુંછ."

"વાહ! કેવો ભલો જવાન, આ સાંભળીને તો મારૂં દિલ તેની તરફ વધુ જોસથી ઉછાળા મારી રહ્યુંછ!" ગુલનાર ખુશી થઇ બોલી,

"પણ નેકા કયારે પઢાશે અને તે બાબે શું બંદોબસ્ત તમોએ કીધોછ ?"

"જો, ત્યારે, ધ્યાનથી સાંભળ. સરફરાજ ખાનદાનના વડા મુરબ્બી તરીકે, જો એમ જાહેર થાય કે મેં આ લગ્ન ગોઠવ્યાંછ તો મને નામોશીથી નીચું જોવું પડે, માટે મેં તાગડો એવો રચ્યોછ, કે સઘળો વાંક મારા બેટાનોજ નીકળશે. સૌ એમ જાણશે કે તારી અપાર ખુબસુરતીથી અંજાઇ જઇ મારો બેટો તને નહસાડી લઇ ગયો અને તારી સાથે પરણીને પરવારી ગયો. થોડાક મહીના તો હું તમને જાણે આવારનિવાર કરી મુકસ, અને તને કે તેને કોઇને પણ મળવાની નાજ પાડસ, પણ આખરે તમો બંન્નેનો એ ગુનાહ માફ કરી તમને મહેલમાં લાવી રાખસ."

"દુન્યાને ઠગવાનો આ તૌર ખરેખર તમારી અકલને ઘણો માનભરેલો છે."

"ત્યારે, જોની, આજે રાતે નવાબ સર રફિક-ઉદ-દઉલા નવાબ જંગને ત્યાં અમો બંન્ને જમવા જનાર છીયે. રેહેમત તો આવનારજ નહીં હતો, મગર, તમો બંન્નેના આ નેકાને નહાસભાગનું ખરૂં રૂપ આપવા ખાતર તેણે તેમ કરવાને કબુલ કીધુંછ."

"હું સમજી, પછી ?"

"પછી એમ કે રેહેમત દશ વાગે મીજલસમાંથી સટકી આવશે, અને તું જાણેછ કે નવાબ રફિક સાહેબનો બંગલો 'બાગે આમ'થી કાંઇ ઘણો દુર નથી, એટલે તું 'બાગે આમ'ના તળાવ તરફના દરવાજા આગળ ઝાડના ઓઠા પાછળ રાત્રે દશ વાગે ઉભી રેહેજે, અને જેવો તે તારી આગળ આવશે કે 'રેહેમત' કરી બોલશે કે તેવીજ તું 'ગુલનાર' કરી જવાબ દેજે. જેવો તેને એ જવાબ મળશે કે તે તુંને ત્યાંથી લઇ તે ચાલતો થશે, અને થોડેક દુર

જંગલમાં ઉભેલી એક ગાડીમાં તમો બંન્ને બેસશો અને તે ગાડી તેને અગાઉથી હુકમ મળ્યા મુજબ એક નજીકનાં ગામમાં તમો બંન્નેને લેઇ જશે, જ્યાં કાલે સહવારે તમો બંન્ને પરણીને એક થશો. કેમ એ સઘળી યોજના તને પસંદ પડી ?"

"ઘણી પસંદ પડી, મારા મહેરબાન, અને તેણી હું ચાહુંચ કે બધી નાહકભાગનો નાટક નહીં થતે તો બેહેતર, પણ ચાલો, કાંઇ નહીં મારી પાસે નથી તે ટાંકણે પહેરવાનાં કપડાં કે નથી કાંઇ જેવર, જ્યારે નવાબજાદા તો મીજલસને ખાતર ખુબ બનીઠનીને આવશે."

"મારી એકુ બેટીનો ભપકાભરેલો પોશાક લેઇ લેજેની, અને તને જેવર જો જોઇતાંજ હોય તો બેગમ સાહેબનાં આટલાં બધાંમાંથી થોડાંક લઇ લીધાં તો કોણ પુછવાનું છે ? આખરેબી તો એ સઘળાં માંનું થોડું તારે ફાળે તો આવશેજ કેની ?"

"પણ તે ચોરીજ કેહેવાય કેની ?"

"અરે પણ તે ચોરી કરનાર તરીકે અમે અમારા બેટાની બીબીને કાંઇ પકડવાનાં છીયે ? ઉલટી એ વાત દાબી દેવાના અમો ચાંપતા ઉપાયો લેઇશું, અને ગુલનાર, હજી હું તારા કબજામાં નથી ?"

"હા, ખરૂં, અને તેથી તમો તો મને બચાવી લેશોજ; ઠીક ત્યારે મારા મેહેરબાન સાહેબ, તમારા ફરમાવ્યા મુજબ હું બધું કરસ અને તે પાક ખુદાના કસમ ખાઇને કહુંછ કે આ કામમાં જ્યારે તમે મારી મરજી સાચવી મારી ઓહોંસ પુરી કીધીછ તો તમારા ભરમની વાત મારા આ ધરાખ સીનામાં સદાની સચ-વાયલીજ રેહેશે."

"હવે તારા પોતાના ખાવીંદના પેદરની શરમ તો તને ધરજ્યાત સાચવવીજ પડશે. ઠીક, જા, ત્યારે બાગે અમના દરવાજા આગળ રાતે દશ વાગે બરાબર હાજર રહેજે."

"બરાબર દશ વાગે ત્યાં હાજર, મારા માનવંત સાહેબ, બંદી નમેછ." કરી ત્યાંથી તે હસીને ચાલી ગઇ અને નવાબનો ચ્હેરો કાંઇ છુપી ફતેહની ખુશાલીથી ચમકી રહ્યો.

પ્રકરણ ૪૮ મું.

કાળી રાતનું કાળું કામ.

રાત અંધારી હતી, અને સપટેમ્બર મહીનાની તે હજી શુરૂઆત હોવાને લીધે આસમાન, વાદળાંઓનાં કાળાં ધાબાંથી ઠેકાણે ઠેકાણે છવાઇ રહ્યું હતું. પવન ઠંડો ફુંકી જાહેર કરતો હતો, કે પાનખર રૂતુનું રાજ ખતમ થઇ શીયાળાનું રાજ શુરૂ થઇ ચુકયું હતું. માહાતાબ હજી તલુ થવાને વખત હતો અને સેતારાઓની બી જે થોડી ઘણી રોશની હતી તે પેલાં કાળાં વાદળોને લીધે ઝાંખી પડતી હતી. પવનની ફુંકને આધીન ઝાડોનાં પાંદડાં સળુસળી રહ્યાં હતાં, અને કુલ મામલો તપાસતાં રાત ખરેખર બીહામણી લાગતી હતી.

તહેસીલીની સોઢીએ દશનો અમલ જાહેર કરતાંજ દાસી ગુલનાર 'બાગે આમ'ના શાહીતળાવ તરફના દરવાજા આગળ આસ્તે આસ્તે આવીને એક મોટા દરખતને આડે ઉભી રહી. ઠંડી રાત તરફ જોતાં તેણીએ પ્હેરેલો પતલો રેશમી પોષાક તદન નવાઇ જેવો હતો. નવાબના કહેવા મુજબ તેણે બાનું સલીમાનો એક રેશમી પોષાક તફડાવ્યો હતો અને બેગમ સાહેબનો ઝવેરનો દાબડો પણ પોતાને હસ્તક લીધો હતો, જેને એક ઝીણી ગરમ શાલમાં છુપાવી તે 'શાહે રગંજ'માંથી છુપાછુપ બહાર નીકળી પડી હતી.

તે ઝાડને આડે તેણીને ઉભી રહેવાને પાંચ મીનીટ થઇ તેટલાં માથાથી પગ સુધી ઢંકાયલો એક આકાર તેણીની તરફ આવતો દેખાયો; તે આકારની નજર તે ઝાડ આગળ લટાર મારતી એક અબળાપર

પડતાં તે જરા અચકાયો, પણ તેનાં કદ અને તેની ચાલની ઢબ પરથી તેને રેહેમત દાખલ પીછાણી ગુલનાર સામી તેની આગળ ગઇ.

"રહેમત!" એક બોલ્યો.

"ગુલનાર!" બીજીએ જવાબ આપ્યો.

અને બીજીજ પળે તે લાંબા જામો ઓઢેલા આકારે ગુલનારની પાંખડી પકડી અને તેને બાગમાંથી ખુલ્લાં મેદાનમાં તે લેઇ ચાલ્યો.

ચાલ્યાં, ચાલ્યાં, તેઓ ચાલ્યાંજ કીધાં, અને કોઇ એકબી શબ્દ બોલ્યું નહીં. ગુલનાર સમજી કે રેહેમતને આ મુજબ તેણીની સાથે નેકા કરવાની ફરજ પડયાથી તે હતો તે કરતાં જરા વધુ તુંદ અને મગરૂર બન્યો હોવોજ જોઇએ; એટલે મોહબતી કલામ હાલ તેની જબાનથી નીકળવા મુશકીલજ તો! બીજા હાથપર ગુલ નારનાં મગજમાં કાંઇ રાઇ થોડી હતી? તે તેણીને પરણતો હતો તે કાંઇ ઉપકાર કરતો હતો કે? તેના બાપની આબરૂ તેને વહાલી હશે તોજ તેણે તેમ કરવા કબુલ્યું હતું કેની?

પણ ચુપકીદી તેબી કેટલી? તેનીબી કાંઇ હદ હોય કે નહીં હોય? હવે ગમે તેવું મન મોટું કીધા છતાં ગુલનારને ચટપટ થવા માંડી અને જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તે ચટપટ હવે ધાસ્તીનું રૂપ લેવા લાગી. રખે કાંઇ બુરૂં બને એવી દેહેશત ગુલનારની છાતીમાં હવે જન્મ પામી.

વારૂં, આટલું ચાલ્યાં પણ ગાડીજ નહીં મળે? તેને કયાં ઉભી કરવાનો હુકમ થયો હતો? તેણીને પહેલે બીહીકનો ઇશારોજ માત્ર થયો હતો, પણ હવે તો તે ધ્રુજવા લાગી. પોતે અબળા જાત એકલી! અટુલી, એક જવાન જેને ગળે તે જબરજસ્તીથી ઓરવાવા માંગતી હતી તેની સાથે આવી અંધારી રાતે, ચોરેલો પોષાક પેહેરી, હાથમાં ચોરેલાં જેવરનો દાબડો લઇ તે જવાનની પાંખડીથી તણાઇ-ઘસડાઇ

તે ક્યાં જતી હતી? અરે! પણ આવા ભયભીત અપસુકન વચ્ચે જે નેકા થાય તે સુખી નીવડેજ કેમ? પણ આહ! નેકા નહીંજ થયા તો? જે આદમી પાંખડી પકડી તેને ખેંચ્યોજ જતો હતો તેનો વિચાર તેણીને ઠારજ કરવાનો હોય તો? આસપાસ નજર કરતાં તેણીને બીહામણું જંગલ સીવાય કાંઇજ દેખાયું નહીં. દશ મીનીટ તો એ મુજબ નીકળી ગઇ, અને શુરૂઆતમાં મળતાં 'રેહેમત' અને 'ગુલનાર' એ બે શબ્દો જે તે બંન્નેની જબાનમાંથી નીકળ્યા હતા તે ઉપરાંત વધુ એક બોલ તેઓમાંના કોઇએ કાઢયો હતો નહીં, પણ એ ચુપકીદી ક્યાં તક ચાલનાર હતી? આખરે આજેજ થઇ જેમ તેમ હીંમત કરી તેણીએજ બોલવાની શુરૂઆત કીધી:

"નામવર નવાબજાદા, આપણે ક્યાં જઇયેછ? અને પેલી ગાડી ક્યાં છે? હું તો તદન ઠાકી ગઇછ, અને આ બીયાબાનમાંથી ચાલી જવાની જરૂર શું છે તે હું જોઇ શકતી નથી. તમો મેહેરબાને જરા ગાડી આગળજ કાંપ નહીં ઉભી રખાવી?"

પણ તેનો સાથી તેને જવાબજ શાનો આપે? તે તો તેને ઘસડતોજ ચાલ્યો.

"આહ! તમને ચાહવાની હીંમત કરવા માટે તમો મારી ઉપર ગુસ્સે છેવો, અને કદાચ તમારી પરણેતર થવાની મારી બોહોસને લીધે તમો મને ધિકકારના વટીક હશો. પણ તેની સજા એટલી ઉતાવળે? અને હું તમારો પ્યાર માંગુછબી ક્યાં? તમારે ગમે તો પરણીને મારી સાથે બોલતા ના, મારી સોડ ના સાંધતા. એ રીતે મારૂં છુપું પાકવવા ગમે મને પરણજો, પણ, આ રીતે મારી સાથે ખુલ્લી દુશમની કરતાં સંભાળજો, કેમકે, જેટલો મારો પ્યાર હાલ મજબુત છે, તેટલોજ મારો ધિકકારબી જોરાવર રૂપ લેતાં વાર લગાડશે નહીં અને તમારી તર્ફની આવી

વર્તણુંક મારી તર્ફના ઝેરી કીનાથી ખાલી જશે નહીં! તમો સમજોછો કે? મને જવાબ આપો, ગમે તો આપણે ધણીધણીયાણી તરીકે કેમ વર્તવું તેની મારી સાથે તમને મનપસંદ શર્ત કરો. શું! હજી ચુપ? અય મારા ખાવીંદ જરાતો જબાં ખોલી જરા તો બોલ, નહીં તો મને એમજ વ્હેમ આવશે કે કોઈ સેતાની આકાર મને પોતાની સાથે જહાંનમના ગારમાં ધસડી જાયછે!"

નહીં, ગુલનાર માથું ફેડીને બે કરે તોબી તે આકારે તો જાણે નહીંજ બોલવાના કસમ લીધા હતા.

"નહીંજ? એક સોખન, એક હર્ફ, એક લફ્ઝબી નહી? ચાલ, છોડ, ત્યારે હું તારી પાંખડી વળગી ચાલવાને સાફ ના પાડુંછે. તારી એટલી જબરજસ્તી શા માટે? અને એક અબળા ગમે તેવી ભુલેલી હોય, ગમે તેવી ગુનાહગાર હોય તો તેની એકલી હાલતમાં તેને એમ તડછોડી હેરાન કરવી એ સર્ફ હેમાકત-સર્ફ હેવાન્યત છે! કેમ, હવે કાંઈ બોલશે? મારા રેહેમત, મારા ખાવીંદ બોલ-બોલ—યા ખુદા! આ ચુપકીદીની શું મતલબ?" હજી તે આકાર કશું બોલ્યો નહીં, અને તે હાથ જોડી ઉભેલી અબલાની સામે તે પોતે મુંગો મંતર ઉભોજ રહયો. તેનો દેખાવ એક કબરમાંથી ઉઠી આવેલા શબ જેવો ભયંકર અને ભયાનક લાગતો હતો.

"ફરીથી-ફરીથી છેલ્લીજ વખત તને કરગરીને કહુંછે, રેહેમત, કે તું કાંઈબી બોલ-એક બોલ-એક હર્ફ એક સોખન બોલવા તારૂં દહન ખોલ-યા ખુદા! મારી મદદે આવનારૂં અત્રે કોઈજ નથી?" તેણીએ એક મોટી લાંબી ચીચારી પાડી અને ખાસ કરીને જોયું કે જોઈયે કોઈ તેના જવાબમાં કેઠેથી નીકળી આવેછે? પણ કોઈ—કોઈજ નહીં.

"આહ! તું મને પાગલ બનાવેછે, તું મને અક્કલથી બેગાની કરી મુકવાની આ બાજી રમેછે! તું કોણ છે અને મને

કાંય સતાવેછ? અય મહેરબાન જનાબ! તું કોણુ છે તે મને જણાવ! ઓ! એ શું, ખાબ કે? ઓ! તું ગમે ભુત હોય કે કાંઇબી હોય પણુ હું તો તારો ચ્હેરો જોવાની!" એટલું બોલી તદ્દન જીવપર આવી ગુલનાર એક વાઘણુની માફક કુદી, ઉછળી અને તેણીએ પેલા આકારે ઓઢેલો સાલો ખેંચીને તાણી કઢયો અને થોડી ઘણી તારાની ઝાંખી રોશનીથી તેણીએ જોયું કે તે નવાબજાદો રેહેમત નહીં પણ કોઇ ભલતોજ એગાનો હતો!

એટલી જાણુ થતાંજ તેણીના હાથમાંનો જેવરનો દાબડો પડી ગયો. તેણીએ એક ભયાનક ચીસ પાડી અને તે નાહાસવા ગઇ, પણુ બીજીજ પલે એક જાડી દાગ, જે પેલા આકારે પોતે ઓઢેલા જબ્બામાં આટલો વખત છુપાવી રાખી હતી તે વડે તેણીનાં મસ્તકમાં તેણે એક ફટકો માર્યો કે તેણી વીંધાયલાં હરણુ મીસાલ ઉછળીને જમીન પર પડી. એક બીજો ફટકો અને સઘળું તમામ!

પ્રકરણુ ૪૯ મું.

દાસી ગુલનારનું ખુન!

બામદાદની ઝલક, ફલક પરથી ખલક પર આવી પોંહોચ્યાને થોડોજ વખત થયો હતો કે પોલીસના બે અમલદારો 'બાગે આમ'માંથી નીચે મુજબ વાત કરતા પસાર થતા હતાઃ

"થાણાપર એ વાતની ખબર કેટલે વાગે આવી?" એકે પુછયું.

"મધરાત પછી લગભગ અડધેક કલાકે." બીજાએ જવાબ આપ્યો, "એવું માલમ પડેછ કે નવાબ સાબેર-ઉદ-દઉલા અને તેવણુનો બેટો—"

"તે નવાબજાદો રહેમત કેની?"

"હાજતો, તેઓ બન્ને જણ નવાબ સાહેબ સર રફીક-ઉદ-દઉલાના 'મેહેર-અયવાન'માં મેજબાનીએ ગયા હતા, જ્યાંથી બારેકને સુમારે પાછા ફરતાં તેમને ખબર કરવામાં આવી કે તેમને ત્યાંની ગુલનાર નામની દાસી કેડે ગુમ થઇ ગઇ હતી. તુરતજ સઘળું સલામત છે કે નહીં તેની તપાસ કરવાને તાબડતોબ નવાબે ફરમાવ્યું તો—"

"ત્યારે કાંઇ તે ચોરીને નાહાસી ગઇ હશે એવો તેમને વ્હેમ હતો શું ?"

"તદન નહીં. નવાબ અને તેનો બેટો રુજલીસમાંથી જ્યાં સુધી આવ્યા નહીં ત્યાં સુધી તેવો વિચાર કોઇને આવ્યોજ નહતો. બેગમ સાહેબને તેમજ નવાબની બેટીઓને અને નોકર નફરોને તે દાસીનાં પ્રમાણીકપણા માટે જરાબી શક નહીં હતો, પણ તે બન્ને બાપબેટા આવતાં તેમને જ્યારે ખબર કરવામાં આવી કે ગુલનાર કેડે જણાતી નથી ત્યારેજ તેઓએ બધું તપાસવા માંડયું તો પરીણામમાં ચોરી થયલી જણાઇ આવી."

"બેગમના જેવરનો દાબડો ચોરાયોછ, એંહ ?"

"હા, અને એક બેટીનો પોશાકબી. પણ એમ તો બીજીબી ચીજો ગઇ હશે અને ગભરાટની પેહેલી હરોલમાં તેમને જણાયું નહીં હોય કે શું ગયું અને શું સલામત છે ?"

"હું ધરૂંછ, તારી પાસે તે દાસીનું વર્ણન છેની ?"

"હા, આ રહ્યું." તેણે તે પોતાના સાથીને આપતાં કહ્યું.

"એ દાસી ઘણી ખુબસુરત હોવી જોઇયે." બીજાએ તે વર્ણન વાંચી પોતાનું મત આપ્યું.

"હા, ઘણીજ ખુબસુરત ! ઇન્સપેકટર કાલેખાં જે સૌદાગર અનવરખાંને પકડવા સાબેરગંજમાં થોડાક મહીનાની વાતપર ગયો

હતો—તુને યાદ છે કેની તે સાબેરગંજમાં થોડાક મહીનાની વાતપર બનેલો બનાવ ?"

"હા, પણ આપણા ઇન્સપેક્ટર સાહેબનું શું !"

"નહીં રે, હું એમ કેહેવા જતો હતો કે તે વખતે તેવણે તે દાસીને જોઇ હતી અને તેવણેજ મને હમણાં કહ્યું કે તે ઘણી ઠરસ બંધ કઠેરાવાલી હતી અને તેણીનું આ વર્ણન હુબહુ બરાબર છે. પણ, આહ ! એ શું ?"

"અરે એ તો કોઇ છોકરી પડી હશે—"

"નહીં—આ તો કોઇનું ખુન થયું છ, યા સુબહાન !" અને તે બન્ને સીપાઇઓ જયાં તેમની નજરે કોઇ પડેલું જણાયું ત્યાં તુરત ધસ્યા ગયા.

ફીકડો પોશાક પેહેરેલી કોઇ અબલા ત્યાં જમીનપર પડી હતી. તેણીનાં મગજની ખોપરી ફાટી ગઇ હતી, જેથીજ તેણીનું મરણ નીપજયું હોવું જોઇયે એમ લાગતું હતું. તે શબને થોડેક છેટે એક જાડી ભારી ડાંગ પડી હતી અને તેનાથી થોડે દુર એક ખાલી દાબડો ઉંધો પડયો હતો. તેણે પ્હેરેલા રેશમી પોષાકનાં ગજવાં ચીરાઇ ફસાઇ ગયાં હતાં, જેપરથી માલમ પડતું હતું કે ખુનીની મતલબ ચોરીનીજ હોવી જોઇયે. વળી કાનનાં ચપકાં પણ ફાટી ગયાં હતાં, જેપરથી અનુંમાન થતું કે તેણીએ પહેરેલાં ચોકડાં તે મુજીએ તાણીને લુટી લીધેલાં હોવાં જોઇયે. તે શબ તદ્દન ઠંડુગાર હતું અને તેના સઘળા દેખાવપરથી તેનો જાન કબજ થવાને કલાકો વીટી ગયા હશે એમ જણાતું હતું. તેઓ પાસે દાસી ગુલનારના ચ્હેરા અને આંગનું વર્ણન હોવાથી, તેમને તે મુવેલી અબલાને ઓળખી કાઢતાં વાર લાગી નહીં, અને તરતજ તેઓ પામી ગયા કે તેમની નજર સામે પડેલી અબલા

કેઇજ નહીં પણ પેલી જતી રહેલી જણાવવામાં આવેલી દાસીજ હતી.

તુરત મદદ મેળવી તે ગુલનારનાં મડદાને થાણામાં લેઇ જવામાં આવ્યું અને તેને લગતી જોઇતી ખબર સાએરગંજમાં પોહોંચાડવામાં આવી જે ખબર સાંભળી ત્યાંનું એકે એક જન કમકમ્યું. તુરત પંચ ભરાઇ જેણે ચુકાદો આપ્યો કે, "સાએરગંજમાં નોકરી કરતી દાસી ગુલનાર, પોતાની બેગમનાં જેવર અને નવાબ સાહેબની એક બેટીનો રેશમી પોષાક ચોરીને નાહાસી જતી હતી તે વખતે કોઇ નહીં જણાયલા શખસ યા શખસોએ તેણીનું ખુન કીધું હતું."

પંચ ઉઠતાં તેણીને દાટવામાં આવી અને આ બનાવથી સરફરાજ ખાનદાન ગોયા વધુ ગમગીનીમાં ગર્ક ગયલું જણાયું.

* * * * * * *

આ બનાવને હાલ સોલ મહીના વીટી ગયા હતા, જે અરસામાં આ વારતાનાં પાનાંપર નોંધવા લાયક કંઇબી જીવ જેવો બનાવ બનયો ન હતો, પણ એ બધો વખત આપણી ગરીબ ગમખ્વાર ગુલનાર ક્યાં હતી અને શું કરતી હતી?

પ્રકરણ ૫૦ મું.

દુઃખનું એક ડરામણું ચિત્ર.

અમો હવે અમારી આ વારતાના દુઃખી-એક ઘણાજ દુઃખી તબક્કા ઉપર આવ્યે છીયે, અને જે સઘળું અમો હાં નોંધનાર છીયે તેનો ડરામણો ચીતાર અમારી નજર સામે રજુ થતાં, એ કામ હાથ ધરવા માટે અમારૂં હૈયું થરરર કાંપે છે અને અમારો જીવ કમકમે છે.

પણ એ તબક્કામાં રીતસર દાખલ થવા માટે, જે દીવસે દાસી ગુલનારે યોજેલાં અને અમલમાં મુકેલાં ધાટકી કાવતરાંનો ભોગ બીચારી

ગુલઝાર થઈ પડી હતી, તે દીવસપર અમને અમારાં વાંચનારાંનું ધ્યાન પાછું દોરવી લઈ જવું પડે છે.

વાંચનારને યાદ હશે કે પોતાની આગળથી પસાર થઈ ગયેલી જોડીની એક લેન્ડોમાં પોતાના આશકને બેઠેલો જોઈ, તેને એક ઘાટકી અને નીચ કામના કરનાર તરીકે દાસી ગુલનારે ઓળખાવ્યાથી ગુલઝાર તે દાસીના પગ આગળ બેભાન થઈ તુટી પડી હતી.

ગુલઝારને તે હાલતમાં જોઈ દાસી ગુલનાર ગભરાઈ ગઈ અને જ્યાં એ બનાવ બન્યો હતો તેનાથી થોડેક દુર આવેલા પાણીના એક કારંજા તરફ તે દોડી ગઈ અને ત્યાંથી પોતાનો રૂમાલ પાણીથી તર કરી લાવી તેથી ગુલઝારનું કપાળ ભીંજવી તેમજ તેણીના હોઠ જરા ખોલી તેમાં તે રૂમાલ નીચવી પાણીનાં થોડાક ટીપાં નાખી તેણીએ તેને હુશ્યાર કીધી અને પછી તેણીને આસ્તે આસ્તે ચલાવી તેને મકાને પોહોંચાડી પોતે સાબેરગંજ તરફ ચાલતી થઈ.

હવે જે ગમનો તે બીચારી જવાન અબલા શીકાર થઈ પડી તે ગમનો વાંચનારને પુરતો ખ્યાલ આપવાને આ કલમમાં તાકાત કે શબ્દોમાં જોર નથી. તેણીનો પ્હેલોજ જવાન પ્યાર, આશાનાં તડકામાં ખીલી રહી, ખુશી ખુરમીમાં ભભરી નીકળવાની જ્યારે અણીપર આવ્યો ત્યારેજ તે કચડાઈને ધુળ થઈ ગયો હતો. તેણીનું જવાન હૈયું, તે પાક પ્યારને, સઘળી પવિત્ર રોશનીની જોતથી જે વખતે તે ઉછેરતું હતું તેજ વખતે તેને એક જબુન ફટકો લાગ્યો હતો. એક ભયભીત આફતના ગભરાટથી તેણી ગુંગળાઈ ગઈ હતી, અને તેના ઓચીંતા આંચકાથી તે એવી ફાટી ગઈ હતી કે ન તેણીની આંખોમાં આંસું હતાં કે ન તેણીની છાતીમાં હાયનો એક દમ હતો; પણ જેવી તે આંચકાથી ઉપજેલી ઝુફણુમાંથી તે સજાગર થઈ કે તેણીને લાગેલું જબુન દુઃખ આંસુનાં ઉપરાસાપરી

ચઢી આવતા મોજા અને દયામણાં ડચકાં મારફતે ઉછાળો મારી બાહાર નીકળી પડયું.

આજ અઠવાડયાં થયાં હવામાં જે કિલ્લો તેણીએ ઉભો કર્યો હતો તે એકાએક કરરરભુસ થઇ ગયો અને તે પડતાં સાથેજ બીચારી તેનાં કાટ અને ધુળ મટોડાંમાં જાણે દબાઇ ચંપાઇજ ગઇ. તેણીએ એક પરીની રાહબરી કબુલ કીધી હતી, જેણે તેણીને સુંદર મેદાનોમાં, મધુર બાગ બગીચાઓમાં અને રૂપેરી ઝરણોને કીનારે ફરવી ખરી, મગર, તે બાગે બેહેસ્ત જેવા દેખાવોની પછવાડે છુપાયલી દરામણી ઉંડી ખાહીમાં ગબડી જવાને ખાતેરજ કે? હવે તેણીને લાગ્યું કે તેણીની આ હાલતને ખાતર તેણી પોતેજ જવાબદાર હતી. જે આશકની દગલબાજીને માટે હવે તેને કશો ખતરો રહ્યો ન હતો તેવા એકની ઉપર દેખતી આંખે આંધળો વિશ્વાસ તેણીએ મુક્યો હતો તેને માટે ખરેખર તે પસ્તાવા લાગી, એટલે હવે તેણીનું દુઃખ બેવડું વધ્યું. એક તો તેણીના આશકની દગલબાજીનું અને બીજું તે દગલબાજીમાં પોતે પોતાને હાથે જઇ ફસી હતી તેનું.

જે ભલાં જોરૂ મર્દના ઘરમાં તે બાકુતણી દાખલ રહેતી હતી તેઓએ તેણીને ઘણો દિલાસો દીધો પણ ફોકટ; હા, તેઓ તેણીને બાહારથી શાંત કરી શકયાં, પણ, તેમ કરતાં તો તેણી હૈયાંનાં અંતરમાં વધુ ગભરાવા અને વધુ ગુંગળાવા લાગી. હવે તેણી જરા શાંત થઇ કે પોતાની હાલતનો વિચાર કરતી તે નિરાંતે બેઠી. તેણીની ઉપર આવી પડેલી મુશકેલી અને મુસીબતને બધી બાજુથી તપાસી કોઇ ઠેરાવપર આવી હોય તેમ તેણી પોતાની બેઠકપરથી ઉઠી અને પોતાની અંગત મતા અને મિરાસ એકઠી કરવા પડી. પોતાના પૈસાથી જે તેણીએ ખરીદયું હતું તે, તેણીના આશકે તેણીને ભેટ આપેલા પૈસામાંથી જે તેણીએ લીધું હતું તેમાંથી, જુદું તારવી

કાઢયું અને તેનું એક જુદું બંડલ બનાવ્યું. આ સઘળું કામ બજાવતી વખતે તેણી કેટલી વખત જાર બેજાર રડી હતી! પણ જ્યારે તેણીએ તે શાદીની સાજવારીનો પેલો શોભીતો સાજ પલંગ પરથી ઉંચકી રેહેમતે ભેટ કીધેલી બીજી ચીજો સાથે તેણેજ અપાવેલી એક સ્ટીલની ત્રંકમાં મુકયો ત્યારે તો તેણીની કળાપીત અને કકળાટનો પારજ ન રહયો:અને તે સઘળું તે પેટીમાં મુકી તેનું ઢાંકણું જેવું તેણીએ બંધ કીધું તેવુંજ તેણીને લાગયું કે, તેણીના સુખની સઘળી આશાઓ ગોયા તેણીએ એક કુબરમાં સદાની દાટી દીધી હતી. એ મુજબ સઘળી તૈયારી કરી ગરીબ ગુલઝાર પાછી પોતાના હાલ પર વિચાર કરતી બેઠી, અને યાદ રાખવું કે તેણીની એ ગીરીર્યાજારી કે હાય અફસોસમાં કશું આપમતલબી જેવું હતું નહીં. નહીં, જેટલો તેણીની છાટીમાં ઉભરી આવેલો પ્યાર પાક અને પવીત્ર હતો, તેટલીજ તેણીની આજની દીલગીરી સાચી અને ખરાં અંતઃકરણની હતી. કાંઇ એમ નહીં હતું કે રેહેમત સાથે શાદી થવાથી તેણીની હાલત કેવી બદલાઇ જતે, તેણી કેવાં સુખમાં ઠર પડતે યા અયશો આરામમાં કેવી મચી રહી તેણી દરેક મોજમાં માહાલતે અને હવે તેવું કશું થનાર નથી તે વાતનો તેણીને અફસોસ હતો. નહીં, તેણીના આ સંતાપનું એકનું એકજ કારણ, તે તો જેને તેણે અગાધ પ્યારથી ચાહયો હતો તેણે તેણીની તરફ બતાવેલી દગલબાજીભરી વરતણુંક હતી. તે યાદગાર દીવસની રાત્રે નવ વાગે ગુલઝારે પોતાની જવાની સઘળી તૈયારી કરી મુકી. તેણીએ પોતાનાં આગપરની સાડી, બનીયાંન, ચોળી વિગેરે ઉતાર્યું, કેમકે, તે સઘળું તેણીના ઠગારા આશકના પૈસાનુ હતું અને સઘળાં જુનાં કપડાં જે તેણીએ હવે વગર કામનાં ધારી બાજુ નાંખ્યાં હતાં તે સઘળાં પેહેર્યાં. પગમાંની કસબી ભરેલી

સપાટ કાઢી નાંખી, અને તેને બદલે પગમાં ઘાલવાનું કશું જુનું પુરાણું ન હોવાથી તેણી ખુલ્લેજ પગે રહી. હવે તેણીની પાસે પૈસા કેટલા હતા તે તેણીએ નક્કી કીધું. તેણીના આશકે તેણીને જે પૈસા આપ્યા હતા, તે વખતે તેણીના પોતાના પૈસા તેણીની પાસે કેટલા હતા તેનો હીસાબ તેણીએ કાઢયો તો તે ચાર રૂપ્યા છ આના અને બે ત્રણ દોઢીયાં જેટલો થવા ગયો, જે માત્ર પોતાની સાથે લઇ લીધા અને બાકીના પંદર સોળ રૂપ્યા વધ્યા હતા તે પેલીજ ત્રંકમાં બંધ કીધા અને પોતાની અસ્કેયામત (!) નુ પોતરડું લઇ તેણી નીચે ઉતરવા તૈયાર થઇ. તે ઓરડીમાંથી બાહાર નીકળી નીચે ઉતરી જતી વખતે હીંમત રાખવાનો તેણીએ જે ઠેરાવ કીધો હતો તેમાં તેણી ઠગાઇ હતી. તે ઓરડીનો ઉંબર ઓળંગતાંજ તેણીથી ધસાધસ રડી પડાયું.

અરે ખુદા! આવી પાક, આવી નિરદોષ છોડીનાં કીસ્મતમાં આવુ દુઃખ! તેનાં કીસ્મતની આવી કાંહાણી! તેણીની સરજતમાં આ સંતાપા આ, ખુબસુરત પણ દુઃખી છોકરી! જેટલી નેક તેટલીજ બેનસીબ, જેટલી પાક, જેટલી સાફ, તેટલીજ કમનસીબ—હવે તારી તરફની અમારી દિલસોજી તને કયી રીતે કારગત લાગવાની?

બંડલ હાથમાં લઇ આખરે તેણીએ ઉંબર ઓળંગ્યો ખરો, અને દાદરપરથી નીચે ઉતરવા અગાઉ તે ઓરડીમાં એક નજર તેણીએ નાંખી કે તુરતજ તેણીની આંખે અંધારાં આવી ગયાં અને તેજ વખતે દાદરના કટેરાને જો તે નહીં પકડી પડતે તો ઉંધે મસ્તક તે દાદરપરથી તેણી ગબડી પડતે, પણ આ પગલું ભરી તેણી એક પવિત્ર ફરજ માત્ર બજાવતી હતી તે વિચારે તેણીને પાછી હુસ્યાર કીધી અને હીંમત ધરી તેણી નીચે ઉતરી કે તે ઘરના ઘરવાળાં બન્ને વર બૈયર જેઓ ચાલમાંજ બેઠાં હતાં તેઓ તેણીને

આવી હાલતમાં નીચે ઉતરતી જોઇ ગભરાઇ ગયાં. અલબત્ત તેઓ એટલું તો જાણી ચુકયાં હતાં, કે તે બીચારીનાં લગન તો બંધ પડયાં હતાં, પણ તેથી તે એમ નાહાસવાની વેતરણમાં કાંય હતી તેની તેઓને સમજ પડી નહી.

"મારાં મેહેરબાન વ્હાલાંઓ" અચકાતે સાદે અને ગુંગળાતી છાતીએ, તેઓ તરફ જોઇ ગુલઝાર બોલી "મારાં વ્હાલાં મેહેરબાનો મારી તરફની તમારી ભલી લાગણી અને દિલસોજીને માટે તમારો હું ઘણો-ઘણોજ આભાર માનું છઃ હવે મારીથી આ ઘરમાં કે આ પડોસમાં રેહેવાય તેવું નથી. પહેલાં તો મારાં મનની સમાધાનીને માટે અતિસ્ય જરૂરનું છે કે, મારે આ ઘર છોડી બીજે ઠેકાણે જતું રેહેવુંજ જોઇએ. વળી જયાં મને પેલાને મળી જવાનો સંભવ, ત્યાંથી મારે દુર દુર નાહાસી મારે મારી પોતા તરફની નહીં તો મારી બીચારી ગુજરેલી માદર તરફની ફરજ બજાવવીજ જોઇયે. હા, મારૂં હાલનું રેહવાનું ઠેકાણું તે જાણતો નથી એ ખરૂં, તોપણ તેને એટલું તો માલમ છે કે હું રીચી બાગથી થોડેક દુર કેઠે રહું છ, અને જો મને શોધીજ કાઢવાનું તે મનપર લેશે તો મારૂં રેહેવાનું આ ઠેકાણું તેને મળતાં વાર લાગવાની નથી. અને ઓ! મારીથી તેને તો કદી કદી મળાયજ નહીં, અને તેને મળવાની તમો પોતે વટીક મને સલાહ આપશો નહીં! તેની મેહેરબાનીથી મને મળેલું સઘળું-તેના પૈસાથી મેં જરૂર જોગું ખરીદેલું બધું-એમનું એમ તેની પોતાનીજ અપાવેલી એક પેટીમાં મેં બંધ કીધું છ; અને જો તે હાં આવી પુગે-રેહેમતનું નામ આપતો એક ઉંચો ખુબસુરત જવાન હાં આવી તમને મારે માટે પુછે તો તેને કેહેજો કે—" પણ હાં ગુલઝારનો સાદ અંદર દબાઇ ગયો અને વળી પાછું તે બીચારીથી રડી પડાયું, તોપણ જેમ તેમ હીંમત એકઠી કરી તેણીએ બોલવું જારી રાખ્યું-

"તો તેને કેહેજો કે જે મારૂં પોતાનું નહીં તે સઘળું મેં રેહેવા દીધું છે-વળી તેને એમબી કેહેજો કે હું તેને કાંઇબી દુઃખ દેવા કે નુકશાન કરવા ચાહતી નથી–જે બન્યું તે મારાં હીણાં નસીબે બન્યું સમજી તેને કશોબી દોષ હું દેતી નથી-હું તેને તેનો આ ગુનાહ ખરાં અંતઃરણથી માફ કરૂં છું.-મગર, તેણે મને મળવાની કે મારી ઉપર નજર વટીક ફેંકવાની હવે આશા રાખવી નહી."

આ બંધુ સાંભળી તે ભલાં ધરવાવાળાઓની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને બંન્નેએ તેણીને બની શકતા શબ્દોમાં દિલાસો દઇ સારી દુવાઓ દીધી, અને તે બંન્નેને મળી ભેટી દુઃખી દિલે અને ભારી હૈયે ગુલઝાર ત્યાંથી નીકળી ગઇ.

પ્રકરણ પર મું.

દુઃખ અને દળિદ્રતા.

તે વાતને એટલે ગુલઝાર પોતાને મકાનેથી બાહાર પડી તેને આજે ત્રણ મહીના થઇ ગયા હતા; અને હાલ આપણી ગુલઝારને દર્યાબાદથી થોડેક દુર આવેલાં ખામખેડ નામનાં એક નાનાં ગામડાંના તાજ્યાપેંઠ નામના ગરીબોથી વસાયલા મોહલ્લામાંના એક કંગાળ ઝુપડાંમાં બેઠેલી આપણે જોઇયે છીયે.

આ વારતાનાં પહેલાં અને બીજાં પ્રકરણમાં ગુલઝારની સાથે અમારાં વાંચનારાઓને પીછાણ કરાવતી વેળા તેણી તે વખતે જે હાલતમાં હતી, તે હાલતને અમે ગરીબ અને કંગાળ કહી હતી તો આજે જે હાલતમાં ગુલઝારને અમો રજુ કરવા માગ્યે છીયે તે હાલતને શું વિશેષણથી ચીતારવી તેના વિચારમાં અમો છીયે. તેની હાલની હાલતનો કાંઇક ઝાંખો ખ્યાલ આપવા એટલું ટુંકું અને ટચ

કહેવું બસ થશે કે તેણીની હાલની હાલત સાથે સરખાવતાં તેણીની આગલી હાલત ઘણે દરજજે સુખી અને આબાદ કહી શકાય. તે વખતે તો તેણીને સીવવા સાંધવાનું થોડું ઘણું કામ મળ્યું જતું હતું અને એક પુરૂં થવે બીજાંની તજવીજ કરતાં તે તેણી મેળવી શકતી હતી, પણ હમણાં તો તેટલાંના પણ વાંધા હતા. તે જે ગામ-કહો કે ખેડા-માં આવી રહી હતી, ત્યાંનું લોક ઘણું ગરીબ અને મજુર વર્ગનું હતું એટલે આસપાસનાં શેહેરોમાં વસ્તા માલેતુજારોના તો જરા પણ સંબંધમાં તેઓમાંનું કોઈ આવતું ન હતું. મોટે ભાગે તે વર્ગ જુન મહીનાથી સપટેમ્બર અકટોબર મહીના સુધી ખડી પુરવાનાં કે એવાંજ બીજાં સરકારી કામોથી પોતાની રોજીનું સાધન મેળવતો હતો. તે કામમાં મરદોને અઢી આના અને ઓરતોને છ દોઢયાં રોજ મળતો હતો. પણ અકટોબરની આખેરી અને નવેમ્બરની શરૂઆતથી તેઓ ખામખેડ અને તેની આસપાસનાં બીજાં ગામોમાં આવેલાં કપાસ પીલવાનાં કારખાનામાં કામે જતાં, જયાં મરદને ત્રણથી ચાર આનાનો અને ઓરતોને બેથી અઢી આનાનો રોજ-સૌ સૌનાં કામ પ્રમાણે-મળતો હતો. જે વખતની અમો વાત કરીએ છીએ તે વખતે આજની માફક તેવાં કારખાનાઓ વધી ગયાં ન હતાં, એટલે મોટે ભાગે કપાસ પોતાને ઘરે હાથચરખામ માણસો પીલતાં હતાં, જયાં પણ તે ગામનાં મજુરો કામે લાગતાં અને એ રીતે તે બીચારાંઓનું ગાડું ગબડતું હતું.

ગરીબ ગુલઝારને સીવવા સાંધવા સિવાય બીજાં કામની આવડ ન હતી અને ત્યાં દુકાન માંડી બેઠેલા દરજીઓ પાસેથી કાલાવાલા કરી તેણી જે થોડુંક કામ મેળવતી હતી તેમાં મહેનત ઘણી અને કમાઈ થોડી હતી. મહેનત ઘણી એમ કે જે તેણીને સીવવાનું મળતું તે કપડું મોટે ભાગે જાડું અને જાંજરૂં હોવાથી તેણીનો ટાંકો ઘણો ભારી

જતો અને પરિણામે કામ ઘણું થોડું થતું, એટલે તેવું એકાદ કામ બીચારી મરતેહાલ મહેનત કરી ત્રણ યા ચાર દાહાડે ઉભું કરતી જેના બદલામાં તેણીને પાંચથી છ આના મળતા! એ રીતે એક તો દુઃખ, બીજું તો ગરીબી, ત્રીજું ભુખમરો, અને ચોથું મરણતોલ મહેનત એ ચારે આફ્તોના સામટા બળે તેણી નખાઇને નરૂં હાડપીંજર બની રહી હતી.

આપણે જોયું કે તેણી પોતાને જુને ઘરથી કશાંબી રાચ રચીલાં કે કાંઇબી સરસામાન વગર ખાલી હાથે નીકળી હતી; કેમકે તે ઓરડામાંનું જરાકે જરાક રેહેમતનું હતું. તેણીનું જે પોતાનું હતું તે તેણીએ રેહેમત સાથની શાદી થવાની આશાપર કાઢી નાખી રેહેમતે આપેલા પૈસામાંથી સઘળું નવુંજ વસાવ્યું હતું, અને તે કાંઇ તેણીથી લાવી શકાય નહીં, એટલે તે સઘળું ત્યાંજ તેણી છોડી આવી હતી, અને આ ઝુપડાંમાં જે કાંઇ થોડું ઘણું આપણ નજરે પડે છે તે, તે ઝુપડાંના ધણીએ તેણીને વાપરવા આપ્યું હતું; તેબી દોરડું તાણેલી એક ચારપાઇ, એક બેસવાનું 'સ્તુલ', બતીને માટે પતરાંના મોહોંર્યાં સાથની કોલાંવાટરની ખાલી શીશી, એક દેવ દારી ખોખું અને એક ભોયચટાઇ! એમને એમ બીજા ત્રણ મહીના નીકળી ગયા, જે અરસામાં તેણીએ જોયું કે, એ જીંદગીએ કાંઇ જીવાય નહીં અને મોત કાંઇ માગેલું આવતું નહતું; એટલે તેણીનાં હાડકાં ચામડાં સાથે જીવને વળગાવી રાખવાની તેણીએ કાંઇ થોડીબી કોશેશ કરવીજ જોઇયે.

એ વિચાર થતાંજ તેણીને પહેલો ખ્યાલ તેનાં પેલાં અસલી ઘરવાલાઓનો થયો. તેમને મળી તેમની તરફથી કંઠે ભલામણ પુગાડી કામ મેળવવું એવો વિચાર તેણીને આવ્યો. તે ભલાં જોડાને મળ વાનો તો તે અગાઉ તેણીને ઘણી વાર વિચાર થયો હતો. તેણીએ

તેમને મળીને જાણવાનું ઘણી વખત ચાહ્યું હતું કે રેહેમત ત્યાં આવ્યો હતો કે નહીં અને આવ્યો હતો તો તેણી જે સરસામાન તેને માટે છોડી આવી હતી તે તે લેઇ ગયો હતો કે કેમ; પણ, તે રસ્તે જતાં રખે તેજ તેણીને મળે અને મળીને વળી રખે કાંઇ જુઠાં હીલાંબહાનાંથી તેણીને તે પતાવી સમજાવી લેવાની વેત્રણ કરે એ બહીકથી તેવો કશો વીચાર તેણીએ આજ સુધી માંડી વાળ્યો હતો, પણ હવે તો તેમને મળવા જવાની ખરેખરજ જરૂર માલમ પડી અને એકમત કરી તેણી એક આતવારને દીને દર્યાબાદ જવા ખામબેડથી ચાલતી નીકળી.

પ્રકરણ પર મું.

સાચો આશક તે એ!—દુઃખપર ડાહામ!

ગુલઝાર, ગુલાબખાંની ફેલમાં પુગી તે વખતે તે ભલાં ડોસા ડોસી ચા પીવા બેઠાં હતાં; તેઓ બન્ને તેણીને જોઇ હરખાઇ ગયાં. વ્હેલી વ્હેલી તે ડોસીએ પોતાના હાથમાંનો ચાનો કટોરો ભોંય પર મુકી દઇ તેણીને ભેટીને કોટી કીધી, અને ડોસાજીએ તેણીને સારા શબ્દોમાં આવકાર દઇ એક 'સ્તુલ' આપી બેસાડી. તેઓએ તેને છેલ્લી જોવાને આજે લગભગ છ મહીના થઇ ગયા હતા અને એ ટુંક અરસામાં તેણીનું બદલાયલું રૂપ રંગ અને પડી ગયલો તેણીનો હાલઅવતાર જોઇને તે બન્ને ભલાં ખયરખ્વાહોની આંખોમાં પાણી ભરાઇ આવ્યાં. રડતી આંખે અને ડચકાંથી ગુંગળાતી છાતીએ તેણીએ પોતાપરની સઘળી કહાંણી કહી સંભળાવી, અને હાથ જોડી તેણીએ માગી લીધું કે, તેણીને કેથે લાગવગ લગાડી કાંઇમી કામ અપાવવું, કે જેથી તે બંનેના હકમાં દુવા કરી પોતાની પ્રમાણીક રોટી ખાઇ શકે. તે બીચારા ભલા દિલના ડોસાએ એ બાબ

હમાં પોતાનું બનતું કરવાની ખાતરી આપી ત્યારેજ કાંઇ બીજી ત્રીજી વાતમાં ચિત્ત રોકવાનું તેણીનું મન થયું;–અને તેણીએ શરમથી લાલ થયલા ગાલે અને નીચી નજરે રેહેમતને માટે તેઓને પુછયું.

"અરે બેટી, એક દહાડે તો ખરેખર ત્યાં એક ખરેજ દુઃખદાયક બનાવ બન્યો," તેણીના સવાલના જવાબમાં તે ડોસી બોલી અને તેણીનું બોલવું જો કે ઘણું અચકીઅચકીને તથા ટીકા ટાહુકા સાથનું હતું, મગર, તે અમો વાંચનારાંઓને માટે સીધી સરળ ભાષામાં અત્રે રજુ કરીશું, "અને તેણે તે વખતે કીધેલો કકળાત અને મારેલા દુઃખના પુકારો જો ખરેખર ધારણુજ કીધેલા હોય તો તેના જેવો ઢોંગી આખી દુન્યામાં ન હોસે એમ હું તો માનું. તું તો ગીયાને દીકરી એક હપતો નહીં થયો હોસે કે એક ઉંચા ખુબસુરત જવાને અમારૂં બારણું થોકયું–આહ! ખરેખર તે કેવો ખુબસુરત જવાન હતો અને નવાઇ નહીં કે તું એવાને જીવજાનથી ચાહતી હતી. મને ઉશ્કેરાયલા અવાજે તેણે પુછયું કે ગુલઝાર કરીમ નામની કોઇ મુફલેસ છોકરી અહીં રહેતી'તી? અને તેને શું જવાબ મળેછ તેની આતુરતાથી રાહ જેતો તે ઉભો અને જેવું તેને જણાવવામાં આવ્યું કે તે તો એક અઠવાડયું થયું અહીંથી જતી રહીછ તો તે સાંભળતાંજ તેની ગીરીયાંજારી અને કળાપીતનું પુછવુંજ શું? પણ જરા વારમાં જેમ તેમ શાંત થઇ તેણે નહીં તોબી એક હજાર અને એકસો સવાલો પુછયાઃ કહાં ગેઇ? કહારે ગેઇ? કોણ સાથ ગેઇ? સું થયું ને ગેઇ? ને તે સવાલો પુછતી વખતે તેની ઢપછપજ એવી હતી કે જાણે તું તે એમ એકાએક ચાલી જવાનો સબબ શું હશે તે તે સમજી શકયોજ નહીં હોય. તેના સવાલના જવાબમાં હું જે જાણુતી'તી તે બધું મેં તેને કહ્યું,–તમો તે બીચારી તરફ એક ભયંકાર દગો રમ્યાછ એવી ખાતરી

સાથે તે બીચારી એક સાંજે ઘેર આવી ને રાતો રાત કેંઠે ચાલી ગઇ પણ તમારી આપેલી-અપાવેલી સઘળી ચીજો તે અનામત જે ઓરડીમાં તે રેહેતી'તી ત્યાં છાંડી ગઇછ.' આટલું સાંભળતાંજ આંખે રૂમાલ દઇ જારજાર તે રયો અને એ તન વખત તો આય બારણાંની બરસાક સાથે પોતાનું માથુંબી તેણે અફાર્યું. ખરેખર, તે વખતે મને તો બા તેની દયા આવી, કેમકે દગો રમ્યો કે નહીં રમ્યો હોય તો પણ મારી તો પકકી ખાતરીજ થઇ કે તે તુંને ઘણાજ ઘણાજ બેહદ પ્યારથી ચાહતો હોવો જોઇયે. પછી તેણે મને તારા ઓરડામાં લઇ જવા કહ્યું, અને હું તેને ઉપર લેઇ ગેઇ અને બારણું ઉઘાડી તેને અંદર લીધો અને પેલી પેટીની ચાવી જે તું મને આપી ગેઇતી તે મેં તેના હાથમાં મુકી, જે લઇ તેણે તે પેટી ખોલી અને ઉપરજ મુકેલો પેલો રેશમી પોષાક કાઢી તેને તે હરવાયો તો બોસાજ લેવા પયો અને તેજ વખતે ધોધમાર વર્ષાદની માફક તેની આંખોમાથી આંસુંની ધારા ચાલવા લાગી; તેને એમ રરતો જોઇ હુંબી રરી ને હાય, હાય મને તો એવું થઇ આયું કે તારો પત્તો મને માલમ હોય તો ઓયદેતી દોડી પુગી તુને તેરી લાવું. અરે, બીચારો તે કળવાઇ કળવાઇને એવો રરે કે તેનું અકેક ડચકું મારા કલેજાંમા તીરની માફક વાગે. પણ તું માનશે દીકરી કે તેણે આપણાં કુરાને શરીફના કસમ લેઇને કહ્યું કે એ સઘળો ગડબડ ગોટો કાંઇ ફરેબથી બન્યો હોય યા તો કાંઇ ગેરસમજુતીથી નીપજ્યો હોય! અને તુંને તે શોધી કાઢયા સીવા જંપીને બેસનાર નથી એવા સોગંદ તેણે લીધા. વળી પાછો જરા શાંત થતાં-પણ શાંત નહીં થાય તો શું કરે અભાગ્યાનાં આંસુંબી ખુંટી ગયાં હોસે તેટલો તે રડયો-તેણે તે ત્રંકમાં ભરેલાં બધાં કપડાં અકેક પછી કાઢયાં કે જોઇએ કાંઇ ચીઠી નીકરેછ, મગર કાંઇજ નહીં, પણ એકુ કપડાંનાં પડમાંથી

થોડાક રૂપ્યા નીકળી નીચે ગબડી પર્યાં જે જોઇ તે બોલ્યો 'યા અલ્લાહ! આટલા સરખાબી મારા આભારમાંથી તે છુટી! આહ! કેવો ઉમદા ખવાસ! કેવો આલા જીવ! અને એવી એકને હું મુકું? તેની સાથે પાછો એક થવાની આશાને શું સદાની છોડું? નહીં, નહીં. અરે, તેને મેળવવા માટે મને ઉંધાડે પગે આખી દુન્યાની કાંય નહીં સફર કરવી પડે તો એ કામથી હું બાઝ કદી આવસ નહી.' આટલું બોલી તેણે સઘળું પાછું પેટીમાં ગોઠવ્યું અને મને તે ઓરડીના કીરાયાને માટે તેણે પુછ્યું અને બોલ્યો 'તમારે ત્યાંથી કશુંબી ખીસારવું નહીં; એ ઓરડી તમારે હજીબી ગુલઝારનીજ સમજવી. તમો માંગો તેટલી મુદતનું ભાડું આગપર આપવાને હું તૈયાર છેઉં કેમકે એક પાક મુર્તીના એ સઘળા પાક અસબાબને આપણી અજીઠી આંગળી વટીક લાગે તો તેમાં મોહું પાપ કીધેલું કહેવાય.' મેં તેને ગમે તેટલો સમજાવ્યો પણ નહીં, તે એકનો બે નહીં થયો અને મારા હાથમાં તેણે પચાસ રૂપ્યાની નોટ મુકી ત્યાંથી ચાલ્યો ગીયો. વળી પાછો એક હફતો રહીને તે પાછો આયો ને મને પુછ્યું કે કાંઇ તારો પત્તો હાથ લાગો કે નહીં; મેં તેને નાનો જવાબ આપતાં તેણે પોતાના એક કાપડયાનું નામ લખી આપ્યું અને કહ્યું કે જો તારે લગતી જરાબી મને બાતમી મળે તો મારે કોઇનીબી પાસે બે બોલ લખાવી તે સરનામે મોકલી આપવા કે તેને તે બરાબર મળસે, ને તેથીબી નહીં ધરાતાં બે ત્રણ અઠવાડયે અકેકો ફેરો તે અહીં મારી જાયછ કે રખે તારો પત્તો હાથ લાગો હોય અને તેને તે લખી જણાવતાં હું ભુલી ગઇ હોવું. આહ! બેટી, તે બીચારો કેવો સુકાઇ ઉગાઇ, ગળાઇને દાંડા જેવો થઇ ગીયોછ!"

ગુલઝારે જેમ તેમ પોતાનો જુસ્સો દાબીને તે ડોસાની ઉપલી હકીકત સાંભળી, પણ તે પુરી થતાંજ તે ડોસાના છેલ્લા શબ્દો તેણીને

કાને જોવા પડયા કે તેણીનો સઘળો કાબુ ઉડી ગયો અને ધ્રુસ્રકે તેણી રડી પડી અને તેણીની નાજુક નરમ છાતીમાં એવી લાગણીનો પ્રવાહ તે પળે દોડી રહ્યો કે જો તેજ પળે તેણીનો તે આશક આવી લાગતે તો તે તાબડતોબ તેના હાથોમાં જઈ પડતે! મગર ખુદરતનો ખેલ ન્યારોજ હતો! તે બન્નેનાં નસીબમાં કાંઈ ઔરજ લખેલું હતું!

તુફાન પછીની શાંતી, તેમ તેની છાતીમાં ઉભરી આવ્યું; તુફાન સમી જતાંજ તે જરા શાંત થઈ અને બોલી, "મારી આ નબળાઈને માટે તમો બંન્ને મેહેરબાનો મને માફ કરજો, પણ મારી ઉપર જે વિંટયુંછ અને હજીબી વિંટેછ તેપરથી તમો અજબ નહીં, થશો કે જરા સરખી લાગણીને ઝટ તાબે થઈ જવાની મને તએહ પડી ગેઈછ. ખુદા કરેને તે જેવો પોતાને ચીતારેછ તેવોજ પ્રમાણીક અને સાચાં દિલનો તે છે એવી હજીબી મારી ખાતરી થાય. તે મને ચાહેછ એમાં તો જરાબી શક છેજ નહીં; પણ તે એક બીજી તરફ જે રીતે વર્તવાની વાત મારે કાને આવીછ અને તેમ કરી તેને મારી તરફ દગાથી વરતેલો જાણીનેજ મેં તેને એ મુજબ આવાર નિવાર કરી મેલ્યોછ. તે ઉપરાંત, મારાં વ્હાલાં મેહેરબાનો, તે પરણેલો છે અને પરણેલો હોઈને મારો પ્યાર શોધતો આયો. મેં તેને મારી નજરોનજર તેની પરણેતર સાથે જોયો. તેણેજ એક ગરીબ નિરદોષને ફસાવી તજી દીધીછ; તેની પરણેતરની બહેને મને તેને તે યાદગાર હાહાડાની સાંજે બતાવ્યો, ને તેટલાં માટે હવે તેનું નામ લેવુંબી નાસજાવાર છે, અને આજ પછી વળી પાછો તે મારું ઠર ઠેકાણું પુછતો આવે તો કદીબી તેને તે ખબર આપશો ના. તે મારો પાક પ્યાર મેળવવાને કેટલો નાલાયક છે તે તમને જણાવવા માટેજ આટલુંબી તેને માટે મારે બોલવું પડયુંછ."

તે બન્ને ભલા જોડાએ તે વિશે તેણીને ખાતરી આપી એટલે ગુલઝાર ત્યાંથી રૂખસદ લઇ ચાલતી થઇ.

પ્રકરણ ૫૭ મું.

જીનીંગ ફેકટરીનું જહાન્નમ!

હવે તે બીચારો ભલો ડોસો તેણીને માટે કંઇ મેહેનત કરી કામ મેળવે તેટલાં કરવું શું તે વિચાર તેણીને ઉપજ્યો. તેણીની એ નાચાર હાલત તેણીની આસપાસ રેહેતી ગરીબ ઔરતો અને મજુર મરદોથી અજાણી ન હતી અને બાજે વખત તેઓ મુગે મોઢે તે બીચારીની દયા ખાતાં. એ દયા ખાનારાંઓમાં એક અમીરબી નામની ઔરત હતી જે ત્યાંની જીનીંગ ફેકટરીમાં કામે લાગતી ઔરતોની મુકાદમી હતી. જીનીંગ ફેકટરીમાં આવે તો તેણીને સારો રોજ મળે એવો ઇશારો તેણીએ આપણી ગુલઝારને કાને બે ત્રણ વખત નાખ્યો હતો, મગર, હાલના જેટલી વળી તે વખતે તેણી ગરજાઉ નહીં હોવાને લીધે અમીરબીના અંગત આભારમાં જવાનું તેને મન નહીં થયું હતું. જો કે જીનીંગ ફેકટરીમાં કેટલીક ઔરતો શું રોજે પહોંચે છે તે તેણી જાણતી નહતી, તોપણ, છ મહીનાના અરસામાં તેની આસપાસ રેહેતી ઔરતોનાં ઘણાક તેણીએ જોઇ લીધાં હતાં અને તેથી તેણી તેઓ વચ્ચે જઇ પડવાને સુગાતી અને શરમાતી હતી. પણ અંતે બન્યું એવું કે ગુલઝારને ભુખમરાનો ડંખ જે વખતે જનુન લાગતો હતો તેજ વખતે અમીરબીએ તેણીને પોતાની સાથે ફેકટરીમાં કામે આવવાને લલચાવી અને તે લાલચને તે બીચારી કોઇ અભાગણી ઘડીએ તાબે થઇ ગઇ.

નવા હપ્તાના પેહલા દીવસથી તેણીએ અમીરખી સાથે જવાનુ શુરૂ કીધું. સહવારના પાંચ વાગેથી તે જતી તે છેક રાત્રે નવ વાગે તેણી ઘરે આવતી. તે વખતે શેઠ લોકોના લોભની ઘાણીમાં પીલાતા મજુર વર્ગના આશીરવાદ પામેલો 'ફેકટરી ઈન્સપેકશન'નો કાયદો હતો નહીં એટલે કારખાનું વધુ માલ કાઢવાના લોભે સહવારના પાંચથી રાતના આઠ નવ વાગ્યા સુધી ચાલતું અને કામદારોને રોજ તો માત્ર દીવસના બાર કલાકનોજ મળતો અને તે વખતે ન સવાઈ મળતી કે ન ભાતું મળતું! એ રીતે જાણે ગરીબોનાં હાડકા અને હાડકાંમાંની ગુરથી તે વખતના ફેકટરીના માલેકો પોતાની આબાદી અને જાહોજલાલીનો પાયો બાંધતા હતા અને તે પાયાપર ગોયા તે બાપડાઓનાં લોહી અને માંસની મદદથી માહભારત અમલાએ ઉઠાવી ઉભા કરતા હતા. તે વખતે ઈજનેરો અને જીનનું કામ જાણનારા ફીટરોબી આજના જેટલા કકરીવકરી જતા ન હતા. તે વખતે તેમનો મોસ અને મોભો ઘણો અને પગારબી મોટો હતો અને તેમના જુલમાતનીબી હદ નહીં હતી. પોતાના ધંધાદારી ભાઈઓને માટે ખુલ્લું છડેચોક લખતાં આ કલમ લજવાય છે અને કમકમે છે, તે છતાં એટલું જણાવવાની સાચી ફરજ તેનીથી છુપાવી નહીં શકાતી, કે મુંબઈ જેવાં મોજીલા શેહેરોમાંથી આવતા ઈજનેરો અને ગુજરાત તરફના જાણીતા થયલા બાહોશ ફીટરોને માટે તેવી કેટલીક જીનીંગ ફેકટરી તો બદમાશીનું ગોયા ધામ થઈ પડતી હતી. યા ખુદા! તેઓના હાથ હેઠળ કામ કરવા આવતી કમનસીબ કાચાં મનની કોમળાંગીઓ તેવા બદ દયાનતી ઈજનેરો અને બે ઈમાન ફીટરોના જુલ્મातને તાબે થઈ કેટલી સંખયામાં આડે રસ્તે દોરવાઈ ગઈ હશે તેનો ખ્યાલ આપવોજ મુશ્કેલ છે, જીનીંગની ભરમોસમમાં તેમને બસ પડતી નાચારબેચા

અબલાઓ તે બન્ને કરપીણ ઉપરીઓની મરજી મુજબ ચાલે તોજ તેઓ ત્યાં ટકી જાય; નહીં તો બીચારીઓ ભુખે મરે! હેફ છે એ જીવતરને! માલેતુજાર માતબર આગળ હાથ જોડી ત–ત—પ–પ કરનારા, મગર ગરીબ ગરજાઉની ગરીબી ઉપર શુરા થઇ તેમની નિતીનો નાશ કરી તેમને આડે માર્ગે લઇ જનારાઓની તે જીંદગીપર લ્યાનત–સદ હજાર લ્યાનત છે!!

પણ અમારાં આ હેબતનાક વર્ણનપરથી વાંચનાર ગભરાઇને પુછશે કે ત્યારે તેની માનીતી, તેની લાડકી ગરીબ ગુલઝારના શા હાલ થયા?

હા, તે લુચ્ચી મુકાદમી તેણીના 'સાબ' લોકને માટે એક અચ્છો શીકાર સમજી તે બીચારીને લઇ ગઇ ખરી, મગર, જેનું નામ ગુલઝાર! તેણીએ પંદરેક દાહાડા તો જરાતરા આરામમાં કાઢયા ખરા, અને તે દરમ્યાન ઇજનેર સાહેબ અને જીન પીટરના ચેનચાળા જોઇ તેણીના કાન ઉભા થયા, પણ હજી સઘળું મોઘમમાંજ ચાલતું હોવાથી તેણીને એકદમ બીહીવાનું કશું કારણ હાલ તુરત હતું નહી, પણ એક ધમધોર રાતે સાત વાગે વીજળીનો એકાએક ચમકારો થયો અને વાદળ ફાટું! જીન પીટરે જરા આગલ કદમ ભર્યાં કે તેણીએ તુરતજ મુકાદમી આગળ ફર્યાદ કીધી, મુકાદમીએ હસીને તે વાત કાઢી નાંખી કે, "તારે, છોકરી, કાંઇ મનમાં લાવવું નહીં, બીચારો પીટર સાહબ બહુ ભોળો છે, એ તો અમસ્થો જરાક તને ચીડવેછ,"

પણ નહીં, તેણીનું મગજ ઠણકયું અને લાગલી પોતાની બેઠકપરથી ઉઠી ઇજનેર સાહેબને શોધવા નીચે ઉતરી. તેવણ સાહેબને બધે શોધ્યા પણ કેઠે મળ્યા નહીં, અને આખરે હવે શું કરવું તેના ખ્યાલમાં તે હતી તેટલાં પછવાડે એક કુવા આગળ કોઇ ઓરત સાથે "ઘણુંજ કામની" કાંઇ વાત કરવામાં તેવણ રોકાયલા તેણીને મળી આવ્યા. ગુલઝાર, બીચારી ભોળીજ હેની, તે તુરત તેવણ આગળ ધસી

ગઈ, જેને જોઈને પેલી ઓરત ઇજનેર સાહેબ આગળથી દુર દોડી ગઈ. ઇજનેર આગળ તે બીચારીએ તે ફીટરની ચાલ બાબે રડીને ફર્યાદ કીધી તો જવાબમાં તેવણે તેણીને રોકડું પરખાવ્યું કે, "તારે તારા વડા સાથે મળીને ચાલવું હોય તો કાલથી કામ ઉપર આવજે, નહીં તો તારે ઘેર બેસજે, હાં પંચાતી નહી જોઈયે; હું મારૂં આ બધું જોખમનું (!) કામ સંભાળું કે તારી જેવીની ફર્યાદ સાંભળું. ચાલ, જા." ગરીબ બીચારી! હવે તે શું કરે? ઇજનેર આગળથી નીકળી બીચારી સીધી પોતાને ઘેર ચાલી ગઈ અને પોતાની કમનસીબીપર હજારો હજાર કકળાટ કરી ભુખીજ સુઈ ગઈ. સહવારે અમીરબીએ તેને ધારા પ્રમાણે બોલાવી પણ તે ગઈ નહીં. તે શા માટે ના કહે છે તેની તેણીને ખબર હોવાથી તેણીને પટાવતી તે બોલી, "જોની દીકરી, એ તો બધેજ એમ હોય, તને જરા નવું છે તેથી એમ લાગેછ, બાકી વખત જતે તને જણાશે કે એ મોટા લોક સાથે મળીને ચાલ્યે તોજ કટકો રોટલી ખાઈયે, સમજી? ચાલ, આવેછ કે તારી બદલી કોઈને લેઈ જાઉં? નહીં? નથીજ આવતી? ચાલ ત્યારે, તારી મરજી."

અમીરબીની આ સમજાવટ તાલતળાવટભરી પટાવટથી વાંચનાર સમજી ગયો હશે કે જે જીનીંગ ફેકટરીમાં ઉપલી કીસમના ઉપરીઓ હોય છે ત્યાં ખાસ કરીને મુકાદમીઓ તેમના હાથમાં એક હથ્યરની માફક રમે છે.

એવી રીતે નોકરી ખોહોવાનો ડંખ ગુલઝારથી ભુલાયો નહીં. તેણીને લાગ્યું કે કાંય નહીં પ્રમાણીકપણે તે કારખાનામાં કામ કરી શકાય? એવો ધખારો મગજમાં લઈ સહવારે નવ વાગતે તે કારખાને, તેના માલેકને મળવા અને મળીને તે વાતનો બંદોબસ્ત કરવા, જવા નીકળી. કારખાને પુગતાં તેનો માલેક જે એક મારવાડી સાહુકાર હતો તેને મળી અને તેને સઘળી વાતથી તેણીએ વાકેફ કીધો. ગુલઝાર સમજી કે તેણીની વાતથી મારવાડી જેવી

દયાળુ જાતની કેટીએક લાગણી ઉશ્કેરાઇ આવશે, મગર, જે રીતે તેની કાકલુદીભરી ફર્યાદનો તે ફેકટરીના માલેકે તેણીને જવાબ આપ્યો તે સાંભળી તેણી હેબતીજ ગઇ. તેણીની ફર્યાદ ધ્યાનથી સાંભળી લઇ તે બોલ્યો–

"વળી મોટી સીતા સતી ને પારવતી આવી કેની તે તને જીન ફીટરે છેડી! બીચારો બે વર્ષ થયાં મારે ત્યાં કામ કરેછ તો નીચેથી ઉંચું નથી જોતો અને નાખપરથી માખ નથી ઉરાડતો ને તું કયી એવી સોહામણી પદમણી આવી કે તનેજ તેણે છેડી! એમ કરી મારાં સોનાં જેવાં માણુસોને બદનામ કરી મારાં કારખાનાનો ખરાબ શાખો પાડવા આવીછ કે? ચાલ, તને નહીં પરવડે તો ભીખ માંગી પેટ ભર અને તેમબી કરવા ન ગમે તો ભુખે મર, ચાલ નિકળ હ્યાંથી!" બાપરે! તેનો આ ઠસ્સો અને ઠઠરાવનારો ઠઠેરો જોઇને ગુલઝાર તો દબાઇજ ગઇ અને તેણીથી રડી વટીક પડાયું, જેને માત્ર જુઠા ઢોંગ સમજી, કીડી મકોરીપર અજાણતા પગ વટીક નહીં મુકનાર તે મારવાડીએ પોતાની આગળથી તે બાપડીને હડધુત કરી કાઢી મેળી!!

એ તે દયાળુ દીલ! એ તે ઇન્સાફ!! એ તે દાદ!!!

રડતે ચેહેરે દર્દમંદ છોટીએ ગુલઝાર બીચારી ત્યાંથી નીકળી પોતાને મકાને આવી અને તે હફ્તાના પાંચ દીવસ જે તેણીએ મજુરી કીધી હતી તેના રોજના અઢી આના લેખે સાડાબાર આના પણ તેણીને નહીં મળ્યા. પેલા સોના જેવા જીન ફીટરે અમીરબી પાસે કેહેવડાવ્યું કે જો તે છોકરી તેની પાસે પોતાના રોજને માટે કાલાવાલા કરતી આવે તોજ તેને તેનો રોજ તે અપાવશે બાકી નહીં તો એક કોડીબી નહીં મળશે!

ત્યારે તે લેવા ગુલઝાર ગઇ કે?

નહીં, તે લેવા જઇ તે મુજીનું મોઢ જોવાને બદલે પોતાનાં હાડકાંની રગડની તેવી સકમાઇને લાખો વખત ઠોકરે મારવાનું તેણીએ વધુ માનભરેલું ધાર્યું.

અને એ રીતે વળી પાછી તે બીચારી પોતાની કમાઇથી વિખુટી પડી. તેણી ગુનાહગાર હતી તેથી નહીં પણ બેગુનાહ હતી તેથી તે નોકરીએથી તેણી નીકળી અને વળી પાછો ભુખમરો તેણીના ઉંબર આગળ વકાસેલાં ડાચાં સાથે આવીને ઉભો રહ્યો.

પ્રકરણ ૫૪ મું.

બેઝારી–બેકારી–બીમારી.

ગયાં પ્રકરણમાં જણાવ્યા મુજબ જે વખતે ગુલઝારની નોકરી ગઇ તે વખતે તેણીની પાસે એક પૈ પણ નહતી. ગયા હફતાના તેણીને જે પૈસા મળયા હતા તે તો બધા ખરચાઇ ગયા હતા, એટલે તેણીને બજારમાંથી ખાધખોરાકીનો સામાન ઉધાર લાવવાની ફરજ પડી અને જયાંથી તે હમેશાં પોતાનું જરૂર જોગું ખરીદતી હતી ત્યાંથી તેને ઉધાર મળતાં વાર લાગી નહીં. આવી વખતે તેણીનેં પેલા ગુલાબખાંની રેલવાલા ડોસા ડોસીની પાછી યાદ થઇ. હજી તેઓ તરફથી કોઇ કામ તેણીને ન મળયાને સબબે તેમને તે વિશેની યાદ આપવાનો તેણીએ વિચાર કીધો અને હાલ થોડાક દીન થયા તેણીની તબ્યત જરા બીગડેલીજ ચાલતી હતી, એટલે, છેક દર્યાબાદ સુધી ચાલતાં જવાને બદલે તેણીએ તેઓને એક કાગળ લખી નાખ્યું.

હા, તે બીચારીની દેહ જરા કજરાયલીજ ચાલતી હતી; તેણીને ઝીણો તાવ આવતો હતો અને થાંસો થયો હતો. તેણીનું આંગ દુઃખતું હતું અને હાડકાં કળતાં હતા. તે કાગળ લખી ટપાલમાં

નાંખ્યું અને તે બીચારી ખાટલાપેર જરા પડી કે તુરતજ થાકને મારે તેણીની આંખ લાગી ગઇ. જયારે પાછી તેણીએ આંખ ઉઘાડી ત્યારે છેક અંધારૂં થવા આવ્યું હતું, એટલે બતી કરવા તે ઉઠવા ગઇ પણ તેણીથી ઉઠાયુંજ નહીં. તેણીને ઠંડીનું એક લખલખું ભરાઇ આવ્યું અને જરાબી હીલવાચાલવા તેણીનાં હાડકાંએ સાફ ના પાડી. યા ખુદા! શું તે મરવા સુતી હતી?

આવો સવાલ તેણીનાં મગજમાં ઉભો થતાંજ તે બીચારી હેબતી ગઇ અને અરધી ઉઠેલી તેણી પાછી ખાટલીપર પડી. પણ પાછો વિચાર કરતાં તેણીને લાગ્યું કે આવી જંજાલભરી જીંદગી લંબાવી ભવિષ્યમાં કોઇ બુરી લાલચને શરણ થવાની રોજીંદી ફીકર ચીંતામાં જીવવું તેનાં કરતાં નેક રહી આવી જવાનીમાંજ મરવું બેહેતર હતું. વળી મૌત તે જાણે બેહેસ્તમાં દાખલ થવાની રજા-ચીઠી હતી કે જે તેને હાથ આવતાં તેનો ઉપયોગ કીધાથી તે પોતાની ગુજરેલી માંદરને પણ મળી શકે તેમ હતું, અને આવતાં મૌતની ખુશાલીથી તે છોકરીનો ચ્હેરો ચમકી રહ્યો. તેણીએ આંખ બંધ કીધી, છાટી પર પોતાના હાથ બરાબર ગોઠવ્યા અને નમાજ પઢવા લાગી. તેણીને લાગ્યું કે તેના સાંધેસાંધા ઢીલા પડી ગયા હતા, તેણીની મનશક્તીનો કાબુ તેનાં તનનાં ઓખાંપરથી ગોયા ઉઠી ગયલો તેણીને લાગ્યો અને જરા વારમાં "યા ખુદા! એજ મૌત હશે કે?" એમ બબડી તે બેશુધ થઇ ગઇ.

તે બેશુદ્ધી કાંઇ તેના ખરા આકારમાં નહતી. તે તો થાકથી ચઢી આવેલી રહેજ લોપણુ માત્ર હતી, એટલે થોડેવારે તેણી પાછી શુદ્ધીમાં આવી અને તેને તેવી જાણ થતાંજ તેણી ખરેખર દલગીર થઇ ગઇ. થોડોકવાર એમ જાગૃત તે પડી રહી અને રાત્રે અગયારેકને સુમારે તેણીની આંખ પાછી લાગી અને ઉંઘાઇ ગઇ તે છેક સહવારે

તે સજાગૃ થઇ. સજાગૃ થતાંજ ઠંડા પાણીએ મોઢું છાંટવા જેમતેમ 'અરે–ઓ' કરીને તે ઉઠી અને તેજ વખતે તેની નજર એક બીડેલાં કાગળપર પડી. તે કાગળ તેણી ઉઠે તે અગાઉનું કોઇ ત્યાં મુકી ગયું હોવું જોઇયે. તે તેણીએ લીધું અને ઉખેડી જોતાં તેણીને માલમ પડયું કે તે તેણીએ ગઇ કાલે બપોરે લખેલાં કાગળનો જવાબ હતો. તેમાં પણ સનાનના સમાચાર લખેલા તેણીએ વાંચ્યા. તે કાગળ તે ડોસીએ કોઇ પાસે લખાવ્યું હતું, અને તેમાં તેણીએ પોતાના ખાવીંદના વફાત પામવાના માઠા સમાચાર લખ્યા હતા, અને ગુલઝારને પોતાને ત્યાં તે બીચારીએ મળવા બોલાવી હતી. તે કાગળ વાંચી ગુલઝાર બીચારી શોકેશોક રડી અને પાછી પોતાને બીછાણે પડી. તેણીએ જોયું કે તે તરફથીબી મદદની હવે આશા રાખવી ફોકટ હતી, કેમકે તેણીને લાગ્યું કે તે બીચારી બીવહા થયલી ડોસી પોતાનાં દુઃખને રડે કે ગુલઝારનાં દુઃખને સેકો તાણે?

ત્યારે, ઓ ખુદા! તેણીની આ બીમારીમાં તેણીની સારવાર કરનારૂં, તેણીની માવજત કરનારૂં અને તેણીની તરફ કશીબી મદદનો દસ્ત લંબાવનારૂં શું કોઇ ત્યાં હતુંજ નહી?

કલાકોના કલાકો એમ નીકળી ગયા અને પાછી રાત પડી અને તે રાતની શીહા શાંતી વચ્ચે તેણીની ઝુંપડી તરફ બાહાર કોઇનાં પગલાનો અવાજ તેણીને કાને પડયો. તેણીનું અળગું બંધ કીધેલું બારણું ઉંઘડયું અને બતીનો ઉજાસ તેણીની ઝુપડીમાં વ્યાપી રહયો. એ શું હતું તે જોવા ગુલઝાર જરા ઉઠી તો તેણીની નજર તેણીની સામેનાં ઝુપડાંમાં રહેતી એક મુસલમીન ઓરત પણ પડી. તે ઓરત, ગુલઝાર આટલો લાંબો વખત નહી દેખાયાથી અચરતીની મારી તે ઝુંપડીમાં આવી હતી અને તેણીને આવી બીમાર હાલતમાં જોઇ તેણી સગીર થઇ ગઇ. તુરતજ તેણીએ ગુલઝારનીજ ઝુંપડીમાંનો ચુલો

ઉશ્કેરયો અને તે પર ચાહને માટે ગરમ પાણી મુકયું. પાણી ગરમ થાય તેટલાં પોતાને ત્યાંથી સુકી ચાહ અને ખાંડ તે લઇ આવી અને થોડા વખતમાં એક કસેરો ભરી ચાહ ગુલઝારને પીવા આપી. ગુલઝારે તે હજારો હજાર દુવાઓ સાથે પીધી અને તેણીને કાંઇક આરામ થયલો જણાયો, અને તે દયાળુ દીલની ઓરત પોતેજ બીચારી ગુલઝારની સારવાર કરી સંતોષ પામી તેમ નહીં, પણ સહુ વાર પડતાં બીજાં બધાંઓને તે વાત કહી આવી, એટલે વારાફરતી બધાં તે બીમારને જોવા આવ્યાં અને કેટલાકો તો તેણીને ખાધા પીધાનું વટીક પુગાડવા લાગ્યાં.

એ ઉપરથી આપણને જોવાને બની આવે છે કે બધાંજ ગરીબ તે કાંઇ નીચ અને સાંકડા મનનાં નથી હોતાં અને બધાંજ મોટાં તે કાંઇ ઉંચ અને મોટાં દિલનાં નથી રેહેતાં. ગરીબને નિચ સમજી વખોડવાં નહીં અને મોટાંને ઉંચ માની વખાણવાં નહીં.

એમને એમ એક મહીનો ગબડી ગયો અને ગુલઝાર આખા દાહાડાના થોડાક કલાક બીછાણે બેસીને કાઢવા જેટલી સાજી થઇ હતી અને થોડીક બીજી મુદ્દત જતાં તેણી જરા હાલતી ચાલતી અને ઉઠતી બેસતી થઇ કે વળી પાછું સીવવાનું કામ તેણી મેળવવા લાગી. તે બીચારી બી શું કરે? તે કયાં સુધી સખાવતનો ટુકડો ખાયા કરે? અને રખે તેણીની બીમારીને તેનાં ખરાં રૂપમાં જોઇ તેણીને કામ આપનાર બીચકી જાય, તેથી તેણી હતી તે કરતાં વધુ તંદરોસ્ત દેખાવાના તેણીએ ઢોંગ કીધા અને કોઇ સખી હાથે મળતું દવા પાણી પણ તેણીએ બંધ કીધું. અલબત તેણી બીછાણેથી ઉઠી હતી, મગર, તેણીની અંતરની બીમારી કાંઇ ગઇ ન હતી. તેણી જાણતી હતી કે તેણીની જીંદગીના ઝરામાં ઝેર આમેજ થઇ ચુકયું હતું અને તેણીનાં તન બદનને અંદરથી ખાઇ

નાંખી તેણીનો ધીમે ધીમે નાશ કરનાર જીવજંતુઓ તેણીની રગેરગમાં પૂરી વળ્યાં હતાં. તેણીને ઘડી ઘડી થઇ આવતો ખોખરો થાસો, કોઇ કોઇ વખત ચઢી આવતી હાંપ, હમેશનું ગરમ રહેતું તેણીનું આંગ, વખતે વખત તેણીનાં કપાળ પર ફુટી નીકળતો પરસેવો અને વારંવાર તેણીના ગાલ પર ચઢી આવતો ગરમ રતાશ—એ સઘળી નિશાણીથી તે ગરીબ છોડી નાવાકેફ તો નહીંજ હતી અને તે સઘળી ક્યાં જબુન દર્દની નિશાણી હતી તેથી તે જાણી ચુકી હતી.

એક દીવસે તેણી સાજી થઇ ઉઠતી બેસ્તી થયા પછી ચાર દાહાડે તેણી પોતાનાં કંગાળ ઝુંપડાંના એકાંતવાસમાં તે બેઠી હતી તેટલાં તે ઝુંપડાંનું બારણું ઉઘડયું અને પેલી ગુલાબખાંની ફેલવાલી ડોસી ઝુપડાંમાં દાખલ થઇ. તે દયાળુ અબલાની નજર ગુલઝાર પર પડતાંજ તે ચોંકી અને તેણીને કોટી કરી પડી. તે બીચારી ઝારા ઝાર રડી. ગુલઝારને પણ આથી લાગી આવ્યું અને તે પણ તે ડોસીને વળગી રડવા પડી.

"યા અલ્લાહ!" વિધવા તે ડોસી બોલી "તું આટલી બીમાર ને મને તો તેં કાંઇ કેહેવરાવ્યુંજ નહીં? શાબાસ, મારી માય, તેં મને તો યાદબી નહીં કીધી હોસે! અરે તારૂં આ દુઃખ જોઇ મને તો વ્હેમ આવેછ કે ખુદા જેવા દાતાની હસ્તીઓ હોસે કે નહીં, કેમકે તેમ હોય તો તારા જેવી નાજુક, તારા જેવી નિર્દોષ, તારા જેવી નિતીમાન, તારા જેવી નેકને એમ નિરાધાર નાચાર તે કેમ પડવા દેય? તું મને તેડાવતે ને જો કે મારા મરદનાં મૌતથી મારી પર કાંઇ થોરૂં નથી ગુજર્યું તો પણ મારાં તે અગાધ અમાપ દુઃખ વચ્ચેથી હું તારી આગળ દોડી આવતે, અને તુંને મારે ઘેર લઇ જઇને રાખતે અને હું ને મારી બેહેનની બેટી, જેને મેં મારે તહાંજ બોલાવી રાખીછ તેઓ તારી સારવાર કરતે; પણ હજુ કાંઇ મોડું નથી થયું, એટલે તુંને

તાબડતોબ હમણુંજ આય પડીએ મારી સાથે મારે તહાં લેઇ જવાની. તું તારા ઓરડામાંજ રહેજે, કેમકે તે કાંઇ મેં હજુ ભારે આપ્યો નથી; તુને મેં કહ્યુંતુંની કે તેનું તો સાલ ભરનું ભાડું પેલો બીચારો રેહેમત પગાર કરી ગીયોછ, અને તેનો બધો તને આપેલો સામાનબી જેમનો તેમજ છે."

"નહીં, ઓ નહીં, મારીથી તો ત્યાં હવે અવાયજ નહીં!"

"ત્હારે તારો એ વિચાર ફરવાનોજ નહીં કે, છોકરી? તારી મરજી બા, તેં મને રેહેમતને લગતો ગઇ વખતે ખુલાસો કીધો તેપરથી તને બોહોસબી કરવી ઠીક નહીં. તે તો બીચારો બે દાહાડે, ચાર દાહાડે અને કોઇ વખતતો રોજ ફેરા ખાયછ ને તારે લગતી કાંઇ ખબર મલીછ કે નહીં તે પુછેછ ને હું તો તેને 'ના' નું 'નાજ' કહુંછ એટલે તે બીચારો લાચાર લાઇલાજ બની પાછો ફરેછ, ને તેબી હરવાયો દાહારે દાહારે સુકાતો ઉગાતો જાયછ; અને તું ખોદાની બંદી હોય તો માનજે, દીકરી, કે તેને એકુ દાહારે ઉભો રાખી તે ખરેખર પરણુયોછ કે નહીં, અને તારી સાથે એમ દગાબાજી કરવાનો સબબ શું તે પુછવાનું મન ઘણી વખત મન થયું, પણ, હજુ મેં તેને પુછયું નથી ને—"

"મેહેરબાની કરી અંતની ઘડી આવે ત્યાં સુધી તેને તમે પુછતાજ ના. તે મને ચાહેછ તે વિશે મને કશો શક નથી, અને ખુદા શાહેદ છે કે તેને બી હું કેવા પ્યારથી ચાહતી હતી અને આ જેબી ચાહુંછ." અને આટલું બોલતાં તે બીચારીની આંખોમાંથી દડદડ આંસું નીકળી પડયાં, "પણ કદી નહીં, ઓ તેને મારીથી મળાય તો કદીજ નહીં, કેમકે તેના પ્યારમાં પાપ છે. જયારે હવે થોડા વખતમાં મારી માદરની ગોદમાં ચંપાવવા તેણીને જઇજ મળવાની છેઉં, ત્યારે તે ટલો વખત તો પાક અને સાફજ રેહેવાનો મેં મજબુત ઠેરાવ કીધો છ."

“ એમ ના બોલ, દીકરી ગુલઝાર, એમ ના બોલ.” તેનું ફુલ જેવું માથું પોતાના પેટમાં ચાંપી તે વિધવા બોલી “ ચાલ, હવે તારી આગળ તે જવાનને લગતી કાંઇ-વાત હું છેડસજ નહીં. જ્હારે તું મારે ત્હાં આવવા ના કેહેછ તો ચાલ હું તને મારી બેહેનને ત્હાં લઇ જઇને રાખું. ખુદા રાખે તે મારા કરતાં પાંચ પૈસે સુખી છે ને તારા જેવી દીકરી તેને કાંઇ ભારી પરવાની નથી. નહીં, હવે કાંઇ બોલતીજ ના, મારી બેહેન દર્યાબાદમાંજ રહે છ, પણ જે જગે તે રહે છ ત્યાં જરા ખુલ્લું ને હવા સારી છે. નહીં, તું ગમે તે કરની પણ હું તુંને લઇ જવા વગર નથી રહેવાની. ચાલ, વખત જાયછ, ને ગાડીવાલો મુવો તાંઇતાંઇ કરશે, વાસ્તે હું હમણા જાઉંછ, મારી બેહેનને મળુંછ ને આવતી કાલે તુંને હું લઇ જવા આવશ, સમજી કે માય, ને લે આય રૂપયો છે તે દુધ-ડુધ મંગાવીને પીજે, ને આટલા દાહાડા તું કામ તો કશું નહીં કરતી’તી ત્યારે ખાતી’તી કેમ? ઉછીનું લાવીને? ઠીક છે, કાલે હું આવસ જ્હારે આપરે તે લોકના પૈસાબી ચુકતી આપશું! તું જોજે તો ખરી કે આઠ દસ દાહારામાં તું કેવી—”

“ અરે, પણ હું કોઇ બીજાપર બોજો શું કામ—”

“ પણ મારી વ્હાલી બેટી, તું જોતો ખરી કે મારી બેહેન તારીપરથી કેવી થોરી થોરી થઇ જાયછ. ને બોજો શું કામ-તું સારી થાય કે ત્હાંજ રહીને તેને મદદ કરજેની! ચાલ હવે તકરાર નહીં જોઇયે, હું કાલે જરૂર આવસ.” એટલું બોલી, રખે વળી ગુલઝાર ના-પાં કરે તેની બીહીકથી તે ભલી ડોસી ત્યાંથી ચાલીજ ગઇ અને તેને જતાં જોઇ વળી પાછાં ગુલઝારની આંખોમાં આંસું ભરાઇ આવ્યાં, અને એ આંસું કાંઇ દુઃખનાં નહતાં, મગર તેણીની બેઝારી બેકારી અને બીમારી વચ્ચે તે ભલી ડોસીની આમદથી

તેમજ તેણીએ દેખાડેલી માયા મેહેરબાનીથી તેણીનુ હૈયું ભરાઇ આવ્યું, એટલે તે આંસું દુઃખનાં હોવાને બદલે તેણીના જખમાયલા જીવપર એક ઠંડા મલમ જેવાં હતાં અને માદરના જેવી એક માયાળુ અને દિલસોજ દોસ્તની મહેરબાનીથી તેણી આ કંગાળ ઝુંપડું છોડી બીજે સારે જગે રહેવા જનાર હતી તેથી તેણી કાંઇક ખુશી થયલી દેખાઇ.

બાહરવને સહવારનાં પોહોરમાં પેલી ભલી વિધવા આવી લાગી, અને ગુલઝારે જેઓનું ઉધાર ઉછીનું લીધું હતું તેમનું સર્વનું ચુકવી આપ્યું અને જેઓએ તે બીચારીને તેની બીમારીમાં મદદ કીધી હતી તેમનો ગુલઝારે તેમજ ગુલઝાર તરફથી તે ડોસીએ ઉપકાર માન્યો અને તેઓ બંને ત્યાંથી ચાલતાં થયાં.

કેટલાક મહીનાના મહીના ગબડી ગયા અને ગુલઝાર ખુલ્લી હવા, તંદરોસ્ત ખોરાક અને જેને આશરે તે આવી રહી હતી તેની કાળજીભરી સારવારને લીધે જલદીથી સાજી થતી ચાલી. તે સાજી તો થઇ, તે હરતી ફરતીબી થઇ, તે વળી ઘરતું તેને બર આવતું કામકાજબી કરતી થઇ, પણ, તેણીને જે બુરો મરજ-ખઇનો બુરો રોગ-લાગુ પડયો હતો તેનો કાંઇ સમુળગો નાશ થયો નહીં. અલબત ગુલઝારના બાબમાં કટોકટ વખતે થયલા આ ફેરફારથી તે નાપાક રોગનાં કદમ ઘણાં ધીમાં પડયાં હતાં, તેની અસર ઘણીજ ધીમી ચાલે આગળ વધતી હતી અને એક દહાડે તેણીને મોતને શરણ થવું પડશે એમ ગુલઝારની ખાતરી થઇ ચુકી હતી, તો પણ તે હીંમતવાન છોડી બાહાદરની લાગણીથી તેવું કશું બતાવતી નહતી, કેમકે તેણીને જીવવાની કાંઇ ઘણી હોંશ હતીજ નહીં, તેમ મરવાની પણ કશી બીહીક તેણી રાખતીજ નહીં, કેમકે તેણીની તમામ જીંદગી વગર શકે નીતરી અને નીતીમાન હતી. પોતાના વિચારથી, પોતાના

બોલથી કે પોતાની કરણીથી કદીબી તેણીએ ખુદાએ નિરમાણ કરેલા કે માણુસાઇ કાયદાએ મુકરર કરેલા કોઇબી નિયમને તેણીએ તોડયો ન હતો. તેણીએ ઘણું-ઘણુંજ ખમ્યું હતું, મગર પાક અને પ્રમાણીક પગથીથી તેણીનાં કદમ વેગળાં ગયાં ન હતાં.

જ્યાં સુધી પ્રિય વાંચનાર, લાલચ આપણા માર્ગમાં આડી ન ફરે ત્યાં સુધી નેક કે નિતીમાન રહેવામાં કાંઇ મોટી વાખવાખી કે શાબાસી નથી. સમજ શકતીની ઉમરે આવતાં સઘળાંઓજ નેક અને નિતીમાન તો હોયજ છે, અને જેમની હાલત એવી સુખી હોય કે તેમને રસ્તે લાલચ કોઇ દાહાડે ફરકેજ નહીં તો તેવાઓ નેક અને નિતીમાન જીંદગી ગુજારી ઉધરે તો તેમાં તેમને ધન્યવાદ આપવા જેવું શું છે તે અમો સમજી શકતા નથી. તું યા હું સુખે કટકો રોટી પેદા કરી આપણને મળતી ન્યામતના શુકરાના કરનારા ચોરી અને લુટફાટ નથી કરતા તેથી શું આપણે વાખવાખી અને વખાણને પાત્ર છીયે? પ્યારથી પુંજઇ સાચા ખાલેસ પ્યારને આધીન થઇ પરણીને પરિવારવાળી થયલી અબલા, તેણીને રસ્તે કોઇ ભામતો કુછંદી નહીં ફરી વળયાને સબબે નેક નિતીમાન જીંદગી ગુજારતી હોય તો શું તેને તેની તેજ જીંદગીની રીતીને માટે તમો વખાણી વાહવાહ કરશો? નહીં. પેલો ભુખે મરતો મજુર, જે ચોરીની મિરાસથી જીવ્યા કરતાં ભુખે મરવું લાખ દરજજે બહેતર સમજે છે તે તે ખરો વિરલો! ગુલઝાર જેવી મજુરી-પ્રમાણીક મજુરી કીધા છતાં જુલમગાર આસ્માની ચક્કરના દાંતામાં છુંદાતી અબળા, તેણીના દમની હવા તે દાદગરની દયાળુ દરઘાહે ઉડી જઇને પુગે ત્યાં સુધી પોતાની નીતીપર મુસ્તાક રહી નેકીને જીવની માફક સાચવીને આ જગતમાં ઉધરે તો તેની તે હીંમત ખરેજ તારીફ લાયક અને ખરેજ સ્તુતીપાત્ર લેખાય!

પ્રકરણ ૫૫ મું.

કોચીનો એક સાહુકાર

જેટલો વખત આપણે આપણી ગુલઝાર સાથે ગુજાર્યો–તે વખત સુધીમાં 'સાબેરગંજ'નો મામલો કેવો હતો? વિસ્તારીને તેનું વર્ણન આપવા કરતાં અમો ટુંકમાંજ પટાવવાનું વધુ પસંદ કરીશું કે આ વારતાનાં ૪૪ માં પ્રકરણમાં જેવો અમે વાંચનાર સનમુખ તેને રજુ કર્યો છે તેવોજ બલ્કે તે કરતાં વધુ બીગડેલો, વધુ નીચી પંક્તીએ ઉતરેલો અને સત્યાનાશીમાં વધુ અને વધુ સબડતો થયો હતો.

નવાબ વધુ નખાઇ જતો ચાલ્યો હતો, રેહેમત વધુ હાલહવાલ અને તવાઇને વધુ નાતવાન થઇ જતો હતો અને સલીમાનાં હાડકેહાડકાં નીકળી આવ્યા હતાં. બેગમ બદ્રુલ બાહારે તો ગોયા જોગ ધારણ કીધો હતો અને નુરજહાં, પોતાનાં વ્હાલાઓનાં એ રીતે વધતાં જતાં દુઃખથી નહીં, મગર, તે દુઃખને લીધે બંધ પડેલા જલસા અને રંગરાગ વગર એકલી અટુલી ઝુરી મરતી હતી. વકીલ સાઅદતખાનનો પગદંડો તો ત્યાં હતોજ, અને નહીં મામા કરતા કાણા મામા ભલા સમજી તેની સોહોબતમાં નુરજહાં ઘણો વખત કાઢી મનસે મોજ માની લેતી. નવાબ યારજંગ તો ત્યાં ફડકતોજ ન હતો.

અમારી આ વારતા શુરૂ કીધાને આજે બે વર્ષ થઇ ગયા હતાં અને તે ટુંકે અરસામાં આ કેવા ફેરફારો! કેવા ચમત્કારીક ફેરફારો!!

પણ, હાલ આપણને સાબેરગંજ સાથે કામ નથી; થોડોક વખત પછી ત્યાંની આપણને તુલોતવીલ ખબર તો લેવીજ પડશે, પણ ત્યાં જઇએ તે અગાઉ અમો અમારાં વાંચનારાંઓનું ધ્યાન એક નાટકના

મંડપમાં સ્વચ્છ ગુજરાતી ભાષામાં બોલવાના ફાંફાં મારીયે તો નૃત્ય ગૃહમાં દોરવવા માંગ્યે છીયે. મુંબાઇની એક પંકાયલી નાટક મંડળીએ ઉત્તર હીંદુસ્થાનની પોતાની મુસાફરીએથી મુંબાઇ તરફ પાછાં ફરતાં દર્યાબાદમાં પોતાનો મુકામ કીધો હતો, જ્યાં એક કુશાદે મેદાનમાં એક મોટો મંડપ ઉભો કરી તે પોતાના જાણીતા લોકપ્રીય ખેલોથી શોખીન સજ્જનોનું ઘણું ધ્યાન ખેંચી રહી હતી, ખાસ કરીને આજે તેમના મુનશી મોહમદ મીરઝાં ઇસફાની મુતખલ્લુસ બ 'સાજેદ'ની કલમથી લખાયલો "યુસુફ અને આઇશા"નો ખેલ તખ્તા ઉપર રજુ થવાની જાહેરાત બાહાર પડેલી હોવાને સબબે નાટકશાળા ચીકાર ભરાઇ ગઇ હતી, જેમ થવાનું કારણુ તે નાટકમાં સમાયલા લખાણુની અસર અને તેમાં સમાવેલા નીતીમાન સબકોને લીધે હોય કે તે કંપનીમાં હમણાં તુરતની દાખલ થયલી બે ત્રણુ—તેના માલેકો જણુાવવા માંગતા હતા તેમ—અતી નિતીમાન અબલા નાટકકારોને લીધે હોય તે હાલ અમો કહેવાને તૈયાર નથી, પણુ તે નાટકને લગતાં બાહાર પડેલાં હેન્ડબીલમાં તે નાટકમાં સમાયલી ખુબીઓનાં કરતાં આઇશાનો ભાગ ફાંકડી ફુલકસુર નામે પંકાયલી એક અબલા નાટકકાર ભજી બતાવશે એ બાબદને વધુ અગત્યતા લાગુ પાડવામાં આવી હતી.

પણુ આપણુને તે નાટક સાથે કે તેમાં સમાવલી ખુબી ખામી સાથે યાતો તેમાં ભાગ લેતી અબલાઓ—તે કંપનીના માલેક આપણુને જણુાવવા માંગે છે તેવી—ઉંચ કીસમની નેકી નીતીવાળી છે કે નહીં તેની સાથે પણુ કશું સનાન સુતક નથી. આપણુને આજે નાટકમાં આવવું પડયું છે તે ત્યાં તમાશબીન તરીકે બેઠેલા એક ફાંકડાં જવાન જોડાંપર નજર રાખવાને માટેજ છે. તે જોડાંમાંની જવાન અબલા ખરેખર ખુબસુરતીનો એક નાદર નમુનો હતી. તેણીની ખીલેલી

પેશાની, ઉગતી રૂવાંની, અને જોબનના પુર બાહારમાં દીપી રેહેલી જવાનીને લીધે ત્યાં ભેગાં મળેલાં મોટે ખાચરેનાં તમાશબીનોનું એકાગ્ર ચિત્ત તેણી ચોરી રહી હતી. તેણી સજબી થઇ રહી હતી તેવા ભપકાબંધ પોશાકમાંજ, અને તેવો પોશાક તેણીને હર હંમેશ પેહેરવાની આદત નહીં હોય તેમ જરાજરામાં તેણી કચવચ કરી મરડાતી મોરાતી હતી. અમોએ ઉપર જણાવ્યું તેમ તે ખુબસુરત હતી પણ તેણીની ખુબસુરતી તે કીસમની હતી કે જે ઉપર નજર પડતાંજ તેના ઝલકાટ અને ઝમકારથી મગજ ઘુમરી ખાઇને ફરે, પરંતું હૈયાંના ઉંડાણુમાં તેની કશીજ અસર થયલી માલુમ ન પડે.

તેણીની પાસે બેઠેલો જવાન ઉંચો અને ખુબસુરત હતો, મગર તેનો ચ્હેરો હર તરહેનાં બદ વ્યસન અને ખરાબ રીતે ગુજારેલી જીંદગીને આધીન થઇ સોહરાઇ સુકાઇ ગયલો હતો. તેની લાંબી ભરેલી મુછ અને અણયાળી કપાવેલી દાઢીને લીધે જો કે તે મેહોમેદન હતો તે છતાં મહોમેદન કરતાં મહોમેદન પોશાકમાં એક ફ્રેન્ચ મેન જેવો વધારે લાગતો હતો. તેની ઉંમર ત્રીસેક વર્ષની લાગતી હતી. તેણે આંગમાં જરરીન કોર સાથનો મખમલી સાહયો પેહેર્યો હતો અને માથાંપર તરકીશ કેંપ જરા વાંકી મુકી હતી. તેણે હાથમાં સોનાની મુથવાલી ફાંકડી લાકડી પકડી હતી, અને હાથનાં આંગળાંઓને કીંમતી નંગોથી મઢેલી વીંટીથી ભરી નાખ્યાં હતાં. પગમાં રંગબેરંગી રેશમથી ભરી લીધેલાં કાળાં મોજાંપર ફાંકડા પમ્પ શુ પેહેર્યાં હતાં. તેણે પેહેરેલો જરરીન મખમલનો સાહ્યો પેટ અને ગળાં આગળાથી ખુલો હોવાને સબબે તેણે પહેરેલી ઇંગ્રેજી ઢપની 'વેસ્ત' ખુલ્લી નજરે પડતી હતી, જે ઉપર સોનાનો ભારી છેડો લટકતો હતો, અને તે વેસ્તનો ઉપલો કાપ વળી ખુલ્લો હોવાને લીધે તેણે તેની નીચે પેહેરેલાં સફેદ દુધ જેવાં ખમીસમાંનાં હીરાજડીત બતન તે રાતની

રોશનીમાં ઝગઝગ થતાં હતાં. મુંબઇના એવા મેળાવડાઓમાં કોઇ હદબાહાર એશકી અક્કડબાજ જવાન તરફ તુરતજ તમાશબીનોનું ધ્યાન ખેંચાઇ થોડીવારમાં તેને વાસ્તે ચરચા ઉત્પન્ન થાય છે તેનો તો અમારાં વાંચનારાંઓના મોટા ભાગને અનુભવ હશે, અને આ મેહોમેદન જવાનના બાબમાં પણ તેમજ બન્યું. તખ્તા ઉપર ભજી બતાવવામાં આવતા ખેલને બદલે ત્યાં જમા થયલા તમાશબીનોના મોટા ભાગનું ધ્યાન એ જવાન જોડાં તરફ ખેંચાઇ રહ્યું અને થોડા વારમાં "પેલો કોણ છે? અને પેલી તેની સાથવાલી કોણ?" એવા એવા અનેક સવાલો બરપા થયા; અને બે ત્રણ ઠેકાણેથી તો જવાબબી મલ્યા કે, "તેનો ચ્હેરો કાંઇ ધ્યાનમાં આવેછ ખરો, પણ અગાઉ તે કયાં નજરે પડેલો તેનો ખ્યાલ નથી આવતો."

"શું એ કોણ છે તે તમો નથી જાણુતા?" આખરે એક ગ્રહસ્થે તે સવાલો પુછી રહેલી એક નાની ટોલકી તરફ ફરીને કહ્યું, " તમે મીર સફદરજંગ નામના રંગીલા જવાનને માટે સાંભળયું તો હશે—થોડાંક વર્ષની વાતપર તો તે આ શેહેરનો એક પંકાયલો અને બધે પળોટાયલો જવાન હતો."

"તે એ? પણ મારી જાણ પ્રમાણે તો તે તદ્દન નાશ પામી કરજ કરી કેઠે વંજો માપી ગયો હતો?"

"હા, તે નાશ પામ્યો હતો ખરો અને તોબી તો તે હલકાં જુગારખાનાંઓમાં રખડતો કોઇ કોઇ વખત દેખાતો, પણ વળી ત્યાર પછી તે સંદતર ગબબ થઇ ગયો હતો. હું ધારૂંછ સવા દોઢ વર્ષની વાતપર તેનું નામ નીશણુ નહીં હતું, પણ પાછો થોડાક હફ્તા થયા તે પોતાના પગપર ટટાર ઉભો થયોછ અને આગળ હતો તે કરતાં ઘણી સારી હાલતમાં તરી નીકલ્યોછ; અલબત, દેખાયછ તો તેમજ, પણ, પછી તો કોણ જાણે!"

"ને પેલી ખુબસુરત નાજનીન તેની ઔરત કે ?"

"નહી, હું નહીં જાણતો; પણ હું નહીં ધારતો તેમ હોય, જો, જો તેની તરફની તેની વલણ એક ઔરત તરફની તેના ખાવીંદની વલણ જેવી લાગતી નથી. હું ધારૂંછ કે તે તેની 'રાખેલી' હશે."

"પણ તમે એ મીર સફદરજંગને ઓળખતાજ હોવો તો તેમની બેઠક આગળ જઇ તે ઔરત સાથે પીછાણ પાડોની ?"

"નહીં, કેમકે એ રસાલદાર મેજર સફદરજંગ સાથે મને વર્ષની વાતપર કાંઇ તકરાર થઇ હતી. ત્યારથી અમને એકમેકસે બોલવા ચાલવાનો વ્હેવાર નથી."

"રસાલદાર મેજર સફદરજંગ! તે કયારથી? તેને તો હું સફદરજંગ અને ઘણું તો મીર સફદરજંગનાંજ નામથી ઓળખતો હતો!

"હા, પણ તે થોડાક હફતા થયા પાછો ફુટી નીકળ્યોછ, ત્યારથી તેણે તે કીસમનું પાટીયું પોતાના સુંદર બંગલાપર માર્યુંછ, એક ઘોડાની ગાડીમાં તો તે ફરતોજ નથી. જોડીની બ્રુહામ, જોડીની ફાઇટન, જોડીનોજ તાંગો, અને જોડીનીજ વિકટોર્યા તે ફડકાવેછ, તેમજ વળી નોકર નફરોનું તો એક ટોળું ને ટોળુંજ તે નિભાવતો જણાયછ."

આ બે જણની આટલી વાત ઉપરથી સર્વની ચકચારે ચઢેલું તે જોડું-ખસુસ કરીને તે જવાન કોણ છે તેને લગતા સહેજ ઇશારાનો ચમકારો વાંચનારાને થયો હોવો જોઇયે; અને તેટલાંથી તને તેવી બાતમી હજી ન મળી હોય તો તે જવાન પોતાની પાસે બેઠેલી નાજનીન સાથે હસી હસીને જે વાત કરે છે તે વાતનો થોડોક ભાગ તું સાંભળશે તો તું તેને કદાચ ઓળખી કાઢવામાં પછાત નહીં પડશે.

પ્રકરણ ૫૬ મું.

રંગમાં ભંગ.

"પ્યારી ઝોહરા, આજે તારી ખુબસુરતી કાંઇ ઔરજ બાહારમાં દીપી રહીછે, ને તેને લીધે તેં જે આ તમાશબીનોમાં ઉલટ ઉશ્કેરીછે તે જોઇ ત્યાં જમા થયલી એકેએક નાઝનીન તારી તરફની અદેખાઇથી બળી મરતી હશે. બધાઓની નજર તારી ઉપર ટીમાઇ રહીછે ને તારા જેવીની સોબતમાં બેસવા માટે તેઓ મને ખરેખર નસીબદાર સમજતાં હશે."

"પણ લોકની એમ અદેખાઇ હું ઉશ્કેરી રહીછ તે માટે તું તો ખુશી છેની, સફદર?" ઝોહરાએ તેની તરફ ફરી હસીને પુછ્યું.

"હાજતો, મારી જાન, લાહોરમાં જે નસીબ સંજોગે તું મને મલી ગઇ તે નસીબને હંમેશાં હું યાદ કરી દુવા દઉંછ.—"

"અને તેજ વખતે તું ભુલી જતો લાગેછ. કે મારી મદદે આવી તેં મને આફતમાંથી તે વખતે છોડવી હતી, અને તારીજ મેહેરબાનીથી—"

"મેહેબાનીથી? મેહેરબાની શાની, મારાં જીગર? એ તો એક સુભાગ્ય સંજોગનું પરીણામ માત્ર હતું. જે સીરાઇમાં તું ઉતરી 'તી ત્યાંના ખાનસમાંથી મેં જાણ્યું કે તે સીરાઇમાં એક બીચારી અબલા હતી, જે પોતાનો ખાધા ખરચ નહીં આપી શકવાને લીધે લાઇલાજ લાચાર થઇ પડી હતી. તેવું જાણતાંજ મેં તને મળવા માગ્યું, જેમ મને મળવાની તેં કરમ મેહેરબાની ફરમાવી—આપણે બન્નેએ એક બીકને સમજી લીધાં, અને તેનાં પરિણામમાં આજે આપણને જોરૂ ખાવિંદ તરીકેની સુખી સુખ્યારી જીંદગી ગુજારતાં સર્વે જોયછ અને આપણા બુલંદ સેતારાની અદેખાઇ કરે છે."

"બેશક, મારા સફદર, અને જ્યારે હું તું વ્હાલાને ખાતરી આપુંછ કે તુને આજે જેટલો હું ચાહુંછ તેટલા જોશથી મેં મારી જીંદગીમાં કોઇને ચાહ્યો નથી તો સાચું માનજે કે તને ખાલી છાપરે ચઢાવવા હું બોલતી નથી."

"દર બન ચે શક? જ્યારે તેંજ મારી આગળ એક વખત શી રાઝી શરાબની બાહારમાં યકરાર કરી દીધો હતો કે એક વખત તારી પાછળ આશકોની હારની હાર તણાતી ઘસડાતી હતી તો આજે જ્યારે જોઉંછ કે તે બધાઓને પછાત નાખવા જેટલો હું નસીબવંત નિવડયોછ તો તે શું મને હરખમાં ગરકાવ કરી જન્નતમાં બાહારો બાહાર મને રવાના કરી દેવાને બસ નથી?"

"પણ, મારી તરફની તારી મેહેરબાની અને માયા તરફ જોતાં જો હું તારીપર એટલો જીવ આપતી હોવું તો તેમાં મોટી નવાઇ નથી, અને તેપરથી હું સેહેજમાં અનુમાન પર આવી શકુંછ કે તું ઘણો જરદાર હોવો જોઇયે."

"જરદાર!" તે જરાક ચોંકીને બોલ્યો, "અલબત વ્હાલી મારી પાસે કારૂનનો ખજાનો છે! પણ ગમે તે હોય તો બી તારા પેલા છેલ્લા દોસ્તના જેવો તો હું નથીજ હું કે જે તને લાહોર લેઇ જઇ ત્યાંની સીરાઇમાં રવડતે હાલે તને મુકી પોતે નાહાસી ગયો હતો."

"આહ! તું તે બીચારાની નીંદા કરેછ!" ઝોહેરા હસીને બોલી, "અને તે વખતે તું જો આવી નહીં પુગ્યો હતે તો મારૂં કોણ જાણે શું થતે! આહ! તને અથાગ પ્યારથી પ્યારા, હમેશ ચાહવસ, જ્યાં સુધી કે—"

"ક્યાં સુધી?" રસાલદાર સફદરજંગે પુછયું "જ્યાં સુધી તું વ્હાલીને હું આવાં સુખચયન અને અયશો અશરતમાં રાખું ત્યાં સુધી કે?"

"ત્હારી તું એમ બોલ્યો ? મારા પ્યારને કસોટીપર કસી જોવાને તું હંમેશ એવું એવું બોલી મને ચીડવેછ. હું તો તને ખરેખરજ ચાહુંછ, સફદર."

"હા, હું એમ ધારૂંછ, ઓહોરા—"

"તું એમ ધારેછ ? ત્યારે તારી ખાતરી નથી ? તું શું જાણે વ્હાલા, કે ઘણીક વખત મારી મોજશોખ અને ખાણી પીણીની મજાહ વચ્ચેથી તને કોઇ કોઇ વાર દિલગીર દેખી—"

"હું—દિલગીર !" આ તાણાથી લગાર ગભરાઇને તે બોલી ઉઠયો.

"હા કોઇ કોઇ વાર તું હસ્તાં બોલતાં દીલગીર થઇ જઇ તારો ચ્હેરો ઉતરી જાયછ અને બાજે વખત તું એવો ડરપોક બની જાયછ કે જરાક બારણું થોકાતાં તું બીહીને ચોંકેછ અને કેટલીક વખત તો ઉંઘમાં 'અરે, ઓ' કરી બુમો મારતો અને તરેહવાર હાય અફસોસ કરતો મેં તને મારી નજરે જોયોછ અને મારે કાને સાંભળ્યોછ."

"અરે તે તો અમસ્થાં ઘેરાયલાં મગજનો ધખારો, પણ, ઓ ! તારી મીઠી ગોફતેગોમાં વખત કેમ નીકળી ગયો ? ચાલ, હવે આપણે ઘર જઇયે."

તેઓ બન્ને તે મંડપમાંથી બાહાર નીકળયાં અને પોતાના કોચમેનને લાકડીથી ઇશારત કરતાંજ બે ઘોડાની ચાંકડી બ્રુહામ તે મંડપના દરવાજા આગળ આવીને ઉભી રહી અને જેવો રસાલદાર મેજર પોતાની સાથની નાજનીનને હાથનો ટેકો આપી ગાડીમાં બેસાડવા ગયો કે તેનાં ખભાંપર કોઇયે હાથ મુકયો.

તુરતજ, મંડપમાંથી બાહાર આવેલાં લોકમાં ગભરાટ ફેલાઇ રહયો અને ત્યાં થઇ રેહેલી ગડબડ તરફ ઓહોરાએ પોતાની ડોક ફેરવી

નજર કીધી તો મેજર સફદરજંગને પોલીસના બે આદમીઓના મજબુત કબજામાં સપડાયલો દીઠો.

"અરે, કંઇ ભુલ હોસે, કાંઇ ગફલતી તો નથી ?" તેણી બુમ પાડી ઉઠી, "સફદર, તું એઓને કહેની તું કોણ છે તે ? છોડો, છોડો એને, એતો રસાલદાર મેજર સફદરજંગ સાહેબ,"–

"અમને તે ખબર છે, બાનું, અને અમને એજ સાહેબે હસ્મતની જરૂર છે ! તમારે માટે અમો દલગીર છઇયે પણ ભરમ ફુટી ગયો છે. ખોટી સહીઓ પકડાઇ આવી છે. એ–" પણ વધુ કાંઇ ઝોહોરા સાંભળી શકી નહીં. સાચી વાત શું હતી તેનો વીજલીક ચમકારો તેણીનાં મન પર ફરી વળયો અને તેના આંચકા સમેત ત્યાંજ બેશુધ થઇ તે જમીનપર ઉભેથી તુટી પડી.

પ્રકરણ ૫૭ મું.

ઉશકેરાયલી જીજ્ઞાસા–રહેમતની મુઝવણ.

રસાલદાર મેજર સફદરજંગ પકડાયો તેની બીજે દીવસે સાંજે ત્રણેકને સુમારે નવાબજાદો રેહેમત પોતાના મેહેલ તરફ કેડે બહારથી આવતો હતો તે વખતે 'સાએરગંજ' ના મોટા દરવાજા આગળ ઉભા રહેલા એક ટાંગામાંથી ઝોહોરાને તેણે ઉતરતી જોઇ. તે વીસ પચીસ વારને છેટે હતો ત્યાંજ તુરત ઉભો રહી ગયો અને રખે તે ભુલતો હોય એવા વિચારથી તેણીને તે નજર ઠેરવી ધ્યાનથી જોવા લાગ્યો, અને એ રીતે ધ્યાનથી જોતાં તેની ખાતરી થઇ કે તે ઝોહોરાજ હતી. તેને એમબી વળી લાગ્યું કે તેનો ચેહેરો ફિકકો હતો અને તે કાંઇક ગભરાયલી જેવી લાગતી હતી.

તેણીની સાથનો પોતાનો સંબંધ છોડી દીધાને તેને આજે અઢાર–ઓગણીસ મહીના થયા હતા, જે અરસામાં તેણે તેને જોઇબી ન હતી અને તેને વિશે કશું સાંભળ્યું પણ ન હતું; અને ગુલઝાર માટેના તેના કમનસીબ નીવડેલા પ્યારમાં તે એટલો ગુંચવાઇ ગયો હતો કે તેણીનો કશો ખ્યાલ વટીક કરવાની તેને ફુરસદજ નહીં હતી, તેટલા માટે, તેણીના એ રીતના ઓચીંતા દેખાવથી તે ચોંકયો અને દલગીર થયો; કેમકે તેને લાગ્યું કે 'મુશરરફ્ખાંન' અને 'નવાબજાદો રેહુમત' તે એકના એકજ છે એમ તેણીએ કાંઇ સંજોગે શોધી કાઢયું હોવુંજ જોઇયે અને હાલ તેણી તેની પાસે ધમકીથી પૈસા ઓકાવવા યા તો પાછી દોસ્તી ચાલુ કરવા આવી હોવી જોઇયે. હવે ઝોહોરાની ચાલચલણથી રેહુમત વાકેફ હતો, એટલે તે જો ચાહે તો તેનો કેવો રકાશ કરી ઉભી રહે તેની પણ તેને ખબર હતી અને તેથીજ પોતે હાલ મેહલમાં ન હોવાને લીધે કાંઇક ખુશ થયલો દેખાયો;—અને જ્યાં ઉભો હતો ત્યાંથી જરા દુર હઠી જઇ એક ઝાડને ઓથે ઉભો રહી ઝોહોરાની પાછી બાહાર આવવાની તે રાહ જોવા લાગ્યો; પણ પાંચ મીનીટ ગઇ, દશ ગઇ, પંદર ગઇ તો પણ તેણી બાહાર આવતી તેને દેખાઇ નહીં એટલે તેણે અનુમાન કીધું કે તેણી તેની રાહ જોતી બેઠી હશે, અને તે જાણતો હતો કે તે એવા ચીવ્વત સ્વભાવની હતી કે તે તેને મળવાજ આવી હશે તો આખી રાત ત્યાંજ બેસી રહી તેની વાત જોવાને તે ડરવાની નથી, એટલે પોતેજ જઇ તેણીને હીંમતથી મળવાનો તેણે ઠેરાવ કીધો અને તુરતજ તે 'સાબેરગંજ'ના દરવાજામાં પેઠો, જ્યાંથી તેણીને મળવાની આશામાં તે આગલા હાલમાં ગયો; પણ ત્યાં ઝોહોરાને તેની રાહ જોતી બેઠેલી જોવાને બદલે તેની નજર બે આદમીઓ ઉપર

પડી, જેમને એલીફ બાપટીસ્ટાનાં 'ભોંસ્યાં' તરીકે તેણે તુરત ઓળખ્યા. તેઓએ તેને જોતાંજ ઉઠીને સલાંમ કીધી, પણ તેતો ઝોહોરાનેજ મળવાની ઉતાવળમાં હતો એટલે તેમને ઝાઝું કોઠું ન આપતાં તે આગળ ચાલ્યો. તેને ધાસ્તી એમ હતી કે તેને મહેલમાં ન જોતાં રખે તે અબલા તેના પેદર આગળ કે તેની બેહેનો આગળ ગઇ હોય અને ત્યાં તેમની આગળ સઘળી 'કચુંબર' કરતી બેઠી હોય! આગળ ચાલતાં તેને એક નોકર મળ્યો જેને તેણે પુછ્યું–

"હમણાં એક ટાંગામાં ઔરત આવી તે કયાં છે?"

"નવાબ સાહેબ આગળ છે હુઝુર."

"મારા પેદર સાથે?" તે ગભરાઇને બોલી ઉઠયો, "અફસોસ! હું કેવો મુર્ખ કે બહાર તાંત્યા દુ:ખવી તેને એ મુજબની મેં તક આપી; પણ પ્હેલાં તેણે મારે માટે પુછ્યું કે?"

"નહીં જી, તે નવાબ સાહેબને નામેજ પુછતી આવી અને જેવું તેનું નામ મેં હુઝુરને કહ્યું કે તેવીજ તેવણે તેને પોતાની પાસે બોલાવી."

"એમ! પણ તેણીએ નામ શું આપ્યું?"

"ફકત, તેણીએ એટલુંજ કેહેવડાવ્યું કે રસાલદાર મેજર સફદરજંગની બીબી નવાબ સાહેબને જરા મળવા માંગેછ."

"સફદરજંગ–સફદરજંગ, એ નામ મે કેઠે સાંભળયુંછ ખરૂ" તે મનસે બડબડયો, પણ તેનું તે બડબડવું કાંઇ એટલું ધીરે નહતું કે તેની સામે ઉભેલો નફર સાંભળી નહીં શકે.

"હાજી. કાંઇ વાત એમ ચાલી રહીછ કે ગઇ કાલે રાત્રે રસાલદાર મેજર સફદરજંગ નામના કોઇને ખોટી સહીઓ કરવા માટે પકડવામાં આવ્યોછ."

"હા, બરાબર મેં બી આજે સહવારેજ જાણ્યું કે એ સફદરજંગ નામના કોઇને ગઇ રાત્રે તે એક ખુબસુરત અબલા સાથે નાટકશાળામાંથી બાહાર નીકળતો હતો તેવોજ તેને પકડવામાં આયો હતો."

"પણ, તેમ છતાં મેહેરબાન સાહેબ, તે વખતે જે અબલા તેની સાથે હતી તે કાંઇ આ બાનુ નહીં હોય ! એક લુચ્ચા ઠગારાની જોરૂને નામવર નવાબ સાબેર-ઉદ-દઉલા સાથે કામ શું હોય ?"

"ઘણું અજબ જેવું-બેહદ અજબ જેવું." રેહેમત મનસે બડબડયો.

"હા, એ ઝોહોરાને કદાચ તે સફદરજંગે રાખી હોય-પણ તેને મારા પેદર સાથે શું વાસ્તુ ? વારૂં તેઓ બન્ને કયાં બેઠાંછ ?" આ છેલ્લો સવાલ તેણે તે નોકરને પુછયો.

"પેલો મોટો હાલ જે આપણે ઘણોખરો જલસા કે એવીજ મોટી મીજલસને માટે વાપરતા હતા, અને જેમાંથી થઇને બીલોરી બંગલીમાં પણ જવાયછ, તે હાલમાં નવાબ સાહેબ તે વખતે બેઠા હતા અને ત્યાંજ તે ઓરતને તેવણે લાવવાનો હુકમ આપ્યો."

આસપાસના સંજોગોને લંબાણ વિચારથી તપાસતાં રેહેમતને એ અનુમાન ઉપર આવતાં વાર લાગી નહીં કે સફદરજંગ પકડાયો તે વખતે તેની સાથે જે અબલા હતી તે ઝોહોરાજ હોવી જોઇયે અને એ વિચાર એક વખત તેનાં મગજમાં પકકો થયો કે તેની કુદરતી જીજ્ઞાસા ઉશ્કેરાઇ આવી કે તેવી એકને તેના બાપ સાથે કામજ શું હોય ?

પહેલાં તો લાગલો તેઓ જયાં બેસી વાત કરતાં હતાં ત્યાં ઘસી જવાનો તેણે વિચાર કીધો, પણ વળી તેને ખ્યાલ આવ્યો કે સબેતા મુજબ તેણીની મુલાકાત તેવણે આગલા હાલમાં નલીધી અને તેણીને તે હાલમાં જયાં કોઇનો ફડકવાનો સંભવ નહીં ત્યાં

બોલાવી તો તેવણુની મતલબ તે મુલાકાત ખાનગીજ રાખવાની હોવી જોઇયે–વળી 'સફદરજંગની બીબી' તરીકે તેવણુને નામ આપતાં તુરતજ તેણીને પોતાની રૂબરૂ હાજર કરવાનો તેવણે હુકમ ફરમાવ્યો એટલે તેવણ તેનીથી તદન અજાણુ હોય તેમ પણ તેને ન લાગ્યું. હવે ત્યારે એ મુલાકાત ખરેખર ખાનગીજ રાખવાની તેના પેદરની મતલબ વિશે તેની ખાતરી થતાંજ તેનામાં બરપા થયલી જીજ્ઞાસા ઔર વધુ ઉશ્કેરાઇ. તે જીજ્ઞાસા કાંઇ ખાલી ખબરથી વાકેફ થવાની ભુખને લીધે નહતી; તે તો કાંઇ અણુદીઠ ધાસતીને લીધે બરપા થઇ હતી અને રેહેમતને હમણા હમણા અનુભવ થતો ગયો હતો કે એવી નાહાસભાગની મુલાકાતો મોટે ભાગે સરફરાજ ખાનદાનની કાંઇને કાંઇ ખરાબીજ કરનાર નીવડતી હતી, એટલે, આ એક વધુ ખાનગી મુલાકાતની મતલબથી વાકેફ થવાનું તેને મન થયું. તે તુરત બાહારને રસતે પેલી બીલોરી બંગલીમાં દાખલ થયો અને તે હાલ અને બીલોરી બંગલી વચ્ચેનું બારણું જે ઉંધાડું હતું તેની પાછળ સંતરા મોસંબીનાં ઝાડોની ગીચ ઘટા વચ્ચે ભરાઇને તે ઉભો, અને પોતાની ભરાવાની જગ્યાએ બરોબર ગોઠવાઇ તેણે ચીમાઇને તે હાલમાં નજર કીધી તો તેને માલમ પડયું કે નવાબ આમ તેમ ફેરા ખાતો હતો, જ્યારે ઝોહોરા તે હાલનાં બારણાં તરફ પીઠ કરી નજીકમાંજ બેઠી હતી. ઝોહોરાની પીઠ તેની ગમ હોવાથી તેણીનો ચહેરો રેહેમત જોઇ શકયો નહીં, મગર નવાબનો ચહેરો તેની નજરે પડતાં તે ચોંકયો. તે ચહેરો ઘણો ફીકકો, લેવાયલો, અને લુટાયલો હતો, અને તે ઉપર ચઢી આવેલી ચિંતાની ચીતરામણ તેને ખુલ્લી દેખાતી હતી.

———

પ્રકરણ ૫૮ મું.

એક ભેદ.

"કેમ, સાહેબ, પછી તમે શું વિચાર નક્કી કીધો?" તેણે ઝોહોરાને બોલતાં સાંભળી.

"તું મારીપર હુકમ ચલાવવા આવીછ, અને તું મનેજ પુછેછ કે મેં શું નક્કી વિચાર કીધોછ? તારે તો એમ પુછવું જોઇયે કે સફદરજંગે જે ફરમાન તારી મારફતે મારી ઉપર મોકલયુંછ તે હું કયારે અને કેમ બજાવસ."

"મેહેરબાન સાહેબ, મને તમારે ધમકાવવાની કે ઠપકો આપવાની કશી જરૂર નથી." ઝોહોરા બોલી.

"આહ! અને જો તને ધમકાવવાનું કે ઠપકો આપવાનું હું ચાલુ રાખું તો તું મને શું કરવાની? મારૂં ખુન કરવાની?"

"હું તમારૂં ખુન કરૂં?" આ ભયભીત શબ્દો રેહેમતને કાને પડતાંજ તેને ગોયા ટાઢનું એક લખલખું ભરાઇ આવ્યું.

"ખુનની વાતજ કોણ કરેછ? શુક્રે અલ્લાહ, કે મારા હાથ કોઇ દાહાડે લાલ લોહીથી ખરડાયાજ નથી."

"અને તેમ મારાબી કયાં ખરડાયાછ?" નવાબે ચીરડાઇને પુછયું.

"અરે, નામવર સાહેબ, તેમ બોલવામાં તો સરફ હેમાકત સરફ દેવાનગી છે! હું કાંઇ તમારી સાથે હોજાતોજી કરવા કે મરાવા આવીજ નથી, પણ, જેને હું ચાહુંછ, જીવથી જાનથી હું ચાહુંછ તેની તરફથી તમારી મદદ માંગવા આવીછ. મને સધળી વાતની ખબર છે. બધું-જરાકે જરાક—"

"હા, હા, તે તો તું મને કહી ચુકી." નવાબ બોલ્યો અને આ બોલતી વખત તેનો અવાજ–તેનો સાદ એવો હતો કે તે રેહેમતના કાને અઠડતાંજ રેહેમત ઉજળો પુણી જેવો થઇ ગયો. તે આટલી ટુંક ગોફતેગોથી તેને એટલી વિશાળ માહીતી મળી ગઇ કે તે ગોયા સંગેમરમરનાં એક પુતલાંમાંજ ફેરવાઇ ગયો.

"હા. તે હું તમને કહી ચુકી અને જો કે તે પાપ ઘણું જબુન હતું, તોપણ, તે પાપ કરનાર પાપીને હું ચાહુંછ, અને તેથીજ તેને બચાવી લેવાના કાલાવાલા કેરતી હ્યાં સુધી હું આવીછ. તે ઉપરાંત તે પાપમાં શરીક તમેજ હતા, તેને તે કરવાને ઉસ્કેરનાર—"

"હા–હા, પણ હાલ ઇન્સાફ કાંઇ તેનો નથી થવાનોની? હાલ જે તેનો ગુનાહ પોલીસના કબ્જામાં છે તેનીજ વાત કરની."

"ખોટી સહીઓ? તેવી હાલ તુરત તો ત્રણજ પકડાઇછ, અને તે ફર્યાદ કરનાર શાહુકારને જો તેનાં નાણું મળે તો તે એ કામથી હાથ ઉઠાવવાને રાજી છે. સફદરજંગની તપાસ ચલાવી તેને તરીપાર કાઢવા જેટલી પંચાતીમાં તે પડવા માંગતો નથી અને પોલીસે વધુ બાતમી એકઠી કરવાને વખત માંગ્યાથી મુકદમો આઠ દાહાડાપર મુલતવી રહયોછ તેટલાં કાંઇ નક્કી કરી નાંખવાને પુરતો વખત—"

"અને તું કહેછ કે તે સઘળું સાહાઠ સીતેર હજારમાં પતી જશે?"

"હા, એ ત્રણ હુંડીઓ જેમની મુદત પાકી ચુકીછ, અને બીજી જેમની મુદત પાકવાને હજી વખત છે તે મળીને એટલી યા એથી જરા વધુ રકમ થવા જશે."

"પણ જે હુંડીઓની મુદત હજી પાકી નથી તે હુંડીઓ કોણના હાથમાં છે?"

"સાઅદતખાન નામના એક—"

"સાઅદતખાન વકીલ!"

"હા, નામવર તેજ."

"હું તેને ઓળખું છું. ઘણો સારી રીતે ઓળખું છું."

"ત્યારે તો, ગરીબપરવર, એ બધું ઘણી સ્હેલાઇથી નક્કી થઇ શકશે, એટલું કામ તમો સહેલ સુલુકે કરો તો ઠીક છે અને નહીં તો પોતાને ગમે તે નુકસાન થવાના ભોગેબી સફદરજંગ સઘળું ભોપાળું ફોડી નાંખશે તો—"

"ચુપ, ચુપ, તારી સઘળી ધમકી તારી પાસે રહેવા દે. મેં તને ક્યાં હજી ના કહયું છે કે હું સફદરજંગનું એ કામ નથીજ કરવાનો. ત્યારે એ બાબદ શું છે તે આપણે બરાબર તપાસ્યે. કેટલીક હુંડીઓપર સફદરજંગે જુદી જુદી શરાફની પેઢીઓની ખોટી સહી કરી તે બાહાર પાડી છે, અને તેને આધારે તેણે સાહાઠ સીત્તેર હજાર રૂપ્યાની રકમ કઢાવી છે. હવે તેમાંની ત્રણ હુંડીઓની મુદત પાકતાં તેમને તે ઉપરની સહીવાલા શરાફો આગળ સ્વિકારવા માટે રજુ કરતાં તેઓ નામુકર ગયા છે, હુંડીઓ જુઠી ઠરી છે, અને બીજી જે હુંડીઓની મુદત પાકી નથી તેઓ સાઅદત ખાન વકીલના હાથમાં છે. કેમ બરાબર છે કેની?" ઝોહોરાએ જવાબમાં હાનું ડોકું ધુણાવ્યું.

"પણ, એમ ધાર કે જેના હાથમાં આ ત્રણ હુંડીઓ છે તે અને સાઅદતખાંન વકીલને રૂપ્યા મળતાં તે બન્ને સંતોષ પામશે પણ પેલી જે પેઢીઓની ખોટી સહીઓ છે તેઓ સફદરને કેમ જતો મેલશે?"

"કેમકે જે પેઢીઓની તેણે સહી કીધીછ તે પેઢીઓની હસતીજ નથી." ઝોહોરા બોલી. "હું જાણું કે તમો ચેતી ગયા હશો અને હું જ્યાં સુધી સમજું છ ત્યાં સુધી તો ખોટી સહી કરતાં ઠગાઈનો વાંક વધુ બંધએસ્તો થઇ પડે તેમ છે, અને તેથીજ થોડાક હજાર રૂપ્યા મારા સફ્દરજંગને બચાવી શકશે એટલુંજ નહીં પણ તેના કીનાના ભોગ તમો પોતેબી થતાં બચી જશો."

"હું સમજ્યો—એટલે જો હું સફ્દરજંગને હાલ નહીં બચાવી લેઉં તો તે ફાંસી જવાના ભોગેબી મારો નાશ કરવાને તઇયાર થશે."

"યા ખુદા!" આ સાંભળી રેહેમતથી મુગું રહી શકાયું નહીં અને તે તાબડતોબ પોતાની છુપી જગ્યાએથી નીકળી પોતાના બાપની રૂબરૂ થઇ સઘળો ખુલાસો પુછવા જતો હતો, પણ તેટલાં કોઇ છુપી શક્તીએ તેને તે જયાં ઉભો હતો ત્યાંજ જકડી પકડી રાખ્યો.

"હા, બરાબર, અને તેથી તમને હું કહુંછ કે તમારી તરફના ચાંપતા ઉપાયોથીજ તે તોપનો ધડાકો થતો અટકશે." ઝોહોરા બોલતી સંભળાઇ.

"ઠીક, ત્યારે કાલે સહવારે દશ વાગે તું મને પાછી મળજે અને તેના સંબંધમાં મારે શું કરવું તેનો હું વિચાર કરસ—કેમકે હાલ હું ગુંચવણમાં પડયોછ. બધી તરફથી કમબખ્તી એકઠી થઇ મારી સામે ડોળા ઘુરકી મને—"

"પણ આ કમબખ્તી કાંઇ જેવી તેવી નથીની, મેહેરબાન સાહેબ, અને તેથી એનો નીકાલ તમો જેમ જલ્દી કરો તેમ બેહેતર—આહ! પણ આ કોણ? એ કોણનો ચ્હેરો?"

"ક્યાં? કોણ?" નવાબ ગભરાઇને આસપાસ જોવા લાગ્યો.

"આ દેવાલે ટાંગેલી તસ્વીર કોણની?" તેણીએ તે તરફ બતાવીને પુછ્યું.

"એ તો મારો બેટો નવાબજાદો રેહેમત—આહ! ગરીબ બીચારો રેહેમત! એને થોડીજ ખબર છે કે—પણ એમ કાંય? એ તસ્વીર જોઇ તું એટલી બધી ઉશકેરાઇ કેમ ગઇ?"

"નવાબજાદો રેહેમત—મુશરરફખાંન, આહ! મને વ્હેમ હતોજ કે તે પોતાની દેખીતી સાદાઇમાં કોઇ અમીરજાદો હોવોજ જોઇયે અને—"

"ત્યારે તું મારા બેટાને ઓલખેછ? કેમ? કયાંથી?" નવાબને વળી ધસ્કો પડયો કે રખે કાંઇ વળી નવો ભરમ ફુટે અને આફતનું એક વધુ વાદળ ઘેરાય.

"મને તેવણ સાથે ઘણીજ દોસ્તી હતી."

"પણ હમણા તો તેને તું નથી મળતી કેની?"

"નહીં સાહેબ, અમને છેલ્લે મળયાને મહીનાઓ થઇ ગયા અને એક નીચ દરજણ અમો એની વચ્ચે નહીં આવી મુઇ હતે તો અમો બન્ને વચ્ચે કશી તુટફાટ થતે નહીં અને આજે હું કેવી સુખી હોતે! હું તેને જાનથી જીગરથી ચાહતીતી, અને તેની તરફ હમેશ વફાદાર રેહેતે, જો—"

"પેલી દરજણની છોકરી વચ્ચે નહીં પડતે તો? તેણીનું નામ ગુલઝાર હતું?"

"હા, મારા મેહેરબાન."

"આહ! મારે કાને તેનું નામ પહેલ વહેલું નહીંજ પડયું હોતે તો કેવું સારૂં? મારા બેટાને તેની સાથે પીછાણજ નહીં પડી હોતે તો કેવું ઠીક થતે? નો હું સુખી હોતે

અને આજે તારા અને સફદરજંગના કશાથી કબજામાં હું નહીં હોતે?” એટલું બોલી બંને હાથે તેણે પોતાની આંખો ઢાંકી દીધી.

ઝોહારા આંખ ફાડીને તેને જોતી બેસીજ રહી. તે બીહીથી કે રખે આ હાય અફસોસમાં તે બીચારાનું મગજ ખસી જાય.

“આહ! જે અઘોર કામને લીધે આજે હું તારા કબજામાં છઉં તે અઘોર–માહ જબુન કામ સાથે ગુલઝારનાં નામને શું નિસબત તે તું નહીં સમજે. બેહેતર–હજાર વાર બેહેતર થતે જો મારો બેટો તે ગરીબ દરજણને પરણ્યોજ હતે તો, પણ તેમનો મેળાપ તોડવા હું–હું એક ખુ—”

તે ભયંકર બોલ આખો રેહેમતથી નહીં સાંભળી શકાયો, કેમકે, હજી નવાબનો વાકય પુરો થાય તેટલાં તો તે બેશુદ્ધ થઇ જયાં ઉભો હતો ત્યાંજ તુટી પડયો.

પ્રકરણ ૫૯ મું.

સતયાનાશીની શરૂઆત.

જવાન રહેમત પોતાની બેશુદ્ધીમાંથી હોશમાં આવતાંજ તેણે પોતાને બીલોરી બંગલીમાં જમીનપર પડેલો દીઠો; સાંજ પડી ચુકેલી હોવાથી ત્યાં સઘળે અંધારૂં થઇ રહ્યું હતું. તે ઉઠીને ઉભો થયો અને તેજ વખતે તેનાં મગજમાં ધસી આવેલા વિચારને કાંઇક શાંત કરવા ત્યાંજ એક બાંકપર તે બેઠો. તેને એટલી બધી ભયંકર બાબદોપર વિચાર કરવાનો હતો, કે પહેલી કયી હાથ ધરવી તેની તેને સમજ પડી નહીં. પેલા જલસાવાળા ઓરડામાં તમામ અંધારૂં છવાઇ રહેલું હોવાથી તેણે જાણ્યું કે હાલ ત્યાં

કોઇજ હતું નહીં, અને તેની એમબી ખાતરી થઇ કે ત્યાંની તેની હાજરીથીબી કોઇજ વાકેફ થયું હોવું ન જોઇયે, કેમકે, તેમ હતે તો તેને ત્યાં કોઇ પડી રહેવા દેતેજ નહીં. તેનાથી ત્યાં બેસી શકાયું નહીં એટલે તે પોતાના ઓરડાના એકાંતવાસમાં જવા ઉઠયો. દાદરપર ચઢતાં ઘડીયાલ કાઢી તેણે જોયું તો ૭ વાગી ગયા હતા; તે જયારે બીલોરી બંગલીમાં આવયો તે વખતે આશરે સાડાત્રણ થયા હતા એટલે તે બેશુદ્ધ થઇ ગયો ત્યાં સુધીની તેના બાપની ઝોહોરા સાથની મુલાકાત લગભગ બે કલાક રહી હોવી જોઇયે એમ તેણે ધાર્યું, અને તેટલા માટે અડધોક કલાક તે બેશુદ્ધ હાલતમાં પડી રહયો હોય એમ તેને લાગ્યું.

ઓરડામાં જતાંને વાર તે બીછાણે પડયો અને તે જવાન મરદાંને મર્દ એક બચ્ચાંની માફક રડયો—નવધાર આંસુએ રડયો અને તે આંસુથી તેની ગુંગળાતી છાટીને જરા રાહત મળતાંજ તે પાછો ઉઠયો અને ઠંડાં પાણીએ મોઢું છાંટયું અને જરા પીને ગળાંનો બળતો કાકડો તેણે ભીજવયો, પછી ખુરસીપર ગંભીરાઇથી વિચાર કરતો તે બેઠો. વિચારની પહેલી હરોલે તેને જે દુઃખ ઉપજયું તે એ હતું કે તેનો બાપ કાળાંમાં કાળું કરમ કરનાર એક કરપીણુ હતો, જેની જીંદગીની દોરી એક લુચ્ચા ઠગારાના હાથમાં હતી, જે દોરી જરા સરખી ખેંચાતાં તે જીંદગી નામોશીમાં ખતમ થાય તેમ હતું: વળી કાંઇ કામસર કાંઇ મતલબ સાંધવા તે રાત્રે સાઅદતખાન વકીલ તેના બાપને મળવા આવનાર હતો અને જે કરપીણુ કામ તેના બાપનાં મગજપર તાવેલાં સીસાંનાં જેવી અસર કરી રહ્યું હતું અને જે કામથીજ સફદરજંગના હાથમાં તેની મુંડી સપડાઇ હતી તે કામ તેની માનીતી, તેની વહાલી, તેની નુરેચશ્મ, તેની જીંદગીની જોત ગુલઝારના સંબંધમાં હતું એવી તેને જાણ થતાંજ

તે હુબતીને હરણફાળ થઇ ગયો. પણ તે કામ ગુલઝારને કયી રીતે લાગતુંવળગતું હતું? એક માહ જબુન કામ થયું હતું તે તો દેખીતુંજ હતું, અને વળી તે કામની મતલબ તેને તેની વહાલીથી વિખુટો પાડવાની હતી તે બી ખુલ્લું દેખાતું હતું; અને હવે જે ભયભીત ભયંકર ભયાનક સવાલ તેનાં મગજમાં બરપા થયો તે એ હતો કે, "શું તે કરપીણ કામનો ભોગ ગુલઝાર પોતે થઇ પડી હતી?"

તોબાહ ઇલાહી! એ સવાલ લાજવાબ થયાથી તે ઉશ્કેરાઇ આવ્યો અને તેજ ઘડીએ પોતાના પીદર આગળ જઇ ખુલાસો માંગવા તે ઉઠતો હતો, તેટલાંજ, એક બીજા ખ્યાલનુ ઝાંખું કીરણ તેનાં મગજના અંધકારમાં ચમકયું. ધિમે ધિમે તે કીરણ કાંઇક જોશ પકડતું ગયું અને એક અંધારા ગારમાં તુરતની સળગાવેલી બતી આસ્તે આસ્તે તેમાંની ચીજોને નજર સામે ખુલ્લી કરતી જાય તેમ તેનું મગજ જરા જરા ખુલ્લું થતું ગયું. ધિમે ધિમે દાસી ગુલનારનું ખુન તેનાં મગજના આઇનામાં કાંઇક આકાર પકડતું ગયું;—પણ તેથી કાંઇ તેની ગુંચવણ ભાંગી નહી.

તે ઘણા ઉંડા વિચારમાં ઉતરી ગયો અને પછી એકાયક પોતાની બેઠકપરથી ઉઠી એક ફાડી ખાનારાં હેવાનની માફક ઓરડામાં આમ તેમ ફરવા લાગ્યો અને આમ તેમ થોડાક ફેરા ખાઇ નાસીપાસીની એક હાય મારી તે પાછો બેસી પડયો. તેને એક વિચાર એ આવ્યો કે પોતાના બાપ પાસે દોડી જઇ સઘળા ભેદનો ખુલાસો માંગવો; વળી બીજો વિચાર એ આવ્યો કે ઝોહોરાને કેઠેથી શોધી કાઢી તેનાથી સઘળા ભરમથી વાકેફ થવું;—પણ આખરે એ બંને વિચારોને રદ કરી એજ સેવટપર તે આવ્યો કે સાઅદતખાન અને તેના બાપ વચ્ચે આજે શું મસલહત થનાર

હતી તે જાણવા અને તે સાંભળવા તેણે આઠ વાગતા સુધી અવશ્ય થોભવું.

હવે તેને આગલા હોલમાં મળેલાં પેલાં બે આદમીઓની યાદ આવી અને તે યાદ થતાંજ તેને લાગ્યું કે સરફરાજ ખાનદાનને માથે આફતનું વાદળ એકવાર પાછું ઘેરાતું હતું, જે ફાટતાંજ માલ મીલકત, જર દોલત અને આબરૂ ઇજતની ધુળધાણી અને પાયમાલી નકકીજ હતી, અને તેમ જો થયું તો પરીણામ શું? પરીણામ એ કે તેનો બાપ કેદીઓની તુરંગમાં સબડવાનો, તેની માદર અને તેની બેહેનો 'સાબેરગંજ'માંથી નીકળી રસ્તે રસ્તે રવડવાની અને તે પોતે બારણે બારણે ભીખ માંગવા જેવી હાલતે પુગી જીવપર આવી આપઘાત કરવાનો! આ સઘળો દેખાવ તેની નજર આગળ રજુ થતાં તેનાથી અફસોસની હાય સાથે બોલાઇ ગયું કે—

"યા કરીમો રહીમ, આ કીસમની પાપી તવંગરી કરતાં પાક ગરીબી લાખ દરજજે બહેતર!"

એમ કરતાં સાતનો અમલ થયો! તેને જમવાની મંચ્છા ન હોવાથી તે જમવા નીચે ઉતર્યોજ નહીં અને તેની રાહ જોઇ એક નોકર તેને બોલાવવા આવ્યો તો તેને બીમારીનું બહાણું બતાવી પાછો વાળ્યો. જેમ તેમ બીજો પોણો કલાક ગયો અને રેહેમત નીચે ઉતરી પાછો બીલોરી બંગલીમાં પોતાની ભરાવાની જગ્યાએ છુપાયો.

તે હાલમાં હાલ બતીઓ બાળતી હતી અને રેહેમતને સારે નસીબે બારણું ઉઘાડુંજ હતું, પણ બારણાંની જગ્યે એક પડદો નાંખેલો હોવાથી તે હાલમાં જે કાંઇ બને તે તે સાંભળે ખરો પણ કશું જોઇ ન શકે તેમ હતું. તે ઓરડામાં

કોઇનો બોલવાનો સાદ નહીં આવતો હતો પણ આમ તેમ કોઇનાં લટાર મારવાનાં પગલાંનો અવાજ રેહેમતને કાને આવ્યો. હા–અને વળી કાંઇ ગુંગળાતાં ડચકાંનોબી અવાજ તેણે સાંભળયો, અને તુરતજ નિરાશીની એક હાય મારી કોઇયે કપાળ કુટયું હોય તેમ તેને લાગ્યું; અને તેટલાં વળી ધીમો દુઃખથી ભરેલો અવાજ નીકળ્યો કે, "યા કરીમે કારસાજ, દયા કર! ઓ ગફ્ફાર, રહમ કર! ઓ સત્તાર, સેતમ કમ કર!"

તેને જાણતાં વખત નહીં લાગ્યો કે એ ગુપ્ત ગીરીયાં જારીમાં ગુંગળાતો તેનો પેદર પોતેજ હતો, અને તે બાપ અને તેના વચ્ચે માત્ર એક પદડાનોજ અંતર હતો! તે દુઃખીનું દુઃખ તેનીથી સાંખી શકાયું નહીં અને પોતાની છુપાવાની જગ્યાએથી નીકળી તે પોતાના દુઃખી બાપને બગલગીરી કરી તેનાં દુઃખમાં શરીક પોતાને કરવાની આજીજી કરવા જતો હતો તેટલાં એક નફરે સાઅદતખાંન વકીલનું નામ પુકાર્યાથી તે જ્યાં જતો હતો ત્યાંજ જકડાઇને ઉભો રહ્યો.

પ્રકરણ ૬૦ મું.

છુપો જાસુસ–દુખ્તર ફરેશ!

"આહ! તે નાપાક આયો ખરો!" રેહેમત મનસે બોલ્યો, "હવે મારા પેદર અને તેના વચ્ચે શું ભેદભર્યો સંબંધ છે તે માલમ પડશે."

"સલામ અલેકુમ, નવાબ સાહેબ, આજે આપણા વચ્ચે થયલાં કરારનામાંને બરાબર બે વર્ષ પુરાં થયાંછ, અને હું ધારૂંછ કે હું બરાબર વખતસર આવી પુગ્યોછ."

"અલેકુમ સલામ, સાઅદતખાંન, મગર આપણે આપણું કામ શુરૂ કર્યે તે આગમચ મને જણાવશો કે તમોએ ધીરેલી પાંચ લાખ રૂપ્યાની રકમનો કબજો લેવા તમે પેલાં ભોંસ્યાંઓને મોકલવાનું કાંઇ કારણ?"

"નવાબ સાહેબ, મેં જે કાંઇ કીધું હશે તે કાયદા મુજબજ કીધું હોવું જોઇયે. બે વર્ષની વાતપર તમે જે એક લખતપર સહી કીધી હતી અને જે ઉપર મારા કારકુને શાખ મુકી હતી તે લખતથી મને મળેલા ચોક્કસ હકોની રૂહે મેં સાવચેતીના જે ઉપાય લેવા ઘટે તે માત્ર લીધાછ, અને તે કરાર નામાંમાંની શરતો બજા લાવવામાં આવતાંજ પેલા સરકારી અમલદારો ચાલ્યા જશે."

"ત્યારે તો તમે જે ચાહો તે જુલમ કરનારાં માત્ર હથ્યાર દાખલ તેઓ હાલ મારાં મકાનમાં આયાંછ, એમ કેની? અલબત, તમે ચાહતે તો એ નામોશીમાંથી મને બચાવી શકતે."

"સઘળું કામ કાયદાને માન આપીને કરવું જોઇયે તે સિવાય વધુ કશું હું ચાહતો નથી. ગરીબપરવર, મારા હકનું મને મળવું જોઇયે અને તેબી કાયદાની મદદથીજ મારે લેવું જોઇયે."

"તમે શું એમ ધારોછ કે હું કાંઇ દગો રમતે?"

"નહીં, પણ તેવું કશું બને તો મારા હકો સચવાય તેથી મેં એ પગલું ભર્યુંછ, પણ હવે વધુ તાહેલું ન કરતાં આપણે આપણું કામ શુરૂ કર્યે?"

"હા, ચાલો."

"નામવર સાહેબ, તમને બધી બાબદનું બરાબર ધ્યાન આવે તેથી થોડીક આગલી પાછલી વાત મારે તમને કહી

સંભળાવવી જરૂરની છે. હું તેને લગતાં ખતપત્ર અને ઓચર્યાં મારી સાથે લાયોછ, અને થોડીક મીનીટ તમો ધ્યાન આપશો તો તમને જે અણગમતી બાબદ તેનો જરા વારમાં નિકાલ આવી જશે.''

"ચલાવો, ચલાવો, તમારે જેમ ગમે તેમ કામની શુરૂઆત કરો, મારે કાંઇ વાંધો નથી.''

"આજથી આશરે અઢી વર્ષની વાતપર, તમો નામવર કેટલીક રકમોના સંબંધમાં મારા કરજદાર હોવાથી, તમારી તે વખતની તંગ હાલતને માટે મારી સલાહ પુછી હતી અને બીજા ચાંપતી ઉઘરાણી કરનારા માંગનારાઓને આપવા એક બીજી મોટી રકમ તમે ઉછીકી માંગી હતી. તે વખતે મેં તમો સાહેબ આગળ એવી દરખાસ્ત મુકી કે તમારી સુંદર રૂપાળી બેટી નુરજહાંનો હાથ મારા હાથમાં મુકી તમો મને તમારો દામાદ બનાવો તો મારે તેના બદલામાં બેથી ત્રણ લાખ જેટલા રૂપ્યાની રકમ તમને ભેટ આપવી, જે દરખાસ્ત સાંભળતાંજ તમે રાતા પીળા થઇ ગયા અને મારી દરખાસ્તને તમે ધિક્કારી કાઢી, અને તમારો બેટો ઉમરે આવતાંજ મારૂં કરજ ભરપાઇ કરવાની તમે કબુલાત આપી. તે વખતે મેં તમને ઘણાબી સમજાવ્યા કે જુવો તમારો બેટો ઉંમરે આવી સઘળી જાગીરોનો તમારા ભેગો માલેક થઇ જશે તો જ્યારે હશે ત્યારે તમારી બધી માલ મીલકત અને જમીન જાગીરોની હરાજી સિવાય છુટક રહેવાનો નથી. પણ તમો તો મારીથી જુદુંજ મત ધરાવતા માલમ પડયા એટલે કાંઇબી સુલેહભર્યાં સેવટપર આવ્યા વિના આપણે તે વખતે છુટા પડયા. થોડાક મહીના બાદ, એટલે આજથી બરાબર બે વર્ષની વાતપર મારા તમોપર માંગતા એક લાખ ને ચાલીસ હજાર રૂપ્યાની

બાબદમાં જે રાતે તમારે ત્યાં ખાણીપીણી અને રંગરાગ ચાલતો હતો તેજ રાત્રે મેં જપતી મુકી. અજબ જેવી વાત એ છે કે તમો નામદાર વાળેવાળ કરજદાર હોવા છતાં તેવી ખાણીપીણી અને જલસાની મીજલસોપર સેંકડો બલ્કે હજારોનો ધુમાડો કરતા રહ્યા હતા—"

"પણ તેમાં મારી કાંઇ મતલબ હતી તે તો તને ખબર છે કેની?"

"હા, તેમ કીધાથી તમારી એકુ બેટીને નવાબ અલી યાર જંગને ગળે ઓળવવી અને બીજીને તેને લાયકનો કોઇ સબ્બર બીલ્લુ શોધવા દઇ તેનેબી ઠેકાણે પાડી દેવી, અને તમારી એ સુજગુજ અને ગોઠવણ સામે મને કશો વાંધો હતોજ નહીં. તમારી તે બેટીઓના સંબંધમાં તમો જે માર્ગ લેવા ચાહો તે લેવાને તમો નામદાર એકલા મુખત્યાર માલેક હતા. પણ જલસાની તે રાતે મચેલા રંગમાં ભંગ પડયો. તમારાં બેગમ સાહેબ સોદાગર અનવરખાંની બેસબબ અને ભેદમાં ભરાયલી ઇતરાજીનો કમનસીબ ભોગ થઇ પડયાં અને—"

"પણ તે બનાવને આપણાં આજનાં કામ સાથે નિસબતજ શું છે?"

"નહીં નામવર, કાંઇજ સંબંધ નથી; ત્યારે હું કેહેતો હતો કે તે જલસાનીજ રાત્રે મારી તરફથી બાપટીસ્ટા નામના સરકારી અમલદારે તમારા મેહેલપર જપ્તી મુકી. તમે મને નવાબજાદા રેહમતખાં સરફરાજ પાસે તેડાવવા મોકલ્યો અને તમારા એક બોલને માન આપી તમારી ખીદમતમાં હું હાજર થયો, અને તે વખતે તમારી જે હાલત હતી તેના સંબંધમાં એક લાંબી મસલહતમાં આપણે બન્ને રોકાયા, અને જે

દરખાસ્ત મેં તમો સનમુખ પહેલે રજુ કીધી હતી તે વિશે તમે પાછો ઇશારો કીધો, અને તેમાં જે એક સુધારો તમે સૂચવ્યો તે એ હતો કે મારે તમને તમારી પોતાની જામીનગીરી ઉપર બે વર્ષની મુદત માટે પાંચ લાખ રૂપ્યા ધીરવા, જે મુદ્દત પુરી થતાં તમો તે તેની ઉપરનાં ઠેડવેલાં વ્યાજ સુધાં મને ભરપાઇ કરવામાં પછાત પડો તો તેના બદલામાં મને તમારી બેટી નુરજહાંનો હાથ આપવો. મેં મારી ચગોર ચશ્મથી જોઇ લીધું કે એ રીતે તો તમે મને એક નીચ હથ્યાર બનાવતા હતા અને તમારી બેટીઓને સરે બાઝાર મુકી તેમને હાથ કોઇ સદ્ધર બીલ્લુઓને સપડાવી તેઓની થેલીની મદદથી મારૂં કરજ અદા કરી મને હડધુત કરવો અને તમારો દામાદ થવાનો બેઅદબ વિચાર મારાં મગજમાં બરપા કરવા માટે મને લાત મારી તમારે દરવાજેથી હાંકી કાઢવો એવો તમારો અંદરખાનેથી જે વિચાર તે હું પામી ગયો. તમે નામવર શું એમ સમજોછ કે તમારી તે છુપી મતલબથી હું અજાણો હતો? અને તમને મેં ધીરેલાં નાણાની રકમપરનું વ્યાજ ખાઇ એ રીતે તમારે બારણેથી લાગ આવતાં ઠોકડ ખાઇ જગમાં મારી હસી કરાવવાને શું હું તૈયાર હતો, તમે એમ સમજ્યા?"

"પણ મેં તે વખતે તને ખુલ્લેખુલ્લું કહેલું યાદ છે કે મને કોઇ સદ્ધર દામાદ મળતાંજ હું તારૂં કરજ અદા—"

"હા, પણ તમે મને કાંઇ એમ તો નહીંજ કહ્યું હતું, કે મારૂં કરજ ભરપાઇ કરી મને ચોખ્ખું પરખાવી દેવાનો ક્યારે વખત આવી લાગે તેની તમો આતુરતાથી રાહ જોતા હતા પણ તે વખતે તમારાં મગજમાં પસાર થતા છુપા વિચારો મેં વાંચ્યા અને તમારી મતલબ સરે ત્યાં સુધી તમારા હાથમાં એક હથ્યાર જેવો નહીંજ થઇ પડવાનો મેં પક્કો ઠેડાવ કીધો, અને તેથીજ તમારાં

મગજમાં બરપા થયલાં ઝેરને મારવા જેટલું બીજું કાતેલ ઝેર મેં મારા મગજમાં ઉત્પન્ન કીધું. સાદી ભાષામાં બોલું તો મેં તમારો દામાદ થવાનીજ તક સાંધી એટલુંજ નહીં, પણ મેં તમને બતાવવાબી માંગ્યું કે પૈસે ગબ્બર પણ સાદો સાઅદતખાન કૌડી કૌડીના મોહતાજ પણ મોટા લેખાતા નવાબ સાબેરઉદ-દઉલા સરફરાજ કરતાં ઘણો વધારે જોરાવર અને પોતાના ખભાંપર ઘણો વધારે મુસ્તાક ઉભો હતો, અને તેથીજ તમારા સુચવેલા સુધારાપર એક બીજો મારી તરફનો સુધારો ઉમેરવાની મેં જીદ લીધી અને તમારી તરફની ઘણીક રીકઝીક અને તાણતોડ પછી તે શર્તો સાથનું મેં કરારનામું ઘડી કાઢયું, જે હાલ તમે મારા હાથમાં જુવો છો. એ કરારનામામાં એવો બંદોબસ્ત કીધો છે કે મારે એ મુદતને માટે તમો નામવરને પાંચ લાખ રૂપયાની રકમ ધીરવી, અને તે બધી મુદતની અંદર જો તમો મને એ ધીરેલી રકમ પાછી આપો તો તેની ઉપર એક લાખ રૂપયો બીજો બક્ષેશ દાખલનો ઉમેરવો, અને જયાં સુધી એ બન્ને રકમો આપ્યા વગરની રહે ત્યાં સુધી તમારી બેમાંથી એકબી બેટીના નેકા તમારે કરવા નહીં, અને જો કરશો તો એ બન્ને રકમનો દાવો સરકારમાં નોંધાવી તમારૂં જે કાંઇ હોય તે મારે જપત કરવું, અને જો એ બંન્ને રકમ તે મુદતની અંદર યા તે મુદ્દત વિટયા પછી તમો નહીંજ આપી શકો તો તમારી બેઉ બેટીઓમાંથી એકને મારી બીબી તરીકે પસંદ કરવાનો મને હકક રહે. એ શર્તો ત્યારે આજથી બે વર્ષની વાત ઉપર ઘડી કાઢેલાં કરારનામાંની છે, જે ઉપર તમો નામવર સાહેબની સહી છે.”

“ખરૂં, સાઅદતખાંન એ બધું ખરૂં છે!” મરતી વખતે એક આદમી બોલે તેવા અવાજથી તે કંગાળ નવાબ બોલ્યો.

પ્રકરણ ૬૧ મું.

પાકીટ બુક.

થોડોક વખત તે એમાંથી કોઇ કશું બોલ્યું નહીં, અને એ રીતે ત્યાં પથરાયલી શાંત ચુપકીદીએ નવાબજાદા રેહેમતને, તેણે જેટલું સાંભળયું હતું તેટલાં ઉપર વિચાર કરવાની તક આપી; કેમકે, જે બધો વખત તે તેમની વચ્ચેની વાત સાંભળતો ઉભો હતો તે બધો વખત તે સુનોસાવજ જેવો હતો. તેનું સઘળું ધ્યાન તે બંન્નેની જબાનમાંથી નીકળતા એકેએક હર્ફ ઉપર લાગ્યું હતું, એટલે તે ઉપર તેને પુખ્ત વિચાર ચલાવવાની ફુરસદ થઇજ નહીં હતી.

અરે ! ત્યારે તે બધી વાતથી વાકેફ. થતાંજ તે જવાનને ઉપજેલા ગભરાટનો વિચાર વાંચનારને કદાચજ આવી શકશે, કેમકે એક બાપની નામોશી તેણે જે એક બેટા દાખલ સાંભળી હતી તે તેનીથી નહીંજ સાંખી શકાય તેવી હતી. તેણે જોયું કે તેનો બાપ એક જણુનમાં જણુન અને કરપીણમાં કરપીણ કામનો કરનાર હતો, એટલુંજ નહીં, પણ પોતાની બેટીઓના સંબંધમાં એક નીચ નાલેશીભરેલું કમકમાટ ઉપજાવનારૂં કરારનામું કરવાથી પણ તે બાકાત રહયો નહતો. તેનો પીત્તો એવો ઉછળી આવ્યો કે પોતાની છુપાવાની જગ્યાએથી નીકળી તે ઓરડામાં ધસી જઇ તે દુષ્ટ ફરોશ પેદરને તેનાં એ કામ માટે ઠપકો આપે અને તે નાપાક વકીલને ત્યાંને ત્યાંજ તેનાં પાપની સજા કરે ! પણ નહીં, જે થોડું ઘણું તેણે સાંભળયું હતું તેપરથી તેને બધું જાણવાની જીજ્ઞાસા થઇ અને છેક છેડે સુધી ત્યાંજ ઉભો રહેવાનો તેણે કસદ કીધો.

"ઠીક, નામવર નવાબ, ત્યારે હવે તમારેથી મારે શાની આશા રાખવી તે પુછવાનો હવે વખત આવી લાગ્યો છે." તે વકીલે બોલવાનું પાછું શરૂ કર્યું. "બે વર્ષની મુદ્દત વિટી ગઇ છે અને મારૂં કરજ તમો અદા કરી શકયા નથી. તેજ વખતે મારે કહેવાની ફરજ છે કે તે કરારનામાની શર્ત પ્રમાણે તમો વફાદારીથી મારી તર્ફ વર્તયા છો અને તમારી બન્ને બેટીની શાદી તમે હજી કીધી નથી, ત્યારે હવે વાત કયાં મુશ્કેલ છે? બેમાંથી એક માર્ગ તમારે અખત્યાર કરવાનો છેઃ એક તો એ કે તમો છ લાખ રૂપયાની રકમ મને ભરપાઇ કરવાને તઇયાર છો? યા તમારી બે બેટીઓમાંથી મારે એકને પસંદ કરવી?"

"વકીલ, સાઅદતખાન" નવાબ બોલ્યો અને તેનો અવાજ એક ફાસીને માચડે ચઢેલો ગુનાહગાર તેના પગ નીચેનું ફાલકુ સરે તે આગમજ જે અવાજે પોતાનો મરતી વખતનો યકરાર કરે તેના જેવો હતો. "સાઅદતખાંન, તારી રકમ મારીથી ભરી દેવાય તેવી હાલતમાં હું નથી. દરેક વાતે મારી મતલબ ઉંધી વળી મારી આશા ભંગ થઇછ. તને ખુલ્લું કરીને કહું તો જે વખતે તેં મને પાંચ લાખ રૂપયાની રકમ ધીરી હતી તે વખતે જેવી મારી હાલત હતી તેવીજ તે આજે પણ છે. મેં મારી જાગીર જમીનમાં જે સુધારાઓ કીધા તેનું પરિણામ હજી કાંઇ આયું નથી; હું વળી એવી જે આશામાં હતો કે મારી નાની બેટી સલીમા નવાબ સરદાર અલી યારજંગની બેગમ થશે તેબી મારી આશા ફળી નથી અને—"

"અને ત્યારે તમે કયો માર્ગ અખત્યાર કરવાનો પસંદ કરોછ?"

"હું તારી દયાને આધારે છેઉં, સાઅદતખાંન."'

"એમ છે ત્યારે તો મારી પસંદગી તમારી કયી બેટીપર ઉતરીછ તે મારે તમોને જણાવવું જોઇયે. હું કબુલ કરૂંછ કે તમો નામદારે મને તમારી બન્ને બેટીઓ સાથે ભેળાઇ તેમના ગુણ અવગુણનું પુરતું અવલોકન કરવાની તક આપીછ, અને એ કીધેલાં અવલોકનને આધારે કહી શકું કે બાનું નુરજહાંમાં મને ઘણાક સારા ગુણો માલમ પડયા છે, તો જોકે તેણી વળી સદંતર ખામીથી ખાલી છે એમ તો મારાથી કેહેવાયજ નહીં. તે મગરૂર, જરા જરામાં અદેખી પડનારી, તુંદ સ્વભાવની અને અક્કડબાજ છે. તેણીની સઘળી ચાલચલણ તેણીના ઓળખીતાઓને એવું બતાવનારી છે કે તેણીના જેવી એકને મોહોરદાર તરીકે જે ધરાવે તેણે ખરેખર મગરૂર થવું જોઇયે."

"પણ, સાઅદતખાંન, એ સઘળી તાણાજાણી અત્રે વગર ખપની છે."

"ઠીક ત્યારે બાનું નુરજહાંને હાલ તુરત બાજુ મુકી, બાનું સલીમાને હાથ ધર્યે. તેણીને માટે મારે તમો નામદારને જણાવવું જોઇયે કે તમારી એ બેટી ઘણીજ સાલેસ, ઘણીજ સભયાસુ, માયાળુ દીલની, વગર તુમાખની અને મોટાઇના કશાબી ખ્યાલ વગરની છે અને જેને તેણી હાથ લાગે તેને ત્યાં ખરેજ એક સણગાર થઇ પડે તેવી છે. પણ કમનસીએ જેમ એક ધનવંતો ઉમરાવ ભીખારીને હીણે, જેમ એક મીલનો મેનેજર તેના હાથ હેઠલ કામ કરનાર મજુરને હીણે તેમ તે મને હીણતી જણાય છે."

"અને તેટલા માટે તારી પસંદગી મારી વડી બેટી નુરજહાંપર તેં ઉતારીછ?"

"કે જેથી સલીમાનો હાથ નવાબ સરદાર અલીયારજંગના હાથમાં જાય, જેણે કોઇ દાહાડે મારી તરફ સભ્યતા બતાવવાની તસદી લીધી

નથી, બલ્કે જ્યાર ત્યાર મને તરછોડ કરી મારી તરફ તોછડાઇથી વર્તવાની હંમેશ કાળજી લીધી છે?" સાઅદતખાન અડધો ધિક્કારથી અને અડધો ફતેહથી હસીને બોલ્યો, "નામદાર સાહેબ, હવે જે વખતની આતુરતાથી હું રાહ જોતો હતો તે વખત આવી લાગ્યો છે. મારે સાએરગંજના સરફરાજ ખાનદાનના નવાબ સાએર-ઉદ-દઉલાને દેખાડવાનુંજ રહયું છે કે જેને તે પોતાના મેહેલમાં મુલાકાતે મળવા આવનાર દાખલ જેમ તેમ લેઇ ચલાવતો હતો તેને આજે દામાદ તરીકે તેણે કબુલ રાખવોજ પડશે; મારે નવાબ સરદાર અલી યારજંગને શીખવવાનુંજ હતું કે જેને તે દોસ્ત કહેવાને સુગાતો હતો તેને આજે હરીફ તરીકે જોઇ તેને શરમાવું પડશે; મારે તે મોટાઇમાં મરી રહેલી બાનું નુરજહાં સરફરાજને ખાતરી આપવાનીજ હતી કે જેની સાથે હસી બોલીને વાતચીત કરવાનું પોતાના દરજ્જાથી તે હલકું સમજતી હતી તેને આજે તેણીની પોતાનીજ પંકતીના એક તરીકે તેણીએ ગણવોજ પડશે; અને તે સુંદર સભ્યાસુ સાલેસ સલીમાને મારે જણાવવાનુંજ હતું કે જેને તે દુરનાં એક પીછાણવાળા તરીકે મુતલગ મચક નહીં આપતી હતી તેને પોતાના ખાવીંદ તરીકે તેણીએ કબુલવોજ પડશે."

"નહીં, નહીં-નહીં-ઓ નહીં, સાઅદતખાંન, જેણે તને કશું દુઃખ નહીં દીધેલું તેનાં સુખનું એમ સર્યામ સત્યાનાશ ના કાઢ! તને કીનો લેવો હોય તો મારીપર લે, લે ગમે તો મારાજ મેહેલમાં મને ઠોકરે માર, ને તને મારી ચાલથી ચઢેલાં જનુનનો જોશ, લે મારાં સર પર ઉતાર! પણ ખુદા ખાતર સલીમાને બચાવ. સલીમા તને ચાહતીજ નથી.-"

"અને તેથી જે ધિક્કાર તે મારે માટે ધરાવેછ તે માટે ખામુખા તેણીને સજા કરવા તો તેણીને હું પરણવા માંગુંછ." તે હયવાન હસીને

બોલ્યો, "હવે આપણને વધુ વાત કરવાની કશી રહી નથી, નામવર સાહેબ, હું કાલે બપોરે હ્યાં આવીશ, જ્યારે ઉમેદ છે કે બાનું સલીમા મને પોતાના ખાવીંદ તરીકે કબુલ રાખી માન આપશે."

"અને પેલાં સરકારી માણસો?" નવાબે મરતે જેવે સાદે પુછ્યું.

"તેમનો જાપ્તો લગન થાય ત્યાં સુધી તો ચાલુજ રહેશે." એટલું બોલી તે વકીલ ઓરડો છોડી ચાલીજ ગયો.

"ઓ! મારા ખુદા–મારા ખુદા!" એટલુંજ બોલી નવાબે જોરથી પોતાનું કપાળ કુટયું અને ત્યાંથી તે પણ ચાલી ગયો.

નવાબ ગયો કે થોડીક મીનીટ પછી રેહેમત પોતાની ભરાવાની જગ્યેથી નીકળી તે ઓરડામાં ગયો અને આસ્તે આસ્તે વિચારમાં ને વિચારમાં એકકું કદમ ભરી તે બહાર નીકળતો હતો તેટલાં એક બાજુની તેબલપર પાણીનો એક કુંજો તેની નજરે પડયો, જે જોતાંજ તેને કયારની લાગેલી પ્યાસની યાદ આવી અને તે છીમાવવા તે તેબલ આગળ ગયો. કુંજામાંથી પાણી ભરીને ગ્લાસમાં તે રેડવા જાય તેટલાં તેને જણાયું કે તેનો પગ કાંઇ ચીજપર પડયો હતો. તુરતજ ગ્લાસ અને કુંજો મુકી દેઇ તે વાંકો વળ્યો તો તેના પગ તળે દબાયલી ચીજ એક પાકેટ બુક હતી એમ તેને જણાયું; તે તેણે ઝટ ઉંચકી લીધી. તેણે જોયું કે તે પાકીટ બુક ઉંચાંમાંની અને રૂપેરી ચાંપવાલી હતી. જે ચાંપપર ઉરદુ હરફે કોતરેલું સાઅદતખાનનું નામ તેણે વાંચયું.

તે વાંચતાંજ તે ચોંકયો– જાણે એ પાકીટ બુકમાંથી શું એક ભરમની ચાવી તેને હાથ લાગવાની હોય તેમ તે ચોંકયો અને તેજ તેબલ આગળ એક ખુરસી ખેંચી તે બેઠો અને ધીમેથી તે પાકીટ બુક ઉઘાડી તેનાં પાણાં ફેરવવા લાગ્યો. તેણે તેમાંથી

મળેલાં ઘણુાંક કાગળો તપાસ્યાં, પણ, તે સઘળાં નકામાં હતાં. આખરે તેના હાથમાં એક કાગળ આવ્યું, જે તેણે ઉખેડતાં તેમાંનું લખાણ કોઇ અબલાને હાથનું લાગ્યું અને તે કાગળ બી જાણે ઘણું અસલનું હોય તેવું ખરાબે હાલ થઇ ગયું હતું. તેણે તેની થોડીક લીટી વાંચી કે તે ચોંકયો. તેનું આખું તન બદન ધ્રુજી રહ્યું અને તેના ફીક્કા ચ્હેરાપર રતાશ ચઢી આવ્યો. તેણે તે કાગળ જે ઘણું લાંબુ હતું તે ફેરવીને તે લખનારનું નામ જોયું તો, યા ખુદા! તેની નજરે શું ભરમ ખુલી ગયલો જાહેર થયો! પણ એમ ઉસકેરાઇ ન જતાં તે પાછો શાંત થયો અને તેણે આખું કાગળ વાંચવા માંડયું અને જરાવારમાં તેની આંખનાં પાંપણ ભીંગાઇ ગયાં અને બોર જેવાં બે આંસું તેના ગાલપરથી ગબડી પડયાં. તેના હોઠ કાંઇ છુપી લાગણીને મારે ધ્રુજવા લાગ્યા અને તેની છાતીમાં ઉભરી આવેલું એક જોરાવર ડચકું તે જેમ તેમ સમાવી શકયો.

આખરે તે કાગળ તે વાંચી રહ્યો અને તેની સંભાળથી ઘડી કરી તેણે તેને પોતાનાં ખીસામાં ઠેસવ્યું અને પાકેટબુક પાછી જેમની તેમ બંધ કરી તેને જમીનપર નાંખી તે ચાલતો થયો.

જેવો પોતાના ઓરડામાં જવા તે દાદર ચઢતો હતો તેવો એક નફરે તેને ખબર આપી કે "બેગમ સાહેબે તમો મેહેરબાનને કેહેવડાવ્યું છે કે આજે રાતે કોઇબી વખતે એક અડધો કલાક તેવણને મળી જવું."

"ઠીક છે, હું હમણાંજ જાઉંછ" એટલું બોલી તે દાદર ચઢી પોતાના ઓરડાને બદલે બેગમ સાહેબના ઓરડા તરફ ફર્યો અને જરા વારમાં તે પોતાની માદરની રૂબરૂ ઉભો રહ્યો.

પ્રકરણ ૬૨ મું.

મા દીકરાની મસલહત.

બેગમ બદ્રુલબાહાર જેને પ્હેલી અમે વાંચનાર સાથે ઓળખાવી હતી તે આજની બદ્રુલબાહાર હતીજ નહીં અને હોય તો તેનામાં એટલો ફેરફાર થઇ ગયો હતો કે તેને પ્હેલી નજરે જોતાં તે ઓળખાઇ શકેજ નહીં. એ બે વર્ષની મુદ્દતે તેના ચેહેરા અને તનબદનપર ઘણીજ માઠી અસર કરી હતી. હાલ તેનો ચેહેરો તદ્દન ફિક્કો અને લેવાઇ ગયલો હતો. તેપરતું આબ-તાબ સમુળગું નાશ પામ્યું હતું. તેણીનું તન તદન કજરાયલું, કુમળાયલું અને કાંવલું બની રહ્યું હતું. તે જો કે હાલ ઓગણચાલીસની ભરતીમાં આવી પુગી હતી, તેટલાંમાં તેણીનાં માથાંપર કાળા કરતાં ઉજળા વાળ વધારે દીસ્તા હતા, અને જો કે તેણીના મોતી જેવા દાંતોની કળી બંધ હાર હજી જેમની તેમ હતી તોપણ તે પોતે હતી તે કરતાં વધુ ઘરડી દીસ્તી હતી અને તે હંમેશ હરઘડીએ કાંઇ છુપી ચીંતાથી ખવાઇચવાઇ જતી હોય તેમ જાથુકની દલગીર દીસ્તી હતી.

તેણીને આ વારતાના તખ્તા ઉપર અમે પેહેલી રજુ કીધી હતી તે વખતે જે ઓરડામાં તે હતી તેની પાસેના નાના ઓરડામાં એક સોફાપર અઢેલાઇને તે હાલ બેઠી હતી. નવાબજાદા રેહેમતને પોતાની સનમુખ આવી ઉભો રહેલો જોતાં તે જરા હસી અને બોલી—"બેટા રેહેમત, મારી મરજીને આટલું ઉતાવળે માન આપવા માટે તારો હું ઉપકાર માનુંછ, બેસ—અને થોડીક ઘડી આપણે વાત કર્યે—કેમકે મારી ખાતરી છે કે આપણ બંન્નેને છાતી ખોલી એકમેકને ખુલાસો કરવાનો હાલ વખત આવી લાગ્યો છે; પણ, ઓ ખુદા! તારો

ચ્હેરો કેવો ઝનુની અને ચીરડાઉ લાગેછ! શું કાંઇ એવું બુરૂં બન્યું છ કે—"

"તમને એકદમ બધું વિસ્તારીને હું કહું એમ તો બનેજ નહીં, અને જે મારે કહેવું છે તે થોડા બોલમાં સમેટી લેવાય તેવું બી નથી."

"ત્યારે તો બેસ, રેહેમત, રેહેમત બેસ; હું આજ મહીનાઓ થયા તને બોલાવી એક ચોક્કસ બાબદમાં તારી સાથ વાત કરવા તડપી રહી હતી, પણ મને તેમ કરતાં આંચકો એટલીજ લાગી, કે રખે મારા તે ખુલ્લાસાનો તું કાંઇ જુદોજ અર્થ ઉઠાડે. હવે મારેથી તે ઢીલ તામોશ થઇ શકતી નથી અને તે ચોક્કસ બાબદ જે સાથ તને લાગેવળગેછ, તેમજ, જેમાં તારી બેહેન સલીમાનો પણ અંગત લાભ સમાયલો છે તે વિશે તારી હું સલાહ માંગુછ."

"મારી વ્હાલી માદર, જે રીતે તમો મારી બેહનો અને મારી તર્ફે વરતતાં આયાંછ, તે જોતાં તમો અમારે માટે જે કાંઇ કહો, જે કાંઇ બોલો તેનો ઉલટો અર્થ અમોથી ઉઠાડી શકાયજ નહીં. નુરજહાંને માટે હું કાંઇ કહેતોજ નથી; કેમકે તે મારી તરફ કશીબી માયાળુ લાગણી ધરાવતી માલમ પડીજ નથી, પણ સલીમા અને મારી તરફથી જો હું કહું તો આ બે વર્ષના અરસામાં તમારામાં જે દુઃખદાયક ફેરફારો થતા રહ્યાછ તે માટે અમો બંન્ને હયરાન છીયે. અમે તમારી આગળ દોડી આવી તમારાં દુઃખમાં શરીક બની તમને દિલાસો દેવાને કયારના વિચાર કરતાં હતાં, મગર, તમોએ શોધેલો તમારો એકાંતવાસ અમને એટલો તો પાક—એટલો તો પવિત્ર લાગ્યો કે ત્યાં અમારાં અપવિત્ર અને નાપાક કદમ લાવતાં અમો અચકાયાં."

"હું તારી હેશાનમંદ છું, દીકરા રેહેમત, અને તારી આટલી બધી મારી તરફની દિલસોજીભરી લાગણીને માટે તારો હું ઉપકાર

માતુંછ, પણ તમે ભાઇ-બેહેન ક્યાં સુખી છો? તને અને તારી હમશીર બેહેન સલીમાને તે ક્યાં ચયન છે? અફસોસ! અફસોસ!! કે સરફરાજ જેવાં પુરાણાં ખાનદાનની આજે આ ગતી છે-ત્યાં ઉગતી એકે એક સુખની કળી હજી તો આબાદાનીના તાપથી ખીલીને મોટી થાય તેટલાંજ તેને કચડી નાંખવા પાછળ કોઇ બુરી મતીનો દેવ પુઠે લાગ્યો હોય તેમ લાગેછ!"

"પહેલાં ત્યારે માનવંત માદર, મને તારાં પોતાનાં દુઃખથી વાકેફ કર"

"નહીં, રેહેમત-આપણે પહેલાં તારી ને તારી બેહેન સલીમાને લગતીજ વાત કર્યે," બેગમ બોલી "તે બીચારી આપણી નજર સામે ઝુરી ઝુરીને મરેછ અને તેણીની તરફ મદદનો એક હાથ વટીક લંબાવવાની કોઇની હીંમત ચાલતી નથી, તેમ કરવાની જાણે કોઇની મરજીજ નથી અને મરજી હોય તો તેમ કરવાની તેઓમાં શકતીજ નથી, એ સઘળું શાથી? તે નવાબ સરદાર અલી યારજંગને ચાહેછ અને નવાબ તેને ચાહેછ, તો પછી તેમને એક કરવામાં અટકાવ શાનો હોય? સલીમા એ મુજબ સબડીને સુકાઇ સોહોરાઇ જાયછ તે જાણ્યા છતાં નવાબ યારજંગ અત્રે આવતો કેમ નથી? અને જ્યારે તેનાં કદમ એ રીતે રોકાયલાં રહ્યાંછ, જ્યારે એ રીતે તેને આવતો બંધ પાડયોછ ત્યારે હું જોઉં છ કે પોતાના પૈસાપર મુસ્તાક બનેલો એક, દપક દપક સાબેરગાજમાં દોડી આવતો દીસેછ. હું પેલા સાઅદતખાન વકીલને માટે-"

"આહ! તે લુચ્છો, ચોર, નાપાક, બદકાર બદ-"

"અરે-અરે એ શું?" બેગમ, રેહેમતને છુટેલું ઓચીંતું ઝનુન જોઇ ગભરાઇ ગઇ અને તેને અટકાવી તેણીએ પુછયું "તું તેને ગાળી આપેછ, એટલે તેનાં બુરાં ફેલથી તું માહીતગાર હોવો

જોઈએ. તે તારા બાપ તરફ યા આપણુંમાંના કોઇ તરફ ઘણોજ ધીક્કાર ધરાવેછ તેની તો મને ખાતરી છે. હું વ્હેમી નથીજ પણ મને કાંઇ એવી બશારત—"

"અને, માદર, જો તમને સાઅદતખાંન વકીલના સંબંધમાં કાંઇ બુરી બશારત થતી હોય તો હું કહુંછ કે તે બશારત તદન સાચી છે. સમજ, મારી વ્હાલી માદર, કે સાબેરગંજ ઉપર પાછી જપ્તી આવીછ અને સરકારી અમલદારો—"

"ઓ ! ત્યારે મને મળેલી ખબર ખોટી નથી ! મારી એક દાસી મારી આગલ બોલી કે બે વર્ષની વાત પર તે અભાગણી રાત્રે જે બે અમલદારોને તેણીએ મેહેલમાં જોયા હતા, તેઓ આજે પાછા આયાછ, અને તે સાંભળી મેં મહીનાઓ સુધી રાખેલી ચીંતા એકાએક મારી છાતીમાં પાછી ઉભરી નીકળીછ, અને ત્યારેજ મારૂં મન થયું કે મેં ઘડી ઘડી તારી સાથની મુલતવી રાખેલી મુલાકાત હવે મારે કરવી. મને કહે, રેહેમત, કે તારા બાપની હાલતની તને કાંઇ ખબર છે ? તેનો કાંઇ ઇલાજ થઇ શકશે ? એ કામ સાઅદતખાનનુંજ છે કે ? અને તેમ જો હોય તો તેનો અંજામ શું આવશે ?"

"આહ ! આ છેલ્લો સવાલ તો હું પોતાને એક ઘડીમાં સો વખત પુછુંછ, પણ મને તેનો જવાબ કશો મળતોજ નથી."

"જેટલું તું જાણતો હોય, રેહેમત, તે બધું મને કહે–હું તને કરગરીને કહુંછ કે મને દરેકે દરેક વાતથી વાકેફ કર. મારાં પોતાનાં અગાધ દુઃખ વચ્ચે હું તારામાં થતા જતા ફેરફારો માટે બેદરકાર નથી રહી, પણ તેનું કારણ તારીથી માંગવાની હીંમત મને આજ સુધી નહીં થઇ. મેં ધાર્યું કે મને તારો વીસવાસ સોંપી તારૂં દુઃખ મારી આગળ કહી તને મારા દીલાસાની

જરૂરજ હતે તો તું ચાલી ચલાવીને મારી આગલ આવ્યા વગર રહુતે નહીં અને તું કાંઇ આજે બચ્ચું નથી એટલે તને ઘડી ઘડી તારે લગતી બાબદમાં છેડછેડ કરવાનું મેં દરૂસ્ત ધાર્યું નહીં. તારી બેહુનનાં દુઃખનું કારણ તો મેં નજરે જોયુંછ, જાણ્યુંછ અને સંભળયુંછ, પણ તું તો કાંઇ એવાં દુઃખનો ભોગ થયલો લાગેછ, તું કાંઇ એવી ફીકરનો ખુરાક થયલો દીસેછ કે ગમે તેટલી અટકળો કરતાં તે મારાં મગજનાં કફસમાં નથી સપડાતું; અને મને જો તું તારા વીશવાસમાં લેવા લાયક ધારતો હોય તો આવ મને સઘળું કહી દે, પણ એટલું યાદ રાખજે દીકરા, કે હું તારી ઉપર કાંઇ માદર તરીકેની સત્તા ચલાવતી નથી, હું તારી દીલસોજ ખયરખવાહ છું—"

"અને હું બી ભવીષયમાં તમને તેમજ ગણી તમારી તરફ તેમજ વરતીશ, માદર અને મને લાગેછ કે મારે તમારી સલ્લાહની ઘણી અગત છે. મને બી લાગેછ કે મારાં દીલમાં વહુતો દુઃખનો રોગ તમારા કાનમાં રેડવાથી મારા જીવને ઘણીજ કળ વળશે, પણ પહુલાં તો મારાં વહાલાં માદર," તે તેણીની આગળ ખુરસી તાણી બોલ્યો "પહુલાં તો મારે તમને ચેતાવવાં જોઇયે, કે તમો એક ભયભીત આફતના ઉંબરપર ઉભાંછ—અને તમારે અનેક ચોંકાવનારી ખબરો સાંભળવીછ."

"કાંઇ નહી, કહુ, રેહુમત, કશુંબી છુપાવ્યા વગર બધું કહુ, તું જે કહુ તે સાંભળવા તૈયાર—"

"નહીં, નહીં, હું નહીં ધારતો કે જે હું કહુનાર છું તે સાંભળવાને તમો તૈયાર હોવ, કેમકે તમારી અટકળની સીમા ગમે તેટલી બેહદ હોય તોબી જે આફત તમારાં સરપર એક નાજુક વાળથી ટીંગાઇને ઉભીછ તેનો તમને ખ્યાલ આવવો મુસ્કેલ છે."

"એવું–એટલું બધું તે શું છે રેહેમત?" ગમે તેટલી હીંમત રાખ્યા છતાં બેગમે ગભરાઇને પુછ્યું.

"ગુનાહ, ગંભીર ગુનાહ—કરપીણ કાળાંમાં કાળું કરમ—"

"યા ખુદા! એ હું શું સાંભળું છ? તે ગુનાહ–તે કામ કરનાર કોણ?"

"કોણ? કોણ પુછોછ? મારો પેદર અને તમારો ખાવીંદ!"

"દયા, દયા, ઓ રાસ્તીના રાહનુમા, મારીપર દયા કર?" અને આટલું બોલી, બેગમ જે રેહેમતનું બોલવું ધ્યાનથી સાંભળવા ઉઠીને બેઠી હતી તે પાછી જોર સમેત સોફાપર પડી.

પ્રકરણ ૬૩ મું.

ભેદી ઇશારો.

ત્યાં શાંત ચુપકીદી પથરાઇ રહી.

"રેહેમત, કહે, કહે—મને બધું કહે—પહેલો આંચકો હવે સમી ગયોછ અને તું જે કહે તે હીંમતથી સઘળું સાંભળવાને હવે હું તૈયાર છેઉં—પણ ખુદા ખાતર મને બધુંજ કહેજે—કાંઇજ છુપાવતો ના."

"હા, હું તમને બધુંજ કહીશ, અને લાયક છે કે તમે બધુંજ જાણો. તમે તમારી યાદદાસ્તને પાછી તાજી કરી બે વર્ષની વાત ઉપર ખેંચી જશો તો—"

"પણ તે રાતની યાદ તો મારાં મગજમાં ધગધગતા અંગારની માફક તાજી તમતમતી છે. ત્યારે શું તારાંબી દુઃખની શરૂઆત તે રાતથીજ થઇછ?"

"નહીં, માદર, રાતથીજ નહીં પણ તે દીવસની સહવારથી; અને એમબી મારે બોલવું નહીં જોઇયે કે તે સહવારથીજ મારા

સંતાપની શરૂઆત થઇ, કેમકે, તે સહવાર પછીના તો ઘણા દીવસ મેં સુખમાં–ઘણાંજ મીઠાં મધુર સુખમાં–"

"આહ! ત્યારે તો તારીબી કહાણી કોઇ પ્યારનીજ દીસેછ, પ્યારની, પણ નિરાશ થયલા પ્યારનીજ હોવી જોઇયે."

"હા, મેં ચાહીછ અને ખુદા શાહેદ છે કે મેં કેવા પ્યારથી તેને ચાહીછ અને આજેબી ચાહુંછ."

"કોણ–તે કોણ હતી, રેહેમત?"

"તમને યાદ છે માદર કે તે દહાડે સહવારે તમારી આગળ એક દરજણની છોકરી—"

"ઓ ખુદા! એ તું શું બોલેછ?" બેગમ ફીકકી તો પડી ગયલી હતી પણ ત્યાં વધુ ફિક્કી મારી જઇ તે બોલી અને તેટલો સવાલ પુછતાંજ તે ઘણીજ ઉશકેરાઇ ગઇ, "હા હા, મને તે યાદ છે, બોલ, આગળ બોલ."

"તે કેવી ખુબસુરત, કેવી નરમાશવાળી છોકરી હતી તેનુ તમને તે વખતે કાંઇ ભાન હતું?

"હા–હા, અને તેં તેને જોઇ કે?"

"હા, મેં જોઇ ને જોઇ તેવીજ તેને ચાહી."

"તેનું નામ–તેનું નામ?"

"ગુલઝાર કરીમ."

બસ આટલું સાંભળતાં બેગમની હીંમત તુટી ગઇ અને કપાળપર હાથ અફાળી તે સોફાપર પાછી પટકાઇ પડી–પણ પછી તુરત શુધ્ધી ઠેકાણે રાખી તે બોલી–

"રેહેમત, આજે તું રોજે કયામતે તારા પેદા કરનાર પાક અલ્લાહની રૂબરૂ તું ઉભો હોય તેમ પોતાને હાલ ઉભેલો સમજી મને જવાબ દે કે ગુલઝાર–તે ગુલઝારની નેકીનો તારા લોભની

કુરઆનગાહપર તેં ભોગ તો નથી આપ્યો? તે પાક છે કે-સાફ છે કે? સાચ્ચું કહે-રેહેમત-અને સાચું કહી મારા આશિષ મેળવ યા જુઠું બોલી મારા શ્રાપ લે."

"ગુલઝાર, આજની ઘડી સુધી પાક અને નિરદોષ છે!"

"તું કસમ ખાઇને કહેછ, કહેમત?"

"હું કસમ ખાઇને કહુંછ, માદર."

"ત્યારે તો ખુદા તારૂં ભલું કરે!" આટલું બોલતાં તેણીની આંખોમાંથી દડદડ આંસુ ગબડી પડયાં અને પોતાના બેટા આગળ તે અબલા ગુંઠણુમંડયે પડી અને તેના હાથો લઇ પોતાની આંખમાં દાબયા અને તેમનું હેતથી ચુંબન કીધું.

"ઓહ! રેહેમત, તે બીચારી છોકરીની ઇજત તેં સલામત અનામત રાખીછ તેને માટે તારો ઉપકાર માનુંછ." અને એકવાર ફરીથી તેના હાથોને ચુંબીનો પ્રસાદ ચખાડી તે ગુંઠણપરથી ઉઠી પાછી સોફાપર બેઠી અને આંખે હાથ ઢાંકી દઇ જારજાર રડી.

જેમ હંમેશ બને છે તેમ તે ઘોધમાર આંસુઓથી બેગમની છાતી ખુલાસો પામી; તેણીએ આંખોપરથી હાથો કાઢી નાંખ્યા, આંસુ લુછી નાંખ્યાં અને રહેમતના ચ્હેરા સામે એવી રીતે તે ટીકતી બેઠી કે તે જાણે વિચાર કરતી હોય કે જે ચકરાર આજે તેણીએ કરવાનો હતો તે ચકરાર રહેમત આગળ કરવામાં તે કાંઇ ખોટું તો ન કરતી હોય? બેગમની આ ડામાડોળ હાલત રહેમત ચેતી ગયો અને તેથી ધિમે સાદે તે બોલ્યો, "માદર, તમારે લગતો કાંઇ ખુલાસો તમો મારી આગળ કરવાનો કાંઇ કાચો પાકો વિચાર રાખતાં હોવ તેમ મને લાગેછ; તેમ જો હોય તો ખાત્રી રાખજો કે તમે જે કાંઇ મને વિશ્વાસથી સોંપશો તે હું વિશ્વાસથીજ સંભાળીને સાચવી રાખીશ, ખસુસ કરીને જયારે

હું પોતે જરાબી આંક્રોશ રાખ્યા વગરનો તમામ સાચ્ચો ખુલાસો તમારી આગળ કરનાર છું."

"સાંભળ ત્યારે રહેમત—અને ધ્યાનથી સાંભળ, કેમકે જે વાત હું તને હાલ કહુંછ તે પહેલાં તો તને આપણે જે બનાવ પર બોલ્યેછ તેની સાથ કશોબી સંબંધ ધરાવતી લાગશે નહીં, પણ જે પાછળથી ખરેખર તને ઘણીજ ઉપયોગી માલમ પડશે."

"ઠીક છે, માદર, તમને જે કહેવું હોય તે હવે શરૂ કરો, હું ધ્યાનથી સાંભળુંછ."

પ્રકરણ ૬૪ મું.

ફુટેલો ભરમ–તુટેલો ભેદ.

"થોડાંક વર્ષની વાત ઉપર, રહેમત, નિઝામ સરકારની સલતનતમાંનાં એક ઉંચ ખાનદાનમાં એક જવાન નાજનીન મોટાં માતબર મંડળરૂપી આસમાનમાં એક સેતારા મિસાલ પુંજાતી હતી. તેણી ખુબસુરત અને કેળવાયલી કહેવાતી હતી, અને જો એક નાજનીનની પુઠે લાગેલાં વખાણનારાઓનાં ટોળાંથી તેણીની ખુબસુરતી અને સ્વભાવનું માપ થઇ શકતું હોય તો તેણીને માટે મંડળમાં જે ચકચાર થઇ રહી હતી તે કશી પણ સરાહઘાત વગરની હતી એમ નક્કી માનવું. જો કે તે સલતનતમાંના ભારી દબદબાવાળા માલેતુજાર માતબરો તેણીના હાથને માટે તડપી રહ્યા હતા છતાં તેઓમાંથી કોઇને પણ મચક ન આપતાં તેણીએ પોતાનો જવાન પ્યાર એક ગરીબ નિરાધાર નાવારેસ જવાનને સપુરદ કીધો હતો. તે જવાન તેણીના પેદરનો અંગત મુનશી હતો. તે ઉંચ ખાનદાનની નાજનીન અને તે નાવારેસ

જવાન એકમેકને જાનથી જીવથી ચાહવા લાગ્યાં અને તે બાગે બેહેસ્ત જેવાં સુખમાં તેઓ પોતાનું ભાન ભુલ્યાં, તેમનું ડહાપણ વખાતું થયું અને તેમનું શાણુપણ સુકાઇ ગયું. તેઓ છુપાછુપ એકમેકપર નિસાર હતાં, કોઇને પણ તે વાતનો સનસારો વટીક નહતો, અને તેઓ જાણતાંજ હતાં કે તે નાજનીનનાં માદર પેદરની મરજીથી તેઓ એક થાય એ આસ્માન અને જમીન સાથે મળવા જેવું મુસ્કેલ—બલ્કે નહીં બને તેવું હતું; એટલે શાદી જેવા પાક પવીત્ર શબ્દનો ઇશારો વટીક તેમને ન થયો, અને જ્યાં સુધી એક આફત તેમની સામે ડોળા ધુરકતી આવીને ઉભી રહી નહીં ત્યાં સુધી મસ્ત મોહબતના દિલકશ ખાબમાંથી તેઓ બન્ને જાગૃત થયાં નહી. તે ડોળા ધુરકતી આફત એ હતી કે તે જવાન નાજનીન માદર થવા જેવી હાલતમાં આવી પહોંચી હતી! જેવી તેણીને તેની હમેલદાર હાલતની માહીતી થઇ કે તેણી પોતાનાં માદર પેદર આગળ દોડી ગઇ અને તેમના પગ પાસે પડી સઘળી વાતનો તેણીએ યકરાર કરી દીધો. તેમ કીધાથી તેણીએ એવી આશા રાખી હતી કે એ શરમમાંથી તેણીને છોડવી નામોશીમાંથી પોતે બચવા તેઓ તેણીને તેણીના આશક સાથે તુરત પરણાવી આપશે, પણ, તે યકરારથી ઉપજેલા તેમના ગભરાટનું, તેમના ગુસ્સાનું અને તેમના ધિક્કારનું પુછવુંજ શું? તુરતા તુરત ચાંપતા ઉપાયો લઇ સરકારમાં વગ પહોંચાડી તે જવાનને કોઇ સરકારી નોકરી અપાવી કેથે મોકળી દેવામાં આવ્યો, અને તે જવાન અબળાને, વખત આવી લાગતાં, હમેલથી છોડવવાની અતી ખાનગી અને સંભાળથી સઘળી તૈયારી તેઓએ કરવા માંડી. તેઓએ તેણીના પેદરની જાગીરના કરીમ નામના મરહુમ કારભારીની વિધવાને પોતાના વિશ્વાસમાં લીધી અને તેણીને મકાને તે જવાન અબળાએ એક બાળક

બેટીનો જનમ આપ્યો અને તે બાળક બેટીને ઉધારી મોટી કરવાનું કામ તેઓએ તે વિધવાનેજ સોંપ્યું. તે જવાન અબળાના પેદરે એક વકીલ સાથે—જે વકીલનું નામ હું આજ સુધી જાણવા પામી નથી તેની સાથે—તે વિધવાને દર હફ્તે કાંઇ ચોક્કસ રકમ પુગાડવાનો બંદોબસ્ત કીધો પણ તેને વટીક ખરી વાતથી માહીતગાર ન કીધો હતો. તે બાળક બેટીના જનમ પછી ચાર વર્ષે તે જવાન અબળાને નિઝામ સરકારના ઓહોળા મુલકમાંના એક માલેતુજાર અને મગરૂર નવાબ સાથે જબરદસ્તીથી પરણાવવામાં આવી—"

"માદર," તેણીનો હાથ પકડી તેણીને આગળ બોલતી અટકાવી તેણીના ચહેરા સામે ટીકીને રહેમત બોલ્યો, "તમારૂં દિલ હું દુઃખવતો હોવું તો મને માફ કરજો, પણ, આ વાતનાં પેટાંમાં શું છે તે હું સમજી ગયો."

"મારી કાંઇ એવી મતલબ હતીજ નહીં, રહેમત, કે તુ નહીંજ સમજી જાય," શરમથી નીચી મુંડી કરી બેગમ બોલી "એમ ગોલગોલ વાત કરવાની મારી મતલબ—એટલીજ કે મારી, લાજ તારી સનમુખ ધીરે ધીરે ખુલ્લી કરવી અને તને વાકેફ કરવો—"

"અને મને વાકેફ કરવો—જો કે તે વાકેફગી મારે માટે ગમે તેવી ચોંકાવનારી–મને હુબતાવનારી–મને અચરતીમાં ગરકાવ કરનારી નિવડે તોબી મને વાકેફ કરવો કે ગુલઝાર કરીમ—"

"મારૂં પોતાનુંજ બચ્ચું છે!" અને આટલું બોલી બેગમે પોતાના હાથમાં પકડેલા રૂમાલથી પોતાનો ચેહેરો ઢાંકી દીધો, અને તેવી હાલતમાં તેણી જાણે એક દુઃખ ભરી શરમનું સ્વરૂપજ હોય તેવી તેણી લાગી.

"તમારી પોતાની બેટી!" પોતાનાં પગનાં ગુંઠણપર હાથ અફાળી રેહેમત બોલ્યો, "ઓ! ગુલઝાર, તું કયાં હશે? તું કયાં હશે, મારા ફીરેસ્તા?"

"ત્યારે તે કયાં છે તે તું નથી જાણતો રેહેમત?" બેગમે પુછ્યું.

"ખુદા કરે ને હું જાણતો હતે! હું તેણીને લગતી દરેક વાતથી હાલ અજાણ છું–હું એટલું વટીક નથી જાણતો કે તેણી હૈયાત છે કે પાક ફીરેસ્તાઓની સફમાં અત્યાર અગાઉની તે જઇ—"

અને આટલું બોલી તે પોતાની લાગણી નહીં રોકી શકયાથી ધસાંધસ રડી પડયો: કેમ કે, ઓ ગુલઝાર! તારે માટેનો તેનો પ્યાર આસ્માનના આ ફરતા ગુંબદ જેટલો બોહોળો અને જગતપર ફેલાયલા માહાસાગર જેટલો ઉંડો હતો.

"આપણે તેને શોધી કાઢીશું, રેહેમત," એકાયક ઉશ્કેરાઇ આવી બોલી, "જો તે હૈયાતજ હશે તો આપણે તેનું ઠર ઠેકાણું શોધીજ કાઢીશું. ઓ! મારા ખુદા! બે વર્ષની વાતપર પરી જેવી ખુબસુરતી ધરાવનારી એક જવાન છોડી આ પાસેના ઓરડામાં મારી આગળ આવીને ઉભી રહી અને મેં તેણીનું નામ માંગતાં તેણીએ તે 'ગુલઝાર કરીમ' હોવાનું જણાવ્યું ત્યારે મારી આ છાટીમાં ઉભરાઇ આવેલી લાગણીનું કોણ વર્ણન કરે! છેલ્લે એક બાળક તરીકે તેણીને હું કરીમની વિધવાને ત્યાં છોડી આવી હતી ત્યાર પછીથી તે દાહાડેજ મેં તે મારી બેટીને પેહેલ વ્હેલી જોઇ. ઓ! પણ તે દાહાડો કેથો યાદગાર રહી જવાને માટેજ ઉગ્યો હતો. સહવારે મેં મારાં પોતાનાં બચ્ચાંને જોયું અને રાતે મારૂં ખુન કરવાની કોશેશ કરનાર તરીકે બદનામ થયલી તે દુખતરે નાકબુલના પેદરને જોવાનું મારી સ્જતમાં હતું!"

પ્રકરણ ૬૫ મું.

બેગમનો ખુની કોણ?

"સૌદાગર અનવર!" રેહેમત બોલી ઉઠયો, "ઓ ખોદા! એ હું શું સાંભળુંછ? સૌદાગર અનવરખાં ગુલઝારનો પેદર પોતે!"

"તે પોતે; લાલચને શરણ થઇ તેણે નિઝામનો મુલ્ક છોડયો ખરો, પણ સરકારી નોકરી તેને ભાવી નહીં એટલે તેમાંથી નીકળી તે વેપારમાં પડયો, જેમાં તેણે ગંજાવર દોલત મેળવી જે દોલતનો મોટો ભાગ આપણાં પડી ભાંગતાં ખાનદાનને જેમ તેમ ટેકવી રાખવામાં વપરાયોછ!"

"ગરીબ બીચારો અનવર, મને તેની કેવી દયા લાગેછ!"

"તેની દયા? અરે, મારા વ્હાલા દીકરા, તેની વખાણ ગા અને તેની કિરતીની બુલંદ બાંગ છેક સાતમે આસ્માને પ્હોંચાડ! કેમકે, તે ભલા આદમીએ દુન્યામાં કદી ન અનુભવેલું મોટું દીલ દેખાડી પોતાને ભોગે મને શરમમાંથી બચાવીછ. હા, સૌદાગર અનવરખાં તેઓમાંનો એક છે, જેઓ આ દુન્યાની બોહોળી સપાટીપર લાખોમાં માત્ર ગણત્રીના દશ યા વીશજ મળી આવેછ!"

"ત્યારે શું તમો માદર મને એમ સમજાવવા માંગોછ કે તે નિરદોષ છે?"

"હા, મારૂં ખુન કરવાની કોશેશને માટે જેટલો તું તેટલોજ તે નિરદોષ છે!" પુરતી ગંભીરતાથી બેગમ બોલી.

"અજબ જેવું! ઘણુંજ અજબ જેવું!" એક ચોક્કસ બનાવ તેને યાદ આવી જવાથી રેહેમત બોલ્યો, "ગુલઝાર, અનવરખાંને કાંઇક ઓળખતી દીસેછ કેમકે તે એક દાહાડે છેક ચોકીમાં તેને મળવા જઇ પોતે તો તેને નિરદોષજ ધારેછ એમ ખાતરી આપી આવી."

"આહ ! દીકરા, 'દિલનો ગવાહ દિલ' તેનો આ એક જીવતો જાગતો દાખલો સમજ; પણ બેશક તે બીલોરી બંગલીમાં બનેલા ત્રાસદાયક બનાવને માટે ખુલાસાથી વાકેફ થવાને તું આતુર હોવો જોઇયે અને તું મને ધીરજથી સાંભળશે તો તારી તે જીજ્ઞાસાને હું તૃપ્ત કરી શકીશ. જલસાની તે કારમી રાત્રે મારી સાથે સૌદાગર અનવર વાતે વળગ્યો અને અમારી તે વાતે, નવાબની તંગદસ્તી અને નવાબ યારજંગના સલીમા પ્રત્યેના પ્યારની બાબદમાં ગંભીર વળાણ પકડી. હવે એ બાબદ ખુદરતીજ એવી હતી કે તે મીજલસની વચમાં નહીં થઇ શકે એટલે અમો બન્ને એકાંતવાસ શોધતાં બીલોરી બંગલીમાં ગયાં. ત્યાં બેસી વાત લંબાવતાં રફતે રફતે અમો બન્નેની જાણ વગર તે વાતે એવું નાજુક રૂપ પકડયું કે જેવું નાજુક રૂપ અમો બન્નેની વાતચીતે એક જરા સરખા ભાગે વર્ષો થયાં પકડયું નહતું. કેમકે તે કરીમે કારસાજને બારે પાક કસમ નોંધાવીને કહું છ, રેહેમત, કે કદી કોઇ દાહાડેબી વિચારે કે આચારે તારા પેદરને હું બેવફા થઇ ન હતી, પણ કોણ જાણે શું બદ ચોઘડયે તે રાતે તે મના કીધેલી જમીન ઉપર અમો બન્નેનો અચાનક પગ પડયો અને એકાયક મારાં મગજમાં એવું વાહારૂં આયું કે અનવરનાં ખભાંપર મારી ડોક નાંખી તેને માટેનો મારી છાટીમાં અધુરે તુટેલો પ્યાર ઉભરી આવ્યાની મેં તેને ખબર આપી. મેં તેનીથી નહીંજ છુટી થવાનો ઠરાવ જાહેર કીધો અને મને પોતાની સાથે કેઠે નહસાડી લેઇ જવાને મેં તેને મજબુતીથી વિણવ્યો, પણ નહીં, તેમ કરી મારાં નામને બદનામ કરી મારી ઇજતને દાઘ લગાડવાને અનવરે સાફ ના પાડી. તેણે બાપોકાર જાહેર કીધું કે તેના પાક પ્યારથી પુજાયલી મુરતીને કાદવ કીચળમાં રગડોળી તેણીને ગંધીલી બનાવવા

જેટલો તેનો પ્યાર પાપી નહીંજ હતો અને મેં જ્યારે મારી હઠ છોડીજ નહીં ત્યારે જનુનમાં આવી તેણે ત્યાં મેજપર પડેલી છરી ઉંચકી મને ધમકી આપી કે આ મારી આજીજી અને મારી મીનતજારીને શરણ થઇ મારી આબરૂનું સત્યાનાશ તે વાળે તે કરતાં તે છરી મારા સીનામાં ભોંકી મારો પાપી બનેલો જાન ત્યાંને ત્યાંજ કબજ કરવાને વધુ બેહેતર સમજતો હતો. પણ હું મારી લાગણીની તે વખતે માલેકજ ક્યાં હતી ? મારી સઘળી બુરી લાગણી મારી ઉપર ગાલેબ થઇ હતી અને મેં મારી છાટીમાં છરી મારી મારો અંત લાવવા તેને ઉશકેર્યો. મારી તે હાલત જોઇ તે જરા નરમ પડી ગયો અને મારૂં માથું પોતાની છાટીમાં દાબી મને પટાવીને મારૂં જનુન ઠંડું પાડવા લાગ્યો. તેજ વખતે તે બંગલા અને બાગ વચ્ચેનું કાચનું બારણું એકાયક ઉંઘડયું અને અમારી સનમુખ લાલચોળ બની નવાબ આવીને ઉભો. ગુસ્સાથી તે મુગો મંતર થઇ ગયો હતો, અને અનવરે તુરતનીજ ફેંકેલી છરી તેણે પોતે લીધી અને તારા પેદરે તે મારી છાટીમાં ભોંકી !"

"મારો પેદર—બધાંમાંજ મારો પેદર !" રેહેમત બોલ્યો, "યા ખુદા, આ બે વર્ષના ટુંક અરસામાં તેને ખાતે કેટલાક ગુનાહ જમે થયાછ ! પણ મારી માદર, તારી વાત આગળ ચલાવ અને જલ્દી પુરી કર."

"ત્યારે હવે તે પુરી કરવા માટે, બાકીની વાત મને જેમ સંભળાવવામાં આવી હતી તેમ મારે તને જણાવવી જોઇયે કેમકે મારાં બદનમાં ઘા થતાંજ હું તો ચીચ્યારી પાડીને બેશુદ્ધ થઇ જમીનપર પટકાઇ પડી હતી."

"જે ગમે તે રીતે મને બધીજ વાતથી વાકેફ કર."

પ્રકરણ ૬૬ મું.

વધુ લુચ્ચાઇ–વધુ સેતાન્યત.

"એવું માલમ પડેછ, ત્યારે" બેગમે પોતાનો ખુલાસો આગળ ચલાવ્યો, "કે જે વખતે હું અનવર સાથે બીલોરી બંગલીમાં રોકાયલી હતી તે વખતે આપણા મેહેલપર જપતી લઇ આવેલા સરકારી અમલદારે તારા પેદરને તેવણને કચેરિ ખાસમાં બોલાવ્યા. હવે એ દુ:ખદાયક ખબર કોઇ બીજે માર્ગે મારે કાને આવે તે પહેલાં પોતેજ મને કેહેવાનો તેવણે ઠેરાવ કીધો, અને તેવણ ગયા તે વખતે મને તેવણે જલસાવાલા હોલમાં જોઇ હતી, એટલે તેવણે માન્યું કે હજી હું ત્યાંજ અનવર સાથે વાતમાં હોવસ અને તેથી અનવરનેબી તે મોહોકાણના સમાચાર કેહેવાની મતલબથી તેવણ ત્યાં મને શોધતા આવ્યા, પણ બીજા ઓરડા ઓમાંથી થઇ તે ઓરડામાં આવવાને બદલે તેવણે બાહારથી બાગને રસ્તે ત્યાં આવવાનું પસંદ કીધું; પણ તે બાગની સીડી ચઢી પેલું કાચનું બારણું ઉઘાડી બીલોરી બંગલીમાં તેવણ હજી તો દાખલ થાય તેટલાંજ તેવણની નજર અમો બન્ને પર પડી; તે વખતે અનવર મારૂં માથું પોતાનાં પેટમાં ચાંપી મને પટાવતો ઉભો હતો. આ દેખાવ તેની નજરે પડતાંજ તારો પેદર ગુસ્સાથી દીવાના જેવો થઇ ગયો; તે અંદર ધસ્યો, પેલી છરી ઉંચકી અને મારી છાટીમાં તેણે તે ભોકી! તુરતજ અનવરે પોતાની શુધ્ધ ઠેકાણે રાખી નવાબને બાજુમાંથી પકડયો અને તેને કહ્યું, 'તારી બેગમ તદન નિર્દોષ છે, એ હું ખુદાના કસમ ખાઇને કહુંછ. જા ને તેણીને એક જુઠા વ્હેમમાંથી બચાવ! આ કામનો જોખમ હું મારે માંથે ખેંચી લેવસ' એમ બોલી એક હાથે તેણે નવાબને બીલોરી બંગલીમાંથી હડસેલી મુકયો અને બીજે હાથે મારી

છાટીમાંથી તેણે પેલી છરી કાઢી. એ સઘળું એક પલમાં બની ગયું અને જેવો નવાબ સીડી ઉતરી બાગમાં દોડી ગયો કે જલસાવાલા ઓરડામાંથી એક ટોળું "બીલોરી બંગલીમાં ધસી આયું."

"આહ ! હવે મને સમજ પડી." રેહેમત બોલ્યો, "જો ભલો અનવર એ ગુનાહ પોતાને માથે ન ખેંચી લેતે તો તમારૂં ખુન કરવાની કોશેશના આરોપસર પોતાના ઇનસાફને માટે નવાબને ઉભું રેહેવું પડતે અને તમારી ઇજતની ધુળધાણી થતે, પણ આવો ઉપાય લઇ અનવરે ખરેખર તમને બચાવી લીધાં."

"તે યાદગાર બનાવને લગતી જરાકે જરાક વિગતથી હું વાકેફ થઇ ચુકીછ." બેગમે આગળ ચલાવ્યું "કેમકે ત્યારબાદ મને નવાબ સાથે થયલી વાતમાં તેણેજ મારી આગળ આ સઘળો ખુલાસો કીધો હતો, જે આજે હું તારી આગળ કરૂંછ. અનવરે તેને જે કહ્યું તે તે બરાબર સમજી ગયો અને તેનાં તેમ કેહેવાની મતલબ પીછાણી લેઇ તે બીલોરી બંગલીમાંથી બાગ મારફતે બાહાર નીકળી પાછો કમ્રે ખાસમાં ગયો, જયાં તેને એ બનેલા દુઃખદાયક બનાવની ખબર પોંહોંચાડવા કેટલાક પરોણાઓ થોડીજ મીનીટમાં તેને શોધતા ગયા. તેઓએ જે તેને કહ્યું તે ઉપરથી તેની ખાતરી થઇ કે અનવરે તે જીમ્મો ખરેખરજ પોતાને માથે ખેંચી લીધો હતો, અને તેજ મુજબના તારા બાપે બી ઢોંગ કીધા. જેવા બધા પરોણાઓ વિખરાઇ ગયા કે તારા બાપે તને વકીલ સાઅદતખાંને તેડવા મોકલ્યોઃ અને જેવો તું બાહાર ગયો કે તે પોતે એક લાંબો સાલ્લો ઓઢી બાહાર પડયો. તે, જયાં અનવરને પુરવામાં આવ્યો હતો તે ચોકીપર ગયો અને તેણે અનવરને મળવા માંગયું. અનવરને તે મળ્યો અને તેની પાસે તેની નજરે પડેલા

દેખાવનો ખુલાસો માંગ્યો. એ વાતમાંની સઘળો જોખમ તે ભલા આદમીએ પોતાનેજ સર રાખ્યો અને એવું જણાવ્યું કે તે પોતે મને ઘડી ઘડી કંટાળો આપ્યા કરતો હતો, પણ હું તેની તે વાતને ધિક્કારી કાઢતી હતી, અને તેનો જુસ્સો ન સમી શકતાં તે મને જબરીથી પકડી તેને તાબે થવા પટાવતો હતો તેટલાં નવાબ આવી પોહોંચ્યો હતો."

"ત્યારે તે વખતે શું મારા બાપથી એ વાત અંજાણી હતી કે અનવર તમારો એક વખતનો આશક હતો?" રેહેમતે પુછ્યું.

"અને તે વાતની તેને આજેબી કયાં ખબર છે? અને તેને કદી ખબર પડવાનીજ નથી. એ તો હવે આપણ વચ્ચે અરસપરસ ચકરાર કરવાનો એક સંજોગ આવી લાગયોછ તેથી તને મારા વીશ્વાસમાં લેઇનેજ એ વાત હું કહુંછ, કેમકે–"

"કેમકે જે હાલતે આજે સરફરાજનું ખાનદાન આવીને અટકયુંછ તે હાલત તરફ જોતાં એવા અરસપરસના ચકરારની ઘણીજ જરૂર છે. વારૂં, પણ અનવરે કીધેલો તે ખુલાસો મારા પેદરે સાચ્ચા તરીકે માનયો કે?"

"નહીં, તારા બાપે મને અનવરના હાથમાં જોઇ. તેણે જોયું કે તેના હાથમાંથી છુટવાની કશી તાણુતોડ હું કરતી નહતી, એટલે જોકે હું પુરેપુરી ગુનાહગાર નહીં તોપણ થોડી ઘણી વાંકમાં હતી. એ બાબદ પર તે આંખવીચામણાં નહીં કરી શકયો, અને તેને એટલો તો વ્હેમ ગયો કે હું જરા તરા નબલાઇ તરફ ઢળી જઇ બેવકુફ તો બનીજ હોઇશ. તેણે એટલું તો માન્યું કે હું ગુનાહગાર નહીંજ હતી, પણ તેજ વખતે અને તેજ

ઘડીએ પ્હેલવ્હેલો અનવરનો પ્યાર મારી ઉપર ઉસ્કેરાઇ આવ્યો હશે એમ તેણે માનયું."

"પછી? પછી? અનવરના ખુલાસાના જવાબમાં નવાબ કાંઇ બોલ્યો કે?"

"હા" તેણે તેને કહયું કે, "અનવર, તેં મારી બેગમની લાજ લુટવાની તજવીજ કરીછ, પણ જે રીતે તું તારી તે કુચાલનો બદલો આપવા તઇયાર થયોછ તે રીત ધ્યાનમાં લેતાં હું તને કશો ઠપકો આપતો નથી. તેણીની દામનને વેહેમનો વટીક દાઘ ન લાગે તેવી મતલબથી તું તારી ઇજતનો ભોગ આપવા તૈયાર થયોછ, પણ જોજે કે જયારે ખરેખરો વખત આવી લાગે ત્યારે ડરી જઇ પાછલ હઠતો ના', જેના જવાબમાં અનવર બોલ્યો કે, 'બીલોરી બંગલીમાં બનેલા તે બનાવની સાચે સાચ્ચી હકીકત જો કોઇબી દાહડે બાહાર આવશે તો તેમાં મારો નહીં પણ તારોજ વાંક ગણાશે.' એ રીતે બન્ને વચ્ચેની મુલાકાતનો છેડો આયો અને અનવરખાંનની દ્રઢતાથી સંતોષ પામી તે જેવો મેહેલમાંથી ગયો હતો તેવોજ તે પાછો ફર્યો અને સાઅદતખાન વકીલ સાથે તું પાછો ફરે તેની અડધો કલાક આગમજ તે કમ્રેખાસમાં પાછો આવીને બેઠો. હવે તે રાતના બનેલા બનાવ વીશે એ રીતે તને વાકેફ કરી મારે લગતી કાંઇ બાબદપર હું આવું છ."

"પણ તમો શુધ્ધીમાં આવ્યા પછી ઘણે દીવસે તમારી જબાં ઉપડી, ખરૂં કેની?"

"હા અને મને પ્હેલી શુધ્ધી આવતાંજ જે ખબર છે તે એટલીજ કે તારો પેદર મને ધીરજનાં વચન સંભલાવતો મારી ઉપર વાંકો વલેલો હતો. મને પ્હેલે લાગયું કે જાણે હું

કાંઇ ખાબ જોતી હોવસ, પણ રફતે રફતે મને ખરી વાતની
માહીતી થતાં, જયારે બીલોરી બંગલીમાં બનેલા તે બનાવની
યાદ મારાં મગજમાં તાજી થઇ ત્યારે હું અજબ થઇ વીચારવા
લાગી કે મારીથી થયલી તેની તરફની બેવફાઇના બદલામાં મારી
ઉપર ગુસ્સે થવાને બદલે તે મને ધીરજનાં વચન સુનાવી પટાવી
શા માટે લેતો હતો? પણ જેમ જેમ તારા બાપની વાત હું
સાંભલતી ગઇ તેમ તેમ બધી મને સમજ પડી. ત્યારેજ
મેં જોયું કે મારી ઇજતના વીચારને ખાતર બીચારા અનવરે
પોતાની આબરૂનો ભોગ આપ્યો હતો. તેની ભલાઇનો વીચાર
કરતાં મારી આંખમાં પાણી આવી ગયાં અને હું ડુસકે ડુસકે
રડી. 'બદર,' તારો બાપ ધાડા અને આજુજી કરતા અવાજે
બોલ્યો, 'તું બેવકુફ તો થઇ પણ તુંને હું માફ કરૂંછ. તુંને જો
હું દોષીત ધારતે તો મેં શુરૂ કીધેલું જબુન કામ હું પુરૂંજ કરતે
કે જે કામને માટે બીચારો ભલતોજ આદમી ખમેછ, મગર,
તારાં નીર્દોષપણાં પર મને પુરો વીશ્વાસ છે, અને તેથી તારી
આટલી ભુલ હું માફ કરૂંછ, જેના બદલામાં હું માંગી લેઉંચ કે
અનવરને એ સઘળી બાબદનો જોખમ તેને પોતાને સર એંચી
લેવા દેવો, અને તારે કોઇ રીતે વચ્ચે આવવું નહીં અને
બીલોરી બંગલીમાં બનેલા ખરા બનાવ પર તારે સદાનું ઢાંકણું
વાલી તારી જબાંપર ચુપકીદીની મોહોર મારી રાખવી.' આનો
જવાબ મેં કશો વાલ્યો નહીં, મગર, એ કીસમના દેખીતા ગેર-
ઇનસાફ સામે મારો નબલો અવાજ કાઢી તે બાબદ
મારા ખાવીંદ સાથે તકરાર કરવાની મારી ઘણી
મરજી થઇ પણ મારી જબાંજ કયાં તે વખતે ઉપડતી હતી?"

"અને જેવી તમારી જબાં ઉપડી તે વખતે શું થયું?"
રેહમતે પુછયું.

"બનતી ઉતાવળે તારો બાપ મારા ઓરડામાં આયો, ને અમો વચ્ચે ઘણી લાંબી અને દુઃખદાયક મસલહત ચાલી. નવાબે મને ખુલ્લું કહી દીધું કે મારી ગરીબ અને વહાલી દાસી ગુલનાર–આહ! તું ચોંકેછ ને તારો ચ્હેરો ફિક્કો મારી જાયછ, કેમકે તે બીચારી પાછળથી એક ભેદભર્યાં ખુનનો ભોગ થઇ પડી હતી અને—"

"હા, પણ તેની વાત આપણે પછી કરીશું. તમે મને કહેવા જતાં હતાં કે મારા બાપે તમારી દાસી ગુલનારને—"

"હુકમ ફરમાવ્યો હતો કે જેવી બોલવાની શકતી મારામાં પાછી સજીવન થતી માલમ પડે કે તેને તુરત બોલાવી મંગાવવો. તે બધી બાજુથી ઘેરાઇ ગયલો હોવાથી તે કુદરતી આતુર થઇ રહ્યો હતો કે રખે મારી જબાં ઉપડતાંજ પેહલે આંચકે હું તે બીલોરી બંગલીનો ભરમ મારી દાસી ગુલનાર આગળ ફોડી દેઇ તે ભરમને ઘટતે ઠેકાંણે પુગાડી અનવરને માથેથી તેનો જોખમ ખીસાડી નાંખી અનવરને કેદમાંથી છોડવી મેલું. મારી જબાં ઉપડતાં દાસીએ તે મુજબની તેને ખબર કીધી અને તે તુરત મારી આગળ આવી લાગો. અમો વચ્ચે પછી શું બન્યું તે બધું વિસ્તારીને કહી તને હું થકવવા માંગતી નથી. એટલું કેહવું બસ થશે કે તેણે પોતાના કાલાવાલા પાછા ચાલુ કીધા અને હું તે બનાવથી એવી નબળી પડી ગઇ હતી કે સહેજમાં તેની તે મરજીને હું તાબે થઇ પણ તેમ કરવાથી મારાં મનને જે મોટો દિલાસો હતો તે એકે તેમ કરી હું ગોયા અનવરની પણ મરજી રાખતી હતી. બાકીનું હવે તને માલમ છે, રેહેમત, અને અનવર બીચારો હજી કેવી હાલતમાં સબડેછ!"

"પણ હવે વધુવાર તે ત્યાં રેહવો જોઇયેજ નહીં." રેહેમત ઉશ્કેરાઇ જઇ બોલ્યો, "એ ગેરઇન્સાફ વધુવાર ચાલવા દેવો જોઇયે નહીં !"

"ઓ, દીકરા, તું એમ બોલેછ તે સાંભળી હું ઘણી ખુશી છેઉં." બેગમ બોલી અને બોલતાંજ તેનો ચ્હેરો રેહેમત તરફના તેના આભારની લાગણીથી છવાઇ ગયો અને તેણીની આંખમાંથી નીકળેલાં આસું તેણીનાં પાપણપર દવના ટીપાં મિસાલ ટીંગાઇ રહ્યાં. "ખુદા કરેને અનવર હજી સુખી થાય અને તે બીચારાએ જે જે ખમ્યું છ તેનો જો બદલો કશાંથીબી વળી શકતો હોય તો તેની જે એક બેટી હૈયાતી ભોગવેછ તે—"

"પણ તે બીચારી હૈયાતી ભોગવતી હોય ત્યારે કેની ? પણ, માદર, જ્યારે તેનું બચ્ચું હૈયાતજ હતું તો તે એ વાતથી અંજાણ કેમ રહી શકયો ?"

"મેં તને જણાવ્યું કેની કે તેને માટેના પ્યારનો ચકરાર જેવો મેં મારાં માદર પીદર આગળ કીધો કે તેઓએ તેને કેઠે દુર દેશાવર મોકલી દીધો. મેં તે બેટીને જનમ આપ્યા પછી મારા પેદરે તેને તે વિશે લખી જણાવ્યું પણ સાથે સાથે તેને ખોટી ખબર આપી કે તે બચ્ચું તો જનમ પાંમતાંજ ફુલગુઝાર થઇ ગયું હતું. એ રીતે કેટલાંક વર્ષ પસાર થઇ ગયાં, અને જ્યારે અમે પાછાં મળ્યાં ત્યારે નવાબ સાબેર–ઉદ–દઉલાની બેગમ તરીકે મેં તેને આવકાર દીધો. ગઇ ગુજરીની કાંઇ થોડીક વાતચીત થઇ, જેમાં તેણે મને જણાવ્યું કે, 'હવે તું બીજાની પરણેતર થઇછ એટલે હવેથી માત્ર મીત્રજ તરીક આપણે એકમેકને મળવું, અને આપણા વચ્ચેના પ્યારને સમુળગો દાટીજ દેવો.' હવે તેના આ ઠેડાવ પછી તેને હું કેમ કહું કે અમારૂં બચ્ચું તો હૈયાત અવ-

તર્યું હતું અને મારા બાપે તેને ઠગ્યો હતો ? એ વાતનો ચકરાર કરવો તે વળી મના કીધેલી જમીનપર પગ મુકવા જેવુંજ થયું, અને બીજાની પરણેતર ગણી તે જેમ મારી તરફ માનથી વર્તવા ચાહતો હતો તેમ હું પણ મારા ખાવીંદ તરફ વફાદાર રેહવાને આતુર હતી. હવે તું સમજ્યો કેની રેહેમત કે તેને પોતાનાં બચ્ચાં વિશેની કશીજ માહીતી નથી અને તે છતાં કુદરતનું ચાહવું તો એવુંજ થયું કે તે બંને મળે અને તું કેહેછ તેમ તેઓ મળ્યાંબી."

"હા! બન્ને બાપ બેટી મળ્યાં ખરાં, પણ હવે હું મારી તરફનો ચોંકાવનારો ખુલાસો રજુ કરૂં તે આગમજ એકજ સવાલ પુછવા દો."

"અને તે સવાલ શું ?"

"ગુલઝારના નિભાવને માટે કરીમની વિધવાને દરેક હફ્તો વખતસર આપવાનું જેને સોંપ્યું હતું તેને શું ચોક્કસ રકમ તે કારણસર આપવામાં આવતી હતી તે કાંઇ તમને માલમ છે ?"

"નહીં, તે બાબદની મને કાંઇજ ખબર નથી. મારાં માદર પેદરે મને ફકત સધ્યારો આપ્યો કે મારી બેટીની પુરતી સંભાળ લેવાય તેનો તેઓએ પક્કો બંદોબસ્ત કીધોછ, અને તેથીજ ગુલઝારને મેં જ્યારે એક દરજણના જેવું વૈતરૂં કરતી દીઠી ત્યારે મારી હેબતનો પારજ નહીં રહ્યો કે એમ કેમ ?"

"એમ કેમ? કારણ કે—કારણ કે તે લુચ્ચા દગલબાજે તે બીચારીને કોઇ વાતની મદદ પુગાડીજ નહીં ! ગુલઝારના લાભને માટે તમારા પેદરે કરીમની વિધવા અને તે વકીલનાં ભેગાં નામનું એક ખાતું પાડી ત્રીસ હજારની એક નાદર રકમ કોઇ સાહુકારની પેઢીપર મુકી હતી. વકીલને તે રકમનું વ્યાજ મળતું હતું અને તે

વ્યાજ તે વિધવાને પુગાડયો જતો હતો, પણ તે વિધવા એકાયક મરણ પામતાં તે વ્યાજ તેણીને બદલે ગુલઝારને પોંહોંચાડવાનું તે ચોરે મઉકુફ કીધું અને એ રીતે તે બુરા બદમાશની લુચ્ચાઇથી ગુલઝાર–ગરીબ ગુલઝાર–આ દુન્યાની બહોળી સપાટી પર ટુકડા રોટીને માટે કોઇ કોઇ વાર તો વળખાં મારતી રખડતી થઇ. એ વાત કોઇ સંજોગે આજે રાતેજ મેં જાણી."

"અરે ખુદા! એ શું ખરી વાત? અને કોણ એવાં કરપીણ કામનો કરનારછ તે તું જાણેછ, રેહેમત?"

"જુવો તે લુચ્છાની લુચ્છાઇનો આ પુરાવો." એમ બોલી એક કાગળ તેણે ગજવામાંથી ખેંચી કાઢયું અને તે બેગમને આપ્યું, "આ કાગળ કરીમની બીચારી વિધવાએ પોતાનાં મોતની થોડા વખત આગમજ લખ્યું હતું અને તેમાં તેણીએ તે વકીલને ગુલઝારની નાણાં સંબંધી હાલતનો ખ્યાલ આપ્યો હતો."

"અને તે વકીલ તે સાઅદતખાન!" રેહેમતે આપેલાં કાગળ પર જે સરનામું હતું તે વાંચીને બેગમ બોલી.

પ્રકરણ ૬૭ મું.

થોડાક વધુ ખુલાસો.

ગયાં પ્રકરણની આખેરીમાં વર્ણવેલા ખુલાસાથી ઉપજેલી અસરમાંથી બેગમ બદ્રુલબાહાર જાગૃત થઇ અને જેવી તે શાંત થયલી દેખાઇ કે રેહેમતે પોતાની તરફનો ખુલાસો કરવો શુરૂ કીધો. તેણે આપવા ધારેલી વીગતોમાંની જરાબી બારીકી છોડી દીધા વગર ખુલ્લે દિલે ગુલઝાર માટેના તેના પ્યારની હકીકત બેગમ સનમુખ તેણે રજુ કીધી. કેવી રીતે તેણીનો પ્યાર

તેણે પોતાની તરફ ખેંચ્યો હતો અને કેવી રીતે તેને પોતાની બીબી બનાવવાનો તે પક્કો વિચાર રાખતો હતો, કેવી રીતે કાંઇ ભયંકર ભુલથી જનમ પામેલી ગેરસમજુતીને લીધે તેઓ બન્ને વિખુટાં પડી ગયાં હતાં તે સઘળું તેણે પોતાની સાવકી માદરને જણાવ્યું. વળી તેને શોધી કાઢવાને તેણીનાં ઠર ઠેકાણાંનો પત્તો મેળવવાને તેણે શું શું કીધું હતું તથા તેણીની ઉપરની તેની ફીદાગીરીએ કેવી રીતે તેને ચીવ્વતાઇથી વળગી રહેલી ભુંડી ટેવો, ખરાબ આદતો, બદ સોબત અને બુરાઓની દોસ્તી તેનાથી છોડાવી હતી અને તે તેની પ્યારની મુરતીને શોધી કાઢવાની નિષ્ફળ ગયલી કોશેશથી કેટલો દુઃખી અને કેવો રંજીદા થતો હતો એ બધું બેગમને કહી સંભળાવી તેણે પોતાની માદરથી જાણવા માંગયું કે તેણી જે તેનામાં મોટો ફેરફાર જોતી હતી, તેણી તેને લેવાયલો લુટાયલો અને નખાયલો જે જોતી હતી તેમાં કશીબી નવાઇ હતી?

પણ આ સવાલનો જવાબ મેળવવાને થોબયા વગર પોતાના ખુલાસાનો જે વધુ ભયાનક અને વધુ ત્રાસદાયક ભાગ, તે ઉપર રેહેમત આવ્યો. કેવી રીતે તેણે ઝોહારા અને તેના બાપ વચ્ચેની વાતચીત સાંભળી હતી, જે વાતચીતપરથી તેની ખાતરી થઇ હતી કે તેનો બાપ એક જબુન ગુનાહમાં શરીક હતો જે ગુનાહ તેણે ગુલઝાર અને તેના પોતાના (રેહમતના) નેકા અટકાવવાને માટેજ કીધો હતો. એ સઘળું તેણે બેગમને જણાવ્યું અને તેમની તે વાતચીતપરથી તેને ઉપજેલો વ્હેમબી તેણે જાહેર કરી દીધો કે દાસી ગુલનારનાં ખુન સાથે તે ગુનાહને કાંઇ નિકટ સંબંધ હોય તેમ લાગતું હતું:—અને એટલુંબી જણાવવાને તે ભુલ્યો નહીં કે ખોટી સહી કરવામાં પકડાયલા સફદરજંગ નામના કોઇ બદમાશ સાથે કાંઇ તરેહનો છુપો સંબંધ તેના બાપને હતો અને

છેલ્લે વકીલ સાઅદતખાંન અને તેના બાપ વચ્ચે થયલી વાતચીત વિસ્તારીને તેણે કહી પોતાના ખુલાસાનું તે સેવટ લાવ્યો. તે સાંભળી લીધાથી જે ખાનદાનમાં તે પરણી આવી હતી તે ખાનદાન હાલ કેટલી હદ સુધી ખરાબીના ખાએચ્યામાં ગર્ક થવાની અણીપર આવી રહ્યુ હતું તે ઉપર બેગમની આંખ્યો ખુલી ગઇ. એ ખ્યાલજ ભયંકર હતો ! સરફરાજ ખાનદાનની આસપાસ ફરી વળેલી આફતો ખરેખર ભયાનક અને તેની પાયામાલીની આગાહી આપનાર હતી. તેણીએ જોયું કે અકસ્માતની એક સ્હેજ આંચથી તે ખાનદાનની નીચેની ખાણુ ફાટી એક તડાકે તેના ફુરચેફુરચા ઉડી જવાના! તેણીને લાગ્યું કે તે ખાનદાનનાં સીર ઉપર આફતનું એક એવું ઘમઘોર વાદલ ઘેરાયું હતું કે જે સેહેજ આંચકો લાગતાંજ ફાટયાથી તેમાંથી વિજલીના ચમકારા નીકળી તે આખાં ખાનદાનને તારાજ કરી નાંખતાં વખત નથી લાગવાનો.

"માદર, વ્હાલી માદર, તમારી નજર સામે નજર મેળવી તમારી તરફ જોતાં મને શરમ લાગેછ." રેહેમત બોલ્યો. "હું શરમાઉંછ કે તમો પોતે એક કેવાં ખાનદાનને બસ પડયાં !"

"મારા વ્હાલા બેટા, તારે એમ બોલવું સજાવાર નથી, મગર, હવે આપણે શું કરવું તેનો વિચાર કરવો ઘટેછ, કેમકે હવે એવો વખત આવી લાગ્યોછ કે આપણ બન્નેએ સંપથી અને સામટાં બળથી જે કરવું હોય તે કરી દેવું જોઇયે."

"અને શું કરવું તેનાં નક્કી સેવટપર આવ્યા વગર આપણે છુટાં પડવું ન જોઇયે, માદર; પ્હેલે તો પેલા બદમાશ સફદરજંગે જે ખોટી હુંડીઓ ઉભી કીધીછ તેનાં નાણાં પટાવી દેવાને આપણે કેઠેથી પૈસા મેળવવા જોઇયે; કેમકે મારી ખાતરી છે કે એ માટે જોઇતું નાણું મારા પેદરથી કોઇ કાળે નથી અપાવાનું."

"તે રકમ સાહઠ સીતેર હજારની થવા જાયછ, એમ તેં કહ્યુંની, રેહેમત ?"

"હા, ઝોહરાને મેં એમ બોલતાં સાંભળી ખરી."

"ઉભો રહે" એમ બોલી બેગમ એક કબાટ આગળ ગઇ અને તેમાંથી કાંઇ કાઢી રેહેમત આગલ આવી. "લે આય, ગણ કેટલા છે? હું ધારૂંછ હેંસીક હજારના કટકા હશે. તેમ જો હોય તો તે હુંડીના નાણાં પગાર કર અને બાકીનાં તેને આપ એવી શરતે કે તે આ શેહેર છોડી કેથે દુર દેશાવર નાબુદ થઇ જાય. આહ! તું અચરત થયલો લાગેછ કે એટલી રકમ મારી પાસે આવી કેમ? પણ તને યાદ નથી કે અનવરે પોતાની આખેરી તપાસ અગાઉ એવી કીસમનો બંદોબસ્ત કીધો હતો કે તેની સઘળી જાગીર જમીન અને માલમિલકતનું ઉપજતું વ્યાજ મને મળે. મારી પાછળ તે સઘલી અસ્કેયામત તારી થાય? ત્યારે હવે તું સમજી શકશે કે એ રકમ મારા હાથમાં કયાંથી આવી. ઘણી વખત નવાબ મારા કાનપર વાત નાંખી રહયો કે અનવરે કીધેલી એ ગોઠવણ મુજબ મને મળતાં નાણાં મારે તેને આપતા રહેવું, પણ હું તેને ઉડાવતીજ રહી, અને એ સઘળું મને મળતું નાણું મેં એકઠું કરવા માંડયું; તેમ કરવાની મારી મતલબ એટલીજ કે અનવર જયારેબી છુટી આવે ત્યારે તે તેને સ્વાધિન કરી દેવું. અને જો તે દાહાડો ખુદા કદી નહીં દેખાડવાની ખફા મરજી ફરમાવે તો તે જયારે હોય ત્યારે તારી બીચારી બેહેનોને હસ્તક કરી દેવું. પણ હવે જયારે વાત અણીપર આવીનેજ અટકીછ તો એ પૈસાનો ઉપયોગ આપણા પોતાના સંબંધમાં કરવાને હું અચકાતી નથી અને તેથીજ એ નાદર રકમ આજે તારે સ્વાધીન હું કરી દેઉંછ."

"સહવારના પોહોરમાં પહેલું કામ હું જે હાથ ધરસ તે એ કે એ સઘળી બાબદ સરંજામ ઉતારવા માટે એક વકીલને રોકસ." રેહેમત બોલ્યો, "ખોટી હુંડીઓ માત્ર બેજ જણ ધરાવતા હોવાથી એ કામ પાર ઉતારવું કાંઇ મુશકેળ નથી. તે હુંડીઓમાંથી થોડીક, જેને લીધે હાલ સફદરજંગ પકડાયોછ તે જે સાહુકારના હાથમાં છે, તેને પોતાનું નાણું મળે તો સફદરજંગને છોડવાને તૈયાર છે અને વકીલ સાઅદતખાનનેબી એજ મુજબ જેર કરતાં વખત લાગવાનો નથી. સફદરજંગની ફરીથીની તપાસ નીકળતાં ફર્યાદ પક્ષ હાજર નહીં થશે એટલે તેને છોડી મુકવામાં આવશે. જેવો તે છુટો કે આ નાણુંમાંથી બાકી રહેલું તેને સ્વાધીન કરસ અને તેને કેડે નહસાડી મુકસ. એ સઘળું સરંજામ ઉતર્યું કે મારો પેદર તે મુજીના કબ્જામાંથી સદાનો છુટો થશે અને સર્ફરાજ ખાનદાનને માથેથી કાળી ટીલીનું બદ ચોઘડયું હજીબી વીટી જવા પામશે."

"હા, મારા દિકરા, એ મુજબ નવાબ એક નીચ નામોશીમાંથી બચશે, પણ, મોડેવ્હેલે તેણે કબુલ કરવું જોઇશે કે અનવરે નહી. પણ તેણે પોતેજ મારૂં ખુન કરવાની કોશેશ કરી હતી. તેણે કીધેલાં પાપની એક તાજેશ દાખલ તેણે તેમ કરવુંજ જોઇશે અને તેમ કીધાથી વળી ઇન્સાફની નેમ જળવાઇ અનવર કેદખાનેથી છુટશે."

"પણ, માદર, નવાબનો તે યકરાર તો અનવરે જે નામોશીમાંથી તમને બચાવવાની નેમ રાખેલી તેજ નામોશીમાં તમને ગરક કરશે!"

"હા, મેં તે બાબદબી પકકો વિચાર કીધો, અને આખરે ગમે તે થાય, મારા બાબમાં ગમે તે બુરૂં બને તોપણ અનવરને

ઇનસાફ અપાવવાના પક્કા ઠેરાવપર હું આવી ચુકીછ. હવે તે વાત સાથે તને લાગતુંવળગતું નથી. તેનો કાલે તારા બાપને મળીને હું એ વાતનો બંદોબસ્ત કરસ. તું તારે આ સફ્દરજંગવાળીજ નામોશીભરી ખટપટની તજવીજ કર."

"ઠીક, ત્યારે હવે ગુલઝારનું ઠરઠેકાણું મેળવવાનો તમે શું વિચાર કીધો? એટલે અલબત જો તે હાલ હૈયાતજ હોય અને હું બીહુંછ તેમ—"

પણ તેનાથી આગળ બોલાયુંજ નહીં. તે જે બોલવા જતો હતો તે બોલ તેનાં ગળાંમાં ખુંટીજ બેઠા.

"તેને માટે તો જોની, ગુલાબખાંની ફેલમાં રહેતાં જે ઘરડાં ડોસાંને માટે તેં મને કહ્યું તેમને હું પોતે મલસ અને જે વાત તારી આગળ તેવણ છુપાવવાની વેતરણ કરેછ તે કદાચ મારી આગળ તેવણ ખુલ્લી કરી દેશે. ચાલ હવે બીજું કાંઇ કેહવાનું રહ્યુંછ? ત્યારે સફ્દર, તારા બાપ, અનવર અને આપણી ગરીબ બીચારી ગુલઝારના સંબંધમાં શું પગલાં ભરવાં તેનો તો આપણે વિચાર કરી ચુકયાં. હવે એક સાઅદતખાન વકીલ રહ્યો."

"તેની સાથે કેમ કામ લેવું તે મને સોંપો, માદર," રેહેમત પોતાની બેઠકપરથી ઉઠતાં બોલ્યો, "તે લુચ્ચો નાપાક, ગરીબ નાવારેસ ગુલઝારની મિરાસ પચાવી પાડીનેજ સંતોષ ન પકડતાં, બીચારી મારી ગરીબ હમશીર ખાહર સલીમાનો પોતાના લોભની કુરબાનગાહપર ભોગ લેવા માંગેછ! ઓહ! સાઅદતખાંન સાથે તો મારે ઘણો મોટો હીસાબ ચુકતે કરવાનો છે!"

"તું તેની સાથે કેમ કામ પાડેછ તેની સંભાળ રાખજે, રેહેમત," બેગમ બોલી, કેમકે સાઅદતખાન માટે બોલતાં રેહેમતનો

ચ્હેરો એવો તો જનુની અને ઘાટકી બની ગયો હતો કે તે જોતાંજ બેગમનાં હાડેહાડ ધ્રુજવા લાગ્યાં.

"મારે વિશે તમારે કશી ચીંતા રાખવી નહીં, માદર," અને તેની માદરે તેની તરફ લંબાવેલા હાથને એક તાબેદાર બેટાની અદાથી ચુંબન કરી તે ચાલતો થયો.

* * * * * *

હાલ રાતના અગ્યાર વાગ્યાનો અમલ હતો, અને સાબેરગંજનાં ઘણાંખરાં ભર ઉંઘમાં પડી ચુકયાં હતાં, અને જોકે સઘળે શાંતીનું રાજ શુરૂ થઇ ચુકયું હતું, તોપણ એકેએક જણની આંખનાં ટોપચાં કાંઇ ઉંઘના ભાર હેઠળ વિંચાઇ ગયાં નહતાં. નહીં, કાંઇક આંખો ઉંઘ વગરની હાલતે જાગતી હતી, કાંઇક છાટીઓ તેમાં ભરેલાં તુફાની દુઃખના જોર સમેત ઉઠબેસ કરતી હતી અને કાંઇક પગો એમ તેમ લટાર મારતા ફરતા રહ્યા હતા. એવો મામલો એક તો ખુદ નવાબના પોતાના બાબમાં હતો, બીજો બદ્રુલબહારના સંબંધમાં હતો અને ત્રિજો નવાબજાદા રેહેમતખાંનને લગતો હતો; એ ત્રણે જણ ગઇ ગુજરીપર અફસોસ કરતાં અને હવે ભવિષ્યમાં શું બનશે તેને માટે હાયનો દમ ભરતાં પોતપોતાના ઓરડામાં આખી રાત જાગૃત રહ્યાં હતાં.

પ્રકરણ ૬૮ મું.

નવાબ અને બેગમ.

બીજે દહાડે બરાબર સાડાનવ વાગતે, બેગમ બદ્રુલબહારની દાસીએ તેને ખબર આપ્યા મુજબ નવાબ પોતાના કમ્રે ખાસમાં દાખલ થયો. એ મુજબ તેને ત્યાં મળવા બોલાવવાની શું મતલબ

હશે તે પર તે વિચાર કરેછ તેટલાં તો બેગમ પોતેજ અંદર આવીઃ હમણાં હમણાં બનેલા બનાવોને લીધે નવાબનું હૈયું એવું પોચું અને મગજ એવું નબળું પડી ગયું હતું કે તેમનો આ મેળાપ વળી કાંઇ નવીજ આફતની આગાહી કરનારો નિવડશે એમ તેણે ઝટ માની લીધું.

"મારી પ્યારી બદર," છેક બારણા સુધી જઇ તેણીને ઓરડામાં લઇ આવી એક ખુરસીપર બેસાડતાં તે બોલ્યો, "એમ કેમ? તું મને મળવા માંગેછ તેની તાકીદભરી ખબર આપવામાં તું—"

"તમને મળું તેની અગાઉ રખે તમો બાહાર જતા રહો તેથીજ મને એમ દોડાદોડી કરવી પડીછ." બેગમ બોલી અને તે એવા અવાજથી બોલી કે નવાબની રગમાંનું દોડતું ગરમ લોહી ઠંડુંગાર થઇ ગયું.

"તું આજે કાંઇક દુઃખી અને દલગીર માલમ પડેછ, બદર?"

"શું ત્યારે હમણાં સુધી તમે મને એટલી બધી ખુશી મધનમાં અને હરખમાં આવેલી જોતા હતા કે મારામાં થયલો આજનો ફેરફાર તમને ઝટ માલમ પડી આયો?" બેગમ કાંઇક કડવાસથી બોલી, "અને તમે–તમે પોતે કેટલી હદ સુધી ફેરવાઇ ગયાછ? ખરેખર, તમારી મને ઘણીજ દયા લાગેછ!"

"મારી તને દયા લાગેછ?" ચોંકીને નવાબે પુછયું, "મારી દયા શા માટે?"

"દયા એટલાજ માટે કે જે છુપો ગમ તમો તમારાં દિલમાં લેઇને ફરોચ તેને માટે એકેએક માણસાઇ હૈયું દયાથી ભરાવુંજ જોઇએ."

હા, તે ઘરડા માલેતુજ્જાર ઉમરાવને લાગ્યું કે, ઓ, એવી એક દિલસોજની છાતીપર માથું મુકી સઘળું કહી દેવામાં કેટલું સુખ સમાયલું હોવું જોઇએ! પણ નહીં, તેની મગરૂરી અને તુમાખે તેને તેમ કરતો અટકાવ્યો. હા, તે શાને માટે દલગીર હતો તે ગમે તો તેણીને તે કહી શકે, તેની તંગદસ્તીનો તે ચાહે તો યકરાર કરી શકે, પણ તેનો ગુનાહ તો તે નહીંજ કબુલ કરે! ઓ! નહીં! કદી નહીં! કોઇની તેની તરફ દિલસોજી ખેંચાય તો તે એક બારગી–થોડોક વખત પોતાની મગરૂરી અને બીજાસને અભડાઇપર ઉંચે મુકી સાંખી શકે, મગર, તેના ગુનાહનો યકરાર કરી તે ધિક્કારને પાત્ર ગણાવાનો ખ્યાલ કેમ કરે? અરે, તે કરતાં તો જાન કબજ કરી આ જહાંથી સદાનો તે રૂખસદ લેય તે હજાર દરજ્જે બેહતર કહેવાય!

"કેહે મારી પ્યારી બદર, કે આજે મને એમ મળવા બોલાવવાની તારી મતલબ શું છે?"

"હું તે બાબદપર જલ્દીજ આવસ, કેમકે, હું જાણુંછ કે ચીતા કરતાં ચીંતા કઠણ છે; ત્યારે મને જવાબ આપો–હું કરગરીને માંગી લઉંછ કે મને ઝટ જણાવો કે ગુલઝાર કરીમનું શું થયું?"

"ગુલઝાર કરીમ!" નવાબ ચોંકયો, તો પણ જેમ તેમ પોતાના ચહેરાનો કલ્લો સાચવી રાખી તે બોલ્યો, "એ સવાલ મને પુછવાનું કાંઇ કારણ?"

"કેમકે મને તમારા બેટા સાથે ઘણી લાંબી વાત થઇછ, અને તે ગરીબ દરજણને માટે તે જે પ્યાર ધરાવેછ તેની તેણે મને ખાત્રી આપીછ, એટલુંજ નહીં, પણ તેને કાને એવી વાત આવીછ–કેમ આવીછ તેની સાથે હાલ કામ નથી–કે તેણીની સાથના તેના નેકા અટકાવવામાં તમે ભાગ લીધો હતો અને—"

"વારૂં, અને લીધીબી હોય તો શું થયું ?" નવાબે જરા ગુસ્સે થઇ પુછ્યું. "જે લગનથી મારો બેટો લોક–લાજમાં આવતે તેવાં લગનનો મેં અટકાવ કીધો હોય તેથી શું તું મને ઠપકો આપેછ ?"

"તમે કેમ જાણ્યું કે તે તેમ કીધાથી લોક–લાજમાં આવતે ?" તેની પોતાનીજ બેટી સાથે એક પરણીને લોક–લાજમાં આવે એ વિચારે બેગમને ઉશ્કેરી મેળી, પણ, અલબત નવાબ તો તે છોકરીને એક હલકી તોખમની દરજણ સમજતો હતો એવો વિચાર તેણીને આવી જવાથી તેણી જરા ઠંડી પડી અને બોલી, "મારા ખાવીંદ, નવાબજાદાની જીંદગીનો આધાર તે નેકાહ ઉપર એટલી હદ સુધી લટકેલો છે કે તે દરજણ છોકરી નીચ છે કે ઉંચ જરદાર છે કે ગરીબ તેનો વિચાર કરવાનો આ વખતજ નથી."

"બદર, એ વિશે આપણે બીજી વખત વાત કરશું." નવાબ બોલ્યો, કેમકે દશ વાગવા આવ્યા હતા, અને નવાબને ખબર હતી કે જે વખત જાય તેમાં પેલી ઝોહરા આવીને ઉભી રેહવાની.

"આજના જેવી બીજી સરસ તક કયારે મળવાની ?" બેગમ મજબુત અવાજે બોલી, "આજનો દાહાડો પુરો થાય તે અગાઉ તો મારે જે જાણવું છે તે જણાવવાની હું તમને ફરજ પાડસ."

"એટલે, બદર ?" નવાબ, બેગમના આ ઢઢેરાથી જરા ડરી જઇ બોલ્યો.

"હું એમ કહુંછ, મહેરબાન સાહેબ, કે ભેદભરમનો વખત હવે વીટી ગયોછ. હવે તો જેઓ તમને સલાહ અને દિલસોજી આપવાને તૈયાર ઉભાંછ તેઓ તરફથી તે બંને ચીજ કબુલ

રાખવાનો તમારે માટે વખત આવી લાગોછ—કહો ત્યારે, મને કહો કે ગુલઝાર કરીમનું—"

"મારા અવતારના કસમ ખાઇને હું કહું છ કે હું કાંઇજ જાણુતો નથી. મારી જીંદગીમાં તેણીની સાથે બે હર્ફ જેટલી વાતબી મેં નથી કીધી અને હું—"

"તમે પોતે તેમ નથી કીધું તો આજે પોણા બે વર્ષની વાત ઉપર રેહેમત અને ગુલઝારનાં થનારાં લગનમાં તમે કોઇ પાસે અટકાવ નખાવયો, એ વાત ખરી કેની?"

"હા, તે ખરૂં, પણ આજે એવા સવાલોની જરૂરજ શું છે?"

"જરાક સબુરી પકડો!" બેગમ બોલી, "તમે તે કામ માટે જેને હાથમાં લીધી તે તેજ હતી કે જેને તમે, જેવી મારી બોલવાની શકતી પાછી આવે કે તમને ખબર આપવાને માટે લાંચ આપીને લલચાવી હતી. તેનું નામ ગુલનાર ખરૂં કેની?"

"ગુલનાર! તેનું શું? તે તો મરી ગઇ! તે છેજ કયાં?"

"ઓ! કંગાળ ઇન્સાન, તેની ધનનસલ નાબુદ કરવાને એક બદમાશનો હાથ ભાડે લેવાને તને કયા સેતાને ઉશકેર્યો?"

"ઓ ખુદા! મારી બેગમજ મારી ઉપર તોહેમત મુકે છ?" કપાલપર હાથ અફાળી નવાબ બોલ્યો.

"નહીં, બીહી ના, કે તારો એ ગુનાહ હું જાહેર કરસ, તને બચાવવા અને નહીં કે ફસાવવા મેં આજની મુલાકાત સાંધીછ અને—"

"અરે, પણ એ બધું તેં જાણ્યું કેમ?" એક વાર પાછો જનુની બની નવાબ ઉઠયો અને પોતાની બેગમ સામે ટીકતો ઉભો,

"જો તેં એ વાત કોઇ બીજાથી જાણી હશે તો તે બીજો એ વાતથી માહીતગાર હોસે અને મને તે ફસાવશે. જો તેં તે વાત તેમ નહીં સાંભલી હોય તો કેઠે છુપાઇને એ વાત—"

"મારી સાથે મરાઇ પડવાનો આ વખત છે, મારા ખાવીંદ ?"

"આહ ! હું સમજયો, સમજયો–પેલી ઝોહોરાને એક વખત મારા દીકરા સાથે દોસ્તી હતી અને તેઓ પાછાં મલ્યાં હોસે–અને તેને બધું તેણે જણાવી દીધું હોસે. ઠીક ત્યારે સફદરજંગ અને મારા વચ્ચેના સંબંધની તને ખબરજ પડીછ તો તું અને રેહેમત મળી એટલા રૂપ્યા કાઢો અને તેને જેલમાં જતો બચાવો કેમકે તેમ કરવાને મારી પાસે તો ખોટી કોડી નથી."

"જાણે તમને વવાણીને મારનાર તમારી હું દુશમન હોવુ તેવી રીતે તમો મારી સાથે વાત કરોછ, પણ, જયારે તમે જાણશો કે અત્યાર અગાઉનો રેહેમત તે બાબેનો બંદોબસ્ત કરી તેને છોડવી કેઠે દુર દેશાવર મોકલી આપવાની તજવીજ કરવાજ ગયોછ–હું કહુંછ કે એ વાત જયારે તમો જાણશો ત્યારે મારે માટે તમો શું વીચારશો ?"

"તું શું ખરૂં કેહેછ, બદર ?"

"ખરૂં ખરૂં અને ખરાં સીવાય એક બોલ બીજો નહીં, અને જો તમે એમ સમજતા હોવ કે તમારી તર્ફની મારી આ વર્તણુક તમારી તર્ફના કાંઇ વલતા બદલાથી ખાલી નહીંજ રેહેવી જોઇયે તો તે બદલા તરીકે ગુલઝાર વીશે તમે જે જાણતા હોવ તેથી મને વાકેફ કરો."

"બદર, તું તો કદાચ જાણતી હોસે કે તારી એ દાસી ગુલનાર બડી પાહાવરડી, દગલબાજ, લુચ્છી અને હજારો બલ્કે

લખો કાવતરાંથી ભરેલી હતી. પ્હેલાંતો તેણેજ રહેમત અને ગુલઝાર વચ્ચેના છુપા સંબંધની ખબર મને કીધી અને તેઓ વચ્ચેનો તે સંબંધ તોડી નાંખવાને પણ તેણેજ માંથે લીધું અને મેં તેણીને તેમ કરવાની રજા આપી. મારાથી તેવી રજા પામી તે લુચ્છી, ગુલઝારને મળી, તેણીની સાથે દોસ્તી પાડી પોતાની ઉપર તેણીનો વીસ્વાસ ખેંચ્યો અને લાગ જોઇ કોઇ એક જવાનના હાથમાં તેની નવજવાન બેહેન કેમ ફસી પડી હતી તેની કાંહાણી તેણીને કહી સંભલાવી. આગમજથી કીધેલી ગોઠવણ મુજબ એક સાંજે હું, રેહેમત અને નુરજહાં સાથે ખુલ્લી લેન્ડોમાં બાહાર ફરવા નીકલયો અને ખામુખા તે જગે તે ગુલઝારને ફરતી ફરતી લેઇ આવી અને અમારી ગાડી તેઓ નજદીક આવી લાગતાં આપણા રેહેમતને તેણીની પેલી હવાઇ બેહેનને ફસાવનાર તરીકે તે લુચ્છીએ ઓલખાવ્યો અને વળી તે બીચારીને ભુલવાવી કે તે જવાનની નજદીક બેઠેલી તેની બાબીજ હતી કેમકે મેં તેણીના કેહેવાથી રેહેમતને નુરજહાંની પાસેજ બેસાડયો હતો.”

“અને તે ઉપરથી તે બીચારી એમ સમજી કે તેણીનો આશક તો પરણેલો હતો?”

“હા, અને તેનું પરીણાય એ આયું કે ગુલઝાર જયાં રેહેતી હતી ત્યાંથી નાહાઠી અને તે બે વચ્ચેનો સંબંધ એ રીતે તુટો. પણ પાછળથી એ કામનો તે દાસીએ એવો તો રાક્ષસી બદલો મારી પાસે માંગયો કે મેં તેની મદદ લીધી હતી તેને માટે ખરાં અંતઃકરણથી હું પસતાવા લાગ્યો.”

“તેણીએ શું બદલો માંગયો ?”

“બદલામાં તેણીએ રેહેમતનો હાથ માંગયો.”

"તમે મજાક તો નથી કરતા ?"

"જરાબી નહીં. આ મજાક કરવાનો વખત નથી, બદર; તેણે મને ખુલ્લે ખુલ્લું કહ્યું કે તેણીને રેહેમત સાથે મારે પરણાવી આપવી, નહીં તો એ વાતનો સઘળો ભરમ તે ફોડી દેશે. તું વિચાર કર કે તેણીની તે માંગણીએ મારાં ભેજાં પર શું અસર કરી હશે ! તેજ વખત કોઇ અકસમાતે કે કોઇ સેતાને મારા રસ્તામાં લાલચ મુકી અને એક બદમાશ મારે હાથ લાગ્યો. શાહીતળાવ આગળ એક રાતે હું બેઠો હતો, તેજ વખતે તેને પાણીમાં નખાવી દેઇ પોતાનો જીવ ખોહવાની તજવીજ કરતો મેં દીઠો. તે પાપમાંથી મેં તેને બચાવ્યો કે તે મારો ગુલામ થઇ ગયો અને હું જે કહું તે બજાવવાને શુરપર ચઢયો, તો પણ હું ઘણો અચકાયો, મેં એ વાતથી હાથ ઉઠાવવાને ગુલનારને ઘણી સમજાવી પણ તે નહીંજ સમજી ત્યારે મને તેવો રસ્તો લેવાની ફરજ પડી. તારો જેવરનો દાબડો અને નુરજહાંનો પોષાક મેંજ તેણીને લેઇ લેવા ઉશકેરી અને સફૈની એક સમજાવટ અને તાલતલાવતથી એક રસ્તે મેં તેણીને બાગે આમમાં જઇ ઉભી રેહેવાને લલચાવી જયાંથી તેને પેસો આવી કેડે દુર લેઇ ગયો અને ત્યાં તેને તેણે ઠાર કીધી. તે કરપાણુ કામનો કરનાર સફદરજંગ હતો. લે, હવે બધું તેં જાણ્યું અને મારી ઇજત, મારી આબરૂ, મારી સલામતી અને મારી જીંદગી વટીક તારા હાથમાં છે."

"ખરેખર તેં એક ઘણુંજ અઘોર કામ કીધું, પણ તેને માટે તારે તે પાક કીરતારની જનાબમાં જવાબ દેવો પડશે. તારાં એ પાપનો ઇનસાફ ચુકવવાનું કાંઇ હું ખાકી ઇનસાનનું કામ નથી, પણ તને એ પાપની સજામાંથી આ દુન્યામાં તો હું

22

બચાવી શકસ, અને તેટલા માટેજ જોઇતી રકમ આપી મેં રેહેમતને મોકલ્યો છે."

"આહ! મારા દીકરા!" તે કંગાળ નવાબ બડબડયો અને બેઠક પરથી ઉઠી આમતેમ ઓરડામાં લટાર મારવા લાગ્યો. "તે કદાચ પોતાના બાપને ખુની તરીકે હાલ ધીક્કારતો હશે અને હવે તેનાં પોતાનાં સુખનુંજ સત્યાનાશ વાળનાર તરીકે તે મને હીણશે."

"પણ જે જે તમે ખોટું કરી ચુકયાછ તેનો બદલો વાળી શકો તેમ છે. ઓ! તમે બી સમજતા તો હશો કે જેટલું તમારીથી તે પાપ ધોવાઇ શકાય તેટલું બનતું કરવાનો હવે વખત આવી લાગોછ."

"હું કયી રીતે મારીથી થયલાં ખોટાંનો બદલો વાળી શકું? કયી રીતે મારાં પાપની તોજેશ કરી શકું?" પોતાની બેગમ તરફ દયામણો ચહેરો કરી તેણે પુછ્યું.

"મારી સલાહ તમે માનશો? હું કહું તેમ તમે કરશો?"

"ખુશીથી, ખુશીથી, ઓહ! જાણે તું મારો રાહબર ફીરેશતોજ હોય તેમ તું હમણાં બોલેછ!"

"ત્યારે તો મને તમે તેમજ સમજતા હોવ તેવીજ રીતે ચાલજો અને તમે એ સઘળું કેમ ભુસીવાળો તે હું તમોને બતાવસ"

"બતાવ—બતાવ, બદર જલ્દી કર."

"તે એ રીતે થઇ શકે તેમ છેઃ જો બીચારી ગુલઝાર હજી હૈયાત હોય અને તેનો પતો આપણે મેળવી શકયે તો તમારે તેની સાથે રેહેમતના નેકાહ કરી આપવાને બાહાલી—"

"કબુલ, બદર, મારે તે વાતની ના નથી; બીજું શું બોલ, જલ્દી કેહે."

"અને બીલોરી બંગલીમાં બનેલા પેલા બનાવનો તમારે સાચે સાચો ચકરાર કરી જે નિરદોષ તે પાપની સજા ભોગવેછ, તેમાંથી તેનો છુટકારો કરવો."

"પણ તેમ કીધાથી તો તું નામોશીમાં—"

"બસ, વધારે વાત નહીં, હક્કદારને હક્ક આપવાનો, ગેર ઇનસાફ ખમેલાને ઇનસાફ આપવાનો, નુકસાન પામેલાને તેનો અવેજ આપવાનો આજે દાહાડોજ છે, અને તે બાબદમાં જેમ તમારે તેમજ મારે બી ફરજ બજાવવાની છે, અને જે બને તે ભોગેબી તે ફરજ આપણે બજાવવીજ જોઇએ."

"તારી એવીજ મરજી છે તો, બદર, તું જેમ કહે તેમ કરવાને હું રાજી છેઉં." નવાબ બોલ્યો.

એટલામાં તે ઓરડાનું બારણું ઉઘડયું અને એક નોકરે ઝોહારાના આવ્યાની તેને ખબર આપી.

"ઠીક છે, જા હું હમણા આવીને તેને મળુંછ." એમ કહી નવાબે તે નોકરને રૂખસદ દીધી અને પછી બેગમ તરફ ફરી તેણે તેણીને પુછ્યું, "હું એ ઔરતને શું જવાબ આપું?"

"તેને તમે કહો કે સઘળો બંદોબસ્ત કરવાને એક વકીલને સોંપ્યુંછ, અને તેને એમ બી ચેતાવો કે જેવો તે છુટે અને કેઠે દુર દેશાવર જતો રેહેવાને કબુલ થાય તો બીજા પાંચથી સાત હજાર રૂપ્યા તેને આપવામાં આવશે."

"અને તે જાય કે હું અહીં પાછો આવું?"

સાઅદતખાંનનાં માંગતાં નાણાં અને એવીજ બીજી મુસ્કેલી વિષે વાત કરવાને તેણી તેને પાછો આવવાને ફરમાવવા જતી

હતી પણ તેટલાંમાંજ તેણીને યાદ આવી કે તે લુચ્છા વકીલ સાથનો સઘળો હીસાબ ચુકવવાનું તો રેહેમતે પોતાનેજ હસ્તક રાખ્યું હતું એટલે તેણીએ નવાબને જણાવ્યું કે હાલ તુરત કાંઇ કામ ન હતું મગર બપોરે તેણીને તેણે જરૂર મળવું.

આ જવાબ સાંભળી નવાબ પોતાનો કમ્રે ખાસ છોડી ગયો અને જે સઘળું તેઓ વચ્ચે હાલ બન્યું હતું તે ઉપર એકલી વિચાર કરતી બેગમ ત્યાં બેસી રહી.

પ્રકરણ ૬૯ મું.

ઉપરાસાપરી બનેલા બનાવો.

પણ એમ પોતાના વિચાર સાથે એકલી બેગમ બદૂલ બાહાર ઘણો લાંબો વખત બેસી શકી નહીં. નવાબ તે ઓરડામાંથી બહાર નીકળયો કે માત્ર થોડીજ મીનીટમાં રેહેમત તે ઓરડામાં દાખલ થયો જેને તેણીએ નવાબ સાથની બધી વાતચીતથી વાકેફ કીધો અને રેહેમતે જયારે જાણ્યું કે એ રીતે તેનો બાપ ઘણો નરમ પડી ગયો હતો ત્યારે તેનાં મગજપરથી ઘણો એક મોટો બોજો ઓછો થયલો તેને લાગ્યો અને પોતે જે કરી આવ્યો હતો તેનો ખુલ્લાસો બેગમ આગળ કરતાં તેણે જણાવ્યું કે, તેણે એક હુશીયાર વકીલને રોકયો હતો, જે તુરતજ સફદરની સઘળી હુંડીઓ સાઅદતખાંન અને પેલા બીજા સાહુકાર પાસેથી છોડવવા ગયો હતો.

"મેં તે વકીલને ખાસ તાકીદ કીધીછ કે પ્હેલે સાઅદતખાનને નાણું પગાર કરવું અને તેમ કરવામાં મારી મતલબ હતી."

"શું મતલબ, રેહેમત ? તું તો મને બીહવડાવીને મારી નાંખે છ! સાઅદતખાનના સંબંધમાં તું શું કરવાની મતલબ ધરાવેછ બેટા!"

"તો જુવોની માદર તેની પાસે જે હુંડીઓ છે તેનાં નાણાં ભરપાઇ થાય તે અગાઉ તે મને મળી જાય તો મોટો ઘોંટાળો થઇ જાય; કેમકે, તે નાણાં લઇ હુંડીઓ આપણને હવાલે કરી દેવાને તે વકીલ કદાચ જીવતો નહીં રહે, અને તે હુંડીઓ તેના વારેસોને હાથ જતાં કદાચ નાણું તેમને આપવા માંગતાં બી તેઓ આડા થાય તો આપણી બધી મહેનત જરાને ખાતર ફોકટ જાય. હવે તમો સમજયાં ?"

પણ બેગમ કાંઇબી જવાબ આપે તે આગમજ તો તે ઓરડામાં નવાબ લાલ ભુંડ જેવો ધસી આવ્યો અને ગુસ્સામાં જ બખાર્યો કે,

"બાનું, તમે મને એવું સમજાવવા માંગ્યું કે ઝોહરા અને મારી વચ્ચે થયલી વાત માત્ર ઝોહોરાએજ રેહેમતને કહી હોસે પણ તેવું કશુંજ બન્યું નથી. તેણીએ તો રેહેમતને કશું કહ્યુંજ નથી, એટલુંજ નહીં, પણ તે તેને તો મળી વટીક નથી ત્યારે એ ઉપરથી મારે શું વિચારવું ? એ કે તમો બન્નેમાંથી એકુએ મારી ઉપર, મારાં કામકાજ ઉપર જાસુસપણું ચલાવવાની નીચ યુકતી કીધી છ."

"અય પેદર, તારી એ ગુશમાલી હું મારે પોતાને સર રાખુંછ અને તેથી તમારા ગુસ્સામાંથી મારી માદરને મુકત કરવાની મેહેરબાની ફરમાવો."

"એમ છે ત્યારે તો તું મારે લગતી બધીજ વાતથી વાકેફ થયો હોસે, તું બધુંજ જાણતો હશે, તને—"

"હું ઘણું જાણુંછ, ઘણુંજ જાણુંછ, ઓ બાપ, હું બધુંજ જાણુંછ. દાખલા તરીકે, તમો મારી અને મારાં સુખની આડે આયા—તમેજ મારીથી મારી મોહબતની મુરતીને વિખુટી પાડી—ઓ ખોદા? એ બધાંનો વિચાર કરતી વખતે સબુરી તે હું કેમ રાખી શકું?"

"રેહેમત, મારા વહાલા રેહેમત, તું મને ના ઠપકો આપ. મને તું ના શ્રાપ દે." નવાબ રેહેમતનો અફસોસ જોઇને બીહીધો અને તેનું જનુન નમી ગયું, "રેહેમત, મારા વહાલા બેટા, બદર, તું બોલ, મારી તરફથી એને કાંઇક સમજાવ."

"ઓ બાપ, તેં મારૂં કેટલી હદ સુધી નખ્ખોદ વાળ્યુંછ તેની તને કયાં ખબર છે? જો મારી તરફ જો, મારા ગાલમાં ખાડા જો, મારી આંખનું તેજ જો, મારૂં તવાયલું તન બદન જો, તેવીસ વર્ષની ભર જવાન ઉમરે સાહાઠ વર્ષના ખખરી વખરી ગયલા એક ડોસા જેવો હું લાગુંછ! તે જવાનીનો મારામાં હવે જોસ નથી, નથી મારી રગે રગ વ્હેતાં લોહીની તેવી ઝડપ નથી, મારાં તનમાં તાકાત કે મગજમાં કૌવત નથી! આશા મારે મનસે હવે એક કરમાયલાં ફુલ જેવી છે, અને નિરાશી મારાં હૈયાંપર પાંખ ફડફડાવી બેઠીછ! કોણે? ઓ, એ સઘળું કોણે કીધું? કોણે, ઓ કોણે, મને નિર્દયતાના લોખંડી પંજામાં સપડાવી મને બેચીમાંથી ધરી સુખની ઉંચાંમાં ઉંચી ટોંચપરથી પટકી ગમની નીચાંમાં નીચી ખાહીમાં ગબડતો કીધો? તેં, મારા પેદર, એ સઘળું તેં કીધું. જો તારૂં આ કીધેલું કામ જો, કે તારા બેટાનો એક પગ બાહાર અને એક પગ કબ્રમાં છે અને બોલ કે એ કામથી ફાયદો તેં શું હાંસલ કીધો?"

આ હડહડાવનારા બોલોથી તે કંગાલ ડોસો તો ચોરની માફક દબાઈજ ગયો. બેગમ તો આ બાપ બેટાનો મેલાપ જોઇ સાંધે સાંધે અકડીજ ગઇ અને કાંઇબી બોલ્યા વગર ગુપચુપ બેસીજ રહી.

"મારા બેટા—મારા વ્હાલા બેટા—મને માફ કર હું ઓજર ખવાહીથી માંગી લેઉં છ કે મને માફ કર. !" અને એટલું બોલતાંજ તે બાપ પોતાના બેટા આગળ ગુઠણ મડયે પડયો અને તેણે તેના પગ પકડી લીધા.

"ઓ ખુદા ! મારા બાપને ફાલે આ કીસમની નામોશી !" રેહેમત બોલી ઉઠયો અને તુરતજ પોતાના બાપને બગલમાંથી પકડી પાડી તેને ઉઠાડયો અને તેને વળગી પડી ધસાંધસ તે રડી પડયો.

તે બુઢો નવાબબી રડયો, અને બેગમથી તે દેખાવ તામોસ નહીં થઇ શકયાને લીધે તેબી હુસ્કે હુસ્કે રડી. ત્યાં તે વખતે એવો દેખાવ થઇ રહયો કે જેની પુરેપુરી સમજ લેવાને માટે તે નજરોનજર જોવો જોઇયે. બાકી તેને વર્ણવી વાંચનારની નજર સામે તેને ખરા આકારમાં રજુ કરવા માટે ગુજરાતી ભાષામાં તેવા લાયક બોલોજ નથી.

એ રીતે બેટાની માફી મેળવી નવાબ ત્યાંથી ચાલી ગયો, અને એકવાર ફરીથી તે મા દીકરા એકલાં પડયાં, અને ત્યારેજ બેગમે તેને નવાબથી સાંભળેલી ગુલનાર દાસીને લગતી બધી હકીકતથી વાકેફ કીધો. પણ જેવી બેગમ બોલતી બંધ થઇ કે એક નોકરે આવી રેહેમતના હાથમાં એક ચીઠી મુકી.

"એ કોણ લાયું ?" રેહેમતે તે હાથમાં લેઇ પુછ્યું.

"તમારા દરજીને ત્યાંથી તે આવી મેહેરબાન."

પણ પેલા નોકરના આખા જવાબમાં 'દરજીને ત્યાંથી' એ શબ્દ તેને કાને પડતાંજ તેણે તે ઝટ ઉખેડી અને વાંચવા માંડી. ખુશાલી —વ્હેમ—ચીંતા—નિરાશી અને નાઉમેદીની નિશાણીઓ

ઉપરાસાપરી તેના ચ્હેરાપર પથરાઇ રહી, અને તે ચીઠી બેગમને આપતાં તે બોલ્યો, "મળી-મળી ગુલઝારનો પતો મળયો. પણ તે મોતને બીછાણે સુતીછે. ઓ ખુદા! મારા ખુદા!" એટલું બોલી આંખ ઢાંકી તે રડી પડયો.

બેગમે ધ્રુજતે હાથે અને ધડકતે હઇયે તે ચીઠી વાંચી. તે ચીઠી પેલી ગુલાબખાંની ફેલવાલી ભલી ડોસીએ મોકલાવી આપી હતી; તેમાં તેણીએ લખ્યું હતું કે ગુલઝાર જે તેણીની બેહુન સાથે રેહુતી હતી તે મરવા સુતી હતી, અને પોતાની આખેરી આવેલીજ જાણી રેહુમત સાથે એક છેલ્લી મુલાકાત કરવાને તે કબુલ થઇ હતી. વાંચનારને તો યાદ હશે કે રેહુમત તે ડોસીને પ્હેલેજ મળતાં કાંઇ કામ પડે તો તેના દરજીને સરનામે તેને કાગળ લખવું એવો આગ્રહ કરી તેનું સરનામું તે ત્યાં મુકી આવ્યો હતો અને તેનીજ મારફતે આખરે ગુલઝારનો પત્તો તેને મળયો.

પણ, યા ખુદા! એ સમાચાર કેવા હતા? રેહુમતને એકલાનેજ માટે તે કેવા દુઃખ ઉપજાવનારા હતા?

"ગુલઝાર મરવા સુતી છે?" રેહુમત બોલ્યો, "ઓ ખુદા! દયા કર, તે બીચારીપર દયા કર!"

"મારી ગરીબ છોકરી-ભુલાયલી, વીસરાયલી, નાકબુલ રેહલી મારી દીકરી! ચાલ, રેહુમત ચાલ આપરે-"

"હા ચાલો આપરે ત્યાં દોડી પુગ્યે માદર, વખત ખોહુવો જોઇતોજ નથી, અને ખુદા જો ચાહશે તો હજુર તેને જીવાડી આપણને તે ખુશી કરશે." પણ, તેટલાંજ વળી કએ ખાસનું બારણું ઉઘડયું, અને તે બંન્ને મા દીકરા બાહાર નીકળવા જતાં હતાં તેટલાં તેમના હાથમાં તેજ નોકરે આવી એક બીજી ચીઠી મુકી.

તુરત તે રેહેમતે ઉખેડી અને તે આ મુજબ વાંચી, "ગઈ સાંજનો, રેહેમત, હું છુટી ચુકયો છ. મારો વિચાર હીંદુસ્થાન સબરદબર છોડી જવાનો છે. મગર મારે તને મલવાની ખાહેશછે, હું તારાં ભલાંમાં કેટલો લાભ લેતો હતો તે તો તને ખબર છે, એટલે, ઉમેદ છે કે મને તું મળવા ના પાડશે નહીં. તું તેમ કરશેજ એવો મને વિશ્વાસ છે, કેમકે, મને ખબર પડી ચુકી છ કે તું બાજે વખત મારી ઉપર પાહારો ભરતા ચોકીબાનને મળી મારી ખયર આફયત પુછી ગયો છ. તારી મારી તરફની દીલસોજીને માટે ખુદા તને સુખી રાખે !

"આ સાથે બીડેલે ઠેકાણે હું મારા એક દોસ્તે અઝીઝને ત્યાં રહુછ જયાં આખા દીવસમાં કોઈબી વખતે તને મળવાને હું તલબગાર રહીશ.

"તારાં કુટુંબનાં સર્વને મારી માનભરી સલામ પોંહોંચાડવાની તને અરજ કરવામાં શું હું બેઅદબ ગણઈશ ?

"લી૦ તારો ખયરખ્વાહ દોસ્ત '**અનવર.**'

"એ બધાંમાં ખરેખર ખુદાનો હાથ હોવોજ જોઇયે !" બેગમને તે ખત આપતાં રેહેમત બોલ્યો.

"શુક્રે ખુદા !" તે ખત વાંચી બેગમ પોતાના બન્ને હાથે આસમાન તરફ ઉંચા કરી બોલી "પોતાની બેટીને ભેટવા તે બાપ છુટો થયો હોવો જોઇયે. અરે કદાચ તેણીના મરતી વખતના દમની હુંફ પોતાના ગાલપર લેવાજ તે કદાચ એમ છુટો હોય !"

"ઓ ! એમ ના બોલો, માદર, એમ ના બોલો. તમને એમ બોલતાં સાંભળી મારૂં કલેજું કપાઇ વહરાઇ જાય છ. ખુદા કરશે તો હજી બી તે સાજી થશે ને આપણાં બધાંના ચહેરા હસ્તાજ રેહેશે !"

આમીન ! રેહેમત, ખુદા કરે ને તારી એ દુવા તે તારી વહાલીના હક્કમાં આમીન થાય, એવું અમારૂં ખરાં દિલથી ચાહાવું છે !

પ્રકરણ ૭૦ મું.

મૌતનું બીછાનું—મિલાપ.

એમ સમજો કે ગયાં પ્રકરણની સેવટે બની ગયલા ઉપરા સાપરી બનાવોને બે કલાક થઇ ગયા હતા; અને જે બનાવ હવે રજુ કરવાની અમારી ધારણા છે, તેને માટે આપણને તે નવાબી મેહેલમાંથી નીકળી એક વચલે વાંધેનાં ઝુંપડાંમાં જવાની જરૂર છે. તે હતું તો એક બંગલા રોકું નાનું ઘર તોપણ તે મેહેલનાં આલીશાન મકાન સાથ સરખાવતાં એક ઝુપડુંજ લેખી શકાય.

ઘણાંજ સાદાં રાચરચીલાં સાથના પણ સુઘડ સફાઇથી શોભી રહેલા એક ઓરડામાં આપણી આ વારતાની નાયીકા એક પલંગપર અઢેટાયલી હતી અને તે પલંગની બાજુએ ત્રણ જણ એકઠાં થઇને ઉભાં હતાં. તે સુતેલી અબલાની કુદરતી ખુબસુરતી જે ગમે તેવી જીવલેણ અસરથી પણ સમુળગી નાશ ન પામી હતી તે હજી પણ તેણીના ચેહેરાપર ગમે તેવા ઝાંખા આકારમાં પણ હાજરજ હતી. તેણીનું તનબદન તવાઇને તદન એકવયું થઇ રહયું હતું, અને તેણીનું આંગ ફુંક મારે તો હીલે તેવુ ફુલ જેવું હલકું પડી ગયું હતું. તંદરોસ્તીની તાજગી તેણીનાં તનમાંથી વહી ગયલી હોવાને લીધે તેણીની ચામડી પારદર્શક બની રહી હતી, કે જેમાંથી તેણીની રગે રગ દેખાઇ આવતી હતી; પણ તેણીના સુંવાળા ગાલપર ગુલાબી રંગનો પસરાત દેખાતો હતો, કે જે કાંઇજ નહીં પણ તેણીને કબ્ર તરફ લઇ જવાને સીંગાર પામેલી એક ઠગારી ખુબસુરતીનો ઓળો માત્ર હતી.

અમે ઉપર કહ્યું કે તેણીના પલંગની બાજુએ ત્રણ જણ એકઠાં થઇને ઉભાં હતાં. તેઓ બેગમ બદૂલબાહાર, સોદાગર

અનવરખાં અને નવાબજાદો રેહેમતખાં સરફરાજ હતાં. પહેલે તો બેગમ, રેહેમત સાથે, અનવર જે દોસ્તને ત્યાં રહેતો હતો ત્યાં ગઇ. ત્યાં તેઓ ત્રણે જણ એકઠાં મળ્યાં અને અરસપરસના ખુલાસાથી ત્યારેજ અનવરે જાણ્યું કે ગુલઝાર કરીમ–પેલી ગરીબડી દરજણ છોકરી–તો તેની પોતાની બેટીજ હતી. એટલુંજ જાણતાં તેઓ સાથે ગુલઝાર જયાં હતી ત્યાં આવવાને કશીબી તેને ઓહાંસ કરવી નહીં પડી. એટલું જાણતાંજ તે બેટીને ભેટવા, તેને પોતાની મીઠી ગોદમાં દાબવા તે તડપી રહ્યો; અને તેમને આ ઝુંપડાંમાં આવી પુગતાં કાંઇ વખતબી લાગ્યો નહીં. પહેલે ગુલઝારના ઓરડામાં બેગમ દાખલ થઇ અને આસ્તે રહીને તેણીને તેણીની પોતાની સાથની સગાઇથી વાકેફ કીધી.

ત્યારે અને ત્યારેજ ગુલઝાર જાણવા પામી કે તે તો બેગમ બદ્રૂલબાહાર સરફરાજ અને સોદાગર અનવરખાંની લડકી હતી, અને એ વર્ષની વાત ઉપર જયારે પહેલવહેલી સાબેરગંજમાં દાખલ થઇ બેગમની રૂબરૂ તેણી ઉભી હતી તે વખતે બેગમે તેણીનું નામ જાણતાંજ બતાવેલી લાગણીની યાદ તેણીનાં મનમાં પાછી તાજી થઇ; અને સોદાગર અનવરખાં તરફ તેણીનું દીલ કુદરતી કાંય ખેંચાતું હતું તેનીબી તેણીને ત્યારેજ સમજ પડી; અને જો કે એ સઘળો ખુલાસો ઘણીજ સાવચેતીથી તેણીની આગલ કરવામાં આવ્યો હતો અને કીધા પછી તુરતજ તેણીને હાથમાં લઇ છાતીસે ચાંપવામાં આવી તો પણ તેણીના દિલમાં એકાએક ઉછળી નીકળેલી ખુશાલીનો આંચકો તેણીની ભાંગી ભુકો થયલી તબીયત અને નબળાં પડી ગયલાં મનને નુકસાનકારક નિવડયા વિના રહ્યો નહીં.

પણ જે સઘળો ખુલાસો આજે તેણી સાંભળનાર હતી તેતો હજી પુરો કયાં થયો હતો? બેગમ તરફનો તે ભાગ પુરો થતાંજ

રેહેમત બાબેનો ભાગ બેગમેજ શરૂ કીધો, અને ત્યારેજ તેણીએ જાણ્યું કે તેણીનો વ્હાલો રેહેમત તો ખરેખર નવાબ સાબેર-ઉદ-દઉલા સરફરાજનો બેટો નવાબજાદો રેહેમત હતો ! પોતાની માદરની છાતીપર માથું મુકી અળેટાયલી તે ગુલઝારે એટલુંબી જાણ્યું કે દાસી ગુલનારે જે તેણીની આગળ વાત કીધી હતી તે તદન ના પાયાદાર અને જોડી કાઢેલી માત્ર હતી. નવાબજાદો કાંઇ પરણેલો નહતો. તે બીચારાએ કોઇને ફસાવીજ નહતી, પણ, તે તેણીની તરફજ વફાદાર હતો; એટલુંજ નહીં, પણ તેણી માટેના પ્યારમાંજ તે આવા લેવાયલા લુટાયલા અવતારનો બન્યો હતો.

ઓ ! ગુલઝારનાં હઇયાંના ફુવારામાંથી ખુશાલી, આભાર અને અચરતીની લાગણીના તે બાહાર પડેલા મોજાના મોજાનું વર્ણન કોણ કરી શકે ? અમને તો લાગે છે કે એ હૃદયભેદક પણ મીઠા મેલાપનું વર્ણન તેના સાચા આકારમાં રજુ કરવાને દુન્યામાં તેવી ફળદરૂપ કોઇ ભાષા નથી કે ભાષામાં તેવા હર્ફ નથી અને તેથીજ અમો એ દેખાવ ઉપર ઉતાવળે એક નજર નાંખી આગળ ચાલ્યે છીયે, અને તેટલાજ માટે, બેગમે ઉપલા ખુલાસા પોતાની તરફથી આપી તેણીને તે બન્ને-અનવર અને રેહેમત-ને મળવા તૈયાર કીધી હતી, તે છતાં તેઓ તેણીને આવી મળતાંજ તે ઓરડામાં જે દેખાવ થઇ રહ્યો તેનો ખ્યાલ લેવાનું વાંચનારની કલ્પનાનેજ સોંપી અમો સંતોષ પકડયે છીયે.

એ મેળાપ દરમ્યાન બેગમને ખ્યાલ આવ્યો કે, "મારી સામે તે નજર સાથે નજર મેળવી ઉભી હતી તેજ વખતે મેં મારી ફરજ બજાવી હતે, તો આજે મારૂં એ બચ્ચું એમ ફનાને હવાલે નહીં થતે. મારે તેણીનો બેટી તરીકેનો હક્ક કબુલવો હતો. તેમ નહીં તો મારે તેણીની હીમાયતે રહી તેણીને મદદ કરવી હતી.

પણ એ બન્નેમાંથી કશું પણ મેં નહીં કીધું. હું મોટાઇનાં જુઠાં માન પર મરી, તે વખતે મારી આસપાસ ફરી વળેલી ખ્યાલી ઝમક તરફ ખેંચાઇ અને હાલના અંધારા ગારમાં હું ડુબી !"

અને એ સઘળા વિચારો તેણીનાં મગજમાં વિજળીની ઝડપે ફરી વળતાંજ તે ગુલઝારને વળગી પડી ઝાર ઝાર રડી. સૌદાગર અનવરખાં, પોતાની બેટીને તેણીની અંતની ઘડીએજ મળ્યો તે વિચારથી દિવાના જેવો થઇ ગયો, અને તેનાં દિલમાં અને તેનાં મગજમાં શું શું દુઃખી ખ્યાલોએ દરોરો ચલાવ્યો તેનું વાસ્તવિક વર્ણન આપવાને આ કલમમાં તાકાત નથી! અને નવાબ જાદો રેહેમત–તે વ્હાલા વફાદાર રેહેમતની લાગણી એ વખતે શું હતી ? અરે ! અરે ! ! તે પોતાનાં મનસે પુછવા લાગ્યો કે દુન્યામાં આવું અગાધ દુઃખ શા માટે સૃજ્યું હશે ? તે આખરે તેની ગુલઝારને મળ્યો ખરો, પણ તે કેમ અને કયી વખતે ? જયારે તેણીનો એક પગ કબ્રમાં દાખલ થઇ ચુકયો હતો અને બીજો જે વખત જાય તેમાં ત્યાં દાખલ થવાને ઉંચકાઇ રહ્યો હતો તે વખતે ? તંગી, ભુખમરો, જુલમ, ત્રાસ, બેકરારી અને છેલ્લે બેમારી–એ સઘળું ગરીબ ગુલઝાર—જેણે ભુલમાં એક નાજુક ફુલને વટીક ન પીખેલું કે જેણે જમીન પર ચાલતી કીડી પર અજાણતાં એક કદમ વટીક નહીં મુકેલું તે–ની સૃજતમાં ? ખરેખર, શું ત્યારે આવી જવાન વયે તે મરતીજ હતી, હૈયાતીથી ગુજરતીજ હતી ? ઓ ! જે તેણીએ ખમ્યું હતું તેના બદલામાં થોડું ઘણુંબી સુખ જોવાને ખુદા તેને એક થોડાં વર્ષ–અરે થોડાક મહીના નહીં બચાવી લેય ? ગુલઝાર, ગુલઝાર, ત્યારે શું ખરેખર તું મરવાજ સુતી છે ?

એવો બધો વિચાર કરવા સાથેજ રહેમત તે બાછાણાં પાસે ગુંઠણભંડયે પડયો અને ગુલઝારનો નાજુક પટલો હાથ લઇ પોતાની આંખોમાં દાબી ડુસકે ડુસકે તે રડયો.

પ્રકરણ ૭૧ મું.

ગુલનો ચિરાગ ગુલ થયો!

તે સહવાર સુધી—એટલે તે વહાલાંઓ તેણીનાં બીછાણાં આસપાસ ભેગાં મળ્યાં ત્યાં સુધી તો બીચારી ગુલઝાર આવતાં મોતની રાહ જોતી શાંત પડી રહી હતી. અલબત તેણી રેહેમતના આવ્યાની રાહ તો જોતીજ હતી. તે આવે કે તેને પોતાને મોંઢે તેના સઘળા ગુનાહની માફી બક્ષવાને તે તડપી રહી હતી, પણ ત્યાર પછીના થોડાજ કલાકમાં શું બનનાર હતું તેની તેણીને રતીભારબી ખબર નહીં હતી. બરી બામદાદે ઉઠી પોતાના પલંગપરજ ગુઠણમંડયે પડી પોતાના પેદા કરનાર પાક અલ્લાહ સનમુખ સર નમાવી નિમાજ કરી પોતે મરવાને તઇયાર હતી એવી તે બારે હફતાઅલાને તેણીએ ખાત્રી આપી હતી. તે વખતે તે તલુ થયલો ખુરશેદ તે દિવસે અસ્ત પામશે તે અગાઉ તે પોતાની માને મળશે, તે પોતાના પેદરને ભેટશે, અને તેનો જીવજાન આશક તેણીને પોતાની મીઠી ગોદમાં દાબશે એવી ખબરનો તે બીચારીને તો સ્વપ્ને ખયાલ વટીક ન હતો. તેણીને એવોબી સ્વપ્ને વિચાર નહતો કે બદનામી—એવફે બદકારીનો બત્તો પામેલો તેણીનો રેહેમત તેણીની આગળ આવી પોતાની દાધ લાગેલી દા મન તેણીની રૂબરૂ ધોઇ નાંખશે!

પણ એ સઘળું ન ધારેલું—ન ચીતેલું બનવા પામયાથી તેણી ની પોતાની લાગણીમાં કેટલો મોટો ફેરફાર થઇ ગયો! તે મર વાને તઇયાર થઇ રહેલી અબલાને શું હવે મરવા ગમતું હતું? હવ શું તે ગરીબ છોકરી તેની પોતાની માદર, પોતાના પેદર અને પોતાના વહાલા આશકને છોડી આ જહાંનથી પોતાનો પાક અસબાબ ઉડાવી જવા રાજી હતી?

નહીં–એ નહીં, હવે જયારે દુઃખના દરવાજા બંધ થઇ સુખનાં બારણાં તેણીને માટે ખુલતાં તેણીએ જોયાં કે તેણીને લાગ્યું કે તે આઇન વખતે મરવું ઘણુંજ ઘણુંજ દુઃખદાયક અને હઇયું ફાડી નાખનારૂં હતું.

પણ તેણીએ જોયું કે તે પોતે પોતાની હીંમતમાં એ રીતે નબળી પડતાં તેણી આગળ ઉભેલાં તેનાં વ્હાલાંઓનાં દુઃખનો પાર ન રેહેતો હતો. એટલે તેણીએ પાછી હીમત પકડી અને મીઠાસથી હસીને બોલી–ઘણાજ ધીમા અવાજે બોલી કે—

"રડો ના મારા માદર પેદર–રડ ના મારા વ્હાલા રેહેમત, હું એક વધારે સારી અને વધારે સુખી જહાંનમાં જાઉં છ."

"ઓ ! એમ ના બોલ, મારી વ્હાલી બેટી," બેગમ તેણીનાં આંગપર પડીને રડતી બોલી, "તું જીવ, મારા જીવ લઇને તું જીવ, કેમકે, તારે જીવવાની જરૂર છે, જીવીને તારા ચ્હેરાની ખુશબખ્તીથી—"

"તારા દુઃખી પેદરનાં હૈયાંને હરખાવતી રેહે." અનવર બડબડયો, "કેમકે ગુલઝાર તને હું ચાહું છ–જાણે તું મારી સાથે–મારી આગળજ બચપણથીજ ઉછરી હોય તેમ મને તારી ઉપર હેત છુટે છ."

"મારી વ્હાલી જાન, તું એવા ચેડા વિચારો ના કર." રેહેમત તેણીનો હાથ પોતાના હોઠસે દાબી બોલ્યો, "ખુદા તને અત્યારમાંજ અમારા કબ્જામાંથી લેશે નહીં, તેની ઉપર વિશ્વાસ રાખ !"

"મને તેની ઉપર પુર વિશ્વાસ છે, રેહેમત, અને હું તેની પાસે માંગી લઉં છ કે મારી આંખો વીંચાતાંજ તમો વ્હાલાંઓને તે પુરતી ધીરજ અને પુરતી સબુરીની લાગણીથી નિવાજે ! હા, હું માંગી લેઉં છ, વ્હાલી માદર, કે તમો મારે માટે રડો ના ! હું પાછું માંગી લેઉં છું, રેહેમત, કે મારે ખાતર આ ફોકટની

ગીરીયાંજારીથી તું વહાલો બાઝ આવ! મારા છેલ્લા કલાક-મારી છેલ્લી ઘડીને તમો વ્હાલાંઓ એ મુજબ ધુજાવો ના! ખુદાના શુક્ર કરૂંછ કે છેલ્લે મરતી વખતેબી આટલું બધું સુખ ચખાડવાની તેણે મારીપર કરમ મેહેરબાની ફરમાવી! પેદર, વાહાલા પેદર, ખુદા તમને સુખી રાખે! પેદર, વ્હાલા પેદર, તમે જે ખમ્યું છ તેનો બદલો તે સાહેબ તમને આપશે! હું જાણતી'તીજ, મારા કાનમાં કોઇ ભેદી અવાજે ફુંક મારી'તીજ કે તમો નિરદ્દોષજ છો, તમો બેગુનાહજ છો! અને તું, રેહેમત, મારા વ્હાલા રેહેમત, મારાં જીગર, ખુદા તારાં સરપર આશિષ ઉતારે અને લાંબી સુખી જીંદગી ભોગવી તું—"

"કદી નહીં, ગુલઝાર, કદીબી નહીં, તારા વગર હું જીવનાર નથી. તું ના જા—ગુલઝાર, મને એ રીતે તરછોડી તું ના જા; મેં તને કયાં કયાં શોધી? તારે ખાતર ભુખો-પ્યાસો હું કયાં કયાં ભટકયો? અને અંતે તું મળી. તું મળી તો હવે મરવાને ખાતર?"

"શાંત થા—હું માંગી લેઉંછ, રેહેમત, તું ધીરો થા, હું જયાં જાઉંછ ત્યાં મોડે વ્હેલે આપણે મળીશું-પણ તેટલાં આ જહાંનમાં તું સુખી રહી—"

"નહીં-મેં તને ના કહ્યું કેની? મારા ફિરેસ્તા, તને કે તારી યાદને વફાદાર રહેવાના તે પરવરદેગારને બારે હું આજથી કસમ નોંધાવુંછ. તારી અને તારીજ આ મનમોહન મુતીને મારી છાટીમાં હું સાચવી રાખશ અને આતુરતાથી રાહ જોવશ કે કયારે-ઓ કયારે તે વખત આવે કે તારી કબ્રની પાસેજ મારાં મુવેલાં હાડપર મારીબી કબ્ર ચ ાય."

"રેહેમત, ત્યારે તું મને કોલ આપેછ કે તું મને નહીંજ ભુલશે? તારા અનંત પ્યારમાં અને મારાં આ વ્હાલાંઓનાં પાસાંમાં મરવું—"

"એ ખુદા એનો જીવ ઝીમાયછ, અનવર, અનવર." બેગમ તેણીને જોઇ બોલી ઉઠી.

"યા અલ્લાહ! હજી કોઇ તબીબ નહી? રેહેમત, તેં તેમને આટલી તાકીદ કીધા છતાં હજી કોઇ—" અને એમ બોલી અનવર તે ઓરડાની બાહાર નીકળી જતો હતો તેટલાં ગુલઝાર બોલી—

"સબર! મારા વ્હાલા પેદર, મને છોડીને ના જાવો. તબીબો આવ્યાથી મોતના ધસારા સામે અટકાવ પડવાનો નથી. મારો વખત હવે ભરાઇ ચુકયોછ, જરા નજીક આવો, મારાં વ્હાલાંઓ શાંત રહેજે રેહેમત, વ્હાલા વ્હાલા રેહેમત, ધીરજ ધરજે અને સુખી રહી સુખમાં—"

તે બોલતી બંધ પડી. તેણીના ગાલપર જે ઝાંખો રતાશ આપણે જોયો હતો તે ઉડી ગયો અને તે ગુલઝાર આસ્તે આસ્તે ઠંડી પડતી ગઇ. સઘળું ફેરફાર થયું પણ તેણીનાં ચેહેરાપરનું છેલ્લું હસવું જેમ ને તેમ રહ્યું.

બેગમ જે આટલો વખત તેણીનું માથું પોતાની છાતીપર ટેકવી બેઠી હતી તેણે તે માથું આસ્તે રહીને તકયાપર મુકયું અને તે ત્રણે જણાં તે પલંગ પાસે ગુંઠણમંડયે પડયાં.

એક મીનીટ ગઇ! બીજી મીનીટ પસાર!! ત્રીજી મીનીટ થતાંજ એક ડચકું–એકજ માત્ર ડચકુ અને પ્રિય વાંચનાર, આ વારતા દરમ્યાન તારી મોહોબત, તારી પ્રિતિ, તારી દિલસોજી અને કદાચ તારૂં માન વટીક ખેંચી રેહેલી ગુલઝાર–ગરીબ ગુલઝાર સહેજ વારમાં ફુલગુઝાર થઇ ગઇ!

અને પ્રિય વાંચનાર, તું એમ ધારતો હોય, તારી એમ ખાતરી થઇજ હોય કે આ આખી વારતાના તખ્તાપર તે ગુલ

રેલી ગુલઝારે ખરેખર એક તારીફલાયક ભાગ ભજવ્યો હતો— અમો કહીએછ કે એમ જો તારી પક્કી ખાતરી થઇ હોય તો તેનાં એ કમબખતનાં મોતપર તારાં અંતઃકરણનાં ઉંડાણમાંથી આંસુનું એક ટીપું ખેરવી આ બાકી રહેલાં પાણાં તું પુરાં કરવા આગળ વધજે !

પ્રકરણ ૭૨ મું.

"હોના થા સો હો ચુકા—અબ અંજામ દેખના !"

રાત્રે નવ વાગે બેગમ, નવાબજાદા રેહેમત સાથે સાબેર ગંજમાં પાછી આવી. સોદાગર અનવર પોતાની બેટીને દફ્ણાવવાની સઘળી ગોઠવણ કરવા ત્યાંજ થોભ્યો. બેગમને પણ પોતાની બેટીનાં શબ આગળથી ખસવા ગમ્યું નહીં, મગર, અનવરની આજીજી અને રેહેમતની સમજાવટથી તે આંસુ ભરી આંખે અને દબાતાં દિલે ત્યાંથી નીકળી. રસ્તામાં એકથી વધુવાર તેણી રેહેમતને કહી ચુકી કે, " રેહેમત, આ ફટકો ખમી મારેથી હવે જીવાવાનું નથી."

તેઓ બાગમાં દાખલ થઇ મેહેલમાં હજીતો પગ મુકેછ તેટલાં આગળાજ હાલમાં નોકર નફરનું ટોળું ને ટોળું એકઠું થયલું તેઓએ જોયું. તે સઘળાંના ચેહેરાપર ભય અને ગભરાટની નિશાણીઓ પ્રગટ જણાતી હતી. એ વળી શું નવી આફ્ત તેમની સામે ડોળા ધુરકતી ઉભી હતી ? બેગમને અને રેહેમતને જોતાંજ તેઓ તેમની આસપાસ ફરી વળયાં અને ભાગાતુટા બોલોમાં જે બુરૂં બન્યું હતું તેથી તેમને વાકેફ કીધાં. તેમનું કેહેવું અમે એક બોલમાં જણાવ્યે તો એ હતું કે નવાબ સાબેર–ઉદ–દઉલા સરફરાજે ઝેર ખાઇ આપઘાત કીધો હતો !

આ ખબર સાંભળતાંજ બેગમ બેભાન થઇ જમીનપર તુટી પડી અને તેણીની દાસીઓ તેણીની સારવારમાં રોકાઇ તેટલાં રેહેમતે એ બનાવને લગતી બારીક પુછપરછ કીધી, જેનાં પરિણામમાં તેને માલમ પડયું કે નવાબ સાહેબ, બેગમ અને તેનીથી છુટા પડી દશ અને અગ્યારની વચ્ચે પોતાના ઓરડામાં ગયા હતા. બરોબર બાર વાગતે સાઅદતખાન વકીલ આવ્યો, અને એક નોકર જઇ નવાબને તેડી લાવે તેટલાં તે આગલા હોલમાં નુરજહાં અને સલીમા સાથે વાતે બેઠો. નવાબ તો કંઇ આવ્યો નહીં, મગર, તેણે તે નોકર પાસે કેહેવડાવયું કે તેવણની તબ્યત કાંઇ બીગડેલી હોવાથી હાલ તેવણ તે (વકીલ) ને મળી શકશે નહીં, તોપણ તેવણે સાંજે ફેરો મારી જવો. વળી તેજ વખતે નવાબે તે નોકરને તાકીદ ફરમાવી કે તેવણને શોધતા આવી કોઇએ પણ તેવણને કંટાળો આપવો નહીં અને જો તેવણને કોઇની અગત્ય પડશે તો તેવણ પોતે હાંક મારી બોલાવશે. કલાકો એમના એમ નીકળી ગયા અને કોઇયેબી નવાબના ઓરડામાં જવાની હીંમત કીધી નહીં. સાઅદતખાંન થોડોક વખત તે જવાન બાનુઓની સાથે વાતચીત કરી ચાલી ગયો, પણ રાતે સાતેકને સુમારે તે પાછો આવ્યો. હવે સલીમાને તેના બાપની આ લંબાયલી ગેરહાજરીથી કાંઇ ચટપટ થઇ તેથી, તેમજ તેણીને પોતાના પેદર સાથે કાંઇ વાત કરવાની હતી તે કારણે નવાબના ઓરડા આગળ જઇ તેનું બંધ બારણું તેણીએ ઠોકયું, પણ કાંઇજ જવાબ મળયો નહીં. હવે તેણી ગભરાઇ અને નોકરોને તેણીએ તેડયા. તેઓએ જોશથી બારણું અફાળયું પણ પરિણામ તેજ આવ્યું, એટલે તેઓએ બારણું ભાંજયું, અને ઓરડામાં તેઓ દાખલ થતાંજ તેઓએ જોયું કે નવાબ ચતોપાત જમીનપર પડેલો હતો. તેની આગળ જતાં તેમની ખાતરી થઇ કે કાંઇક વખતનો તેનો જાન કબજ થઇ ચુકયો હતો. પહેલાં તેમને વ્હેમ ગયો કે

કદાચ તે બેભાન થઇ પડયો હશે, એટલે, તબીબને બોલાવા તેઓમાંના બે ત્રણ દોડી ગયા, પણ તબીબી મદદ આવી પોંહોંચે તેટલાં કડવી બદામના નાખ ફાડી નાંખે તેવા વાસથી તેમને વેહેમ ગયો અને ધ્યાન આવતાં નવાબના હાથમાં ચીવતાઇથી પકડેલી એક નાની શીશી તેમની નજરે પડી, જે ઉપરથી તેમને અનુમાન કરતાં વાર ન લાગી કે તેણે આપઘાત કીધો હતો. તબીબોએ પણ આવી મત આપ્યું કે તેવણે કડવી બદામનું તેલ પી આપઘાત કીધો હતો.

અજબ કે આ સાંભળી નવાબજાદો રેહેમત શાંત રહી શકયો! તેની ઉપર એટલું પડયું હતું કે તેની છાટી હવે ધાડી થઇ ગઇ હતી, મગર, તે છતાં તેની તે શાંતી એક ભવિષ્યની ભયભીત આફતની આગાહી કરી રહી હતી. તેના ડોળાજ એવા ફાટી રહ્યા હતા કે જો ખુની બી તેને જોય તો તેની છાટી ધડકે!

“વારૂં, સાઅદતખાંન વકીલ કયાં છે?” જે માણસથી તેણે આ બધી ખબર સાંભળી હતી તેને તેણે પુછ્યું.

“સાહેબ, નવાબના કબ્રેખાસમાં છેજી; તેવણે કહ્યું કે બેગમ સાહેબ અને તમો આવો ત્યાં સુધી ત્યાંજ રેહેવાની એક ખયરખવાહ તરીકે તેવણુની ફરજ છે.”

“ખયરખવાહ તરીકે!” ધિક્કારથી તે હસીને બોલ્યો “કેહે તે સાઅદતખાનને કે થોડીજ મીનીટમાં હું તેને આવી મળસ!’

આટલો હુકમ આપી તે પોતાના ઓરડામાં ગયો, અને અંદરથી બારણું બંધ કીધું. સુખડના લાકડાંના એક સુંદર બાકસ માંથી તેણે બે પીસતોલ કાઢી અને તેમને બરાબર ભરી, પોતાનાં

ખીસામાં કેસવી—સાથે થોડીક ગોળીઓ તેણે લેઇ લીધી કે વખતે તે પીસતોલો પાછી ભરવી જરૂર પડે તો કામ લાગે.

હવે તે નીચે ઉતર્યો અને કમ્રેખાસમાં ધીમે પગલે દાખલ થયો; તેમાં દાખલ થઇ આસ્તેથી બારણું બંધ કરી તેને કળ દીધી. સાઅદતખાનની પીઠ તેની ગમ હોવાથી નવાબજાદાને અંદર આવતો તે જોઇ શકયો નહીં. હવે પોતાના આવવાની તેને જાણ કરવા રેહેમતે એક ખંખાર માર્યો કે સાઅદતખાન ચોંકીને ફર્યો અને તેણે રેહેમતને નમીને સલામ કીધી.

“મેહેરબાન સાહેબ, આજે બનેલા ગંભીર બનાવને માટે હું ખરાં દિલથી દલગીર છેઉં.”

“અને કોણ કમ્બખ્તે એ બનાવ બનવાનું કારણ આપ્યું?”

“હું આશા રાખુંછ, કે તમો કાંઇ અંગત ટીકા તો નથી કરતા?”

“હું કહુંછ, મીયાં સાઅદતખાન, હું કહુંછ કે તમે જહાંનના ચોર છો, અને તે હું પુરવાર કરશ.”

“સંભાલજે, સાહેબ, તમે મને ગુસ્સે ના કરતા: મને તમને આવી વખ્તે ધમકી આપતાં જોકે દુઃખ થાયછ, તોપણ મારે કેહેવું જોઇયે કે સરફરાજ ખાનદાનનું નસીબ મારી આ મુઠ્ઠીમાં છે—”

“હું જાણુંછ તે, તારી બદમાશીનો કાંઇબી એશરમ ભાગ મારીથી છુપો નથી: અને હું અટકળી શકુંછ કે આજે બપોરે તું મારી બેહેન સલીમાને કેહેવાજ આવ્યો હશે કે તેં તારા ભાગ તરીકે તેને પસંદ કીધીછ.”

“હા, મેં તે વાતની તે અબલાને ખબર કીધી ખરી, પણ, હાલ જે તમારાં કુટુંબની હાલત થઇ પડીછ, તેથી હમણાં તેને માટે હું કાંઇ ચાંપતી ઉતાવળ—

"બસ! તારી જબાં થાંભ, સાઅદતખાન, તારાં પાપને ખાતે આજે બે મૌત નોંધાયાંછે. આજે જે બે જણનાં તેં ખુન કીધાંછે તે બંનેનાં લોહી તારીથી કીનાની તલબ કરેછે."

"એટલે?"

"એક તો મારા પેદરનો આ આપઘાત, અને બીજું તો એક કોમળ, નિરદોષ, જવાન છોકરીનો નાશ! તે બીચારીને જો એક નાપાક પલીદે તેણીની મીરાસમાંથી નહિં લુટી હતે, તેણીનાં પોષણ અર્થે તેને મળેલી રકમ જો તે પચાવી નહીં ગયો હતે તો હર તરાંહના ભુખમરા અને કંગાલીયતને તાબે થઇ તે બીચારી આટલી જવાનીમાં આજે નાશ નહીં પામતે! આહ! તું કેવો ચોંકેછ, સાઅદતખાન, અને તારા ચહેરાપરથી ગુનાહની કેવી ગંધ નીકળે છ! તે નાપાક પલીદ તે તુંજ, અને તારો ભોગ થઇ પડેલી કોમળ છોકરી તે ગુલઝાર કરીમ ખરૂં કેની?"

"આહ! તે કાગળ! ત્યારે તે કાગળ તમને મળ્યું અને તે તમે વાંચ્યું અને તે પરથી—"

"અને તે પરથી, એ રાહજન, એ ચોર, એ બોઝદેલ બદમાશ મને જાણવાને બની આવ્યું કે કયી કીસમનો તું મારે આસ્તીન છે! પણ હવે કીનો લેવાનો વખત આવી પુગ્યોછ!"

"કીનો!" મનમાં વકીલ તો ગભરાયો પણ બાહારથી શાંત દેખાઇ તે બોલ્યો.

"હા, કીનો!" એમ કહી રહેમતે ગજવામાંથી પેલી બે પીસ્તોલ કાઢી. આ જોતાંજ સાઅદતખાન ઘંટ તરફ દોડયો અને તે વજાડવા જતો હતો તેટલાં તેની પુઠે એક સરપની માફક ફુંફારા મારતો રેહેમત દોડયો અને તેને બોચીમાંથી પકડી દૂર ફેંકયો.

"ચાલ, આ બેમાંથી એક પસંદ કર." તે બન્ને પીસ્તોલ એક તેબલપર મુકી તે બોલ્યો.

"શું ! પીસ્તોલબાજી ?" આટલો વાર જે હીંમત પકડી ઉભો હતો તે સાઅદતખાંન હવે પાંદડાંની માફક ધુજવા પડયો.

"હા, મોત સુધીની પીસ્તોલબાજી !" રેહુમત બોલ્યો, "ગમે તેવી સમજાવટ, ગમે તેવી ધમકી કે ગમે તેવી આજીજીની અસર મારી ઉપર થવાની નથી."

"આજીજી તો મારૂં પયજાર બી ન કરે, મીયાં સાહેબ, પણ આપણે લડીશું અને બેમાંથી એક જણ પડીશું તો બીજા ઉપર તેનું ખુન કરવાનું તોહમત—"

"હા, વાત સાચ્ચી !" એટલું બોલી રેહુમત એક તેબલ આગળ ગયો જયાં એક કાગળ ઉપર ઉભા ઉભા તેણે એવી કીસમનું એકરારનામું ઘડી કાઢયું કે તે પીસ્તોલબાજી તેઓ બંને વચ્ચે બંનેની રાજીખુશીથી રમાઇ હતી અને જો કે તે વખતે તેઓએ કોઇબી સાહેદીની જરૂર ન વીચારી હતી તોપણ દરેક વાતે તે કીના કપટ અને દાવ પેચથી નીરાળી હતી.

"ચાલ, લે સહી કર, આ મારી સહીની નીચે તારા હાથ દસ્તક મુક."

સાઅદતખાને તે કરારનામું વાંચ્યું અને તુરત તે પર સહી કીધી અને બેમાંથી એક પીસતોલ પસંદ કરી તેણે પુછ્યું—

"કેટલે તફાવતે ઉભા રહયે અને નીશાણી કેમ કર્યે."

"તું ઓરડાને એક છેડે ઉભો રહે—હું બીજે છેડે થોભુંછ અને જો આ સામી તેબલપરનું ઘડયાળ દશ વાગાની અણીપર છે, અને જેવો પહેલો ટકોરો પડે કે પીસતોલ ફોડવી."

"ઠીક છે," તેઓએ તે મુજબ જગયા લીધી અને ઘડીયાળનાં કાંટા તરફ એકી ટગરે બંને ટીકતા ઉભા.

કાંટા ચાલયા. ઘડી કલાક જેટલી લાગી ! ચુપકીદી એવી પંથરાઇ ચુકી કે એક ટાંચણી પડે તો સંભળાય; સાઅદતખાનનુ હઇયું જોરથી ધપકતું હતું, જયારે તેની સામે ઉભેલા હરીફનો જાણે દમ ચાલતોજ નહીં હોય તેમ માલમ પડતું.

ઘડીયાળમાં 'કત' દેઇને અવાજ થયો અને દશના અમલનો પેહલો ટકોરો પડયો કે બંને પીસતોલ ફુટી અને તે ફુટવા સાથેજ સાઅદતખાન એક ભયંકર ચીસ સમેત ઉંચો ઉછળયો અને પછી જોર સમેત પાછો જમીનપર પટકાયો; જયારે તેજ વખતે જવાન રેહેમતે છાટી પર પોતાનું માથું નાંખી દીધું અને આસ્તે રહી તે જમીન પર પડયો.

પીસ્તોલનો અવાજ તેમને કાને પડતાં નોકર નફરો તે કમ્રેખાસ આગળ દોડી આવયા અને બારણાં ભાંજી અંદર આવતાં જે દેખાવ તેમની નજરે પડયો તે જોઇ તયાંજ તેઓ સ્તબધ થઇને ઉભા. બેગમની બીગડેલી તબીયતને લીધે તેવણ આ ગળ જે તબીબ આવયો હતો તેને ઝટ બોલાવવામાં આવયો પણ તેની હાજરી નકામી થઇ પડી. સાઅદતખાંનની છાટી વીંધાઇ ગઇ હતી અને જવાન રેહેમતનાં મસ્તકમાં ગોળી લાગી હતી.

પ્રકરણ ૭૩ મું.

સેવટ.

આપણી આ વારતા જે મોટે ભાગે અતી કરૂણારસિક નિવડી છે તેનો હવે થોડીક લીટીમાં આપણે અંત લાવીશું.

બેગમ બદ્રુલબાહાર જે પોતાના ખાવીંદનાં મોતની ખબર સાંભળી બેભાન થઇ તુટી પડી હતી તે પાછી શુદ્ધીમાં આવી હતી અને પીસ્તોલના જે અવાજે નોકર નફરોમાં ગભરાટ ફેલાવી મુકયો હતો તે તેને કાને પણ પડયો હતો

જાણે એટલુંજ તેણીને ગભરાટથી ગુંગળાવવાને માટે બસ ન હોય તેમ તબીબને બોલાવવાની દોડધામથી તેણીની ખાતરી થઇ કે કાંઇ ઘણુંજ બુરૂં બન્યું હોવું જોઇયે. સાચી વાત તેણીથી હવે છુપાવી શકાઇ નહીં અને સંભાળથી અને સાવચેતીથી તે તેણીને કેહેવાઇ નહીં, કેમકે સાઅદતખાનનાં નામ સાથે તેણીના બેટાનું નામ તેણીએ સાંભળ્યું કે શું બન્યું હોવું જોઇયે તે તેણી ચેતી ગઇ, અને સઘળી વાતની તેણીને માહીતી થતાંજ માથે માથાં કુટી તેણી રડવા પડી. એ કલાકમાં તેણીને બોખાર ભરાઇ આવી, જેણે ભેજાંની તાવનું રૂપ લીધું અને ત્રણ દાહાડામાં તો તે બીચારી મરણ પામી.

* * * * * *

ગુલઝારનાં શબને એક સુંદર રળયામણી જગ્યાએ દફ્ણાવવામાં આવ્યું, અને તે જગ્યા અનવરે ખરીદી લેઇ તેની આસપાસ કટેરા ભરાવી લીધા અને ત્યાં એક સુંદર બાગ બનાવ્યો. તે બાગની અંદર પાણીનો ફુવારો બંધાવ્યો અને એવી ગોઠવણ કીધી કે તે માહેલું પાણી બાહાર બાંધેલી એક કુંડીમાં પડે જે કુંડી ત્યાંથી આવજા કરતાં સેંકડો ઢોરોને અને ગરમીના દાહાડા તો લખો જનાવરને એક આશીરવાદ જેવી થઇ પડી. તે ઉપરાંત એક મોટી રકમ કાઢી તેણે નાચાર નાવારેસ બચ્ચાંઓનું એક યતિમખાનું સ્થાપ્યું અને તેને સદાકાળ નિભાવવાનો એવો બંદોબસ્ત કીધો કે તે ગુજરેલી ગુલઝારનાં પાક રૂહને માટે શાંતી માંગતું અને તે બંધાવી આપનારના હક્કમાં હજારો લખો કરોડો દોઆના સોખનોનો નિસાર કરતું આજે પણ તે હસ્તી ભોગવતું ઉભું છે.

તે પછી સોદાગર અનવર ઘણો લાંબો વખત સુધી જીવવા પામ્યો, જે અરસામાં તેણે ઘણાં ભલાઇનાં કામો કીધાં અને જ્યારે વખત આવ્યો ત્યારે તે દાદગરની ઇનસાફી દરબાહે પોતાનાં

કામનો હીસાબ રજુ કરવા ખુલ્લે મને અને સાફ હૈયે ત્યાં તે ખુશીથી જઇ ઉભો, અને તેની મરતી વખતની આરજુને માન આપી લાગતાવળગતાઓએ તેને તેની દીકરીની પાસેજ દફ્ણાવ્યો. નવાબ, બેગમ અને રેહેમતને પણ કશાબી ભપકાસપકા વગર દફ્ણાવવામાં આવ્યાં. થોડુંક પછી નવાબની માલમીલકત અને જમીન જાગીરની હરરાજી થઇ અને તે રીતે ઉપજેલી રકમમાંથી તેનાં માંગનારાઓને રૂપૈયે આનો મળી શકયો.

નુરજહાં અને સલીમાં તુરતજ આસરગામ નામના એક નાના ખેડામાં રેહેતી તેમની એક ઘરડી ફુઇને ત્યાં જઇ રહી, જયાંથી બે વર્ષ બાદ નુરજહાં એક ઘરડા ખખરીવખરી ગયલા માતબર નવાબ સાથે પરણી ગઇ, અને સરફરાજ ખાનદાનમાં ઉપરાસાપરી બનેલા એ દુ:ખદાયક બનાવોને પાંચ છ વર્ષ વિટયા બાદ સલીમાએ નવાબ સરદારઅલી યારજંગનો હાથ કબુલ રાખ્યો, અને તે વિખુટાં પડેલાં બંન્ને આશકમાશુક એ રીતે એક થઇ આજેબી સંપીલી સુખી જીંદગી ગુજારે છે.

રસાલદાર મેજર સફદરજંગ છુટયો ખરો અને તેને વળી દુરદેશાવર નીકળી જવાને માટે બીજાં નાણાંની લાલચ મળી એટલે ઝોહોરાનેબી પોતાની સાથે આવવાને લલચાવી તે કેહે દુરદરાજ નીકળી ગયો, પણ રંગુનમાં કાંઇ બીજા ગંભીર ગુનાહને માટે પકડાતાં તેની તપાસ ચાલી અને તેમાં ગુનાહગાર પુરવાર થવાથી તેને દશ વર્ષનાં સખત કેદખાનાની તેપ મળી. ઝોહોરાને માટે કશો હવે દીરગ નં રહયાથી ફરજની મારી જે રીતની તે જીંદગી ગુજારતી હતી તે કરતાં વધુ નીચ જીંદગીમાં સબડતી થઇ પડી.

ગુલાબખાંની ફેલવાલી પેલી માયાળુ ડોસી અને તેની બેહેન જેના બંગલામાં ગુલઝારે પોતાનો પાક જાન તે કીરતારને હવાલે કીધો હતો તેઓ બન્નેને અનવરે નિવાજીને નેહાલ કીધાં.

હવે પ્રિય વાંચનાર, તેં આખી વારતા ધીરજથી વાંચી તો હવે અમને તું સવાલ પુછવા દેશે કે,

" પાક ગરીબી ભલી કે પાપી તવંગરી ? "

(સમાપ્ત.)